હવે, ચશ્માની જરૂરીયાત નથી
ચશ્માના નંબર ઉતરાવો "અત્યાધુનિક લેસર સારવાર" દ્વારા
NATURAL VISION LASER CENTER PVT. LTD.
આરાધના સોસાયટી મેઇન રોડ, એરપોર્ટ પાસે, રાજકોટ.
96386 77733

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

સાંજ સમાચાર

ચૈત્ર વદ – ૧ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૫–૪–૨૦૨૪ – ગુરૂવાર | રાજકોટ (સીટી)

ડ્રાયફ્રુટ સુકી કચોરી
MGC
મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા
લીમડા ચોક • રૈયા રોડ • કોઠારીયા રોડ • અમીન માર્ગ
નાના મોવા રોડ • જામનગર રોડ • આનંદ બંગલા ચોક
કુવાડવા રોડ • બાપા સીતારામ ચોક • યુનીવર્સીટી રોડ

વર્ષ : ૩૮ અંક : ૨૦૯ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

સામ પિત્રોડાએ છેડેલા વિવાદમાં હવે કોંગ્રેસ અને ગાંધી પરિવારને નિશાન બનાવતા વડાપ્રધાન

ઈન્દીરાની સંપત્તિ બચાવવા રાજીવ ગાંધીએ વારસદાર ટેકસ રદ્દ કર્યો હતો : મોદી

પૂર્વ વડાપ્રધાન ઈન્દીરા ગાંધીના મૃત્યુ બાદ તેમની સંપત્તિ પૂરેપૂરી રાજીવ ગાંધીને મળે તે માટે કાનુનને પણ રદ્દ કરાયો અને હવે એ જ પક્ષ વારસદાર કાનુન લાવીને તમારી સંપત્તિ હડપ કરવા માંગે છે : ચૂંટણી સભામાં મોદીનો જબરો પ્રહાર

નવી દિલ્હી, તા. ૨૫

કોંગ્રેસના નેતા સામ પિત્રોડાએ છેડેલા વારસદાર ટેકસ મુદ્દે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તોપનું નાળચું ગાંધી કુટુંબ ભણી ફેરવ્યું છે. ગઈકાલથી ચગેલા વિવાદમાં વડાપ્રધાને બીજા તબકકાના મતદાન પૂર્વે આગ્રામાં એક સભાને સંબોધતા કહ્યું કે આપણા દેશમાં એક સમયે વ્યાપક રીતે તૃષ્ટિકરણનું રાજકારણ ચાલતું હતું અને તેનાથી દેશ અનેક ટુકડાઓમાં વહેંચાયેલો છે અને જો યોગ્ય અને પ્રમાણીક છે તેના અધિકારીઓ આ રાજકારણને કારણે છીનવાયા છે. તેમણે કહ્યું કે કોઇ વચેટીયાની મદદ વગર તમામને સરકારી યોજનાઓની મદદ મળવી જોઇએ.

વડાપ્રધાને તેમના સંબોધનમાં વારસદાર ટેકસ વિવાદનો ઉલ્લેખ કરતા કહ્યું કે કોંગ્રેસને તેના એક પરિવારની ચિંતા છે અને તે જ પક્ષ માટે આ પરિવાર જ મહત્વનો છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું કે ગાંધી કુટુંબની મિલ્કત બચાવવા રાજીવ ગાંધીએ જ વારસદાર ટેકસ રદ્ કર્યો હતો. ઇન્દીરા ગાંધીની જે મિલ્કતો હતી તે બચાવવા રાહુલે તેમની જ સરકારે લાદેલા ટેકસને રદ કર્યો હતો. હજુ ગઇકાલે જ મોદીએ એક સભામાં કોંગ્રેસ ઈહેરીટેંસ મુદ્દે કહ્યું હતું કે કોંગ્રેસ ફરી સતામાં આવશે તો આ વેરો ફરી લાવશે. મોદીએ સભામાં કહ્યું કે હું તમારી સમક્ષ રસપ્રદ વાસ્તવિકતા રાખવા જઇ રહ્યો છું જ્યારે દેશના વડાપ્રધાન ઇન્દીરા ગાંધી ન રહ્યા તો તેમની મિલ્કતો તેમના સંતાનોને મળે તે પૂર્વે જ સરકાર તેમાંથી એક હિસ્સો લઇ શકવાની હતી અને રાજીવ ગાંધીએ પોતાને મળનારી મિલ્કતો બચાવવા માટે આ વારસદાર કાનુન નાબુદ કર્યો અને વાત ત્યાં જ પૂરી કરી દેવામાં આવી. સતા માટે આ લોકો ફરી વધુ કડક કાનુન લાવવા માંગે છે અને રાહુલ ગાંધીનો આડકતરો ઉલ્લેખ કરતા કહ્યું કે શાહજાદા પૂરા દેશમાં ફરી ફરીને કહી રહ્યા છે કે તમારી સંપતિનો એકસરે થશે, તમારા કબાટમાં શું પડયું છે તે ઉપરાંત તમારા માતા–બહેનોના ડબ્બામાં કેટલી સ્ત્રીધન છે તે પણ પૂછાશે. સ્ત્રીધન અને મંગલસુત્ર પવિત્ર હોય છે અને તેની રક્ષા કરવાની હોય છે. કોંગ્રેસ તે જમ કરીને પોતાની વોટબેંકને મજબુત બનાવવા માટે તમને લુંટવાની યોજના કરી રહ્યા છે.

તેઓ નામદાર, અમે કામદાર : રાહુલ ગાંધી પર નિશાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમની સભામાં કહ્યું કે કોંગ્રેસના શાહજાદા (રાહુલ ગાંધી)ને વડાપ્રધાને સાચુ ખોટુ કહેવામાં મજા આવે છે. હું ટીવી પર અને સોશ્યલ મીડિયામાં આ બધુ જોઇ રહ્યું છું અને લોકો તેનાથી દુઃખી થઇ રહ્યા છે પરંતુ હું કહું છું કે દુઃખી ન થાવ કારણ કે નામદાર હંમેશા કામદારને ગાળી ગલોચ કરતા જ રહે છે. તેમણે કહ્યું કે કોંગ્રેસને વિકાસ વિરોધી સમસ્યા છે. આ ક્ષેત્રમાં વિશાળ સંખ્યામાં સૈનિક પરિવારો રહે છે તેમને સંબોધતા કહ્યું હતું કે સરહદની સુરક્ષા માટે અમે જવાનોને ખુલ્લી છુટ આપી છે. જો એક ગોળી આપણા સૈનિકો પર છોડાય તો દસ છોડવાની છુટ આપી છે અને તે તોપ ફેંકાઇ તો દસ તોપથી જવાબ અપાશે.

સમગ્ર દેશમાં રેકોર્ડ બ્રેક ૫૬ વિદ્યાર્થીઓને ૧૦૦માંથી ૧૦૦ પર્સન્ટાઈલ

JEE મેઈનનું પરિણામ જાહેરઃ ટોપર્સમાં રાજકોટના બે વિદ્યાર્થી

મીત પારેખનો ૨૮ તથા હર્ષલ કાનાણીનો ૪૪મો રેન્કઃ સમગ્ર ગુજરાતમાં બે 'ટોપર્સ' અને બન્ને રાજકોટના હોવાની સિધ્ધિ

રાજકોટ, તા.૨૫

એન્જીનીયરીંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાતી જોઇન્ટ એન્ટ્રન્સ ટેસ્ટ (જેઇઇ) મેઇનનું પરિણામ જાહેર થયુંછે જેમાં રેકોર્ડબ્રેક ૫૬ વિદ્યાર્થીઓ 'ટોપર્સ' જાહેર થયા છે. અર્થાત ૧૦૦માંથી ૧૦૦ પર્સન્ટાઇલ મેળવ્યા છે. રાજકોટના બે વિદ્યાર્થીઓએ પણ 'ટોપર્સ' તરીકે સ્થાન મેળવીને સિધ્ધિ હાંસલ કરી છે.

જેઇઇ મેઇન્સની પરીક્ષાનું પરિણામ ગઇ મોડી રાત્રે જાહેર કરવામાં આવ્યું હતું. ૧૦૦માંથી ૧૦૦ પર્સન્ટાઇલ મેળવનારાની સંખ્યા ૫૬ રહી છે. ગત વર્ષે ૪૭ વિદ્યાર્થીઓએ આ સિધ્ધિ મેળવી હતી. ટોપર્સ તરીકે જાહેર થયેલા ૫૬માંથી બે વિદ્યાર્થી ગુજરાતના છે અને તે બન્ને રાજકોટના છે.

રાજકોટના મીત પારેખ ઓલ ઇન્ડિયા રેન્કીંગમાં ૨૮મુ તથા હર્ષલ કાનાણીએ ૪૪મુ રેન્કીંગ મેળવ્યું છે. આ બન્ને વિદ્યાર્થીઓ રાજકોટનાં એલન ઇન્સ્ટીટયુટમાં અભ્યાસ કર્યો છે.

સમગ્ર દેશમાં ૫૬ ટોપર્સમાંથી બે વિદ્યાર્થી રાજકોટના હોવાની વાત ગૌરવપૂર્ણ છે. આખા ગુજરાતમાંથી બે જ વિદ્યાર્થી ટોપર્સ બન્યા છે અને તે બન્ને રાજકોટના જ હોવાનું મહત્વનું છે.

રાષ્ટ્રીયકક્ષાએ ટોપર્સ બનેલા ૫૬ વિદ્યાર્થી બે ગુજરાતનાં છે.આ સિવાય સૌથી વધુ ૧૫ વિદ્યાર્થી તેલંગાણાનાં છે. આંધ્રપ્રદેશ–મહારાષ્ટ્રનાં ૭–૭, દિલ્હીનાં ૬, રાજસ્થાનનાં ૫, કર્ણાટકનાં ૩, તામીલનાડુ–ગુજરાત–હરીયાણાનાં ૨–૨, ઉતરપ્રદેશ–બિહારનાં ૧–૧ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

આ વખતે, JEE મેઈન્સના એપ્રિલ સત્ર માટે જનરલ કેટેગરીની કટઓફ પર્સન્ટાઈલ ૨૦૨૩ની સરખામણીમાં ૨.૪૫ પોઈન્ટ્સ વધારે હતું, જોકે સામાન્ય કેટેગરી માટે પસંદ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ગત વખત કરતાં ૧૨૬૧ ઓછી છે. આ વખતે JEE એડવાન્સ માટે ક્વોલિફાઈંગ પર્સન્ટાઈલ પાંચ વર્ષમાં સૌથી વધુ છે.જનરલ કેટેગરીના ૯૭,૩૫૧ વિદ્યાર્થીઓને ૧૦૦ પર્સેન્ટાઈલ અને ૯૩.૨૩ વચ્ચે પસંદ કરવામાં આવ્યા છે. ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવનારા વિદ્યાર્થીઓમાં ૬ EWS કેટેગરીના છે, જેમાંથી ૪ તેલંગાણાના અને ૨ આંધ્રપ્રદેશના છે.

૫૬ ટોપર્સમાં જનરલ કેટેગરીના ૪૦, OBCમાંથી ૧૦ અને જનરલ-EWSમાંથી છનો સમાવેશ થાય છે. ઓબીસી વિદ્યાર્થીઓ જેમણે ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. તેમાંથી ૨–૨

(અનુસંધાન છઠ્ઠા પાને)

નેતા હોય તો આવા, પત્ની પર ભ્રષ્ટાચારનો આરોપ લાગતા સ્પેનના PMએ સત્તાવાર ફરજ છોડી

પત્ની સામે ન્યાયીક તપાસ : રાજનીતિ છોડવાના પણ સંકેત પેદ્રો સાંચેજે આપ્યા

મેડ્રીડ, તા. ૨૫

એક તરફ ભારતમાં જ્યારે નેતાઓ પર ભ્રષ્ટાચારના આરોપો થાય છે અને ઇડીથી લઇ સીબીઆઇ સહિતની કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહી થાય છે તે સમયે પણ તેને રાજકીય રંગ આપી દેવાય છે અને જેલમાં બેઠા બેઠા સરકાર ચલાવવાના પ્રયોગો ભારતમાં જ થઇ રહ્યા છે તે સમયે સ્પેનમાં વડાપ્રધાનના પત્ની પર ભ્રષ્ટાચારના આરોપ લાગતા તેઓએ એક તરફ આ આરોપો ખોટા હોવાનું જણાવ્યું પરંતુ સાથોસાથ તેમણે એ પણ કહ્યું કે આરોપો લાગ્યા છે એટલે હું જાહેર સેવામાં મારી કામગીરી કરી શકું નથી. સોમવારથી તમામ ફરજો સ્થગિત કરી દીધી છે અને રાજનીતિને છોડવાના પણ સંકેત આપી દીધા છે. સ્પેનના વડાપ્રધાન પેદ્રો સાંચેજ દેશના સમાજવાદી પક્ષનું નેતૃત્વ કરે છે અને તેઓએ સોશ્યલ મીડિયામાં એક પોસ્ટ મુકીને આ જાહેરાત કરી હતી કે તેમના પત્ની ગોમેજ પર દેશના એક યુનિયને આરોપ લગાવ્યો કે

(અનુસંધાન છઠ્ઠા પાને)

ફોરેકસ ટ્રેડીંગમાં મોટા નફાની લાલચ આપીને ઠગાઈના વધતા કેસઃ રિઝર્વ બેન્કનું એલર્ટ



મુંબઈ તા.૨૫

ફોરેકસ ટ્રેડીંગમાં તગડા રીટર્નની લાલચ આપીને બીનઅધિકૃત સંસ્થાઓ સામાન્ય લોકોને જાળમાં ફસાવીને આર્થિક નુકશાન કરી રહ્યા છે.આ પ્રકારના વધતા કેસોને પગલે રીઝર્વ બેન્કે એલર્ટ જાહેર કર્યું છે. અનઅધિકૃત સંસ્થાઓનાં નામોનું લીસ્ટ જાહેર કરવા બેંકોને સુચના આપવામાં આવી છે.

રિઝર્વ બેન્કની તપાસમાં એવો ખુલાસો થયો છે કે લોકલ એજન્ટો બનાવીને બિન અધિકૃત સંસ્થાઓ લોકોને જાળમાં ફસાવી રહી છે. એજન્ટો માર્જીન, રોકાણ વગેરે માટે બેંક ખાતા ખોલે છે આ એકાઉન્ટ વ્યકિતગત કે કંપની કે સંસ્થાના નામે ખોલવામાં આવે છે અને તેમાં નાણાંકીય ગોટાળા થાય છે. બીન અધિકૃત સંસ્થાઓ આ પ્રકારનાં બેંક ખાતા મારફત ઓનલાઈન ટ્રાન્સફરનો ઉપયોગ કરીને ગેરકાયદે ફોરેકસ ટ્રેડીંગ કરાવે છે.

રિઝર્વ બેન્કે તમામ બેંકોને લેખીતમાં ટ્રેડીંગ સુચના આપી છે કે અધિકૃત ડીલરો મારફત જ ફોરેકસ ટ્રેડીંગ કરવા ગ્રાહકોને માર્ગદર્શન આપવામાં આવે અને અનઅધિકૃત સંસ્થાઓનું લીસ્ટ નહિં કરવામાં આવે.અનઅધિકૃત સંસ્થાઓ દ્વારા ફોરેકસ, ટ્રેડીંગમાં બેંક ચેનલોના થતા ઉપયોગ રોકવા સતર્કતા રાખવામાં આવે.

તામિલનાડુ બાદ કેરળ તથા રાજસ્થાનમાં પણ કાલે લોકસભા ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા સંપન્ન થશે

આવતીકાલે વધુ ૮૯ બેઠકો પર મતદાન : રામાયણના 'રામ'થી લઈ રાહુલનું ભાવિ નકકી થશે

એનડીએ માટે ૪૦૦ના લક્ષ્યાંકમાં કાલનું મતદાન મહત્વનું : હેમામાલિની, શશી થરૂર સહિત ૧૨૦૬ ઉમેદવારો મેદાનમાં : પ્રથમ તબકકા કરતા પ્રચારના મુદ્દાઓ બદલાય ગયા : મંગલસુત્ર અને સંપત્તિના બટવારાની ચર્ચા હાવી

નવી દિલ્હી, તા. ૨૫

દેશમાં યોજાઇ રહેલી ૭ તબકકા લોકસભા ચૂંટણીમાં ગઇકાલે પ્રચાર પડઘમ શાંત થયા બાદ આવતીકાલે ૮૯ બેઠકો માટે મતદાનની તૈયારી થઇ ગઇ છે પ્રથમ તબકકામાં ૨૧ રાજયોની ૧૦૨ બેઠકોમાં મતદાન સંપન્ન થયા બાદ બીજો તબકકો મહત્વનો બની રહેશે તેવા સંકેત છે. આ ૮૮ બેઠકો પર કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીથી લઇને રામાયણમાં ભગવાન શ્રીરામનું પાત્ર ભજવનાર અરૂણ ગોવિલ સહિત ૧૨૦૬ ઉમેદવારોના ભાવી નિશ્ચિત થશે જેમાં હેમામાલિની (મથુરા), શશી થરૂર અને રાજીવ ચંદ્રશેખર (થિરૂવંતપુરમ)નો સમાવેશ થાય છે. જયારે રામાયણ સીરીયલના રામ અરૂણ ગોવિલ મેરઠ લોકસભા બેઠક પર ભાજપની ટીકીટ પર પોતાનું ભાગ્ય અજમાવી રહ્યા છે. વનવાસને બદલે સંસદ ભણી જવાનો તેમનો માર્ગ નિશ્ચિત કરશે. પ્રથમ તબકકામાં મતદાનની ટકાવારી ઘટતા જ રાજકીય પક્ષો અને ચૂંટણી પંચ બંને માટે ચિંતા બની રહી હતી. દેશમાં ભારે ગરમી વચ્ચે યોજાયેલા મતદાન અંગે પ્રશ્ન ઉઠયા છે. જે રાજયોમાં મતદાન થવાનું છે તેમાં કેરળમાં તમામ ૨૦ બેઠકો ઉપરાંત કર્ણાટકમાં ૧૪, રાજસ્થાનમાં પ્રથમ તબકકા બાદ બાકી રહેલી ૧૩ બેઠકો, મહારાષ્ટ્રમાં ૮, ઉતરપ્રદેશમાં ૮, મધ્યપ્રદેશ ૬, બિહાર અને આસામમાં ૫–૫, છતીસગઢમાં ૩, પ.બંગાળમાં ૩ ઉપરાંત મણીપુર, ત્રિપુરા, જમ્મુ કાશ્મીરમાં એક–એક બેઠકો પર મતદાન થશે. પ્રથમ તબકકા કરતા બીજા તબકકામાં ચૂંટણી મુદ્દાઓમાં ભારે બદલાવ આવ્યો છે અને ખાસ કરીને કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં જે રીતે વેલ્થ ડિસ્ટ્રીબ્યુશન સહિતના મુદ્દાઓને આગળ ધરાયા છે તે પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાત છેક મંગલસુત્ર સુધી લઇ ગયા હતા અને હવે તેના પર લોકચુકાદો માંગવામાં આવી રહ્યો છે. તો બીજી તરફ વાયનાડ પર બીજી વખત લોકચુકાદો માંગવા જઇ રહેલા રાહુલ ગાંધીની પણ અગ્નિ પરીક્ષા છે. આવતીકાલના મતદાન સાથે દેશમાં તામિલનાડુ બાદ કેરળમાં પણ તમામ બેઠકો પર મતદાન સંપન્ન થશે. બીજા તબકકાથી હવે એનડીએ અને યુપીએની ફરી કસોટીનો પ્રારંભ થયો છે અને તા.૭ મેના ગુજરાત સહિતના રાજયોમાં જે મતદાન થવાનું છે તેનો ટોન પણ આવતીકાલના મતદાન પર નિશ્ચિત થાય તેવા સંકેત છે.

પાન-આધારકાર્ડ લીંક નહીં કરાવનારાને ઈન્કમટેકસની રાહત

નવી દિલ્હી તા.૨૫

આધાર અને પાનકાર્ડ લીંક નહીં કરાવનારા કરદાતાઓને આવકવેરા ખાતાએ મહત્વની રાહત આપી છે. ૩૦ જુન ૨૦૨૩ સુધીમાં આ બન્ને કાર્ડ લીંક કરાવવાની મુદત આપવામાં આવી હતી. લીંક પ્રક્રિયા નહિં કરનારા કરદાતાના પાનકાર્ડ ઈન–ઓપરેટીવ કરી દેવાયા હતા. ટીડીએસ કે ટીસીએસ કપાતનાં વ્યવહારોમાં ઉંચા ટેકસ કપાતની જોગવાઈ કરવામાં આવી હતી.પાનકાર્ડ ઈન–ઓપરેટીવ હોય તેવા કિસ્સામાં કરદાતાને ડબલ ટીડીએસ ચુકવવાની સ્થિતિ સર્જાઈ હતી. કરદાતાનાં પાનકાર્ડ ઈન–ઓપરેટીવ હોવા વિશે ટીડીએસ કે ટીસીએસ કપાત કરનારા વોકેફ ન હોવાથી તેઓ મુળ ૧૦ ટકાના દરે જ કપાત કરતા રહ્યા હતા.પરીણામે ઈન્કમટેકસે પેનલ્ટી ફટકારતા ઉહાપોહ સર્જાયો હતો. આ મામલો સરકારમાં પહોંચ્યો હતો જેને પગલે રાહત જાહેર કરવામાં આવી છે. પાનકાર્ડ ઈન–ઓપરેટીવ હોવાથી અજાણ ટીડીએસ કપાત કરનારાઓ પર કોઈ પેનલ્ટીની જવાબદારી નહીં રહે. અલબત માર્ચ સુધીમાં જ વ્યવહારોમાં આ છૂટ આપવામાં આવી છે.ટીડીએસ કે ટીસીએસની કપાત કરતા હજારો વ્યવહારોમાં મોટી રાહત છે.

ADMISSIONS OPEN
THE SUNSHINE INTERNATIONAL SCHOOL
CBSE Day School
AFFILIATION NUMBER : 430251
Nursery to Std. 12
Science, Commerce, Arts
(CBSE / GSEB [GUJ./ENG. Med.])
Producing Champion in Maths, Science Olympiads and National Level Art, Music & Dance Exams...
STEAM Education as per NEP
Smart Classrooms
Burden Less Education
English Language Lab
State Level Sports
English Speaking Environment
Bus Facilities With Camera & GPS

ADEX
For Admission and Registration call / Visit
CBSE 90999 13195
B/h. Kataria Motors, 2nd 150 ft Ring Road, Kalavad Road, Rajkot.
Web : www.tsis.edu.in
GSEB 99134 13198
The Sunshine School (Guj./Eng. Med.) Royal Heritage Building, Malaviya Chowk, Rajkot.

મનીલોન્ડ્રીંગ એકટમાં મુખ્યમંત્રીની ધરપકડ માટે કોઈ અલગ માર્ગરિખા કે જોગવાઇ નથીઃ ED

કેજરીવાલની ધરપકડ માટે પુરતા પુરાવાઃ દિલ્હીના મુખ્યમંત્રીને ફરી એક વખત શરાબ કાંડના મુખ્ય સુત્રધાર ગણાવતી કેન્દ્રીય એજન્સી

નવી દિલ્હી, તા.૨૫

દિલ્હીના શરાબ કાંડમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડને યોગ્ય ગણાવતા એન્ફોર્સમેન્ટ વિભાગે સર્વોચ્ચ અદાલતમાં દલીલ કરી હતી કે મુખ્યમંત્રીની ધરપકડ માટે કોઇ અલગ નિયમો કે પ્રક્રિયા નથી. કેજરીવાલને દિલ્હીના શરાબ કાંડમાં મુખ્ય સુત્રધાર ગણાવતા ઇડીએ જણાવ્યું હતું કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એક્ટ ૨૦૦૨માં ધરપકડ મુદ્દે વિસ્તૃત માર્ગરેખા આપવામા આવી છે પરંતુ તેમાં મુખ્યમંત્રી કે સત્તા પર બેઠેલા વ્યકિત માટે અલગ માપદંડ હોય તેવું જણાવાયું નથી અને તેની સામાન્ય નાગરિકની જેમ ધરપકડ કરી શકાય છે. દિલ્હી હાઇકોર્ટે કેજરીવાલની ધરપકડને યોગ્ય ગણાવીને તેને પડકારતી રીટ અરજી ફગાવી દીધા બાદ કેજરીવાલે તેને સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી છે અને તેમાં સમગ્ર

(અનુસંધાન છઠ્ઠા પાને)

'ચરણ બ્રાન્ડ' જોઈને જ ખરીદો અમ્લપિત્ત (એસીડીટી)?
આયુર્વેદિક ચરણ બ્રાન્ડ આમ્લહરી ટેબલેટ
ઉનાળામાં પિત્તને આપો માત, આમ્લહરીને સાથ
ઉનાળામાં પિત્ત વિકાર, એસીડીટી તેમજ પિત્તના કારણે છાતી-પેટમાં બળતરા, ખાટા ઓડકાર, ઉબકા-ઉલટી જેવી તકલીફોમાં ગુણકારી.
ઉત્પાદક : હરિનારાયણ ફાર્મસી, ચાંગોદર, અમદાવાદ.
રાજકોટ : • શ્રેણીક એજન્સી–મોટી ટાંકી ચોક • ફાઈવ સ્ટાર એન્ટરપ્રાઈઝ–નુતન સૌરાષ્ટ્ર પ્રેસ રોડ, સદર • સત્યમ ફાર્મસી–કોટક સ્કુલ સામે, મોટી ટાંકી ચોક પાસે • મારૂતી મુખવાસ–ધર્મેન્દ્ર રોડ • ભાટીયા ડીસ્ટ્રીબ્યુટર્સ– ૫, બાલાજી કોમ્પલેક્ષ, રૈયા રોડ, ગોંડલ : કે. એસ. ગાંધી–મોટી બજાર • ધનવંતરી આયુર્વેદીક સ્ટોર્સ – મોટી બજાર
જાણીતા દવાવાળાને ત્યાં ઉપલબ્ધ

NETRADEEP maxivision EYE SUPER SPECIALITY HOSPITALS
Eyes Speak, We Listen
THE CAPTAIN'S CHOICE
20/20 VISION IN 15 MINS*
SPECIAL OFFER
FREE OPD CHECK UP & UP TO 10% DISCOUNT
CATARACT SURGERY
FOR SENIOR CITIZENS*
*Validity Till : 10th May 2024

FOR APPOINTMENT : 80061 87000
EMPANELLED WITH CGHS-ECHS-EHS & ALL MAJOR INSURANCE COMPANIES
Rajkot | Jamnagar | Morbi



વિદેશી સરકારોની લાલ આંખ : ભારતીય કંપનીઓના મસાલાઓ



સ્વિટર્ઝલેન્ડના સંગઠન પબ્લિક આઈના રિપોર્ટમાં ભારતમાં વેચાતા નેસ્લેના બેબી ફૂડ્સમાં ખાંડનું પ્રમાણ વધુ હોવાનું જાહેર થયું છે. વિશ્વ આરોગ્ય સંગઠનની ગાઈડલાઈન મુજબ ત્રણ વર્ષના બાળકોના આહારમાં ખાંડનો ઉપયોગ કરી શકાય નહીં કેમકે તેનાથી બાળકના સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસર પડે છે. પરંતુ નવાઈની વાત તો એ છે કે નેસ્લે તેના અમેરિકા તથા યુરોપમાં વેચાતા બેબી ફૂડમાં ખાંડનો ઉપયોગ કરતી નથી.

હોંગકોંગ અને સિંગાપુરમાં એમડીએચ અને એવરેસ્ટ કંપનીના મસાલામાં કેન્સર થાય એવા રસાયણ હોવાનું બહાર આવ્યું છે. સેન્ટર ફોર ફૂડ સેફ્ટી, હોંગકોંગના ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટને MDHના મદ્રાસ કરી પાવડર, સંભાર મસાલા મિક્સ પાવડર અને કરી પાવડર મિક્સ મસાલામાં જંતુનાશક તરીકે વપરાતું ઈથિલિન ઓક્સાઈડ મળી આવ્યું હતું. જો એ રિપોર્ટ સાચો પુરવાર થાય તો ભારતીય લોકોના સ્વાસ્થ્ય ઉપર કેટલું જોખમ એની તો કલ્પના પણ ધ્રૂજાવી દે એવું છે.

હજુ તો નેસ્લે કંપનીના બેબીફૂડમાં ખાંડનું પ્રમાણ વધુ હોવાનો વિવાદ ઠંડો પડ્યો નથી, ત્યાં તો ભારતીય કંપનીઓના મસાલાઓ કેન્સર પેદા કરે એવા રસાયણો મળી આવ્યા હોવાના હેવાલે ડર પેદા કરી દીધો છે. જો કે આશ્ચર્યની વાત તો એ છે કે ભારતમાં આ ઉત્પાદનોની ગુણવત્તા ચકાસવાનું કામ થયું હોય એમ લાગતું નથી. નેસ્લે હોય કે એવરેસ્ટ કે એમડીએચ કંપનીના ઉત્પાદનો જોખમી હોવાનું વિદેશમાં જ પ્રસ્થાપિત થયું છે, ત્યારે સવાલ એ થાય કે રોજિંદા વપરાશમાં લેવાતા ઉત્પાદનો સ્વાસ્થ્ય માટે જોખમી હોવાની ચકાસણી સરકારી તંત્ર કરતું નથી ? શું સરકારને પ્રજાના સ્વાસ્થ્યની કોઇ ચિંતા જ નથી ?

સ્વિટર્ઝલેન્ડના સંગઠન પબ્લિક આઈના રિપોર્ટમાં ભારતમાં વેચાતા નેસ્લેના બેબી ફૂડ્સમાં ખાંડનું પ્રમાણ વધુ હોવાનું જાહેર થયું છે. વિશ્વ આરોગ્ય સંગઠનની ગાઈડલાઈન મુજબ ત્રણ વર્ષના બાળકોના આહારમાં ખાંડનો ઉપયોગ કરી શકાય નહીં કેમકે તેનાથી બાળકના સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસર પડે છે. વક્તા એ છે કે નેસ્લે તેના અમેરિકા તથા યુરોપમાં વેચાતા બેબી ફૂડમાં ખાંડનો ઉપયોગ કરતી નથી. નેસ્લેના નમૂના લઈને કાર્યવાહી કરવાનો હવે આદેશ થયો છે, પણ એ વિવાદ ખતમ થયો નથી, ત્યાં જ હોંગકોંગ અને સિંગાપુરમાં એમડીએચ અને એવરેસ્ટ કંપનીના મસાલામાં કેન્સર થાય એવા રસાયણ હોવાનું બહાર આવ્યું છે. જો એ રિપોર્ટ સાચો પુરવાર થાય તો ભારતીય લોકોના સ્વાસ્થ્ય ઉપર કેટલું જોખમ એની તો કલ્પના પણ ધ્રૂજાવી દે એવું છે.

ભારતીય ભોજનમાં વિવિધ મસાલાનો ઉપયોગ થાય છે. જો કે હળદર અને બીજા મસાલા સ્વાસ્થ્ય માટે સારા હોવાનું પુરવાર થયું છે. પરંતુ એ સમયે ભારતીય મસાલા ઘરે બનાવવાની પરંપરા હતી. હવે તૈયાર મસાલાની ખરીદીનો ક્રેઝ છે. એ કારણે પણ ભેળસેળનું પ્રમાણ વધ્યું છે. એ જોખમી બની રહે એમ છે. હાલમાં હોંગકોંગના ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટના દાવા મુજબ ભારતીય કંપનીઓ MDH અને એવરેસ્ટના કેટલાક પેકેજ્ડ મસાલામાં જંતુનાશક ઈથિલિન ઓક્સાઇડ મળી આવતાં લોકોને તેનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. આ સાથે તેની ખરીદી અને વેચાણ બંધ કરવા પણ ક્હેવામાં આવ્યું છે. સિંગાપોરમાં પણ એવરેસ્ટની ફિશ કરી મસાલાને બજારમાંથી પાછી ખેંચી લેવાની સૂચના આપવામાં આવી છે.

સેન્ટર ફોર ફૂડ સેફ્ટી, હોંગકોંગના ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટને MDHના મદ્રાસ કરી પાવડર, સંભાર મસાલા મિશ્રિત પાવડર અને કરી પાવડર મિશ્રિત મસાલામાં જંતુનાશક ઈથિલિન ઓક્સાઈડ મળી આવ્યા હતા. યાદ રહે કે કેન્સર પર સંશોધન કરી રહેલી એજન્સીએ ગ્રુપ ૧ કાર્સિનોજેનમાં ઇથિલિન ઓક્સાઈડ મૂક્યું છે. મતલબ કે કેન્સર કરી શકે એવું જોખમ આ રસાયણથી વધે છે. એ કારણે જ હોંગકોંગમાં આ પ્રકારના રસાયણોનો ખાદ્ય પદાર્થમાં ઉપયોગ કરનારાઓને મહત્તમ ૫૦ હજાર ડોલરનો દંડ થાય છે. જો એમ કરનારો દોષિત સાબિત થાય તો દંડ ઉપરાંત ૬ મહિના સુધીની જેલની સજા પણ થાય છે.

સિંગાપોરે પણ ફૂડ એજન્સીને એવરેસ્ટની ફિશ કરી મસાલાને ઈથિલિન ઓક્સાઇડ મળી આવતાં બજારમાંથી પાછી ખેંચી લેવાનો આદેશ આપ્યો છે. સિંગાપોરની ફૂડ એજન્સીએ ગ્રાહકોને એવરેસ્ટની ફિશ કરી મસાલાનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. સિંગાપોરની ફૂડ એજન્સીએ હોંગકોંગના ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટે બહાર પાડેલી સુચના મુજબ MDH અને એવરેસ્ટના ફિશ કરી મસાલામાં એવા તત્વો છે જે કેન્સરનું કારણ બની શકે છે. જો કે સિંગાપોરની ફૂડ એજન્સીના મતે ઓછી માત્રામાં ઈથિલિન ઓક્સાઈડથી તાત્કાલિક કોઈ જોખમ નથી. પરંતુ લાંબા ગાળે આવા રસાયણો સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું કરી શકે છે.

જો કે એવરેસ્ટ કંપનીએ તો તેના ઉત્પાદનો સખત પરીક્ષણ પછી જ ઉત્પાદિત અને નિકાસ કરવામાં આવતા બજારમાંથી પાછી ખેંચી લેવાનો આદેશ આપ્યો છે. સિંગાપોરની ફૂડ એજન્સીએ ગ્રાહકોને એવરેસ્ટની ફિશ કરી મસાલાનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. સિંગાપોરની ફૂડ એજન્સીએ હોંગકોંગના ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટે બહાર પાડેલી સુચના મુજબ MDH અને એવરેસ્ટના ફિશ કરી મસાલામાં એવા તત્વો છે જે કેન્સરનું કારણ બની શકે છે. જો કે સિંગાપોરની ફૂડ એજન્સીના મતે ઓછી માત્રામાં ઈથિલિન ઓક્સાઈડથી તાત્કાલિક કોઈ જોખમ નથી. પરંતુ લાંબા ગાળે આવા રસાયણો સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું કરી શકે છે.

જો કે એવરેસ્ટ કંપનીએ તો તેના ઉત્પાદનો સખત પરીક્ષણ પછી જ ઉત્પાદિત અને નિકાસ કરવામાં આવતા હોવાની સ્પષ્ટતા કરી હતી. ઉપરાંત એ ઉત્પાદનો પર ભારતીય સ્પાઈસ બોર્ડ અને FSSAI સહિતની તમામ એજન્સીઓની મંજૂરીની મહોર મારી છે. આ પહેલાં પણ ભારતીય મસાલા વિદેશી નિયમોમાં ફસાયા હોવાના કિસ્સા નોંધાયેલા જ છે. ગયા વર્ષે જ અમેરિકામાં યુએસ ફૂડ એન્ડ ડ્રગ્સ ઓથોરિટીએ એવરેસ્ટના સાંબર મસાલા અને ગરમ મસાલાને બજારમાંથી પાછી ખેંચી લેવાનો નિર્દેશ આપ્યો હતો. આ મસાલામાં સાલ્મોનેલા પોઝીટીવ જોવા મળ્યો હતો. આ બેક્ટેરિયા ઝાડા, પેટમાં દુખાવો, તાવ, ચક્કર અથવા ઉલ્ટીનું કારણ બની શકે છે.

ઈથિલિન ઓક્સાઇડ કૃષિ, આરોગ્ય સંભાળ અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોમાં ફ્યુમિગન્ટસ, જંતુનાશકો અને જંતુનાશકો બનાવવા માટે થાય છે. ઈથિલિન ઓક્સાઇડનો ઉપયોગ મસાલા અને અન્ય સૂકા ખોરાકમાં માઈક્રોબાયલ દૂષણને દૂર કરવા અને જંતુઓના નિયંત્રણ માટે થાય છે. જો કે, ઘણી આરોગ્ય સંસ્થાઓએ તેને કાર્સિનોજેનની શ્રેણીમાં મૂક્યું છે.

લાઈવ WIRE
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

સિંગાપોરે પણ ફૂડ એજન્સીને એવરેસ્ટની ફિશ કરી મસાલાને ઈથિલિન ઓક્સાઇડ મળી આવતાં બજારમાંથી પાછી ખેંચી લેવાનો આદેશ આપ્યો છે. સિંગાપોરની ફૂડ એજન્સીએ ગ્રાહકોને એવરેસ્ટની ફિશ કરી મસાલાનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે. કારણ કે એમના રિપોર્ટ મુજબ MDH અને એવરેસ્ટના ફિશ કરી મસાલામાં કેટલાક એવા તત્વો છે કે જે કેન્સરનું કારણ બની શકે છે.

આજનું ચિંતન

રત્નકણિકાઓ

- પગને રાખો ગરમ, પેટને રાખો નરમ, મગજ ના કરો ગરમ, ઘરનો પ્રથમ આ ધરમ, મગજ રહેશે શાંત તો ઘરમાં સૌ ઉપશાંત ને મુખ રહેશે પ્રશાંત
- જેના જીવનમાંથી સત્યનો નાશ થાય છે તેના જીવનનો સત્યનાશ થાય છે.
- નબળા અને નવરા માણસો પર પરિસ્થિતિ વિજય મેળવે છે અને મજબૂત મનના માણસો પરિસ્થિતિ પર વિજય મેળવે છે.
- ત્રણ ખાડા ક્યારેય ન પુરાય – સાગર, સ્મશાન અને તૃષ્ણા
- જીભથી શીખવે તે પંડિત, જીવનથી શીખવે તે સંત
- ભગવાન ન બનો ત્યાં સુધી ભગવાનના તો બનો.
- સફળતા બીજાને પાડવામાં નહીં પણ ઉભા કરવામાં છે.
- સદગુરૂ સાથે રિલેશન એટલે સદગતિનું રીઝર્વેશન

મનની પરેશાનીનું કારણ શું છે? પરેશાનીઓથી પરે રહેવાની વિધિ શું?

લોકો કહેતા હોય છે- શું સાથે લઈને આવ્યા હતા? શું સાથે લઈને જઈશું? તેમના આ પ્રશ્નોનો ભાવ તો એ જ છે કે, બધું જ અહીં છોડીને જવાનું છે તો પરેશાની શા માટે લેવી. આ તન કે જે માતાપિતા દ્વારા આ જન્મમાં પ્રાપ્ત થયેલ છે આવતા જન્મમાં તેના માતાપિતા પણ બદલાશે. જ્યારે તન મળ્યુ તે સાથે તેમના સંબંધો જોડાયા, તેને લઈને અનેક ચીજો કે જે તનની સુખાકારી માટેના પ્રાપ્ત થયા કે મળ્યા. તે સાથે સુખ-સુવિધાઓ, સાધનો, વૈભવો, ધન પણ જોડાયા છે તે ક્યેક્યી છૂટવાનું છે ને! તો હે મનવા તું દુઃખી શા માટે? બધુ જ જાણતા હોવા છતાયે ક્યોરેક તો એવું લાગે કે બધી જ પરેશાની મને એક ને જ છે અને અંતે મારું મારૂં કરતા જ મરવાનો સમય નજીક આવી પહોંચે છે!

પરમાત્મા આપણને બતાવે છે- મારા મીઠા બાળકો, આ સૃષ્ટિચક્ર(કલ્પ)ની અવધી પ્રમાણે હવે નાના-મોટાં સૌની વાનપ્રસ્થ(રિટાયર્મેંટની) અવસ્થા છે. હવે સર્વએ વાણીથી પરે, વિકારો અને વિકર્મો (પાપકર્મો)થી પરે જવાનું છે હવે કોઈને બોલીને, શિક્ષા આપવાનો સમય નથી. સ્વયંની કર્મેંદ્રિયોને હવે વશમાં કરી, ચંચળતાને હટાવી સ્વયંએ કર્મેંદ્રિયોને કાચબાની જેમ સમેટવાનો સમય છે કાચબો જ્યારે જરૂર પડે છે ત્યારે જ તે પોતાના અંગોને ખોલે છે બાકી પોતાનામાં છૂપાવી લે છે આમ જ્ઞા ૨૫ અર્થાત જ્ઞેય કર્મેંદ્રિયોને વશમાં રાખનાર. આપણે પણ મુખ, મન, વૃતિઓ, આંખો, જીભ, કાન, નાક, હાથ એમ સર્વને નિર્યત્રિત કરી કોઈ વિકર્મો ન બને તેના પર ધ્યાન આપવાનો સમય છે પાંચ વિકારોથી મુક્ત થઈને હવે પ્રાપ્તિઓનો સમય છે

મનની પરેશાની કે ચંચળતાનું કારણ પાછલા જન્મોના કે આ જન્મના કરેલા પાપકર્મો અને તેવા સંસ્કારો છે આ સંસ્કારોની સ્મૃતિ, વૃતિ ક્રમજોર મનને દુઃખી, અશાંત કરે છે. દુઃખી મનવાળી આત્મા દુઃખ લઈ લે છે કે અન્યને દુઃખ આપીને પરેશાન થાય છે. વિચારોનો સતત મારો આત્મા પર બોજ વધારે છે તેવા સમયે મનને મારવું કે મનને અમન બનાવવું એ વિધિ નથી. પરંતુ મનને સુમન બનાવીએ, મનને પ્રાપ્તિઓની સ્મૃતિ અપાવીએ. રાજયોગનું જ્ઞાન જે બ્રહ્માકુમારીઝ દ્વારા રોજ પરમાત્માની જ્ઞાન મુરલી દ્વારા મનને યુક્તિપૂર્વક વાળવાની યુક્તિઓ અપાય છે જેના સ્મરણ અને ચિંતનથી મનને એક સુકૂન મળે છે અને પરિવર્તનનો રસ્તો પ્રાપ્ત થાય છે અને નિત્યના આ અભ્યાસથી મન-બુધ્ધિ-સંસ્કારમાં જે અન્ય જ્ઞાન અંધવિશ્વાસનારૂપે પણ હોઈ શકે તે ભરી પડી છે તે દૂર થાય છે, આત્માને જ્ઞાનચક્ષુ જેને ત્રીજુ નેત્ર પણ કહે છે તે પ્રાપ્ત પાય છે આમ ચંચળ મન સ્થિરતા પ્રાપ્ત કરવા લાગે છે. સ્વયંના જીવનનું મહત્વ સમજાય છે, પરેશાનીઓનું મુળ કારણ સમજાય છે. સંબંધોમાં સુખની અનુભતી થવા લાગે છે સ્વયંના ભાવ સ્વભાવો પર નિયંત્રણ આવતા હવે કોઈ નવા વિકર્મ થતા નથી. આમ લોભ, ઈર્ષા, અદેખાઈ, મોહ, અહંકાર, કામ-વિકાર સહિત અન્ય દૂષિત કે વધુ પડતી ઈચ્છાઓ પર વિજયી બનાય છે.

ટૂંકમાં, આત્માની સ્વયંની શાનથી પરે જવું જ પરેશાનીને નિમંત્રણ આપવું છે. આત્મા જ્યારે પોતાની ઉંચી શાનમાં રહે છે અર્થાત જેમ ક્રમળ કાદવમાં ખિલતુ હોવા છતાં કાદવથી અલિપ્ત અને ઉંચું ઉઠી જાય છે અને કાદવ તેમને સ્પર્શ નથી કરી શકતું તેમ સ્વયંને આ કળિયુગી દુનિયાથી અલગ સમજી હું એક આત્મા છું આ શરીરને ચલાવનાર શક્તિ છું એ દેહભાનમુક્ત રહેવાની સ્મૃતિ અને પરમાત્માની યાદ બધી જ પરેશાનીને ખત્મ કરી દે છે

મૂલ્યોની મહેક
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

ભારતીય પાસપોર્ટના ૧૦ વર્ષની માન્યતા માટે ૧૮.૦૭ ડોલર મૂલ્ય

ભારતીય પાસપોર્ટ દુનિયામાં બીજા નંબરનો સૌથી સસ્તો પાસપોર્ટ, UAE પ્રથમ ક્રમે

વિશ્વનો સૌથી મોંઘો પાસપોર્ટ મેક્સિકોનો, બીજા નંબરે ઓસ્ટ્રેલિયાઃ બંન્નેનું મૂલ્ય અનુક્રમે ૨૩૧.૦૫ અને ૨૨૫.૭૮ ડોલર

નવીદિલ્હી,તા.૨૫

તાજેતરના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ભારતીય પાસપોર્ટ વિશ્વભરમાં મેળવવા માટે બીજા સૌથી સસ્તા પાસપોર્ટ તરીકે સ્થાન ધરાવે છે.તે માન્યતાના ''વર્ષ દીઠ ખર્ચ''ના સંદર્ભમાં સૌથી વધુ ખર્ચ-અસરકારક હોવાની ગૌરવ ધરાવે છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય પાસપોર્ટ ધારક ૬૨ દેશોમાં વિઝા વિના મુસાફરી કરી શકે છે.UAE પાસપોર્ટ વૈશ્વિક સ્તરે સૌથી વધુ સસ્તો પાસપોર્ટ તરીકે ટોચનું સ્થાન મેળવે છે. સંપાદન ખર્ચ અને વિઝા-મુક્ત એકસેસ ઓફર કરતા દેશોની સંખ્યા બંનેની દ્રષ્ટિએ અન્ય તમામને પાછળ છોડી દે છે.

ઓસ્ટ્રેલિયન ફર્મના અખબારી નિવેદન અનુસાર, ભારતીય પાસપોર્ટની ૧૦ વર્ષની માન્યતા અવધિ માટે $18.7 નો ખર્ચ થાય છે.જ્યારે UAE પાસપોર્ટ માટે ૫-વર્ષની માન્યતા અવધિ માટે $17.70 ની ફીની જરૂર પડે છે.જ્યારે ભારતીય પાસપોર્ટ ઓછી કિંમત ધરાવે છે, ત્યારે તેની વિઝા મુક્ત એકસેસ તુલનાત્મક રીતે મર્યાદિત છે.આ ઓસ્ટ્રેલિયા, યુએસએ અને કેનેડા જેવા દેશોથી વિપરીત છે, જ્યાં પાસપોર્ટ વધુ ખર્ચે આવે છે. પરંતુ વ્યાપક વિઝા-મુક્ત એકસેસ સાથે વધુ પાસપોર્ટ પાવર ઓફર કરે છે.

મુસાફરી વીમા સરખામણી નિષ્ણાંતોએ પાસપોર્ટ ફીની યાદી તૈયાર કરી, તેનું મૂલ્યાંકન કિંમત, માન્યતા અવધિ અને પાસપોર્ટ પાવરના આધારે કર્યું. તેમના તારણો દર્શાવે છે કે જ્યારે કેટલાક રાષ્ટ્રો નોંધપાત્ર પાસપોર્ટ પાવર ઓફર કરે છે. તે ઘણીવાર ઊંચી કિંમત સાથે આવે છે.માન્યતાના પ્રતિ વર્ષ ખર્ચને ધ્યાનમાં લેતાં, ભારત દર વર્ષે માત્ર ૧.૮૧ ડોલર ખર્ચ સાથે સૌથી વધુ આર્થિક પાસપોર્ટ વિકલ્પ તરીકે ઉભરી આવ્યું હતું.અનુક્રમે $3.05 અને $3.09 ના ચાર્જ સાથે દક્ષિણ આફ્રિકા અને કેન્યા નજીકથી પાછળ છે.ના, યુનાઈટેડ સ્ટેટ્સનો પાસપોર્ટ વિશ્વનો સૌથી મોંઘો પાસપોર્ટ નથી. અભ્યાસ અનુસાર, મેક્સિકોનો વિશ્વનો સૌથી મોંઘો પાસપોર્ટ છે, ત્યારબાદ ઓસ્ટ્રેલિયાનો નંબર આવે છે.મેક્સિકન પાસપોર્ટની કિંમત ૧૦ વર્ષ માટે $231.05 છે, જ્યારે ઓસ્ટ્રેલિયન પાસપોર્ટની કિંમત $225.78 છે.

ચૂંટણી સભામાં નીતીન ગડકરી બેભાન થઈને ઢળી પડ્યા : સારવાર

પ્રાથમિક સારવાર પછી ચૂંટણી પ્રચારમાં સામેલ પણ થઈ ગયા

મુંબઈ,તા.૨૫

મહારાષ્ટ્રના યવતમાલમાં ભાષણ આપતી વખતે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સ્ટેજ પર બેભાન થઈને ઢળી પડ્યા હતા. જોકે, સ્ટેજ પર હાજર ભાજપના નેતાઓએ તેમને તરત જ ઉભા કર્યા હતા અને સારવાર માટે લઈ ગયા.

જોકે સારવાર બાદ તેઓએ ટ્વીટ કર્યું કે ''મહારાષ્ટ્રના પુસદમાં રેલી દરમિયાન ગરમીના કારણે અસ્વસ્થતા અનુભવાઈ હતી. પરંતુ હવે હું સંપૂર્ણ સ્વસ્થ છું અને આગામી મીટીંગમાં હાજરી આપવા વરુડ જવા રવાના થઈ રહ્યો છું. તમારા સ્નેહ અને શુભેચ્છાઓ બદલ આભાર.''

લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં જે પાંચ સીટો પર મતદાન થઈ રહ્યું છે, તેમાં નાગપુરની સીટ પણ સામેલ છે. અહીં ભાજપના ઉમેદવાર કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી છે. તેમની સામે કોંગ્રેસે વિકાસ ઠાકરેને મેદાનમાં ઉતાર્યા છે. તેઓ અહીંથી ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે. આ પહેલીવાર નથી જ્યારે નીતિન ગડકરીની તબિયત અચાનક બગડી હોય. ૨૦૧૮માં પણ મહારાષ્ટ્રના અહમદનગરમાં એક કાર્યક્રમ દરમિયાન તેઓ સ્ટેજ પર અચાનક બેહોશ થઈ ગયા હતા. આ દરમિયાન મહારાષ્ટ્રના તત્કાલીન રાજ્યપાલ વિદ્યાસાગર રાવ તેમની સાથે હાજર હતા. રાજ્યપાલે પોતે તેમને સ્ટેજ પર સંભાળ્યા હતા.

સુવિચાર

વાણી અને પાણી બંનેમાં છબી દેખાય છે
જો પાણી સ્વચ્છ હોય તો ચિત્ર દેખાય છે
જો વાણી મીઠી હોય તો ચરિત્ર દેખાય છે

આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત–૨૦૮૦ : વીર સંવત– ૨૫૫૦, શાલિવાહન સંવત–૧૯૪૫
ચૈત્ર વદ–૨, તા.૨૬/૪/૨૪, શુક્રવાર

સૂર્યોદય : ૬–૨૦, સૂર્યાસ્ત : ૭–૦૯, જૈન નવકારશી : ૭.૦૮
રાશિ : વૃશ્ચિક (ન.ય.)

ગૌચરના ગ્રહો
સૂર્ય–મેષ, મંગળ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, બુધ–મીન, ગુરૂ–મેષ, હર્ષલ–મેષ, પ્લુટો–મકર, શુક્ર–મેષ, શનિ–કુંભ, નેપ્ચ્યુન–મીન, ચંદ્ર–વૃશ્ચિક

શુભ ચોઘડીયા : ચલ, શુભ, લાભ, અમૃત
અશુભ ચોઘડીયા : રોગ, કાળ, ઉદ્વેગ

રાશીફળ

મેષ : ન ધારેલી સફળતા મળવાની, આત્મવિશ્વાસ વધવાનો, લગ્ન જીવનમાં ગેરસમજો દુર થવાની, આવકની સાથે ખર્ચ પણ રહે, પ્રવાસ થાય.
વૃષભ : કર્જ કરવાથી દુર રહેજો, પરિવારના સભ્યોને સહકાર દેવો, વિભાજન જેવા પ્રશ્નો ઉભા ન થાય તેનું ધ્યાન રાખવું, વિદેશ જવાની તક મળવાની.
મિથુન : કારણ વગરના વિચારોથી ટેન્શન રહે, અંધશ્રધ્ધાથી દુર રહેજો, સાથીદારો સાથે સહકારની ભાવના કેળવજો, નાણાકીય બાબતોમાં સાવચેતી રાખવી.
કર્ક : આ સમય તમારે જાળવી લેવાનો છે, જવાબદારીઓ લેવામાં જાળવવું, પ્રતિષ્ઠા જળવાઈ રહે, નાણાકીય રીતે ટેન્શન રહે, વધુ પડતો કાર્યભાર હીતાવહ નથી.
સિંહ : પ્રગતિમાં આવતા અવરોધો દુર થવાના છે, નવી યોજનામાં લાભ મળવાનો, તબીયત બાબત જાળવવું, જીવનસાથીના સ્વાસ્થ્ય બાબત ટેન્શન રહે.
કન્યા : નોકરીમાં મનગમતી જગ્યા મળવાની પ્રતિષ્ઠામાં વધારો થવાનો, રાજકીય રીતે લાભ મળવાનો, વિદેશ વસતા સગા સ્નેહીજનોની મુલાકાત થવાની.
તુલા : વ્યવસાય અંગેના નવા જોડાણોથી લાભ રહે, નોકરીમાં ઉપરી વર્ગ તમારા કાર્યની પ્રશંસા કરે, નવી યોજનામાં અનુકુળતા રહે.
વૃશ્ચિક : જુના કર્જના પ્રશ્નોમાં અનુકુળતા નવી યોજના બાબત ભાગીદારો સાથે વિચાર વિમર્શ થાય, આત્મવિશ્વાસમાં વધારો થવાનો.
ધન : રાજકારણમાં ન ધારેલી સફળતા મળે, દિવસ દરમ્યાન નોકરીમાં પ્રમોશનની શકયતા ઉભી થાય, બ્લડપ્રેશર જેવી તકલીફો બાબત જાળવવું.
મકર : સર્જનાત્મક કાર્યોમાં રૂચી વધવાની, ભાઈ–બહેનોથી સહકાર રહે, નોકરીમાં કોઈ પરિવર્તન ન કરવું.
કુંભ : નિર્ણયો બાબત મકકમતા કેળવજો, ધાર્મિક કાર્યમાં સફળતા નોકરીમાં સ્થાનફેરની શકયતા રહેવાની.
મીન : વિદેશથી આર્થિક લાભ રહે, બિનજરૂરી ઉતેજનાથી દુર રહેજો, શેર સટામાં જાળવવું, કર્જ કરીને કોઈ સાહસ ન કરવું.

મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



આડી ચાવી

૧. સી.એ.નું ફુલફોર્મ (૮)
૬. સંજય દત, કુમાર ગૌરવની ફિલ્મ (૨)
૭. ...મપોલ,એકઝીટ... (૨)
૮. સ્ટીરીયોફોનિક ... (૩)
૯. ફોર વ્હીલરમાં સામાન રાખવાની જગા (૨)
૧૦. વહીવટ (૪)
૧૧. એકધારૂ બનવું (૪)
૧૩. એક વત્તા એક (૧)
૧૪. તાત્કાલીક (૫)
૧૮. એક દેશી મહિનો (૪)
૨૦. હાલારનું મુખ્ય શહેર (૫)
૨૨. ભુલચુક ... (૨)
૨૩. બટકી જાય તેવું (૩)
૨૪. હોઠ ઉર્દુ (૨)
૨૫. આહવાન, પડકાર (૪)
૨૬. એક કઠોળ (૨)
૨૮. ગધેડો મારે (૨)
૨૯. ફુટ (૨)
૩૦. હેસિયત, તાકાત, શક્તિ (૨)
૫. પ્રહાર બચાવતી આડશ (૨)
૭. એક અંગ્રેજ રમત (૩)
૧૦. બ્લેક માર્કેટ (૫)
૧૧. કેરીની એક જાત (૩)
૧૨. મધર (૨)
૧૫. ...ડિગા ડિગા, મૌસમ ભીગા ભીગા (૨, ૨)
૧૬. નતો-ઉંધુ લખો (૨)
૧૭. હાથનો એક હિસ્સો (૩)
૧૮. પપ્પાના સાળા (૨)
૧૯. શરતચૂક (૪)
૨૧. રબ્બરનો દેશી ઉચ્ચાર (૩)
૨૩. આઈસ (૩)
૨૭. અમીરઅલી ... ના પીળા રૂમાલની ગાંઠ (૩)

ઉભી ચાવી

૧. દિવસે એ ઉંધુ લટકે(૫)
૨. પોલીસ ફાયરીંગમાં મૃત્યુ (૫)
૩. સોરઠનું એક નગર (૨)
૪. ડબલું (૪)

ધ	ક	ધ	ક	ગ	ર્લ		આ	વા	સ
ડ		ન		મા		મ	ગ		
ક		વા	ન	ર	વે	ડા		સ	ભા
ન		ન	વ			ગાં	ડ	પ	ણ
	ન		જી	દ		ઠ		ન	વ
કા	લ		વ	ર	સ		અ	જ	ડ
મ	હે	મા	ન		મ	ગ		ગ	
ચો		સી		મ	જા	લ		મો	લ
ર	જા		ક	ર	વ	ત		હ	
			વિ		ટ		મા	ન	વ

સાંજ સમાચાર

દેશ - વિદેશના સચોટ સમાચાર
ઝડપથી વાંચવા માટે
આજે જ ડાઉનલોડ કરો
સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

(એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો)

(સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો)

96622 96699

(વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ''Hi'' મેસેજ કરો)

ચૂંટણી પૂર્વે રાજકોટમાં સહકારી ક્ષેત્રે 'ગરમી' ! 'ઈફકો'માં રાદડીયા કે પટેલ ?

૯મી મેના રોજ યોજાનારી ડાયરેકટર બોર્ડની ચૂંટણી માટે જયેશ રાદડીયાએ ફોર્મ ભરી દીધુ : ભાજપનો મેન્ડેટ અમદાવાદના બીપીન પટેલ (ગોતા)ના નામે નીકળ્યો : ગુજરાતભરના શહેર-જિલ્લા સંગઠન પ્રમુખોને પણ મોકલાયો : સહકારી ક્ષેત્રે જબરી ચર્ચા

રાજકોટ, તા. ૨૫

રાજકોટ સહિત ગુજરાતભરમાં લોકસભા ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે તેવા સમયે રાજકોટના સહકારી જગતમાં એકાએક ગરમી સર્જાય છે. આગામી ૯મી મેના રોજ યોજાનારી ઈફકોની ચૂંટણીમાં ખેંચતાણ સર્જાયાના એંધાણ હોય તેમ રાજકોટના સહકારી નેતા અને ભાજપના ધારાસભ્ય એવા જયેશ રાદડીયાએ ફોર્મ ભરી દીધુ છે તો બીજી તરફ ભાજપ દ્વારા અમદાવાદના બીપીન નારણભાઈ પટેલ (ગોતા)ના નામનો મેન્ડેટ જારી કરવામાં આવ્યો છે અને રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના ભાજપના સંગઠન પ્રમુખોને પાઠવી પોતપોતાના જિલ્લાના ડેલીગેટ મતદારોને બિપીન પટેલ તરફી મતદાન કરવાની સૂચના આપવા કહેવામાં આવ્યું છે. આ ઘટનાક્રમથી લોકસભા ચૂંટણી ટાંણે જ રાજકોટના સહકારી જગતમાં જબરી ચર્ચા શરૂ થઇ છે.

સહકારી ક્ષેત્રના સુત્રોએ જણાવ્યું છે કે દેશની ટોચની સહકારી સંસ્થા ઇફકોની ચૂંટણી આગામી ૯ મેના રોજ યોજાનારી છે. તેમાં ગુજરાતની એક બેઠક છે. છેલ્લી બે ટર્મથી જયેશ રાદડીયા જ તેમાં બિનહરીફ ચૂંટાતા રહ્યા છે અને વર્તમાન ડાયરેકટર પણ છે. આ વખતે તેઓ જ ચૂંટણી લડશે તે નકકી ગણવામાં આવતું હતું અને તે મુજબ તેઓએ ગઇકાલે દિલ્હી પહોંચીને ઉમેદવારી પણ નોંધાવી દીધી હતી. આ દરમ્યાન ભાજપ દ્વારા હવે બિપીન પટેલ (ગોતા)ના નામનો મેન્ડેટ ઇસ્યુ કરીને ચૂંટણીમાં તેમના તરફી મતદાન થાય તે જોવાની તાકીદ કરવા સાથે તમામ જિલ્લાના સંગઠન પ્રમુખોને મેન્ડેટનો પત્ર પાઠવવામાં આવ્યો છે. આ સંજોગોમાં ઇફકોના ઉમેદવાર તરીકે જયેશ રાદડીયા હશે કે બિપીન પટેલ તે વિશે સહકારી ક્ષેત્રમાં જોરદાર ચર્ચા થવા લાગી છે.

ઇફકોના ગર્વનીંગ બોર્ડને લાગે વળગે છે ત્યાં સુધી ગુજરાતની એક બેઠક છે. રાજકોટ જિલ્લાના ૪૨ સહિત સમગ્ર ગુજરાતના ૧૭૬ ડેલીગેટ મતદારો છે જેઓને ચૂંટણીના સંજોગોમાં મતદાન કરવાનો અધિકાર મળે છે. વર્તમાન ડાયરેકટર જયેશ રાદડીયા બે ટર્મથી ચૂંટાતા રહ્યા છે. આ વખતની ત્રીજી ટર્મ માટે તેઓએ ફોર્મ ભર્યુ છે. ભાજપ દ્વારા છેલ્લા કેટલાક વખતથી સહકારી ક્ષેત્રની ચૂંટણી પણ પક્ષીય ધોરણે લડવાનું જાહેર કરી દેવામાં આવ્યું જ હતું. રાજકોટની જિલ્લા બેંક હોય કે લોધીકા સંઘ અથવા તોડેરી તમામની ચૂંટણી વખતે પાર્ટી દ્વારા જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય લેવલની સંસ્થા ઇફકોમાં પણ સમાન પ્રણાલી અપનાવવામાં આવતી હોવાનું સ્પષ્ટ છે. આ સંજોગોમાં ભાજપનું મેન્ડેટ બિપીન પટેલના નામે છે જયારે ફોર્મ જયેશ રાદડીયાએ ભર્યુ છે ત્યારે આખરી ચિત્ર હવે પછી સ્પષ્ટ થઇ શકવાનું માનવામાં આવી રહ્યું છે. સુત્રોના કહેવા પ્રમાણે ઇફકોના ડાયરેકટર પદ માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦ એપ્રિલ છે અને ફોર્મ પાછા ખેંચવાની તારીખ ૨ મે છે. હજુ સમગ્ર પ્રક્રિયામાં એક સપ્તાહ જેવો લાંબો સમય બાકી છે એટલે દેખીતી રીતે સંબંધીત નેતાઓ પક્ષ સાથે ચોખવટ કરી લેશે.

સુત્રોએ એમ કહ્યું કે, ભાજપના મેન્ડેટના આધારે ઇફકોમાં ઉમેદવારી માટે ખેંચતાણ હોવાનું જણાઇ રહ્યું છે. આવતા દિવસોમાં કેવું પરિણામ આવશે તેના પર સમગ્ર સહકારી ક્ષેત્રની નજર રહેશે.

ઈફકોના આખા ડાયરેકટર બોર્ડે ફોર્મ ભરી દીધા છે, મેન્ડેટની ખબર નથી : રાદડીયા

IFFCO
पूर्णतः सहकारी स्वामित्व
Wholly owned by Cooperatives

ઇફકોના ડાયરેકટર જયેશ રાદડીયાનો સંપર્ક સાધતા તેઓએ જણાવ્યું હતું કે, ૯ મેના રોજ ચૂંટણી યોજાવાની છે. ગઇકાલે ઇફકોની બોર્ડ મીટીંગ હતી અને તેમાં ભાગ લેવા પોતે દિલ્હી ગયા હતા. આ સમયે વર્તમાન બોર્ડના તમામ ડાયરેકટરોએ એક સાથે ફોર્મ ભરી દીધા હતા. મેં પોતે પણ ઉમેદવારી નોંધાવી દીધી છે. ભાજપ દ્વારા બિપીન પટેલના નામનો મેન્ડેટ ઇસ્યુ કરવામાં આવ્યો છે તે વિશે પોતાને કોઇ જાણકારી નથી. લોકસભાની ચૂંટણી છે અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની જામકંડોરણામાં સભા હોવાથી ચૂંટણી પ્રચાર અને અમિત શાહના કાર્યક્રમની તૈયારીમાં વ્યસ્ત છું.

કોટેચા ચોકમાં ખાનગી પ્રોપર્ટીમાં હોર્ડિંગ જોખમ: હટાવવા માટે વેપારીઓની કોર્પોરેશનમાં ધા

તસ્વીરઃ પંકજ શીશાંગીયા

બંગલા માલિકને હોર્ડિંગ હટાવવા કોટેચા ચોક વેપારી મંડળે રજુઆત કરતા રોફ જમાવ્યો

રાજકોટ, તા.૨૫

કોટેચા ચોક વિસ્તારમાં આવેલ શાંતિનિકેતન સોસાયટીમાં લગાવેલ વિશાળ કદના હોર્ડીંગની ફરિયાદ કોટેચા ચોકના વેપારીઓ દ્વારા કરવામાં આવી છે. આ સોસાયટીમાં બંગલોઝ આવેલ છે જ્યાં વેપારી કે ધંધાદારી કામગીરી કરવાની પરવાનગી નથી તેવામાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાને લગોલગ બંગલા નં.૧ પર વિશાળ કદનું જાહેરાતનું બોર્ડ લગાવાતા વેપારીઓમાં રોષનો માહોલ છવાયો છે.

મનપાની પરવાની વગર કોઇપણ સ્થાવર મિલ્કત પર જાહેરાતનું બોર્ડ લગાવી શકાતું નથી. આથી કોટેચા ચોકના વેપારી પ્રતિનિધિ મંડળે બંગલા નં.૧ના માલીક પ્રવિણભાઇ પરમારની રૂબરૂ મુલાકાત લઇ આ બોર્ડ ઉતારી લેવા રજુઆત કરી હતી પરંતુ બંગલાના માલિકે મપનામાં વગ હોવાનો રોફ જમાવ્યો હતો.

બંગલાના માલિકે રોફ જમાવતા વેપારીને જણાવ્યું કે રાજકોટ મહાનગરપાલિકામાં મારી વગ છે જેથી આ બોર્ડ કોઇ ઉતરાવી શકશે નહીં. રાજકોટ મનપાના એસ્ટેટ વિભાગના સંબંધકર્તા અધિકારીઓને માસીક હપ્તા ચુકવું છું. આવા જવાબના કારણે વેપારીઓમાં ઉગ્ર રોષ છવાયો છે.

વેપારીઓનું કહેવું છે કે બંગલા નં.૧ પર લગાવેલ બોર્ડને લગાવવાની પરવાનગી મળેલ નથી છતાં મપનાના નિયમોનું ઉલ્લંઘન કરી ગેરકાયદેસર હોર્ડીંગ લગાવવામાં આવ્યું છે. રેસીડેન્સીઅલ વિસ્તારમાં કોમર્શીયલ હોર્ડીંગ લગાવી શકાય નહીં ઉપરાંત ત્યાંથી પસાર થતાં લોકો પર હોર્ડીંગ પડવાનો અને અકસ્માતનો ભય રહે છે. આથી વહેલી તકે આ હોર્ડીંગ ઉતારી લેવા ઉગ્ર માંગ કરવામાં આવી છે.

કોટેચા ચોકમાં સૌથી વધુ વાહનોની અવર-જવર થાય છે અને ટ્રાફિક બ્રિગેડરો પણ ઉભા રહેતા હોય છે આથી વાહન ચાલકો અને ટ્રાફિક બ્રિગેડરોનું જીવ જોખમમાં મુકાય છે. કોટેચા ચોકના વેપારી મંડળના પ્રમુખ એ.કે. કણસાગરા, રજનીભાઇ કામદ્વે, વિનોદ પટેલ, મનોજ કોટડીયા, શૈલેષ પટેલ, મોનેશ હિરાનંદાણી, જગદીશ સરવૈયા, મનીષકુમાર, ભાવેશ રામાણી, અલતાફ ચાવડા, નિલેશ મહેતા, ભુપત દેસાઇ, એમ.કે. તમ્બલ, પટેલ જય, દિલીપકુમાર, જયમીન પંડ્યા, ભરત પટેલ, રવિ સોનખાણી, વિરાજ પટેલ, રસીક પ્રજાપતિ, પૂજા મકવાણા, રવિ લાખાણી, અમીત ઠાકોરએ તાત્કાલીક ધોરણે હોર્ડીંગ હટાવવા મનપામાં રજુઆત કરવામાં આવી છે.

તા.૧ અને ૨ના રોજ વડાપ્રધાનનો ગુજરાત પ્રવાસ કાર્યક્રમ: ૬ રેલીઓને સંબોધન

ગુજરાત સૌરાષ્ટ્રની ૧૪ લોકસભા બેઠકને આવરી લેશે વડાપ્રધાન: રાજકોટથી દૂર રહીને પણ મોદી મેસેજ આપશે

તા.૧ના રોજ ડીસા, હિંમતનગર, તા.૨ના રોજ આણંદ, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને જામનગરમાં મોદીની સભા

ભાજપ માટે ટફ ગણાતી સાબરકાંઠા અને બનાસકાંઠા ઉપરાંત સૌરાષ્ટ્રમાં જામનગર બેઠકને આવરી લીધી

રાજકોટ, તા.૨૫

ગુજરાતમાં લોકસભા ચૂંટણીનો પ્રચારનો રંગ હવે જામવા લાગ્યો છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાતનો પ્રવાસ નિશ્ચિત થઇ ગયો છે જેમાં તેઓ તા.૧ અને ૨ મેના રોજ ગુજરાતમાં ૬ જેટલી સભાઓને સંબોધશે અને તા.૧ મેના રોજ ગાંધીનગર જ રાત્રી રોકાણ કરીને ગુજરાત ભાજપના નેતાઓ પાસેથી રાજયની પરિસ્થિતિ અંગે તાગ મેળવશે. વડાપ્રધાનના હાલ નિશ્ચિત થયેલા કાર્યક્રમો મુજબ તા.૧ના બપોરે ૩-૩૦ વાગ્યે ડીસામાં સભાને સંબોધવાના છે અને તે રીતે તેઓ બનાસકાંઠા અને પાટણ બંને લોકસભા બેઠકને આવરી લે તે રીતે પ્રચાર કરશે. આ માટે ડીસામાં તૈયારીઓ શરુ થઇ ગઇ છે અને એરોડ્રામ ગ્રાઉન્ડ ખાતે મોદીની સભા યોજાશે આ બેઠક પર ભાજપના ઉમેદવાર ડો. રેખાબેન ચૌધરીનો મુકાબલો કોંગ્રેસના ગેનીબેન ઠાકોર સામે છે. મોદી બાદમાં સાંજે ૫-૧૫ કલાકે હિંમતનગરમાં મોદી ગ્રાઉન્ડ ખાતે સભાને સંબોધવાના છે અને અહીં તેઓ એકી સાથે સાબરકાંઠા ઉપરાંત પાટણ, મહેસાણા અને અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક સુધી મેસેજ જાય તે નિશ્ચિત કરશે. જેમાં ખાસ કરીને સાબરકાંઠાની બેઠકમાં ભાજપે જે રીતે કોંગ્રેસ કુળના શોભનાબેન બારૈયાને ટીકીટ આપી હતી અને આ બેઠક પર તે અગાઉ ઉમેદવાર બદલવા પડ્યા હતા તે પછી હજુ પણ સ્થાનિક રીતે ભાજપના ઠાકોર સમુદાય સહિતના કાર્યકર્તાઓનો વિરોધ છે અને તેથી વડાપ્રધાનની સભા અહીં ગોઠવાય છે. આ ઉપરાંત બાદમાં તેઓ તા.૨ના રોજ ૧૧ વાગ્યે આણંદ ખાતે શાસ્ત્રી ગ્રાઉન્ડમાં સભાને સંબોધશે. આ બેઠકની સાથે વડાપ્રધાનની આ સભામાં ખેડાને પણ આવરી લેવાશે અને આ બંને બેઠકો ભાજપ માટે સ્કીયોર ગણાય છે. શ્રી મોદી બપોરે ૧ વાગ્યે સુરેન્દ્રનગર લોકસભા બેઠક માટે વઢવાણમાં ત્રિમંદિર ગ્રાઉન્ડ સુરેન્દ્રનગર રાજકોટ રોડ પર સભાને સંબોધશે અને અહીંથી સુરેન્દ્રનગર ઉપરાંત રાજકોટ અને ભાવનગર બંને લોકસભા બેઠકને આવરી લેવા તે રીતે મેસેજ આપશે. સુરેન્દ્રનગર બેઠક પર ભાજપે ચંદુભાઇ શિહોરાને પસંદ કર્યા પછી સ્થાનિક સ્તરે થોડોક વિરોધ હતો પણ તે શમી ગયો હોય તેમ માનવામાં આવે છે. આ ઉપરાંત રાજકોટ લોકસભા બેઠક જે હોટ ટોપીક બની છે. એક તબકકે વડાપ્રધાનની સભા રાજકોટમાં યોજાશે તેવી ગણતરી હતી પરંતુ તેના બદલે મોદીએ સુરેન્દ્રનગર અને જૂનાગઢ ઉપરાંત જામનગરમાં પણ સભાનું આયોજન કરીને ત્રણ તરફથી રાજકોટ જિલ્લાને આવરી લેવાની કોશિષ કરી છે.

ભાવનગર જિલ્લામાં પણ આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે. અને તેના પર મોદી પ્રભાવ પાડશે. બાદમાં વડાપ્રધાન સાંજે ૩-૧૫ કલાકે જૂનાગઢમાં સભાને સંબોધશે આ માટે કૃષિ યુનિ. મેદાન પસંદ કરવામાં આવ્યું છે અને જુનાગઢ જાહેરસભાથી મોદી પોરબંદર-અમરેલી, જામનગર બેઠકને આવરી લેશે. જ્યારે વડાપ્રધાનની સૌરાષ્ટ્ર પ્રવાસની છેલ્લી સભા જામનગરમાં પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે યોજાશે અને તે ઉપરાંત પોરબંદર અને રાજકોટ લોકસભા બેઠકને મેસેજ જાય તેવું નિશ્ચિત કરશે.

તા.૨૮થી ત્રણ દિ'ચૂંટણી સ્ટાફની તાલીમ, પોસ્ટલ બેલેટથી કર્મચારીઓ મતદાન કરશે

તા.૧ સુધીમાં તમામ કર્મચારીઓની તાલીમ પૂર્ણ કરી દેવા આદેશ: જેલના કાચા કામના કેદીઓને પણ મતદાન માટે પોસ્ટલ બેલેટ મોકલાશે



રાજકોટ તા.૨૫

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ મોટાભાગની તૈયારીઓ પરિપૂર્ણ કરી દેવામાં આવી છે. જેમાં હવે આગામી તા.૨૮થી ત્રણ દિવસ ચૂંટણી સ્ટાફને તાલીમ આપી સજ્જ કરી દેવામાં આવશે.

જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ આ અંગે જણાવ્યું હતું કે આગામી તા.૨૮થી ત્રણ દિવસ વિધાનસભા વિસ્તારવાઈઝ ચૂંટણી સ્ટાફને જરૂરી તાલીમ અને માર્ગદર્શન તજજ્ઞો દ્વારા પુરૂ પાડવામાં આવશે તેની સાથોસાથ સરકારી કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરશે.

આ માટેની જરૂરી વ્યવસ્થા કરી દેવામાં આવી છે. આ ઉપરાંત તા.૨૭થી ૩૦ દરમ્યાન એસઆરપી સહિતની કેમ્પ ઓફિસોમાં કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે સરકારી કર્મચારીઓ માટે ચૂંટણી તાલીમ આગામી તા.૧ મે સુધીમાં પૂર્ણ કરી દેવા માટે ચૂંટણીપંચ દ્વારા આદેશ અપાયેલ છે. જે અંતર્ગત રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના તમામ શહેર જીલ્લામાં ચૂંટણી સ્ટાફને તાલીમ આપવા માટે તા.૨૮થી ત્રણ દિવસ ખાસ તાલીમ વર્ગો વિધાનસભા વિસ્તારવાઈઝ આયોજીત કરવામાં આવેલ છે. જેમાં કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન પણ કરવામાં આવશે. કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ વિશેષમાં એવું પણ જણાવ્યું હતું કે જેલમાં રહેલા કાચા-પાકા કામના કેદીઓ મતદાન કરી શકે તે માટે તેઓને પોસ્ટલ બેલેટ જેલમાં મોકલવાની વ્યવસ્થા ચૂંટણીપંચની ગાઈડલાઈન મુજબ કરવામાં આવશે.

મતદાન બાદ તા.૧૧મીએ સરકારી કર્મચારીઓના પોસ્ટલ બેલેટ એકત્ર કરાશે

તા.૨૭મીએ અમદાવાદમાં બીજો એક્ષચેંજ મેળો: રાજકોટમાં અન્ય જિલ્લામાં ૧૫ હજાર કર્મચારીઓ બેલેટથી કરશે મતદાન

રાજકોટ તા.૨૫

ચૂંટણીપંચ દ્વારા આ વખતે લોકસભાની ચૂંટણીમાં સૌ પ્રથમવાર પોસ્ટલ બેલેટ માટે એક્ષચેંજ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ એક્ષચેંજ મેળો ગત તા.૧૫ના અમદાવાદ ખાતે યોજાયા બાદ હવે આગામી તા.૨૭ના બેલેટ પેપરનો બીજો એક એક્ષચેંજ મેળો યોજાશે. તેમ કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું.

તેઓએ જણાવ્યું હતું કે અગાઉ સરકારી કર્મચારીઓના મતદાનના પોસ્ટલ બેલેટ પોસ્ટ મારફત મોકલાતા હતા પરંતુ આ વખતે સૌ પ્રથમવાર આ પ્રકારનો મેળો આયોજીત કરવામાં આવી રહ્યો છે. આ મેળા મારફતે અન્ય જીલ્લાના કર્મચારીઓ કે જેઓ ચૂંટણી ફરજ માટે રાજકોટ મુકાયેલ છે તેવા કર્મચારીઓના પોસ્ટલ બેલેટ રાજકોટ આવશે. જયારે રાજકોટથી અન્ય સ્થાનો પર ફરજમાં મુકાયેલા કર્મચારીઓના બેલેટ અન્ય જીલ્લાઓમાં મોકલાશે. રાજકોટમાં અન્ય જીલ્લાના ૧૫ હજાર જેટલા કર્મચારીઓ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરશે. જયારે રાજકોટથી બહાર ફરજ માટે ગયેલા ૭૦૦૦થી વધુ કર્મચારીઓ તેમના ફરજના સ્થળે મતદાન કરશે. આ તમામ કર્મચારીઓના પોસ્ટલ બેલેટ મતદાન બાદ સૌથી છેલ્લે તા.૧૧ના એકત્રીત કરાશે.

ચૂંટણી ખર્ચ રજૂ નહીં કરનાર અપક્ષ ઉમેદવાર ભાવેશ પીપળીયાને નોટીસ

કલેકટર કચેરી ખાતે મળેલી ખર્ચ અંગેની પ્રથમ બેઠકમાં ભાજપ-કોંગ્રેસ સહિત આઠ ઉમેદવારોએ હિસાબો રજૂ કર્યા

રાજકોટ તા.૨૫

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના ઉમેદવારો માટે ગઈકાલે જીલ્લા કલેકટર કચેરી ખાતે ખર્ચની પ્રથમ બેઠક મળી હતી. જેમાં પ્રથમ તબકકામાં ખર્ચના હિસાબો રજૂ નહીં કરનાર અપક્ષ ઉમેદવાર ભાવેશ પીપળીયાને નોટીસ આપવામાં આવી છે. તેઓ હવે તા.૨૯મીએ ખર્ચના હિસાબો રજૂ કરનાર છે.

આ બેઠકમાં ભાજપ કોંગ્રેસ સહિતના આઠ ઉમેદવારોએ તેમના ખર્ચના હિસાબો ખર્ચ નિરીક્ષક સમક્ષ રજૂ કર્યા હતા. જેમાં ભાજપના પરસોતમ રૂપાલાએ રૂા.૫૬૫૪૨૩, કોંગ્રેસના પરેશ ધાનાણીએ રૂા.૧૮૪૦૦૮, તેમજ બસપા અને અન્ય અપક્ષ ઉમેદવારોએ તેમના પ્રથમ તબકકાના ચૂંટણી ખર્ચના હિસાબો ખર્ચ નિરીક્ષકને આપેલ હતા.

ફિલ્મ ઉદ્યોગમાં વિશિષ્ટ યોગદાન બદલ અમિતાભ બચ્ચનને લત્તા દીનાનાથ મંગેશકર એવોર્ડ અર્પણ

લત્તા મંગેશકરના ગાયિકા બહેન ઉષા મંગેશકરના હસ્તે એવોર્ડ અપાયો: મ્યુઝિક ડાયરેકટર એ.આર. રહેમાન માસ્ટર દીનાનાથ મંગેશકર પુરસ્કારથી સન્માનિત

મુંબઈ તા.૨૫

બોલિવુડના શહેનશાહ અમિતાભ બચ્ચનને ગઈકાલે દંતકથા સમાન ગાયિકા સ્વ. લત્તા મંગેશકરની સ્મૃતિમાં અપાતા પ્રતિષ્ઠિત 'લત્તા દિનાનાથ મંગેશકર' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારતીય સિનેમામાં તેમના અનોખા યોગદાનના બદલામાં આ સન્માન તેમને આપવામાં આવ્યું હતું.

આ સમારોહમાં અમિતાભ બચ્ચન પુત્ર અભિષેક સાથે આવ્યા હતા. અમિતાભ બચ્ચને લત્તા મંગેશકરની તસવીરને ફૂલો અર્પણ કરી હતી. ગઈકાલે સાંજે સંગીત અને રંગભૂમિ જગતની હસ્તી અને લત્તા મંગેશકરના પિતા દિનાનાથ મંગેશકરના સ્મૃતિ દિવસે અમિતાભ બચ્ચનને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

આ એવોર્ડ આ એવોર્ડ લત્તા મંગેશકરના બહેન અને મહાન ગાયિકા આશા ભોંસલેના હસ્તે અર્પણ કરવાનો હતો પણ તેઓ બીમાર હોય સમારોહમાં હાજર ન રહી શકતા આ એવોર્ડ લત્તા મંગેશકરના અન્ય બહેન અને ગાયિકા ઉષા મંગેશકરના હસ્તે અર્પણ કરાયો હતો. આ એવોર્ડ રાષ્ટ્ર અને સમાજમાં અનોખુ યોગદાન આપનારને આપવામાં આવે છે.

આ પ્રસંગે સંગીત ક્ષેત્રે આગવું યોગદાન આપનાર મ્યુઝિક ડાયરેકટર એ.આર. રહેમાનને માસ્ટર દીનાનાથ મંગેશકર પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. આ તકે લત્તા મંગેશકરના ભાઈ અને સંગીતકાર હૃદયનાથ મંગેશકરે પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું.

રાજકોટના ફોટોગ્રાફર પ્રિયંક ધામીની સિંહબાળ સાથેની તસ્વીર બીબીસી વાઈલ્ડ લાઈફનું પ્રસિદ્ધ ગૌરવ

લંડનથી પ્રસિદ્ધ થતું બીબીસી વાઈલ્ડ લાઈફમાં રાજકોટનાં ફોટોગ્રાફર પ્રિયંક અભયભાઈ ધામીની સિંહબાળ સાથે સિંહની તસ્વીર પ્રગટ થઈ છે જે રાજકોટ માટે ગૌરવની વાત છે. વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામીના પૌત્ર તથા વિમલ ધામી (સાંજ સમાચાર)ના ભત્રીજા પ્રિયંક વર્ષોથી ફોટોગ્રાફી કરે છે અને તેમના ફોટોગ્રાફસ વિવિધ મેગેઝિનોમાં પ્રગટ થાય છે. ઉપરોક્ત તસ્વીર ગીર સોમનાથ પાર્કમાંથી કેદ કરી છે. રાજકોટના લાલપરી તળાવના સ્થળે જઈને પ્રિયંકે અદ્ભૂત તસ્વીરો કેમેરામાં કેદ કરી છે.

રાજકોટમાં એરટેલ સ્ટોરના કર્મચારીએ રૂા.૨.૨૦ લાખ જમા ન કરાવી છેતરપીંડી આચરી

મૂળ જૂનાગઢનો શનિ માંગે ૮ માસથી બાલાજી હોલ સામે શનેશ્વર કોમ્પલેક્ષમાં આવેલ એરટેલ ઓફીસમાં કેશનું કામ સાંભળતો 'તોઃ રૂપિયા સ્ટોરમાંથી ઉચાપત કરી ફોન સ્વીચઓફ કરી ફરાર થઈ ગયો

માલવીયાનગર પોલીસે વિશ્વાસઘાતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી

રાજકોટ. તા.૨૪

રાજકોટમાં બાલાજી હોલ સામે સનેશ્વર કોમ્પલેક્ષમાં આવેલ એરટેલ ઓફીસમાં કેશનું કામ સાંભળતો જૂનાગઢનો શનિ માંગે નામના શખ્સે એરટેલ સ્ટોરના રૂ.૨.૨૦ લાખ સ્ટોરમાં જમા ન કરાવી છેતરપીંડી આચરતાં માલવીયાનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે રાજકોટમાં રૈયારોડ પર આલાપગ્રીન પાછળ સીટી સેરેનિટીમાં રહેતાં નવીન ઈશ્વરદાસ ચોથવાની (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે શનિ માંગે (રહે. જૂનાગઢ) નું નામ આપતાં માલવીયાનગર પોલીસે વિશ્વાસઘાતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ એરટેલ કંપનીમાં એરીયા મેનેજર તરીકે છેલ્લા ત્રણ વર્ષથી નોકરી કરે છે. તેઓ સૌરાષ્ટ્ર ઝોનમાં ઓવન્ડ (કંપની આઉટલેટ સ્ટોર) એરટેલ સ્ટોર મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગઇ તા.૨૨/૦૪/૨૦૨૪ ના તેઓ કાલાવડ રોડ ઉપર આવેલ એરટેલ સ્ટોર પર હતાં ત્યારે તેના ઇ-મેઇલ પર મુખ્ય ઓફીસ અમદાવાદ એરટેલ ઓફીસથી મેઇલ આવેલ અને જેમાં જણાવેલ હતુ કે, બાલાજી હોલ સામે સનેશ્વર કોમ્પલેક્ષમાં આવેલ એરટેલ ઓફીસના તા.૧૨/૦૪/૨૦૨૪ થી ૨૧/૦૪/૨૦૨૪ સુધીના કુલ રૂ.૨,૨૦,૯૩૬ જમા થયેલ નથી. તેમજ સાથે બાકીના નીકળતા પૈસાની યાદી સામેલ હતી.

જેથી તેઓએ તે બાબતે બાલાજી હોલ સામે શનેશ્વર કોમ્પલેક્ષમાં ૧ માં આવેલ એરટેલ સ્ટોરના મેનેજર શીલ્પા રોશનને ફોન કરેલ અને જણાવેલ કે, તમારા એરટેલ સ્ટોરના તા.૧૨/૦૪/૨૦૨૪ થી તા.૨૧/૦૪/૨૦૨૪ સુધીના પૈસા જમા કરવાના બાકી છે. જેથી તેઓએ જણાવેલ કે, કેશનુ તમામ કામ શની જોવે છે અને જે હાલ હાજર નથી. જેમને હું ફોન કરી પૂછીને કહુ છું. બે કલાક બાદ તેઓને શીલ્પાબેનનો પરત ફોન આવેલ અને જણાવેલ કે, શની ફોન ઉપાડતો નથી અને મેસેજ કે કોલનો જવાબ આપતો નથી. બાદમાં તેઓ સાંજના સાત વાગ્યે એરટેલ સ્ટોર પર ગયેલ અને ઓફીસ ની તપાસ કરેલ અને કેમેરા ચેક કરતા ખબર પડેલ કે, શની માંગે તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ સાંજના પોણા આઠેક વાગ્યે તમામ કેશ લઈ નીકળી ગયેલ પરંતુ કંપનીના ડિસ્ટ્રીબ્યુટરને જમા કરાવેલ ન હતાં.

બીજા દિવસે તા.૨૦/૦૪ ના શનીએ સાંજના સાત થી આઠ વાગ્યાની વચ્ચે સ્ટોરના કેશ સ્ટોરમાં કામ કરતા હાઉસકિપર નબીનભાઇ પાસે તેણે પૈસા જમા કરાવા માટે મંગાવેલ છે અને શની માંગે તા.૨૨/૦૪ ના પોતાની મોટી મા નુ દેહાંત થયેલ હોય જેથી જામનગર જવાનો શિલ્પાબેનને મેસેજ કરી જતો રહેલ હતો. બાદમાં આરોપીને કોલ કરતાં તેને કોલ રીસીવ કરેલ ન હતાં. જે બાબતે તેઓએ શની માંગેના જુનાગઢ અને રાજકોટ તેના નાનીના ઘરે તપાસ કરતા તેમના ઘરેથી કોઇ જવાબ મળેલ નહીં. બાદમાં જાણ થયેલ કે, એરટેલ સ્ટોરમાં છેલ્લા ૮ મહિનાથી કામ કરતો શની માંગે એરટેલ સ્ટોરના રૂ.૨,૨૦,૯૩૬ રૂપીયા લઇ નાસી જઈ વિશ્વાસઘાત કરેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

રાજકોટમાં ૧૨ વર્ષની બાળકીને સગા બનેવીએ ખરાબ કૃત્ય કરવાના ઈરાદે બિભત્સ મેસેજ કર્યા

મોટી બહેનનું લગ્ન જીવન ન બગડે તે માટે બાળકીએ વાત છુપાવીઃ મોટા ભાઈએ મોબાઈલ ચેક કરતાં ભાંડો ફૂટ્યોઃ મહિલા પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી

આરોપી સામે પત્નીએ પણ સાત દિવસ પહેલાં ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવી'તી

રાજકોટ. તા.૨૫

રાજકોટમાં ૧૨ વર્ષની બાળકીને તેના સગા બનેવીએ ખરાબ કૃત્ય કરવાના ઈરાદે બિભત્સ મેસેજ અને વાતચીત કરી છેડતી કરી હતી. બાદમાં બાળકીના મોટા ભાઈએ મોબાઈલ ચેક કરતાં ભાંડો ફૂટ્યો હતો. બનાવ અંગે મહિલા પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાં તજવીજ હાથ ધરી હતી.

બનાવ અંગે રાજકોટમાં રહેતાં ૨૩ વર્ષના યુવકે નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે તેના સગા બનેવીનું નામ આપતા મહિલા પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ પોક્સો, છેડતી સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તે ડ્રાઈવિંગ કામ કરે છે અને ચાર ભાઈ ત્રણ બહેનમાં વચ્ચેટ છે. તેમની મોટી બહેનના લગ્ન છ વર્ષ પહેલાં રાજકોટમાં રહેતા યુવાન સાથે થયાં હતાં. જે બાદ તેમની સૌથી નાની બહેન ૧૨ વર્ષની છે. જે તેમની સાથે રહે છે અને ઘરની નજીકમાં આવેલ તે ક્લાસિસ કરવા જાય છે. તેમની માતાનું વર્ષ ૨૦૧૮ માં અવસાન થયેલ છે.

વધુમાં ઉમેર્યું કે, તે ઘરે હતો ત્યારે ઘરનો મોબાઈલ ચેક કરતાં તે ચોંકી ગયો હતો. જેમાં તેમની નાની બહેન સાથે તેમના બનેવીએ બીભત્સ વાતો કરેલ હોવાનું જોવા મળ્યું હતું. તેમની બહેનનો ભોળપણનો ફાયદો ઉઠાવી આરોપીએ બદકામના ઈરાદાથી ફોનમાં મેસેજ અને વાતચીત કરી બીભત્સ માંગણી કરી હોવાનું સામે આવતાં તેઓએ તેમની બહેનને ઓઉછતાદ તે ભાંગી પડી હતી. અને વાત કરી હતી કે, આરોપી તેને છેલ્લા દોઢ મહિનાથી હેરાન કરી ખરાબ મેસેજ કરે છે અને કોઈને કહીશ તો તારી બહેન સાથે સબંધ તોડી નાંખીસ અને તેનો પુત્ર પણ રખડતો થઈ જશે તેવી ધમકી આપતો હતો. જેથી બહેનનું લગ્ન જીવન ટકાવવા માટે તેણીએ કોઈને વાત કરી ન હતી. તેમજ બદકામ કરવા માટે મળવા પણ દબાણ કરતો હોવાનું જણાવ્યું હતું.

જે અંગેની ફરિયાદ પરથી મહિલા પોલીસે ગુનો નોંધી પીઆઈ ઈલાબેન સાવલિયાની રાહબરીમાં પીએસઆઈ એફ.બી.ગગનીયા અને ટીમે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

અવસાન નોંધ

રાજકોટઃ ખાંટ રાજપુત મનુભાઈ જેરામભાઈ પરમાર (ઉ.૭૬) તે જયેશભાઈના પિતાશ્રીનું તા.૨૪ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૬ને શુક્રવારના રોજ સાંજે ૪થી ૬ તેમના નિવાસસ્થાન બ્લોક નં.૧૫/૫૭ વિશ્વેશ્વર હાઉસીંગ સોસાયટી શેરી નં.૭, મવડી ચોકડી પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટઃ ચીતલ નિવાસી હાલ રાજકોટ માંડલીયા રાવલ સ્વ. નવીનભાઈ રવિશંકરભાઈ રાવલ (ઉ.૭૯) તા.૨૩ના કૈલાસવાસ થયેલ છે. તે સ્વ. રવિશંકરભાઈ છગનભાઈ રાવલ તેમજ સ્વ. કાન્તાબેન રવિશંકરભાઈ રાવલના પુત્ર, સ્વ.ભાવનાબેન નવીનભાઈ રાવલના પતિ, સ્વ. ચંદ્રકાંતભાઈ, સ્વ. હરકાંતભાઈ, સ્વ. રજનીભાઈ, સ્વ. બીપીનભાઈના ભાઈ, પૂનમ સુનીલભાઈ જોશી, જાનકીબેન રોહિતકુમાર ભટ્ટ, પૂજાબેન પ્રણયભાઈ જોષીના પિતાશ્રી, વિજયભાઈ ચંદ્રકાંતભાઈ રાવલ, નીતેશભાઈ હરકાંતભાઈ રાવલના કાકા, ભાવેશભાઈ બીપીનભાઈ રાવલના મોટાબાપુ, જટાશંકર ત્રિકમજી વ્યાસ (અમરેલી)ના જમાઈ, પ્રાણભાઈ જટાશંકર વ્યાસના બનેવી થાય. ઉઠમણું તા.૨૭ના ૪-૩૦થી ૬ ધારેશ્વર મંદિર ભકિતનગર સર્કલ રાજકોટ રાખેલ છે. સુનીલ જોષી-૯૨૨૭૫ ૭૪૦૨૫.

રાજકોટઃ સ્વ. જયોત્સનાબેન મહેશભાઈ ભટ્ટી (ઉ.૬૪) રાજકોટ નિવાસીનું તા.૨૩ને શનિવારના રોજ દેહાવસાન થયેલ છે. તે સ્વ. અમરશીભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, કમલેશભાઈના ભાઈ, મહેશભાઈના ધર્મપત્ની તેમજ અમીતભાઈ મહેશભાઈ ભટ્ટીના માતુશ્રી થાય. બેસણું તા.૨૬ના ૪થી ૬ શ્રી ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર, જનકપુરી, અજંતા પાર્ક સોસાયટી, સાધુ વાસવાણી રોડ, રાજકોટ રાખેલ છે.

વેરાવળઃ ગં.સ્વ. નર્મદાબેન દાવડા (ઉ.૮૯) તે સ્વ. જમનાદાસ મોનજીભાઈ દાવડાના પત્ની, ભદ્રેશભાઈ, અનીલભાઈ, ભાવનાબેન મહેન્દ્રકુમાર ઠકકર બરોડાના માતુશ્રીનું તા.૨૪ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૨૫ને ગુરૂવાર સાંજે ૫ કલાકે બિલેશ્વર મહાદેવ મંદિર, શિક્ષક કોલોની વેરાવળ રાખેલ છે.

રાજકોટઃ મોરબી નિવાસી હાલ રાજકોટ વસંતલાલ ખંતીલાલ વોરા (રી.કલાર્ક શ્રીમદ રાજચંદ્ર વિદ્યામંદિર વવાણીયા) (ઉ.૭૩) તે કન્નૈયાલાલ વોરા, મહેન્દ્રભાઈ વોરા, યોગેશભાઈ વોરા, પંકજભાઈ વોરાના ભાઈ, જેવંતલાલ છોટાલાલ પારેખ (રંગપર બેલા વાળા)ના જમાઈ, જયશ્રીબેનના પતિ, મનીષભાઈ (શ્રીરામ ફાયનાન્સ) તેમજ તૃમિબેન તરૂણકુમાર જૈનના પિતાશ્રી તા.૨૪ને બુધવારના રોજ અરીહંતશરણ પામેલ છે.

રાજકોટઃ મુળગામ ફાટસરના વતની હાલ રાજકોટ સ્વ. ડાહીબેન હીરજીભાઈ સાપરીયા (ઉ.૯૮) તે સ્વ. મગનભાઈ, પ્રફુલભાઈ, સ્વ. નીલાબેન, હર્ષાબેન, નીતાબેન, રેખાબેનના માતુશ્રીનું તા.૨૪ના અવસાન થયેલ છે. બેસણું તા.૨૬ શુક્રવારે સાંજે પથી ૭ ચામુંડા કૃપા રઘુવીર સો. શેરી નં.૨ સહકાર મેઈન રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

વિસાવદરઃ સ્વ. લીલાબેન મધુભાઈ ભટ્ટી (ઉ.૮૨) તે જયસુખભાઈ મધુભાઈ ભટ્ટી તેમજ રાજુભાઈ મદુભાઈ ભટ્ટી (મૂંન સાઉન્ડ વિસાવદર) વાળાના માતુશ્રીનું તા.૨૫ના અવસાન થયું છે. બેસણું તા.૨૭ના સાંજે ૪થી ૬ વિસાવદર વાણંદ સમાજની વાડીમાં રાખેલ છે.

જુના પીપળીયાઃ હીરાબેન છગનલાલ નાગ્રેચા (ઉ.૯૩) તે કિશોરભાઈ નાગ્રેચાના માતુશ્રી, મધુરભાઈ, ચિરાગભાઈ નાગ્રેચ અને ભાવિકા શૈલેષભાઈ તન્ના અને નિધિ સાગરભાઈ તન્નાના દાદીમાનું તા.૨૪ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૨૬ના સાંજે ૪થી ૬ જુના પીપળીયા મુકામે અમારા નિવાસે રાખેલ છે.

રાજકોટઃ અ.નિ. સોની પ્રાણજીવનભાઈ મગનલાલ રાણપરા (પીલુળીવાળા)ના પત્ની લીલાવંતીબેન પ્રાણજીવનભાઈ રાણપરા (ઉ.૮૬)નું તા.૨૪ના અવસાન થયું છે. તે સ્વ. મીલનભાઈ, વિજયભાઈના માતુશ્રી, વિરલ, સ્મીત, નીર્મલ, જેલીના દાદી, જમનાદાસ લીલાધર માંડલીયાના દીકરી તેમજ ધીરજલાલભાઈ, મધુસુદનભાઈના બહેન થાય. સદગતનું બેસણું તા.૨૫ને ગુરૂવારના રોજ સાંજે પથી ૬ રામેશ્વર મહાદેવ મંદિર, સુતા હનુમાન બડે બાલાજીની બાજુની શેરી, નવદુર્ગા ચોક મેહુલનગર રાજકોટ ખાતે રાખેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

રાજકોટઃ સ્વ. લાભુબેન ભીખાભાઈ દવે (ઉ.૭૦) તે ભીખાલાલ નંદલાલ દવેના ધર્મપત્ની, જીતેન્દ્ર (મુન્નો) ભીખાલાલ દવે તેમજ કલ્પનાબેન, સોનલબેન અને સુમનબેનના માતુશ્રી, પાર્થના બા, નિશાબેન દવેના સાસુ તેમજ કમળાબેન અમૃતલાલ ત્રિવેદી (ગઢડા સ્વામિના)ની દીકરીનું તા.૨૪ના બુધવારે કૈલાશવાસ થયેલ છે. બેસણું તા.૨૬ના શુક્રવારે સાંજે પથી ૬ કલાકે સિધ્ધેશ્વર મહાદેવ, રૈયા રોડ, ન્યારા પેટ્રોલ પંપની સામે, રાધે ડેરીની બાજુમાં રાજકોટ રાખેલ છે. જીતેન્દ્ર-૬૩૫૧૦ ૪૪૪૫૯, ૮૧૪૦૯ ૮૮૯૭૯.

રાજકોટઃ રાજેશભાઈ ચંદુભાઈ ઝીંઝુવાડીયા (ઉ.૬૦) તે ચંદુભાઈ ભીમજીભાઈના પુત્ર, હિનાબેનના પતિ, મિહિર, માધવના પિતાશ્રી, નયનભાઈ, રૂપેશભાઈના વડીલબંધુ, જયશ્રીબેન નરેન્દ્રભાઈ રાજપરાના ભાઈ, અમીબેન, દર્શીનીબેનના સસરા તથા સ્વ. મહાસુખભાઈ સૌભાગ્યચંદ ધીનોજાના જમાઈ, સંજયભાઈ, અલ્પેશભાઈના બનેવી તા.૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષનું બેસણું તા.૨૬ના રોજ બપોરે ૪થી ૬ અલ્કેશ્વર મહાદેવ મંદિર, અલ્કાપુરી શેરી નં.૧, રૈયા રોડ ખાતે રાખેલ છે. મિહિર- ૭૬૨૨૯ ૧૪૦૭૧.

રાજકોટઃ રાજકોટ નિવાસી બ્રહ્મક્ષત્રિય સ્વ. મણીલાલ વલ્લભદાસ પડીયાના ધર્મપત્ની કૃષ્ણકાંત વલ્લભદાસ પડીયાના ભાભી તથા યોગેશભાઈ કૃષ્ણકાંતભાઈ પડીયાના ભાભુ, કૌશલ્યાબેન પ્રમોદરાય જોગીના માતુશ્રીનું અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૨૭ના બપોરે ૪થી ૬ બ્રહ્મક્ષત્રિયની વાડી જેતપુર ફુલવાડી ખાતે રાખેલ છે. યોગેશભાઈ ૭૫૬૭૯ ૦૬૭૧૮, પ્રમોદરાય ૯૦૧૬૩ ૩૨૭૦૮.

રાજકોટઃ લુહાર કંચનબેન નારણભાઈ મારુ (ઉ.વ.૯૬) હાલ પુના તે સ્વ.કેશવલાલ કાનજી ઉમરાણીયા તથા સ્વ.રંભાબેન કેશવલાલ ઉમરાણીયાના દીકરી તથા સ્વ.જયંતિલાલ, સ્વ.કાંતિલાલ, રમણીકલાલ, ચંદુલાલ, સ્વ.ચંપકલાલ તથા ઈશ્વરલાલના બહેન તથા સ્વ.વેણીભાઈ પરસોત્તમભાઈ મારુંના કાકીનું તા.૨૩ એપ્રિલના અવસાન થયેલ છે. બેસણું તા.૨૬ એપ્રિલ શુક્રવારે સાંજે ૪ થી ૬ કલાકે જાગનાથ મહાદેવ મંદિર, ડોકટર યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટની ભાગોળે ખોખડદળ નદીમાં પારડીના બે યુવાનોએ જીવ ખોયો

વાળ કપાવ્યા બાદ ઘરે આવવાના બદલે ન્હાવા ખોખડદળ નદીમાં ગયાં અને બંન્ને મિત્રોને મોત મળ્યું

૧૭ વર્ષીય નયન વેગડા અને ૧૮ વર્ષીય અજય રાઠોડ ચાર વાગ્યે ઘરેથી નીકળ્યાં બાદ નદીમાં ન્હાવા પડ્યા બાદ ડૂબ્યાંઃ પરિવારજનોએ તપાસ કરતાં કપડાં અને મોબાઈલ પરથી જાણ થઈ

બે યુવાનોના અકાળે મોતથી પરિવાર સાથે ખોબા જેવડા પારડી ગામમાં પણ અરેરાટી સાથે ગમગીની છવાઈ

રાજકોટ. તા.૨૫

રાજકોટની નજીક કોઠારિયા પાસે આવેલ ખોખડદળ નદીમાં ન્હાવા પડેલા શાપરના પારડીના બે મિત્રના ડૂબી જવાથી મોત નીપજ્યા હતાં. બનાવ અંગે જાણ થતાં આજીડેમ પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી જઈ બંને મિત્રોના મૃતદેહ બહાર કાઢી પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. ૨૭ અને ૧૮ વર્ષની વયના બંને મિત્રનાં મોતથી ખોબા જેવડા પારડીમાં ગમગીની છવાઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, શાપરના પારડીમાં સહજાનંદ સોસાયટીમાં રહેતો નયન અજયભાઈ વેગડા (ઉ.વ.૧૭) અને તેનો મિત્ર આર્યન ભરતભાઈ રાઠોડ (ઉ.વ.૧૮) ગઈકાલે બપોરે નયનના બાઈકમાં પારડીથી નીકળ્યા હતા. સાંજ સુધી બંને પરત નહીં આવતાં નયનના પિતા અજયભાઈ વેગડાએ આર્યનના નાનાભાઈને ફોન કરીને બંને મિત્રો ક્યાં છે તે અંગે પૂછવાનું કહેતા આર્યનના ભાઈએ ફોન કરતા કોઈ અજાણી વ્યક્તિએ ફોન રિસીવ કર્યો હતો અને આ ફોન જેનો છે તે અને તેની સાથેનો છોકરો ખોખડદળ નદીમાં લાંબા સમયથી નહાવા પડ્યાની, બંનેના કપડાં નદી કાંઠે હોવાની અને બંને નદીમાં નહીં દેખાતા હોવાનું કહેતા ધ્રાસ્કો પડ્યો હતો. બાદમાં આર્યન તથાં નયનના પરિવારજનો ખોખડદળ નદી કાંઠે દોડી ગયા હતા.

ઘટનાની જાણ કરાતા ફાયર બ્રિગેડની ટીમ દોડી ગઈ હતી અને ફાયર બ્રિગેડના સ્ટાફે નદીના પાણીમાં ભારે જહેમત બાદ દોઢેક કલાકની મથામણ બાદ નયન અને આર્યનના મૃતદેહ હાથ આવ્યા હતા. બનાવને પગલે આજીડેમ પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આર્યન રાઠોડ બે ભાઈ અને એક બહેનમાં મોટો હતો અને તેણે ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો હતો. તેના પિતા ભરતભાઈ રાઠોડ મજૂરીકામ કરે છે. જ્યારે નયન એક બહેનનો એકનો એક ભાઈ હતો અને તેના પિતા કડિયાકામ કરે છે, જ્યારે મૃતક મજૂરીકામ કરતો હતો.

બનાવ અંગે વધુમાં મૃતક નયનના પરિવારજનોએ જણાવ્યું હતું કે, નયને ગઈકાલે બપોરના ચાર વાગ્યે પોતે વાળ કપાવવા જવાનું કહીં ઘરેથી બાઈક લઈ નીકળ્યો બાદ પડોશમાં રહેતો આર્યનને પણ સાથે લીધો હતો. બાદમાં બંને વાળ કપાવી ન્હાવા માટે ઘરે આવવાના બદલે ખોખળદળ નદીમાં ન્હાવા માટે ગયાં અને મોતને ભેંટ્યા હતાં. બનાવથી વેગડા અને રાઠોડ પરિવારમાં શોક સાથે કલ્પાંત છવાયો હતો.

બનાવ અંગે આજીડેમ પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

મૃતક નયન મૂળ તાલાલા પંથકનો અને બે બહેનનો એકનો એક ભાઈ હતો

રાજકોટ. તા.૨૪

ખોખડદળ નદીમાં ન્હાવા પડેલ બે યુવકોના કરૂણ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતક નયન મૂળ તાલાળાના ગળીયાવળ ગામનો વતની હતો અને તે પરીવાર સાથે પારડીમાં સ્થાઈ થયાં હતાં. તે કારખાનામાં મજૂરી કામ કરતો અને બે બહેનનો એક નો એક ભાઈ હતો. તેમના પિતા સેન્ટિંગ કામ કરે છે. મૃતકના મૃતદેહને અંતિમ સંસ્કાર માટે તેમના વતનમાં લઈ જવાયો હતો.

ફાયરબ્રિગેડની ટીમે દોઢ કલાકની મથામણ બાદ બંને યુવકોના નિષ્પ્રાણ દેહ બહાર કાઢ્યાઃ આજીડેમ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી મૃતદેહ પીએમ અર્થે ખસેડયા

માનસિક બિમારીથી કંટાળી ૩૦ વર્ષીય પરિણીતાનો ઝેરી દવા પી આપઘાત

રાજકોટના ચંદ્રપાર્ક શેરીનો બનાવઃ નિમીષાબેન સંખારવા ઉલ્ટી કરવા લાગતાં પુત્રીએ પિતાને જાણ કરી સારવારમાં ખસેડયા પણ જીવ ન બચી શકયોઃ બે સંતાનો માતા વિહોણાં થતા પરીવારમાં કલ્પાંત

રાજકોટ. તા.૨૫

રાજકોટમાં મોરબી રોડ પર ચંદ્રપાર્ક શેરીમાં રહેતી ૩૦ વર્ષીય પરિણીતા નિમિષાબેન સંખારવાએ માનસિક બીમારીથી કંટાળી ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી છવાઈ હતી. બનાવની જાણ થતાં બી. ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં મોરબી રોડ પર ચંદ્રપાર્ક શેરી નં.૩, ડી.કે .સ્કુલવાળી શેરીમાં રહેતાં નિમિષાબેન જગદીશભાઈ સંખારવા (ઉ.વ.૩૦) ગઈકાલે સાંજે પોતાના ઘરે હતાં ત્યારે છ વાગ્યાની આસપાસ રૂમમાં જઈ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે બાદ તે ઉલ્ટી કરવાં લાગતાં તેમની પુત્રીએ તેના પિતાને જાણ કરતાં તેઓ દોડી આવ્યો હતાં અને મનીષાબેનને તાત્કાલિક સારવાર અર્થે ગોકુલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતાં. બનાવ અંગે જાણ થતાં બી. ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી આપઘાતનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

બનાવ અંગે વધુમાં મૃતકના પતિ જગદિશભાઈએ જણાવ્યું હતું કે, તેઓ મૂળ ખોરાણા ગામના વતની છે અને તેઓ રત્ન કલાકાર સાથે ખેતી કામ પણ કરે છે. તેઓના લગ્ન સાત વર્ષ પહેલાં ઢોલરા ગામના નિમિષાબેન સાથે થયાં હતાં. બાદમાં દંપતીને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે. તેમના પત્ની ઘણાં સમયથી માનસિક બીમારીથી પીડિત હોય જેથી કંટાળીને અંતિમ પગલું ભરી લીધું હતું. બનાવથી બે સંતાનો મા વિહોણા થતાં પરિવારમાં ગમગીની સાથે કલ્પાંત છવાયો હતો.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

"શ્રી હરિ" સ્પોકન ઈંગ્લીશ વર્ગો
પાયેથી લખતા, વાંચતા બોલતા, સમજતા શીખો
વેકેશન બેચ
■ શ્રી હરિદ્વાર માર્ગ, વિશ્વેશ્વર કોમ્પલેક્ષ, પટેલ સ્ટેશનરીની બાજુમાં, રાજકોટ.
Bhatt Saheb - 93102 28228
■ મવડી બાયપાસ - 84870 15181
■ બાલક હનુમાનજી મંદિર પાસે - 99251 28330
■ ત્રિશુલ ચોક - 99986 52205
shashi

જ્ઞાનવાપી મસ્જીદ પર ફેંસલો આપનાર જજને ધમકી

બરેલી તા.૨૫

વારાણસીની જ્ઞાનવાપી મસ્જીદને લઈને એતિહાસિક નિર્ણય આપનાર સિવિલ જજ રવિ દિવાકરને ધમકીનો દોર સતત ચાલુ છે. કેટલાક દિવસો પહેલા જજનુ સુરક્ષા કવર ઘટાડીને એકસ કેટેગરીનુ કરાયુ હતુ. હાલ સતત મળતી ધમકીને પગલે સુરક્ષા કવર વધારીને વાય કેટેગરીનુ કરવાની માંગ કરાઈ છે.

જજે આરોપ લગાવ્યો છે કે તેમને ઈન્ટરનેશનલ નંબરોથી સતત જનથી મારી નાખવાની ધમકીઓ મળતી રહી છે. અલાહાબાદ હાઈકોર્ટે તેમને અને તેમના પરિવારને વાય શ્રેણીની સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો આદેશ કર્યો હતો, જેને બાદમાં ઘટાડીને એકસ શ્રેણીની કરવામાં આવી હતી. જજ રવિ દિવાકરની હાલમાં જ બરેલીમાં બદલી થઈ છે.

ઉલ્લેખનીય છે કે જજ દિવાકરની સુરક્ષામાં હાલ બે સુરક્ષાકર્મી તૈનાત છે. જજના એક સહયોગીએ જણાવ્યુ હતુ કે આટલી સુરક્ષા પર્યાપ્ત નથી. કારણ કે આ બંને સુરક્ષાકર્મીઓ આટોમેટીક બંદુક અને આધુનિક હથિયારો ધરાવતા આતંકવાદીઓનો મુકાબલો કરવા માટે જરૂરી હથિયારોથી સજ્જ નથી.

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. અધિક સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી કે.એસ.માખીજા સાહેબની કોર્ટમાં

દિ.પ.અ.નં. ૮૮૬/૨૦૨૪

ના કામમાં અરજદાર **કાળુભાઇ રામસુરભાઇ નાટડા** ઠે. રાજકોટનાએ **સ્વ. રામસુરભાઇ કાનાભાઇ નાટડા**ની સ્થાવર મિલ્કત કે જે ગુજરાત રાજ્યના રાજકોટ શહેરમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં ભગવતીપરા વિસ્તારમાં મોરબી સીટી સ્ટેશન પાસે લેખ નં. ૧૭૮ની જમીન ચો.વા. ૪૯-૮-૨ તથા જમીન ચો.વા. ૬૩-૪-૮ મળી કુલ જમીન ચો.વા.આ. ૧૧૩-૨-૦ બરાબર ચો.મી.આ. ૯૪-૬૪ (સીટી સર્વે રેકર્ડ મુજબ કુલ જમીન ચો.મી. ૯૪-૨૭) ઉપરના રહેણાંક મકાન આવેલ છે. જેના સીટી સર્વે વોર્ડ નં.૧૩/૧, સીટી સર્વે નં. ૧૭૦૭, સીટી સર્વે નં. ૧૭૦૮, સીટી સર્વે નં. ૧૭૦૯ છે. જેનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **વકીલ શ્રી ધર્મેશ સુ. વકીલ તથા શ્રી મનોજ એન. ભટ્ટ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિ.પ.અ. દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઇ વ્યકિતને જાહેર નોટીસના અનુસંધાને વાંધા-જવાબ રજુ કરવા મુદત તા.૨૪/૬/૨૪ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહીયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા. ૨૦/૪/૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (આર.આર.વાણીયા) આસીસ્ટન્ટ — કોર્ટનો સીક્કો — હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર

નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કચેરી,જસદણ પ્રાંત

૧ લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે,કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

રજી.એ.ડી.

જાહેર નોટીસ

પરચુરણ અરજી નં.૨૧૭/૨૦૨૪

શ્રી ભરતભાઈ ગોકળભાઈ સાકરીયા
રહે.દહીંસરા તા.જસદણ.જી.રાજકોટ — અરજદાર

વિરૂદ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, દહીંસરા તા.જસદણ — સામાવાળા

વિષય: મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના દાદાશ્રી દેવશીભાઈ ભીખાભાઈ સાકરીયાનું મરણ જસદણ તાલુકાના દહીંસરા મુકામે તા.૧૦-૦૭-૨૦૧૮ ના રોજ થતાં તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૩/૦૫/૨૦૨૪ ના રોજ બપોરના ૩-૦૦ કલાકે હાજર રહેવું તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધિ કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું.કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૦-૦૪-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીક્કો — સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ જસદણ

નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કચેરી,જસદણ પ્રાંત

૧ લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે,કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

રજી.એ.ડી.

જાહેર નોટીસ

પરચુરણ અરજી નં.૨૦૯/૨૦૨૪

શ્રી મનસુખભાઈ બાવાભાઈ સાવલીયા
રહે.સાણથલી તા.જસદણ જી.રાજકોટ — અરજદાર

વિરૂદ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી,સાણથલી તા.જસદણ — સામાવાળા

વિષય: મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પિતાશ્રી બાવાભાઈ ભુરાભાઈ સાવલીયાનું મરણ જસદણ તાલુકાના સાણથલી મુકામે તા.૧૭-૦૬-૧૯૮૭ ના રોજ તથા માતાશ્રી લાભુબેન બાવાભાઈ સાવલીયાનું મરણ જસદણ તાલુકાના સાણથલી મુકામે તા.૧૯-૦૬-૨૦૦૩ ના રોજ થતા તેના મરણની નોંધ જે તે સમયે સામાવાળાના મરણ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૩/૦૫/૨૦૨૪ ના રોજ બપોરના ૩-૦૦ કલાકે હાજર રહેવું તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધિ કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું.કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૦-૦૪-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીક્કો — સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ જસદણ

નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કચેરી,જસદણ પ્રાંત

૧ લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે,કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

રજી.એ.ડી.

જાહેર નોટીસ

પરચુરણ અરજી નં.૧૮૮/૨૦૨૪

શ્રી મુકેશભાઈ ગોડાભાઈ હિરાણી
રહે.કમળાપુર તા.જસદણ જી.રાજકોટ — અરજદાર

વિરૂદ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી,કમળાપુર તા.જસદણ — સામાવાળા

વિષય: જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રશ્રી મુકેશભાઈ હિરાણીનો જન્મ જસદણ તાલુકાના કમળાપુર મુકામે તા.૧૫-૦૧-૨૦૦૩ ના રોજ થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૩/૦૫/૨૦૨૪ ના રોજ બપોરના ૩-૦૦ કલાકે હાજર રહેવું તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધિ કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું.કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૦-૦૪-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીક્કો — સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ જસદણ

નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કચેરી,જસદણ પ્રાંત

૧ લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે,કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

રજી.એ.ડી.

જાહેર નોટીસ

પરચુરણ અરજી નં.૧૮૭/૨૦૨૪

શ્રી વલ્લભભાઈ સામતભાઈ ત્રમટા
રહે.ભડલી તા.વિંછીયા જી.રાજકોટ — અરજદાર

વિરૂદ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી,ભડલી.તા.વિંછીયા — સામાવાળા

વિષય: જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રશ્રી હેન્સી અનિલભાઈ ધોરાળીયાનો જન્મ જસદણ તાલુકાના જસદણ મુકામે તા.૨૫-૦૩-૨૦૨૧ ના રોજ થતાં તેના જન્મ નોંધ જે તે સમયે સામાવાળાના સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૩/૦૫/૨૦૨૪ ના રોજ બપોરના ૩-૦૦ કલાકે હાજર રહેવું તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધિ કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું.કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૦-૦૪-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીક્કો — સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ જસદણ

નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કચેરી,જસદણ પ્રાંત

૧ લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે,કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

રજી.એ.ડી.

જાહેર નોટીસ

પરચુરણ અરજી નં.૧૮૬/૨૦૨૪

શ્રી જીવનભાઈ નાગજીભાઈ રાદડીયા
રહે.લીલાપુર તા.જસદણ જી.રાજકોટ — અરજદાર

વિરૂદ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, લીલાપુર તા.જસદણ — સામાવાળા

વિષય: જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રીશ્રી શોભનાબેન જીવનભાઈ રાદડીયાનો જન્મ જસદણ તાલુકાના લીલાપુર મુકામે તા.૦૧-૦૩-૧૯૯૧ ના રોજ થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૩/૦૫/૨૦૨૪ ના રોજ બપોરના ૩-૦૦ કલાકે હાજર રહેવું તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધિ કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું.કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૦-૦૪-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીક્કો — સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ જસદણ

:- સિવીલ કોર્ટ નોટીસ -:

રાજકોટના મહે.બીજા અધિક સિનિયર સિવીલ જજ સાહેબ શ્રી એ.આર.તાપીયાવાલા સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં.૮૬૬/૨૦૨૪ ના કામમાં અરજદારો શ્રી ધર્મેન્દ્રભાઈ રસીકભાઈ જોશી વિગેરેએ ગુજરનાર રૂપલબેન ધર્મેન્દ્રભાઈ જોશીની સ્થાવર મિલ્કત કે જે રાજકોટ મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ થયેલ ગામ નાના મવાના રે.સ.નં.૬૦/૧+૨+૩ તથા ૧૨૩/કી મંજુર થયેલ ટી.પી.સ્કીમ નં.૫ (નાના મવા)ના એફ.પી.નં.૪૪૬ (શહીદ ભગતસિંહ ટાઉનશીપ) એસ.ઈ.ડબલ્યુ.એસ.અનામત પ્લોટની જમીન ચો.મી.આ.૩૫૧૬-૦૦ ઉપર ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક: ૧૦૨૦૧૫/૪૫૩/થ-તા.૧૫-૦૨-૨૦૧૬ ના ઠરાવથી શહેરી વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (પી.એમ.એ.વાય) અંતર્ગત ઓછી આવક ધરાવતા લોકો માટે એલ.આઈ.જી.આવાસ યોજના હેઠળ આવાસોનું રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ દ્વારા નિર્માણ કરવામાં આવેલ યોજના માંહેથી બિલ્ડીંગ નં.સી ના છઠા માળ ઉપર આવેલ ફલેટ નં.૬૦૬ જેનો કારપેટ એરીયા ચો.મી.આ.૫૦-૦૦ વાળો ફલેટ ગુજરનાર રૂપલબેન ધર્મેન્દ્રભાઈ જોશીના નામનો આવેલ છે.સદરહું મિલ્કત અંગેનુ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન મળવા ઉપરોકત અરજદારોએ તેમના **વકીલ શ્રી સંજય એન.ટોળીયા** મારફતે અરજી દાખલ કરેલ છે.સદરહું અરજી સંબંધે જે કોઈને વાંધો-તકરાર હોય તેમણે મુદત તા.૧૧-૦૬-૨૦૨૪ ના સવારનાં ૧૧-૦૦ કલાકે લેખીત વાંધા સાથે હાજર રહેવું. ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા.૧૯-૪-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (પી.એસ.જોડજા) આસીસ્ટેટ — કોર્ટનો સીક્કો — હુકમથી જે.જે.ચાવડા રજીસ્ટ્રાર

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૯ મા એડી... સીવીલ જજ **ડી. આર. જગુવાલા** સાહેબની કોર્ટમાં, દિવાની પરચુરણ અરજી નં. ૮૭૨/૨૦૨૪ **સ્વ.રમેશભાઈ ઓઘવજીભાઈ અઘેરા** ના કાયદેસરના વારસદાર દરજ્જે તેમના પત્ની શ્રી નયના રમેશભાઈ અઘેરા રહે. (રાજકોટ) એ **સ્વ.રમેશભાઈ ઓઘવજીભાઈ અઘેરા** ની નીચે મુજબની મિલ્કત **(૧)** ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ, રાજકોટ શહેર ના રેવન્યુ સર્વે ન ૩૬૪ પૈકીની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી ટી.પી.સ્કીમ ન-૪ એફ. પી. ન ૧૧૮૮ પૈકીના પ્લોટ નં-૧ ની કુલ જમીન ચો.વા.૪૩૩-૩૩ ચો. મી. ૩૬૨-૩૦ પૈકીની જમીન ચો.વા ૧૦૮-૩૩ ચો.મી. ૯૦-૫૩ સહિતના ઔદ્યોગિક હેતુ માટેના શેડ આવેલ છે.**તથા (૨)** ગુજરાત રાજ્ય ના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ રાજકોટ શહેરમાં રાજકોટના રેવન્યુ સર્વે નં ૩૬૫ પૈકીની બીનખેતી અને ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં-સી/૯ જેના જેના ટી.પી.સ્કીમ ન-૪ ઓ. પી. નં-૪૩ એફ. પી.નં-૧૦૮૨ પૈકી ની જમીન ચો. મી. આ. ૧૩૫-૬૮ ચો.વા. ૧૫૭-૪૯ જમીન ખરીદ કરેલ હતી ત્યારબાદ અમોએ રહેણાંક મકાન નું બાંધકામ કરેલ છે. **આ મિલ્કતમાં ગુજરનારનો ૫૦ % નો અવિભાજ્ય હિસ્સો આવેલ છે.** તે બંને મિલ્કતનું હેરશીપ સર્ટી. મેળવવા માટે તેમના વકીલ **શ્રી મિતલ એમ. કોઠારી તથા શ્યામકુમાર કે. પરમાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોયતેમને મુદત તા. ૧૪-૬-૨૦૨૪ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ. ૧૬ માંહે એપ્રિલ સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (એસ.જી.ભટ્ટ) સીની.કલાર્ક રાજકોટ. — કોર્ટનો સીક્કો — હુકમથી (જે.જે.ચાવડા) પ્રિન્સીપાલ સીનીયર સિવીલ કોર્ટ રજીસ્ટ્રાર, રાજકોટ.

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૦ માં એડી. સીવીલ જજ જે.વી. પરમાર સાહેબની કોર્ટમાં, દિવાની પરચુરણ અરજી નં. ૮૭૨/૨૦૨૪ **સ્વ. નવલસિંહ હરીસિંહ ચુડાસમા** ના કાયટેસરના વારસદાર દરજજે તેમના પત્ની શ્રી પુષ્પા નવલસિંહ ચુડાસમા રહે. રાજકોટના એ **સ્વ. નવલસિંહ હરીસિંહ ચુડાસમા** ની નીચે મુજબની મિલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ શહેરમાં ગોંડલ રોડ ઉપર અને કોલેજ પાસે રામનગર ના નામથી ઓળખાતા વિભાગમાં લેખ નં. ૧૩૨ અને ૧૩૬ વાળી જમીન જેના સીટી સર્વે વોર્ડ નં.-૭ ના સીટી સર્વે નં. ૫૧૬૨/૨ પૈકી ના ટી.પી. સ્કીમ નં.-૪ એફ.પી.નં.-૯૫ પૈકીના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૦૧ પૈકી સબ-પ્લોટ નં. ૧૦૧-એ ની જમીન ચો.મી. ૧૧૬-૦૦ (ચો.વા. ૧૩૮-૭૩) ત્યારબાદ અમો તેના ઉપર રહેણાંક મકાનનું બાંધકામ કરેલ તે મિલ્કતનું હેરશીપ સર્ટી મેળવવા માટે તેમના વકીલ **મિતલ એમ. કોઠારી તથા શ્યામકુમાર કે. પરમાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચૂરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઇ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તા. ૨૦-૦૫-૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ ૧૯ માંહે એપ્રિલ સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ

તૈયાર કરનાર ટી.એમ.રાવલ આસી.કલાર્ક રાજકોટ — કોર્ટનો સિક્કો — હુકમથી જે.જે.ચાવડા રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ રાજકોટ

સીવીલ કોર્ટ નોટીસ જાહેર નોટીસ

રાજકોટના મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ માનનીય શ્રી પી.જે.ચૌધરી સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ.

દિ.પ.અ.નં.૯૪૦/૨૦૨૪

(૧) શ્રી શ્રધ્ધા પિયુષભાઈ પારેખ,
રાજકોટ વિગેરે.....અરજદારો

ગુજરનાર શ્રી પિયુષભાઈ જયેશભાઈ પારેખની માલિકીની નીચે જણાવેલ સ્થાવર મિલ્કત રાજકોટ શહેર માં આવેલ છે.

રાજકોટ તાલુકાના ગામ આણંદપરના રે.સ.નં.૩ ની રહેણાંકના હેતુવાળી જમીનના પ્લોટસ માંહેથી પ્લોટ નં.૩૮ ની જમીન ચો.મી.આ.૧૨૦-૧૫ બરાબર ચો.વા.આ.૧૪૩-૭૦ ની જમીન સ્વ. પિયુષ જયેશભાઈ પારેખે રાજકોટની સબ-રજીસ્ટ્રાર કચેરીમાં ૧ નંબરની બુકના નં.૧૪૪૪, તા.૨૮/૦૩/૨૦૧૮ થી નોંધાયેલ દસ્તાવેજથી શ્રી બલદેવભાઈ જેઠીતારામ જજજર પાસેથી ખરીદેલ તે રીતે ગુજ.સ્વ.પિયુષભાઈ જયેશભાઈ પારેખ ઉપરોકત પ્લોટ નં.૩૮ ની જમીનના માલિક-ધારણકર્તા બનેલ તે મિલ્કત.

ઉપરોકત મિલ્કત અંગેનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા ઉપરોકત અરજદારે તેમના **એડવોકેટ શ્રી રાહુલ બી.પટેલ તથા શ્રી શૈલેષ પી.પંડીત** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સબંધે જે કોઈ વ્યકિતને કોઈપણ વાંધો તકરાર હોય તો તેમણે **મુદત તા.૧૫/૦૬/૨૦૨૪** ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે. તેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તા.૨૪ માંહે એપ્રીલ સને ૨૦૨૪ ના રોજ મારી સહીથી તથા સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (પી.એસ.જાડેજા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ કોર્ટ, રાજકોટ.

સીવીલ કોર્ટ નોટીસ જાહેર નોટીસ

રાજકોટના મહે. બીજા અધિક સીનીયર સીવીલ જજ માનનીય શ્રી એ.આર.તાપીયાવાલા સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ.

દિ.પ.અ.નં.૯૪૧/૨૦૨૪

(૧) શ્રી મનોજ હર્ષદભાઈ લોટીયા વિગેરે..અરજદારો

ગુજરનાર શ્રી મીતાબેન હર્ષદરાય લોટીયાની માલિકી ની નીચે જણાવેલ સ્થાવર મિલ્કત રાજકોટ શહેરમાં આવેલ છે.

રાજકોટ શહેરમાં મહિલા કોલેજ પાસે આવેલ શ્રી જનતા કો.ઓપ. હાઉસીંગ સોસાયટીલી. ના નામથી ઓળખાતી સોસાયટીના પ્લોટ નં.૧૪ ની જમીન ચો. વા.આ.૨૭૭-૩ બરાબર ચો.મી.આ.૨૩૯-૮૪ ની જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૫, સીટી સર્વે નં. ૧૭૫૧ આવેલ છે તે પ્લોટ નં.૧૪ ની જમીન ઉપરના રહેણાંક ના મકાનવાળી મિલ્કત અંગે સ્વ. શ્રી મીતાબેન હર્ષદભાઈ લોટીયાએ રાજકોટના મહે. બીજા જોઈન્ટ સીવીલ જજ (સી.ડી.) સાહેબની કોર્ટમાંથી દિવાની પરચુરણ અરજી નં.૧૫૮/૯૭ ના કામમાં પ્રોબેટ વીથ ધ કોપી ઓફ વીલ એનેક્ષ મેળવેલ છે. તે રીતે ગુજ.સ્વ.મીતાબેન હર્ષદભાઈ લોટીયા ઉપરોકત પ્લોટ નં.૧૪ ની જમીન ઉપરના રહેણાંકના મકાનના માલિક-ધારણકર્તા બનેલ તે મિલ્કત.

ઉપરોકત મિલ્કત અંગેનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા અરજદારોએ તેમના **એડવોકેટ શ્રી રાહુલ બી. પટેલ તથા શ્રી શૈલેષ પી. પંડીત** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સબંધે જે કોઈ વ્યકિતને કોઈપણ વાંધો તકરાર હોય તો તેમણે **મુદત તા.૧૫/૦૬/૨૦૨૪** ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે. તેની સ્પષ્ટપણે નોંધ લેશો.

આજ તા.૨૪ માંહે એપ્રીલ સને ૨૦૨૪ ના રોજ મારી સહીથી તથા સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (પી.એસ.જાડેજા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ કોર્ટ, રાજકોટ.

જોઈએ છે

ઓફીસ આસીસ્ટન્ટ કમ એકાઉન્ટન્ટ

ફાઈલીંગ, રોજબરોજની પેટી કેશ, બેંકિંગ, એકાઉન્ટસ સહિત બેક ઓફિસ સંભાળી શકે વ્યક્તિની જરૂર છે

ધ્રાણ મેડિકલ સેન્ટર એલ.એચ.પી., 'જય ભગવાન'
સુર્યમુખી બાલાજી મંદિર સામે, બેડીનાકા રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.
CV send on What's App No. : 98252 16263
or email info@dhakaanhospital.com

Vaibhav

નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટની કચેરી,જસદણ પ્રાંત

૧ લો માળ, તાલુકા સેવા સદન, જિલ્લેશ્વર પાર્ક પાસે,કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ ફેકસ નંબર ૨૨૩૨૩૨ ઈ-મેઈલ આઈ.ડી.
prant-rev-raj@gujarat.gov.in

રજી.એ.ડી.

જાહેર નોટીસ

પરચુરણ અરજી નં.૧૯૫/૨૦૨૪

શ્રી અનિલભાઈ વેલાભાઈ ધોરાળીયા રહે.કનેસરા તા.જસદણ જી.રાજકોટ — અરજદાર

વિરૂદ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને નગરપાલીકા જસદણ તા.જસદણ — સામાવાળા

વિષય: જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રીશ્રી હેન્સી અનિલભાઈ ધોરાળીયાનો જન્મ જસદણ તાલુકાના જસદણ મુકામે તા.૨૫-૦૩-૨૦૨૧ ના રોજ થતાં તેના જન્મ નોંધ જે તે સમયે સામાવાળાના સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વા

બસ હવે બહુ થયું: ચૂંટણી ટાણે રેશનીંગ દુકાનદાર એસો.નો સરકાર સામે આક્રોશ

એપ્રિલ માસ પૂર્ણ થવા છતાં ખાંડ, ચણા, તુવેરદાળનો જથ્થો નહીં મળતા દુકાનો પર કકળાટ

દર માસે ૧૬મી તારીખે એડવાન્સ જથ્થાની પરમીટ-ચણા જનરેટ કરવાનો સરકારનો આદેશ નિગમ ઘોળીને પી ગયું: ૩૦ દિવસની સાયકલથી રેશન કાર્ડનાં લાભાર્થીઓ-દુકાનદારો પરેશાન: ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસો.ની અન્ન નાગરિક પુરવઠા મંત્રીને લેખિત રજૂઆત: ચૂંટણી બાદ નિગમ સામે આશ્ચર્યજનક કાર્યક્રમો આપવાની એસો.ની આક્રમક મૂડમાં ચીમકી

રાજકોટ, તા.૨૫

રાજકોટ સહિત રાજ્યમાં રેશનીંગ પરવાનેદાર દુકાનદારોને મળવા પાત્ર અનાજના જથ્થાની પુરતા પ્રમાણમાં ફાળવણી નહીં થતા રોજબરોજ રેશનીંગ દુકાનો પર લાભાર્થીઓ સાથે તકરારોથી વાજ આવી ગયેલા દુકાનદારોએ સમયાંતરે સરકાર અને નિગમને રજૂઆત કરે છે તેમ છતાં કોઇ યોગ્ય ઉકેલ આવતો નથી તેવા સમયે હાલ લોકસભાની ચૂંટણી સમયે ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસો.ના પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજા, મહામંત્રી હિતુભા જાડેજા, વાડીલાલ પટેલે રાજ્યનાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળીયાને લેખીત રજુઆત કરી છે.

ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસો.એ લેખીત રજૂઆતમાં જણાવ્યા મુજબ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થો આપવાનું ભગીરથ કાર્ય ગુજરાતના લગભગ ૧૭૦૦૦ સસ્તા અનાજના દુકાનદારો બેખુબીથી નિભાવી રહ્યા છે. આ દુકાનદારો દુકાન ચલાવતા પડતી વિવિધ મુશ્કેલીઓ અને તેમના વ્યાજબી પ્રશ્નો અને માગણીઓને સરકારમાં વાચા આપવા માટેનું કાર્ય ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસ. (કે જે ટ્રેડ યુનિયન એક્ટ ૧૯૨૬ તા.૧૨-૧૦-૨૦૧૯ના રોજ રજીસ્ટ્રેશન નં. જી-૬૬૫૨થી નોંધાયેલ છે) કરી રહ્યું છે પરંતુ અનેક રજૂઆતો છતાં દુકાનદારોની સ્થિતિ આજે પણ દયનીય છે. સરકારશ્રીમાં વિવિધ સ્તરે મીટીંગો કમિટિમાં અનેક વખત ચર્ચાઓ-વિચારણાઓ અને સહમતિ સધાયા બાદ પણ પ્રશ્નોના નિરાકરણ આવી રહ્યા નથી. દુકાનદારો દ્વારા પ્રતિક હડતાળ ધરણા અસહકાર આંદોલન હલ્લા બોલ અને દુકાનદારો દ્વારા આપવામાં આવેલા વિવિધ કાર્યક્રમો વખતે સરકાર દ્વારા અનેક બાબતે સહમતિ સધાઇ હોવા છતાં તેનો અમલ કરવામાં આવી રહ્યો નથી. ત્યારે ખાસ કરીને જાહેર વિતરણ વ્યવસ્થા સરળતાથી ચાલે એ માટે સરકાર અને લાભાર્થીઓને જોડતી સીધી સાંકળ તરીકે અમારા વ્યાજબી ભાવના દુકાનદારો છે.

આ સીસ્ટમ સુચારુ રીતે ચાલે તે માટે ની મોટાભાગની જવાબદારી ગુજરાત નાગરિક પુરવઠા નિગમની છે. દુઃખ સાથે કહેવું પડે છે કે પુરવઠા નિગમ છેલ્લા ચાર વર્ષથી તેની નૈતિક અને કાયદાકીય જવાબદારી નિભાવમાં સંપૂર્ણ નિષ્ફળ ગયેલ છે. ગુજરાતનો દુકાનદાર આજની તારીખે પુરવઠા નિગમના પાપે ઘણી બધી યાતનાઓ ભોગવી રહ્યો છે.

સાહેબશ્રી ૨૦૧૮થી આધાર આધારિત વિતરણનો નિયમ અમલમાં લાવતા દુકાનદારોને મળતા જથ્થાની સાયકલ ૪૫ દિવસની કરવામાં આવી હતી અને એ મુજબ આ કામગીરી સરળતાથી ચાલતી હતી પરંતુ નાગરિક પુરવઠા નિગમમાં એમડી તરીકે કાયમી અધિકારીના બદલે લાંબા સમયથી ચાર્જમાં નિમણુંક આપીને નિગમનો વહીવટ ચલાવવામાં આવતો હોય નિગમન તેની જવાબદારી સમયસર પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું છે એક બાજુ લાંબા સમયથી એસો. જથ્થાની ૩૦ દિવસની સાઇકલ માટે સતત રજુઆત કરી રહ્યું અને મંત્રીની અધ્યક્ષ આપની બેઠક પણ સરકાર દ્વારા આ બાબતે યોગ્ય કરવાની ખાતરી આપી હતી ત્યારે આ બાબતે અનેક વખત નિયામક દ્વારા એસો.ને જણાવવામાં આવ્યું છે કે સચિવ આ બાબતે સહમત થતા નથી અહીં સવાલ એ થાય છે કે પુરવઠા નિગમ તેમની ઇચ્છા પડે ત્યારે ૪૫ દિવસની સાયકલ ૩૦ દિવસની સાઇકલ ચલાવે છે આમ તો જથ્થાને ૪૫ દિવસની સાયકલમાં નિયમ અનુસાર અને સરાકરની સ્થાયી સુચના મુજબ નિયામક કચેરીએ દર મહિનાની ૧૬ તારીખે આગામી મહિનાના એડવાન્સ જથ્થાની પરમીટ ચલણ જનરેટ કરવાના હોય છે પરંતુ નિયામક કચેરી તરફથી નિગમની સગવડતા માટે થઇને આ સરકારની સુચનાને ઘોળીને પી જવામાં આવી છે અને નિયામક કચેરી તરફથી ક્યારે ૨૨ તારીખ ૨૫ કે ૨૯ તારીખે તો ક્યારેક ૧ તારીખ પછી પણ આવી પરમીટો મુકવામાં આવે છે. જો ૩૦ દિવસના જથ્થાની સાયકલ માટે સચિવની મંજુરી હોય તો આવી અનિયમિત અને માત્ર નિગમની સગવડતા માટે અને નિગમની નિષ્ફળતા છુપાવવા માટે અનિયમિત પરમીટો બનાવવા માટેની મંજુરી સચિવ એ ક્યારેય આપી ન હોય એવું માનવાને રહે છે આ ૪૫ દિવસની સાયકલ હોવા છતાં અને દુકાનદારો ઉપર આ ઠોકી બેસાડવામાં આવેલ હોવા છતાં પુરવઠા નિગમ ચાલુ મહિનાની ૨૫ તારીખ સુધી ઘઉં-ચોખાનો જથ્થો પણ પહોંચાડી શકતી નથી આજે ૨૪ તારીખ થવા છતાં ડુ-મીક રીપોર્ટ જોતા પુરવઠા નિગમ દ્વારા હજુ ઘઉં અને ચોખા ૪૦ ટકા જથ્થો જ પહોંચી શક્યો છે. જ્યારે જણસીમાં દાળ ૫૦ ટકા, ચણા ૫૦ ટકા જેવું જ ઇસ્યુ ગુજરાતભરમાં થયું છે. અન્ન સુરક્ષા કાયદા અનુસાર દર પહેલી તારીખે દુકાન પર ઘઉં-ચોખા પહોંચાડવાની કાયદાકીય જવાબદારી આ પુરવઠા નિગમની છે. આ જવાબદારી પૂર્ણ કરવા માટે થઇને પુરવઠા નિગમ દ્વારા સરકાર દ્વારા ૪૫ દિવસની સાયકલ અમલમાં લાવી અને ઘઉં ચોખાનો જથ્થો ગુજરાતની તમામ દુકાનો ઉપર ચાલુ સાત તારીખમાં પહોંચી જાય એ માટે કડક સુચના આપેલ છે છતાં પણ અન્ન સુરક્ષા કાયદો અને સરકારની કડક સુચનાને પુરવઠા નિગમ ઘોળીને પી ગયું છે. આ બાબતની અનેક રજુઆતો છતાં કોઇ ઉકેલ નહીં આવતા એસો. દ્વારા લોકસભાની ચૂંટણી બાદ પુરવઠા નિગમ સામે આશ્ચર્યજનક કાર્યક્રમો સમગ્ર ગુજરાતમાં આપશે તેમ અંતમાં એસો. પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજા, મહામંત્રી દિનુભા જાડેજા, વાડીલાલ પટેલની યાદીમાં જણાવાયું છે.

દુકાનદારોને મળતા જથ્થાનાં વજનમાં ઘટ

સપ્લાયના જથ્થામાંથી થતી ચોરીથી દુકાનદારોને મોટુ નુકશાન

રાજકોટ તા.૨૫

ગુજરાત રાજ્યના પુરવઠા નિગમ દ્વારા દુકાનદારોને પુરો પાડવામાં આવતો ઘઉં ચોખાના જથ્થાના વજનમાં નિયત વજન મળતું નથી અને જથ્થામાંથી ઘઉં ચોખાની ચોરી થાય છે. આ બાબતે અનેક વખત લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં પુરવઠા નિગમ કોઇ પગલું લેતું નથી. વજનમાં થતી ચોરી દુકાનદારો ઉપર પ્રાણ ઘાતક સાબીત થઇ રહી છે. આ બાબતે એસોસીએશન દ્વારા હલ્લાબોલ કાર્યક્રમ આપવામાં આવેલ હતો. વિભાગના અધિકારીઓની હાજરીમાં આ ચોરી પકડીને આપેલ હોવા છતાં કોઈ પગલા લેવામાં આવ્યા નથી અને કોઈને કોઈ કારણોસર નિગમના ગોડાઉન ઉપર કામ કરતા કર્મચારીઓ આવી ચોરી બે રોકટોક કરે છે દુઃખની બાબતો એ છે કે સરકારશ્રી દ્વારા ધારા ધોરણ મુજબ થતી ગોડાઉનની મુલાકાત તપાસની સમયે બધું બરાબર હોવાના અહેવાલો રજુ કરવામાં આવે છે. આ એક પ્રકારની સૌનો સાથ સૌનો વિકાસના સૂત્રને ચરિતાર્થ કરી એકબીજાના મેળાપીપણામાં ચલાવી લેવામાં આવતી પ્રવૃતિ છે. અનેક રજુઆતો ઉઠી હોવા છતાં કોઈ યોગ્ય ઉકેલ આવ્યો નથી તેમ શોપ એસો.એ પુરવઠા મંત્રીને લેખીત રજુઆતમાં જણાવ્યું છે.

જથ્થાના સપ્લાયમાં નિગમ અને ટ્રાન્સપોર્ટરોને મોટુ આર્થિક નુકશાન: ભાડા વધારાનો બોજ

લોકેશન મુજબ સપ્લાયરો જથ્થો પુરો પાડતા નથી

વધુમાં પુરવઠા નિગમ દ્વારા સપ્લાય એજન્સી નકકી કરી અને તેને જે તે જિલ્લાના ગોડાઉન ઉપર માસની શરૂઆતમાં જથ્થાના થયેલ એ લોકેશન મુજબ જથ્થો પુરો પાડવા લેખિતમાં જાણ કરવામાં આવે છે પરંતુ સપ્લાયરો સમાચાર જથ્થો પુરો પાડતા નથી અને જે જગ્યાએ તેમને ઓછા ભાડામાં વાહનો મળતા હોય તે જગ્યાએ અથવા તે ગોડાઉન ઉપર એલીકેશન થયેલા જથ્થા કરતા વધારાનો જથ્થો ખડકી દેવામાં આવે છે ત્યારે અન્ય ગોડાઉન ઉપર આ જથ્થો પહોંચાડવામાં ન આવતા નિગમ દ્વારા માસની ૨૫ તારીખ સુધી રાહ જોઈ આખરી દિવસોમાં આવા ગોડાઉન ઉપરનો વધારાનો જથ્થો જિલ્લા ફેર કે તાલુકાના અન્ય ગોડાઉન ઉપર વારા ફેરીથી મોકલવામાં આવે છે જેના પરિણામે નિગમના ટ્રાન્સપોર્ટરો તો આર્થિક નુકસાન ભોગવે છે પરંતુ નિગમને પણ ખૂબ જ મોટા પ્રમાણમાં આર્થિક નુકશાન વધારાનું ભાડુ ચુકવીને ભોગવવું પડે છે. તેમ ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસો.એ મંત્રીને કરેલી રજુઆતમાં જણાવ્યું છે.

આજે સવારથી જ પુરવઠા વિભાગનું સર્વર ઠપ્પ થતાં રાજયભરમાં દેકારો

વિતરણ, પરમીટ-સપ્લાય સહિતની ઓનલાઈન કામગીરી ખોરંભે પડી

રાજકોટ તા.૨૫

રાજકોટ સહિત રાજયભરમાં રેશનીંગ પરવાનેદાર દુકાનદારોને પડતી મુશ્કેલી અંગે શોપ એસો.એ ચૂંટણી ટાણે જ અન્ન-નાગરિક વિભાગના મંત્રીને લેખીત રજુઆત કરી છે તેવા સમયે આજે સવારથી પુરવઠા વિભાગનું સર્વર ઠપ્પ થતાં તમામ કામગીરી અટકી પડતા રાજયભરમાં મોટો દેકારો મચી ગયો છે.

ચાલુ એપ્રિલ માસમાં ખાંડ, ચણા, તુવેરદાળ, મીઠુ સહિતના જથ્થાની નિગમે ૪૫ ટકા જ સપ્લાય કરી છે અનેક લાભાર્થીઓ હજુ અનાજથી વંચિત ત્યારે સસ્તા અનાજની દુકાનો પર લાભાર્થીઓ ધરમ ધકકા ખાઈ રહ્યા છે ત્યારે આજે વહેલી સવારથી જ પુરવઠા વિભાગનું સર્વર ઠપ્પ થતા પરમીટ, સપ્લાય, વિતરણ સહિતની ઓનલાઈન કામગીરી ઠપ્પ થતાં મોટો હોબાળો મચી ગયો છે.

એક જિલ્લામાં ફેઈલ થયેલ અનાજનો જથ્થો બીજા જિલ્લાને ધાબડી દેવાતો હોવાનો આક્ષેપ

અખાદ્ય જાહેર જથ્થાનો નાશ કરવા નિગમના અધિકારીઓ અને સપ્લાયરની મીલીભગત?: એસો.ની ધગધગતી રજુઆત

રાજકોટ તા.૨૫

સપ્લાયરો દ્વારા તૈયાર કરવામાં આવતા દાળ-ચણાના જથ્થાના સ્ટેટમાંથી રેન્ડમલી નમુનો સપ્લાયના પ્રતિનિધિ અને નિગમના પ્રતિનિધિની હાજરીમાં એફ.આર.એલ. દ્વારા લેવામાં આવે છે અને આ જથ્થાનું યોગ્ય પ્રમાણપત્ર મળ્યા હતા.

નિગમ તથા એફ.આર.એલ.ના પ્રતિનિધિની હાજરીમાં ગોડાઉન ઉપર મોકલવાના જથ્થાની ગાડી ભરીને તાલપત્રી ઢાંકીને શીલબંધ મોકલવામાં આવે છે જે ગાડીને નિગમના ગોડાઉન ઉપર લગાવવામાં આવેલા સીસીટીવી હેઠળ ગોડાઉન મેનેજર સીલ ખોલીને નમુનો મેળવી અને જિલ્લા કચેરી ખાતે આ નમુનો કોથળીમાં પેક કરે માત્ર કોથળીને પીન મારીને મોકલી આપે છે જે જિલ્લા કે તેની મારફત લેબ તપાસ માટે એફ.આર.એલ. ખાતે મોકલવામાં આવે છે અને અનેક વખત આવા નમુના તપાસણીમાં ફેઈલ થતા હોય છે ખરેખર તો ફુડ સેફટી એકટની જોગવાઈ મુજબ અખાદ્ય જાહેર થતો જથ્થો સપ્લાયરને ક્યારેય પરત કરવાનો હોતો નથી પરંતુ તેનો નાશ કરવાનો હોય છે. નિગમ સપ્લાયર સાથેના સુવાળા સંબંધને લઈને આવી અખાદ્ય થતો જથ્થો તેમને પરત સોંપી આપે છે અને આ જ જથ્થો એક જિલ્લા ઉપરથી ઉપાડીને નવી ટીપી બનાવી બીજા જિલ્લામાં મોકલી આપી વહીવટ દ્વારા આવા અખાદ્ય જથ્થાને બીજા જિલ્લામાં પાસ કરાવીને પ્રજાને નબળી ગુણવતાનો જથ્થો ધરાર આપી દેવામાં આવે છે.

પ્રથમ તો આવા અખાદ્ય જાહેર થતો જથ્થો ભરાવનાર નિગમના કર્મચારીની સામે પગલા લેવા જોઈએ. આ સમગ્ર પ્રક્રિયામાં નિગમ દ્વારા મુકવામાં આવેલા લુઝ પગલાં દુર કરવા જોઈએ જેમાં પ્રથમ તો જથ્થાની ગાડી ભરાવતા સમયે હાજર કર્મચારી ઉપર પગલાં લેવા જોઈએ અને આ જથ્થો ગોડાઉન ઉપર પહોંચે ત્યારે સીસીટીવી નીચે જ આ ગાડીમાંથી જથ્થાના નમુના ગોડાઉન મેનેજર જાતે લઈને સ્થળ ઉપર જ આ નમુનાને સીલ કરીને પછી જ જીલ્લા કચેરીમાં મોકલવા જોઈએ જે નમુના ફેલ થતા હોય એ તમામ જથ્થો સપ્લાયરને પરત આપ્યા સિવાય આવા જત્થાની નિયમ અનુસાર નાશ કરવો જોઈએ. હાલમાં નિગમ દ્વારા તેમના પરિવહનની જવાબદાર અને ડોરસ્ટેપ ઈજારદારની તમામ પ્રકારની કામગીરી જીપીએસ લોડ સેન્સર દ્વારા નિગમની ફાર આઈ એપ્લીકેશનમાં જરૂરી નોંધ કરીને જ કરાવવામાં આવી રહી છે જેના પરિણામે નિગમ આવા ઈજારદારો દ્વારા થતી તમામ પ્રકારની કામગીરી ઉપર દેખરેખ રાખી શકે છે. આ પ્રકારે સપ્લાયરો દ્વારા પણ જયારે જથ્થો પોતાના નિયત સ્થળેથી રવાના કરવામાં આવે ત્યારે તે ટ્રકને જીપીએસ લોડ સેન્સર અને ફાર આઈ એપ્લીકેશન દ્વારા ટ્રેક કરવો જોઈએ અને ગોડાઉનર ઉપર આવેલો ટ્રક નિગમના અધિકૃત સપ્લાયરના અધિકૃત સ્થળેથી જ રવાના થયો છે તે ગોડાઉન મેનેજરે જોઈ શકે અને તપાસી શકે તેવું કરવું જોઈએ જેથી નિગમમાં ચાલતી જથ્થાની ગુણવતા બાબતની લાલીયાવાડી બંધ થઈ શકે તેમ ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોએ મંત્રીને કરેલી રજુઆતમાં જણાવ્યું છે.

છેતરપીંડી કરી કાર પડાવી લેનાર આરોપી બેલડી તેમજ પકડેલી કાર તસ્વીરમાં જોઈ શકાય છે. જ્યારે કાર કૌભાંડ અંગે પ્રેસ મીડીયાને સંબોધતા ડીસીપી કાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહીલ નજરે પડે છે.

કાર

(છેલ્લા પાનાનું ચાલું)

કુલ ૫૧ કાર કોઠારીયાના કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અકી ગોગન પટેલ અને બિલાલ હસનશા શાહમદાર (રહે. જામનગર)એ સેલ્ફ ભાડે લઈ જઈ પડાવી વેંચી નાંખતા અલગ અલગ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશ્નર વીધી ચૌધરી, ડીસીપી કાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ એસીપી કાઇમ ભરત બસીયાએ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ આરોપીઓને તાત્કાલીક શોધી કાઢી ફરીયાદીઓ તથા સાહેદોની ફોર વ્હિલ ગાડીઓ રીકવર કરવાની આપેલ સુચનાથી કાઇમ બ્રાંચના પીઆઇ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એમ.જે.હુણ ટીમના સ્ટાફના માણસો હ્યુમન સોર્સીસ તથા ટેકનિકલ સોર્સના આધારે આરોપીઓને પકડી પાડવા પ્રયત્નશીલ હતા દરમ્યાન ખાનગી રહે મળેલ હકીકતના આધારે ગુન્હામાં સંડોવાયેલ બેલડીની જામનગર રોડ ખાતેથી પકડી પાડી બારોબાર આપી દીધેલ કુલ ૪૭ ફોર વ્હિલ ગાડીઓ રૂા.૩.૫૧ કરોડનોનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે, આરોપી બિલાલશા શાહમદાર રેલવે પોલીસમાં પણ ગુનો દાખલ થયેલ હોય જેમાં તે હાલ ફરાર હતો. આરોપીઓને પકડવા કાઇમ બ્રાન્ચના પીઆઇ મેહુલ ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એમ.જે.હુણ, એએસઆઈ રશ્મિન પટેલ, અશોક કલાલ, હેડ કોન્સ્ટેબલ અમિતકુમાર અગ્રવત, સંજય રૂપાપરા, કિરતસિંહ ઝાલા, જનક કુગસિયા, મયુરભાઈ મિયાત્રા, યુવરાજસિંહ ઝાલા, સંજયભાઈ દાફડા, કોન્સ્ટેબલ નગીનભાઈ ડાંગર, ઉમેશભાઈ ચાવડા, ગોપાલ પાટીલ સહિતની ટીમે કામગીરી કરેલ હતી.

બેલડી શરૂઆતમાં ગાડીઓનું નિયમીત ભાડું ચુકવી બાદમાં છેતરપીંડીને અંજામ આપતાં

આરોપી કાનજી ઉર્ફે આકાશ ઉર્ફે અક્કી ગોગન કોટડીયા પોતે પણ સેલ્ફ ડ્રાઈવીંગમાં ફોર વ્હિલ ગાડી ભાડે આપવાનું કામ કરતો હોય જેનો લાભ ઉઠાવી તેને આરોપી બીલાલશા હસનશા શાહમદાર સાથે મીલાપીપણું કરી, અલગ-અલગ ફોર વ્હિલ ગાડીના માલીકો તેમજ સેલ્ફ ડ્રાઈવીંગમાં ગાડી ભાડે આપવાનો કામધંધો કરતા વ્યકિતઓને વિશ્વાસમાં લઈ પોતે બીલાલશાના નામે સેલ્ફ ડ્રાઈવીંગમાં અલગ-અલગ ફોર વ્હિલ ગાડીઓ ભાડેથી મેળવી લઈ, બંન્ને આરોપીઓએ થોડો સમય સુધી ગાડીઓનું નિયમીત ભાડું ચુકવી, બંન્ને આરોપીઓએ ગાડીના માલીકોની જાણ બહાર ગાડીઓ બારોબાર અન્ય વ્યકિતઓને વેચાણ કરવા સાઢ આપી છેતરપીંડી આચરતાં હતાં.

મતદાન

(છેલ્લા પાનાનું ચાલું)

રાખવામાં આવેલ છે. આ માટે ગત ચૂંટણીમાં જ્યાં ઓછું મતદાન થવા પામેલ હતું તેવા વિસ્તારો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. પરંતુ હાલ તાપમાનનો સતત ઉંચકાતો પારો અને હીટવેવની આગાહીના પગલે મતદાન ઉપર અસર થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે

સ્પેન

(પહેલા પાનાનું ચાલું)

વડાપ્રધાનના પત્નીએ એક વ્યાપારી કરાર પર પ્રભાવ પાડવાની કોશીશ કરી હતી. માનોસ લીમપીયાસ નામના આ યુનીયનએ કાનુની બાબતમાં એક પ્લેટફોર્મની કામગીરી કરી છે અને તેના નેતા બર્નાડ રેમો એ આરોપ લગાવ્યા હતા અને વડાપ્રધાનના પત્નીની ભૂમિકા સામે પ્રશ્ન ઉઠાવ્યા હતા જે અંગે ન્યાય તપાસ શરૂ થઇ ગઇ છે. જોકે એક તરફ ખુદ વડાપ્રધાન પેદ્રો સાંચેજ પોતે પત્નીના સામેના આરોપોને નકારી રહ્યા છે પરંતુ તેઓએ જાહેર કર્યું કે હું જે પદ પર છું તેનું સન્માન જાળવી રાખવુ જોઇએ અને તેથી હાલ હું મારી સત્તાવાર ફરજો બજાવવાનું બંધ કરૂ છું અને થોડા દિવસોમાં નિર્ણય લઈશ કે મારે સરકારનું નેતૃત્વ ચાલુ રાખવું જોઇએ કે રાજકારણ છોડી દેવું જોઇએ.

અવસાન નોંધ

રાજકોટ: પીઠવડી નિવાસી હાલ રાજકોટ સ્વ.જીતુભાઈ ડાયાભાઈ બગથરિયા (ઉ.વ.૬૯)નું અવસાન તા.૨૪નાં રોજ થયેલ છે. તે રોહિતભાઈનાં પિતાશ્રી તથા બાબુભાઈ પિઠવડી વાળાનાં નાનાભાઈ તથા ધનજીભાઈ પરમાર કાળીપાટ વાળાનાં બનેવી થાય બેસણું બંન્ને પક્ષનું સાથે તા.૨૬ના રોજ બાપા સીતારામની મઢુલી પાસે પેરેડાઈઝ હોલ રૈયારોડ રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

રાજકોટ: રાજકોટ નિવાસી મોઢ વણિક ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ ગાંધી(ઉ.વ.૭૮) તે મહેન્દ્રભાઈ વાડીલાલ ગાંધીના ધર્મપત્ની, હરેશભાઈ (શાંતિલાલ શાહ ઈજનેરી કોલેજ, ભાવનગર) અને જ્યેશભાઈ (જેટકો, રાજકોટ) ના માતુશ્રી તથા પિયુષભાઈ જેઠાલાલ મહેતા (અમદાવાદ)ના બહેનનું તા.૨૩/૦૪ ના રોજ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૨૬/૦૪, શુક્રવારે સાંજે ૫.૩૦ થી ૬.૩૦ કલાકે, મોઢ વણિક વિદ્યાર્થી ભવન, ૫ - રજપૂતપરા, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ: ગં.સ્વ.કાંતાબેન ગીરધરલાલ (કનુભાઈ) કોરવાડિયા, (ઉ.વ.૮૨) તે કેતનભાઈ ગીરધરલાલ કોરવાડિયા તથા વિમલભાઈ ગીરધરલાલ કોરવાડિયા તેમજ જયશ્રીબેન જગદિશકુમાર (રાજકોટ) તથા રશ્મિબેન બિપિનકુમાર (અમરેલી)ના માતૃશ્રીનું તા.૨૫ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૭ શનિવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાને સીટી કોર્ટ યાર્ડ ડી/૪૦૪-૪૦૫, જલારામ ચોક, રૈયાધાર ડ્રીમ સીટી સામે, આલાપ ગ્રીન પાછળ, રૈયાધાર, રાજકોટ - ૩૬૦૦૦૭ ખાતે રાખેલ છે.

પરિણામ

(પહેલા પાનાનું ચાલું)

તેલંગાણાના, એક-એક મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશના છે.JEE ૧૩ ભાષાઓમાં યોજવામાં આવી હતી:

આસામી, બંગાળી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઉડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અને ઉર્દુ. કેપટાઉન, દોહા, દુબઈ, મનામા, ઓસ્લો, સિંગાપોર, કુઆલાલંપુર, લાગોસ/ અબુજા, જકાર્તા, વિયેના, મોસ્કો અને વોશિંગ્ટન ડીસીમાં ૨૨ કેન્દ્રો સહિત ૩૧૯ શહેરોમાં ૫૭૧ કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી હતી.

આ વખતે ૧૦,૬૭,૯૫૯ વિદ્યાર્થીઓએ JEE Mains એપ્રિલ સત્રની પરીક્ષા આપી હતી, જે ગત વખત કરતા ૪૫,૩૬૬ વિદ્યાર્થીઓ ઓછા હતા. JEE મેન્સ દ્વારા, તમામ કેટેગરીના ૨,૫૦,૨૪૮ વિદ્યાર્થીઓ JEE એડવાન્સ માટે ક્વોલિફાય થયા છે.

રાજકોટ સહિતના વિસ્તારોમાં ઘરફોડ ચોરીને અંજામ આપતી કુખ્યાત ભુતીયા ગેંગનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો

કાલાવડના ધુતારપુર ગામની સીમમાં ખેત મજૂરી કરતો મૂળ મધ્યપ્રદેશનો રામસિંગ ઉર્ફે રામુ વતનમાં નાસી છૂટે તે પહેલાં જ કટારીયા ચોકડી પરથી દબોચાયો

નિલસીટી સંજય વાટીકામાં રૂા.૧૩.૨૫ લાખ અને અવધપાર્કમાં રૂા.૭૦ હજારની ચોરીનો ભેદ ઉકેલાયો: આરોપીએ સાત ચોરીની કબુલાત આપી

રાજકોટ. તા.૨૪

રાજકોટ સહિત આજુબાજુના વિસ્તારોમાં થોડા સમયથી ચોરીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો હતો અને સાતીર ચોર હવામાં ઓગળી જઈ પોલીસને ચકમો આપી રહ્યા હતાં ત્યારે શહેર એલસીબી ઝોન-૨ ની ટીમને મોટી સફળતા સાંપળી છે. નિલસીટી નજીક સંજય વાટીકામાં રૂા.૧૩.૨૫ લાખ અને અવધપાર્કમાં રૂા.૭૦ હજારની ચોરી સહિત સાત ઘરફોડ ચોરીને અંજામ આપનાર મધ્યપ્રદેશની કુખ્યાત ભૂતિયા ગેંગના મુખ્ય સૂત્રધાર રામસિંગ ઉર્ફે રામુને કટારીયા ચોકડી પાસેથી દબોચી રોકડ અને દાગીના મળી રૂા.૬૮૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી મોટી કાર્યવાહી કરી હતી. જ્યારે ભૂતિયા ગેંગના ફરાર ત્રણ આરોપીને પકડવા ચકો ગતિમાન કર્યા હતાં.

શહેરમાં છેલ્લા એક વર્ષમાં અતિ ગંભીર ઘરફોડ ચોરીના બનાવો બનવા પામતાં ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ એડી. પોલીસ કમિશનર વિધી ચૌધરી, ડીસીપી સુધિરકુમાર દેસાઇએ ચોરીના ગુના ડિટેક કરવાની આપેલ સૂચનાથી એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર.એચ.ઝાલા અને ટીમે આઇ.વે. પ્રોજેક્ટના કેમેરા તેમજ સી.સી.ટી.વી. ફુટેજ અને હ્યુમન સોર્સ આધારે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરતાં હેડ કોન્સ્ટેબલ રાહુલ ગોહેલ, કોન્સ્ટેબલ જયપાલસિંહ સરવૈયા અને જેન્તીગીરી ગોસ્વામીને નિલ સીટી સંજય વાટીકા સોસાયટીમાંથી એક રહેણાંક મકાનમાં થયેલ સોના ચાંદીના દાગીના અને રોકડ રૂા.૧૩.૨૫ લાખની ચોરીનો આરોપી કાલાવડ રોડ કટારીયા ચોકડી નજીક લક્ષ્મીના ઢોરા પાસે હોવાની ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે આરોપીને પકડી તેનું નામ પૂછતાં રામસીંગ ઉર્ફે રામુ કાલુસીંગ અજનાર (ઉ.વ. ૨૭),(રહે. હાલ ખારાવડ વાડી વિસ્તાર ધુતારપર ગામ, કાલાવડ મૂળ રહે. રાતમાલીયા ગામ અલીરાજપુર મધ્ય પ્રદેશ) જણાવ્યું હતું. પોલીસે આરોપી પાસેથી રોકડ અને ચાંદીના દાગીના મળી રૂા.૬૮૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પૂછતાછ હાથ ધરી હતી.

પૂછપરછમાં આરોપીએ કબુલાત આપી હતી કે, તે પોતે છેલ્લા દસ વર્ષથી કાલાવડ પંથકમાં પત્ની સાથે રહેતો અને ખેતીકામ કરતો હતો. તે આસપાસના વિસ્તાર અને રાજકોટ શહેરના ભાગોળે આવેલ વિસ્તારમાં રેકી કરી ધાર જિલ્લાની ભૂતિયા ગેંગના અન્ય સાગરીતોને બોલાવી ચોરીને અંજામ આપતાં હતાં. આરોપીએ નિલસીટી નજીક સંજય વાટીકામાં રૂા.૧૩.૨૫ લાખ અને અવધપાર્કમાં રૂા.૭૦ હજારની ચોરી સહિત સાત ઘરફોડ ચોરીને અંજામ આપ્યાની કબુલાત આપી હતી. જ્યારે ચોરીમાં સામેલ અન્ય ત્રણ શખ્સોની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

પોલીસને ચકમો આપવા ચોરી કરી સવાર સુધી ત્યાં જ બેસી રહેતાં

ભૂતિયા ગેંગનો મુખ્ય સૂત્રધાર રામસિંગ ઉર્ફે રામુ દશેક વર્ષથી કાલાવડ પંથકમાં મજૂરી કામ કરતો હોય અને અહિના વિસ્તાર રોડ રસ્તાથી માહિતગાર હોય જેનો લાભ લઇ ભુતીયા ગામના માણસોને પોતાની વાડીએ બોલાવી સાંજે સાત વાગ્યે શહેરના ભાગોળે આવેલ વિસ્તારમાં છુપાઈ મોડી રાતે રહેણાંક વિસ્તારોમાં રહેલ બંધ મકાનની રેકી કરી માણસોની અવર જવર ઓછી થતા ચોરીને અંજામ આપતા અને ચોરી કર્યા બાદ પણ તેજ જગ્યાએ સવાર સુધી સંતાઇ રહેતા કે જેથી પોલીસ કોઇ સી.સી.ટી.વી. કેમેરા ચેક કર

રાજકોટની બેઠક પર જે નામ હતું તે કોંગ્રેસનાં નેતા વિક્રમ સોરાણી ભાજપમાં જોડાશે

ઉમેદવાર પછી દાવેદાર;-તો રાજકોટની બેઠક પણ 'બીનહરીફ' થઈ હોત!

૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં વાંકાનેર બેઠક પરથી 'આપ' વતી લડીને ૫૩૦૦૦ થી વધુ મતો મેળવનાર વિક્રમ સોરાણીને ટીકીટ આપવા સ્થાનિક સિનિયર નેતાઓએ દરખાસ્ત કરી હતી; શહેર કોંગ્રેસે વાંધો લીધો હતો

રાજકોટ તા.૨૫

લોકસભાની ચૂંટણી પૂર્વે રાજકોટ-ગુજરાતમાં નવા નવા રાજકીય ઘટનાક્રમો સર્જાઈ રહ્યા છે અને તેમાં હવે તેમાં ઉમેરો થયો હોય રાજકોટની બેઠક માટે કોંગ્રેસનાં દાવેદાર વિક્રમ સોરાણી ભાજપમાં જોડાઈ રહ્યા છે. ૨૯ મીએ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની હાજરીમાં રાજકોટ ખાતે ભાજપનો

ટીકીટ ન મળવાથી નારાજ થઈને ભાજપમાં જોડાવાનો નિર્ણય કે 'પ્રિ-પ્લાન '? કોંગ્રેસ નેતાઓ સ્તબ્ધ

કેસરીયો ખેસ ધારણ કરશે.મહત્વની વાત એ છે કે કોંગ્રેસનાં લોકલ સીનીયર નેતાઓએ જ સોરાણીને લોકસભાનાં ઉમેદવાર બનાવવા નેતાગીરી સમક્ષ દરખાસ્ત કરી હતી. તેમને ઉમેદવાર બનાવાયા હોય તો રાજકોટની બેઠક પણ બિનહરીફ થઈ જાત તેવી ચર્ચા સાથે કોંગ્રેસ નેતાગીરી સ્તબ્ધ બની છે.

ગુજરાતમાં ભાજપે એક બેઠક પર તો ચૂંટણી અગાઉ જ વિજય હાંસલ કરી લીધો છે.સુરતમાં કોંગ્રેસનાં ઉમેદવારનું ફોર્મ રદ થયા બાદ ભાજપના ઉમેદવાર બીનહરીફ જાહેર થઈ ગયા છે.કોંગ્રેસે ચૂંટણી પૂર્વે જ એક બેઠક ગુમાવી દીધી છે. રાજકોટમાં પણ આ પ્રકારની સ્થિતિ સર્જાવાનું જોખમ ઉભુ થવાની ચર્ચા હવે શરૂ થઈ છે.રાજકોટની બેઠકમાં તેના દાવેદાર વિક્રમ સોરાણીએ ભાજપમાં જોડાવાનું જાહેર કર્યું છે.૨૯ મીએ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની હાજરીમાં રામપર-બેટી ખાતે કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં વિક્રમ સોરાણી કેસરીયો ખેસ પહેરશે. કોળી સમાજનાં શક્તિશાળી યુવા નેતા તરીકેની છાપ ધરાવતાં વિક્રમ સોરાણી ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણી આમ આદમી પાર્ટી વતી વાંકાનેર બેઠક પરથી લડયા હતા અને ૫૩૦૦૦ કરતા વધુ મત મેળવ્યા હતા. આ પછી તેઓ કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. કોળી સમાજમાં સારૂ એવુ વર્ચસ્વ અને વાંકાનેરની લડાઈમાં સારા એવા મત મેળવ્યા હોવાથી રાજકોટની લોકસભા બેઠક પર તેમને ઉમેદવાર બનાવવાની દરખાસ્ત થઈ હતી.

લોકલ સિનીયર નેતાઓએ જ તેમના નામની ભલામણ પ્રદેશ અને રાષ્ટ્રીય નેતાગીરીને કરી હતી. જોકે શહેર કોંગ્રેસે તે સામે વાંધો લીધો હતો. તેઓને ઉમેદવાર બનાવવામાં આવ્યા હોત અને ભાજપમાં જોડાઈ જાત તો શું સ્થિતિ થાત તેવી વાત સાથે કોંગ્રેસમાં જબરો ખળભળાટ સર્જાયો છે.

વિક્રમ સોરાણી ભાજપમાં જોડાઈ રહ્યાનું જાહેર થતાં કોંગ્રેસનાં સીનીયર નેતા ડો.હેમાંગ વસાવડાએ ખુલ્લેઆમ એવુ વિધાન કર્યું છે કે સોરાણીને ટીકીટ આપી હોત તો રાજકોટમાં પણ સુરતવાળી થઈ જવાનું જોખમ સર્જાવાનું સ્પષ્ટ છે. સોરાણીની ટીકીટ માટે ભલામણ કરનારા નેતાઓએ હવે આ દિશામાં વિચારવાની જરૂર છે.

કોંગ્રેસમાં એવી ચર્ચા જામી છે કે લોકસભાની ટીકીટ નહિં મળવાની નારાજગીથી વિક્રમ સોરાણી ભાજપમાં જોડાઈ રહ્યા છે કે પુર્વયોજીત જ નિર્ણય હતો.

ભાજપમાં જોડાવાનો નિર્ણય પૂર્વયોજીત હોય તો કોંગ્રેસ માટે અત્યંત ગંભીર અને નાલેશીભરી હાલત સર્જાવાનુ જોખમ હતું કારણ કે રાજકોટની બેઠક માટે ઉમેદવાર નકકી કરવામાં કોંગ્રેસને ઘણી મહેનત કરવી પડી હતી. હાઈ કમાન્ડના આદેશ બાદ પરેશ ધાનાણી રાજકોટથી લડવા તૈયાર થયા હતા.પરેશ ધાનાણી સિવાય અન્ય દાવેદારોમાં પ્રવિણ સોરાણીનું નામ ટોચ પર હતું. આ સિવાય ડો.હેમાંગ વસાવડા તથા હિતેશ વોરાના નામો ચર્ચામાં હતા. વિક્રમ સોરાણીનાં ભાજપમાં જોડાવાના નિર્ણયથી સમગ્ર કોંગ્રેસની નેતાગીરી સ્તબ્ધ થઈ ગઈ છે. કોંગ્રેસ પરથી મોટી ઘાત ટળ્યાની પણ ચર્ચા થવા લાગી છે.

કોંગ્રેસમાં નેતાઓ 'જુના દાવ' કાઢવા મેદાને?

સુરતમાં કુંભાણીનું નામ સુચવનારા નેતાઓની તપાસ કરવા માંગ ઉઠી

કોળી આગેવાન વિક્રમ સોરાણીના ભાજપ પ્રવેશથી કોંગ્રેસનું આંતરિક રાજકારણ સળગ્યું છે. તેમને દાવેદાર તરીકે આગળ ધરનારા લોકલ નેતાઓ પર નિશાન તાકવા લાગ્યું છે. જુથવાદના જુના હિસાબોના દાવ નિકળવા લાગ્યા હોવાની ચર્ચા છે.

કોંગ્રેસની ટીકીટના દાવેદાર વિક્રમ સોરાણી ભાજપમાં જોડાય રહ્યાની ગત જાહેર થયેલા બાદ પાર્ટીના સોનીયર નેતા ડો. હેમાંગ વસાવડાએ સોશ્યલ મીડીયામાં વીડીયો પોસ્ટ મુકીને એમ કહ્યું કે સોરાણીને ટીકીટ આપવામાં આવી હોત તો 'સુચીવાળી' થઇ ગઇ હોત. પાર્ટીના જ અમુક નેતાઓએ તેમને કોંગ્રેસમાં લાવીને ટીકીટ આપવાનું સુચવ્યું હતું. ત્યારે પોતે તેમજ અશોક ડાંગર, અશોકસિંહ વાઘેલા, મહેશ રાજપૂત સહિતના નેતાઓએ સતત વિરોધ કર્યો હતો. હાઇ કમાંડે અમારો વિરોધ ગ્રાહ્ય રાખીને તેમને ટીકીટ આપી ન હતી અન્યથા સુરત જેવી સ્થિતિ શક્ય હતી.

ડો. વસાવડાએ એમ પણ કહ્યું કે સુરતમાં કોંગ્રેસની નાલેશી માટે જવાબદાર ઉમેદવાર નિલેશ કુંભાણીની હજુ પાર્ટીએ હકાલપટ્ટી કરી નથી. હકીકતમાં કુંભાણીને ટીકીટ આપવાની દરખાસ્ત કરનારા નેતાઓ સામે પણ તપાસ થવી જોઇએ.

રાજકોટને લાગેવળગે છે ત્યાં સુધી કોંગ્રેસના એક વર્ગનું એક કથન છે કે સુરતમાં તપાસ થાય તો રાજકોટમાં પણ સોરાણીનું નામ સુચવનારા નેતાઓની તપાસ નથી જોઇએ.

રાજકોટના ઘટનાક્રમ સામે કોઇ નેતાએ અન્ય કોઇ સામે ખુલ્લેઆમ નામજોગ નિશાન તાક્યું નથી છતાં વિવિધ વિધાનો 'સૂચક' છે.

આખુ કોળુ જ દાળમાં! વિક્રમ સોરાણી સભ્ય જ ન હોવા છતાં ઉમેદવાર તરીકે નામ ચગ્યું: કોંગ્રેસના કોઈ કાર્યક્રમમાં પણ હાજરી નથી

રાજકોટ, તા.૨૫

રાજકોટના કોળી આગેવાન વિક્રમ સોરાણી ૨૯મીએ ભાજપમાં જોડાવાના છે. તેઓ કોંગ્રેસની ટીકીટના દાવેદાર હતા ત્યારે આ ઘટનાક્રમ સર્જાતા રાજકીય ખળભળાટ છે. શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ વાતચીતમાં કહ્યું કે વાસ્તવમાં વિક્રમ સોરાણી કોંગ્રેસમા હતા જ નહીં. અને પાર્ટીના સભ્ય પણ નથી. કોંગ્રેસના ઉમેદવાર બનવા

ઈન્દ્રનીલ-લલિત કગથરા પાસે ટીકીટ માટે રજુઆત કરી હતી

તેઓએ માત્ર ઈન્દ્રનીલ રાજ્યગુરૂ-લલિત કગથરા જેવા લોકલ નેતાઓ સમક્ષ રજુઆત કરી હતી. ટીકીટ માટે તો ગમે તે દાવો કરી જ શકે છે. સેન્સ પ્રક્રિયા દરમ્યાન જ સમગ્ર હકીકત સામે આવી ગઇ હતી અને તેમના નામ પર 'ચોકડી' લાગી ગઇ હતી. ડો. હેમાંગ વસાવડાએ પણ એમ કહ્યું કે વિક્રમ સોરાણી કોંગ્રેસના કોઇ કાર્યક્રમમાં આવ્યા જ નથી. તેમના નામની દાવેદારી માટે પણ રુબરુ આવ્યા ન હતા અને ત્રણ-ચાર સમર્થકોને મોકલી દીધા હતા. આ દરમ્યાન હકીકત ખુલ્લી થઇ ગઇ હતી અને હાઇકમાંડે તથા નિરિક્ષકોએ સ્થળ પર જ તેમને ટીકીટ નહીં આપવાનું સ્પષ્ટ કરી દીધું હતું.

ગુજરાત સામેના દિલધડક મેચમાં છેલ્લા બોલે દિલ્હીનો ૪ રને વિજય

૨૨૫ રનના જીતના ટાર્ગેટ સામે ગુજરાત ટાઈટન્સ ૨૨૦ રન જ કરી શકયુ: અંતિમ ઓવરોમાં તોફાની બેટીંગ: દિલ્હી વતી પંતના આકમક ૮૮ અને અક્ષર પટેલના ૬૬ રન

નવીદિલ્હી તા.૨૫

આઈપીએલના દિલ્હી કેપીટલ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચેના દિલધડક મેચમાં છેલ્લા દડે દિલ્હીનો ૪ રને વિજય થયો હતો. છેલ્લા દડા સુધી શ્વાસ થંભાવનારી રમતમાં ગુજરાત પરાસ્ત થયુ હતુ. ચોથી જીત સાથે દિલ્હી કેપીટલ પોઈન્ટ ટેબલમાં ૮ પોઈન્ટ સાથે છઠ્ઠા ક્રમે આવી ગયુ છે.

દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડીયમ ખાતે રમાયેલા આઈપીએલના મેચમાં ગુજરાત ટાઈટન્સે ટોસ જીતીને દિલ્હીને પ્રથમ દાવ લેવા મેદાને ઉતાર્યું હતુ. તોફાની શરૂઆત બાદ પ્લેઓફની ૬ ઓવર દરમ્યાન જ દિલ્હીના ૩ બેટસમેનો આઉટ થઈ ગયા હતા. પૃથ્વી શો ૧૧, ફેજર ૨૩ તથા હોપ પાંચ રને આઉટ થતા દિલ્હી માત્ર ૪૪ રનમાં જ ૩ વિકેટ ગુમાવી બેઠુ હતુ. આ તકે અક્ષર પટેલ અને કમાન ઋષભ પંતે બાજી સંભાળી હતી. બંનેએ ગુજરાત ટાઈટન્સના બોલરોને હંફાવ્યા હતા અને ચોથી વિકેટની ભાગીદારીમાં ૧૧૩ રન બનાવ્યા હતા. બંને ખેલાડીઓએ આકમક રમતનુ પ્રદર્શન કર્યું હતુ. અક્ષર પટેલે આઈપીએલ કારકીર્દીનો સૌથી મોટો ૬૬ રનનો વ્યકિતગત સ્કોર નોંધાવ્યો હતો જેના ૪ છગ્ગા અને ૮ ચોકકા હતા.

ઋષભ ૪૩ દડામાં ૮ છગ્ગા અને પાંચ ચોકકા સાથે ૮૮ રન બનાવીને અણનમ રહ્યો હતો. ઋષભ પંતે અંતિમ ઓવરમાં ૩૧ રન ઝુડયા હતા અને તેને કારણે દિલ્હી કેપીટલ નિર્ધારીત ૨૦ ઓવરમાં ૨૦૦ રનનો જુમલો પાર કરીને ૨૨૪ રન સુધી પહોંચી શકી હતી. દિલ્હીએ અંતિમ બે ઓવરમાં ૫૩ રન ઝુડી નાખ્યા હતા. જયારે અંતિમ ૧૯ દડામાં ૬૭ રન બનાવ્યા હતા.

અક્ષર પટેલના આઉટ થયા બાદ મેદાને આવેલા સ્ટબ્સે અંતિમ ઓવરમાં ઝંઝાવાતી રમત રમીને પાંચ જ દડામાં બે છગ્ગા અને ૩ ચોકકા સાથે અણનમ ૨૬ રન ઝુડયા હતા. સામે એક છેડો સાચવીને ઉભેલો

૨૨૫ રનના ટાર્ગેટ સાથે મેદાને પડેલી ગુજરાત ટાઈટન્સની ટીમની શરૂઆત ખરાબ રહી હતી. કમાન શુભમન ગીલ માત્ર ૬ રને આઉટ થઈ ગયો હતો. ત્યારબાદ સાઈ સુદર્શન અને સહાએ બાજી સંભાળીને ૮૨ રન ઉમેર્યા હતા ત્યારે સહા ૩૯ રને કુલદીપના દડામાં આઉટ થયો હતો. ત્યારબાદ ઓમરઝઈ પણ ૧ રન બનાવીને અક્ષર પટેલના દડામાં આઉટ થતા ગુજરાત ટાઈટન્સ ૯૮ રનમાં ૩ વિકેટ ગુમાવી બેઠુ હતુ. સાઈ સુદર્શન અને મીલરે આકમક રમત શરૂ કરી હતી ત્યારે સુદર્શન પણ ૬૫ રને આઉટ થઈ ગયોહતો. તેણે ૩૯ દડામાં બે છગ્ગા અને ૭ ચોકકા સાથે ૬૫ રન બનાવ્યા હતા. શાહરૂખ માત્ર ૮ રન અને તેવટીયા ૧૨ રને આઉટ થતા ગુજરાત મુશ્કેલીમાં મુકાઈ ગયુ હતુ. અંતિમ ઓવરોમાં મીલર તથા રશીદખાને તોફાની બેટીંગ કરતા ફરી એક વખત ગુજરાત જીતના માર્ગે દોડવા લાગ્યુ હતુ ત્યારે મીલર ૫૫ રને આઉટ થઈ ગયો હતો. ૨૩ દડામાં ૩ છગ્ગા અનેક ચોકકા સાથે તેણે ૫૫ રન કર્યા હતા. અંતિમ ઓવરમાં ૧૯ રનની જરૂર હતી પરંતુ ગુજરાતના ખેલાડીઓ માત્ર ૧૪ રન કરી શકતા દિલ્હીનો ૪ રને વિજય થયો હતો. ઋષભ પંતને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

આજે બેંગ્લોર ઘર આંગણે હૈદરાબાદને પડકારશે

હૈદરાબાદના અભિષેક શર્માએ અત્યાર સુધીમાં ૭ મેચમાં ૨૪ છગ્ગા માર્યા

બેંગ્લોરના બોલરોએ હૈદરાબાદના બેટરોથી સાવધ રહેવું પડશે !

માત્ર કોહલીથી જ કામ નહીં ચાલે,સમગ્ર ટીમે મહેનત કરવી પડશે : ખરાબ પ્રદર્શન

હૈદરાબાદ : આઈપીએલમાં સનરાઈઝર્સ હૈદરાબાદનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમ સાથે આજે થવાનો છે. જો વર્તમાન ટૂર્નામેન્ટમાં અત્યાર સુધીના પ્રદર્શનની વાત કરીએ તો હૈદરાબાદની ટીમે બલ્લેબાજીમાં ધુમ મચાવતી ઘણી મેચો જીતી છે. આ સિઝનમાં ૨૫૦થી ઉપરના પાંચ ટોટલમાંથી એકલા હૈદરાબાદે ત્રણ બનાવ્યા છે, જેમાં ૨૮૭ અને ૨૭૭ રનનો સ્કોર પણ સામેલ છે. આ ટીમના ઓપનર્સ પાવર પ્લેમાં જ પોતાની વિસ્ફોટક બલ્લેબાજીથી મેચને આસાન જીત તરફ દોરી જાય છે. ઓસ્ટ્રેલિયન ઓપનર ટ્રેવિસ હેડ સાથે યુવા અભિષેક શર્માની જોડી ઘણી ખતરનાક સાબિત થઈ છે, જ્યારે દક્ષિણ આફ્રિકાનો બેટ્સમેન હેનરિક ક્લાસેન પણ આ જ વિસ્ફોટક રીતે બેટિંગ કરી રહ્યો છે. બીજી તરફ, RCV ટીમ છે જેના માટે આખી ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી કંઈ સારું થયું નથી. તેની આઠ મેચમાંથી સાત મેચ હારી જવાથી ટીમ તળિયે દસમા સ્થાને છે અને તેની પ્લેઓફમાં પહોંચવાની તકો પણ ઘણી મુશ્કેલ બની ગઈ છે.

૩૦૦ પાર કરવાના પ્રયાસો ચાલુ

હૈદરાબાદનો ટાર્ગેટ IPLમાં પહેલીવાર કોઈ પણ ટીમના સામે ૩૦૦થી આગળ લઈ જવાનો છે અને જેથી તેઓ આ જ સ્ટાઈલમાં રમી રહ્યા છે. તેણે આ ટૂર્નામેન્ટમાં જ આરસીવી સામે આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ ૨૮૭ રન બનાવ્યા હતા. આવી સ્થિતિમાં, જ્યારે બંને ટીમો આજે ફરી એક-બીજા સામે ટકરાશે, ત્યારે હૈદરાબાદ ફરીથી રન બનાવી શકશે તેના પર બધાની નજર છે.

પિચ અને હવામાન

રાજીવ ગાંધી સ્ટેડિયમની પીચ બેટ્સમેનો માટે મદદરૂપ છે. ઉચ્ચ સ્કોરિંગ રમતની અપેક્ષા રાખી શકાય છે. તાપમાન ૩૩ ડિગ્રીની આસપાસ રહેશે. વરસાદની કોઈ શક્યતા નથી.

ગુમાવવાનું કંઈ નથી

RCB પાસે હવે બાકીની મેચોમાં એ સાબિત કરવાનો મોટો પડકાર છે કે ટીમનું અત્યાર સુધીનું ખરાબ પ્રદર્શન તેની ક્ષમતા સાથે મેળ ખાતું નથી. ટીમે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે શાનદાર લડાઈની ભાવના દર્શાવી, તેમ છતાં તેઓ માત્ર એક રનથી હારી ગયા. જો કે, RCB મેનેજમેન્ટ તેમના સંયુક્ત બેટિંગ પ્રયાસથી ખૂબ સંતુષ્ટ હશે. વિરાટ કોહલીએ 'ઓરેન્જ કેપ' પોતાની પાસે રાખી છે, પરંતુ આ ટીમે એકજુટ થઈને પ્રદર્શન કરવું પડશે. માત્ર કોહલીથી કામ નહીં ચાલે. ટીમે શરૂઆતથી જ નિરાશાજનક પ્રદર્શન કરેલ છે.

આઈપીએલ ૨૦૨૩ના ગેરકાયદે સ્ટ્રીમીંગ કેસમાં એકટ્રેસ તમન્ના ભાટિયાને પોલીસનું તેડુ

અગાઉ પોલીસે એકટર સંજયદતને પણ હાજર થવા બોલાવેલો પણ તેણે નવી તારીખ માંગેલી

મુંબઈ તા.૨૬

બોલીવુડ અને સાઉથની ફિલ્મોની અભિનેત્રી તમન્ના ભાટિયાને પોલીસે સાક્ષી તરીકે હાજર થવા કહેણ મોકલ્યું છે. મહારાષ્ટ્ર સાઈબર ડિપાર્ટમેન્ટે તેને ૨૯ એપ્રિલે રજુ થવાનું કહ્યું છે. ખબર છે કે આઈપીએલ-ઈન્ડીયન પ્રીમીયર લીગના મેચના ગેરકાયદે સ્ટ્રીમીંગ (પ્રસારણ)ના કેસમાં તમન્નાની પુછપરછ કરવામાં આવનાર છે.

ઉલ્લેખનીય છે કે તમન્ના પહેલા અભિનેતા સંજય દત પણ પોલીસે હાજર થવા જણાવ્યું હતું પણ સંજય દતે નવી તારીખ માંગી હતી.

અહેવાલો મુજબ ફેરીલે એપ પર આઈપીએલ ૨૦૨૩ના ગેરકાયદે સ્ટ્રીમીંગના કથિત પ્રચારને લઈને તમન્નાને સવાલો કરવામાં આવશે. તેને સાક્ષી તરીકે જુબાની આપવા બોલાવાઈ છે.

એક અહેવાલ મુજબ આ એપ મહાદેવ ઓનલાઈન ગેમીંગ એન્ડ બેટીંગ એપની સહાયક એપ છે. ખબર છે કે આ એપના કારણે વાયકોમને કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું. ગત સપ્ટેમ્બરે વાયકોમ-૧૮ દ્વારા ફરિયાદ કરાઈ હતી કે ફેરપ્લે પ્લેટફોર્મ ગેરકાયદે આઈપીએલનું સ્ટ્રીમીંગ કરી રહ્યું છે, જેને લઈને વાયકોમને ૧૦૦ કરોડ રૂપિયાનું નુકશાન થયું છે.

જન્મદિવસ પર સચિન તેંડુલકરનું ચાહકો માટે X પર ભાવુક નોટ શેર કરી

મુંબઈ : દિગ્ગજ ભૂતપૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકર બુધવારે ૫૧ વર્ષનો થયો. આ તકે તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેના ચાહકો માટે ખૂબ જ ભાવુક સંદેશ શેર કર્યો. તેણે લખ્યું- મારા જન્મદિવસ સમારહની કેટલી શાનદાર શરૂઆત છે. મને આ છોકરીઓ સાથે ફૂટબોલ રમવાની, વાર્તાઓ કહેવાની અને કેક કાપવાની ખૂબ મજા આવી. સચિન તેંડુલકર ફાઉન્ડેશન આ છોકરીઓને મદદ કરે છે. આ છોકરીઓએ મને શુભકામનાઓ પાઠવી હતી અને તેણે ખરેખર મારા અઠવાડિયાને ખૂબ જ ખાસ બનાવ્યું.

સુરક્ષા રેટીંગમાં ભારતીય મોટરોનું નબળુ પ્રદર્શન

મહિન્દ્રા બોલેરો નિયોને GNCAP ટેસ્ટમાં એક સ્ટાર રેટિંગ અને Honda Amazeને બે સ્ટાર રેટિંગ મળ્યું

નવી દિલ્હી: ભારતમાં બનેલી કારને સેફ્ટી રેટિંગ આપતી સંસ્થા ગ્લોબલ NCAPના લેટેસ્ટ ટેસ્ટમાં દેશમાં બનેલી કારને ફરી એકવાર ખરાબ રેટિંગ મળ્યું છે. બુધવારે જાહેર થયેલા GNCAP પરિણામોમાં, મહિન્દ્રાની લોકપ્રિય SUV Bolero Neoને એડલ્ટ સેફ્ટીમાં માત્ર એક સ્ટાર આપવામાં આવ્યો છે જ્યારે Honda ની કોમ્પેક્ટ સેડાન Amaze ને બે સ્ટારનું રેટિંગ મળ્યું છે. કિયાની કારને પણ પ્રથમ ટેસ્ટમાં ઝીરો રેટિંગ મળ્યું હતું પરંતુ કેટલાક ફેરફારો બાદ તેને બીજા ટેસ્ટમાં ત્રણ સ્ટાર મળ્યા હતા. સુરક્ષા માટે વધુ કાળજી લેવાની જરૂર છે. તાજેતરના ભૂતકાળમાં જે રીતે ટાટા, મહિન્દ્રા, ફોક્સવેગન અને સ્કોડા જેવી કંપનીઓની કારોને ૫ સ્ટાર રેટિંગ મળી રહ્યા છે, ત્યારે આવા પરિણામો થોડા નિરાશાજનક છે અને તે દર્શાવે છે કે હાલમાં કારની સુરક્ષાના સંદર્ભમાં ઓટોમોબાઈલ ઘણી ખરાબ સ્થિતિમાં છે

કંપનીઓ દ્વારા સુરક્ષા માટે વધુ કાળજી લેવાની જરૂર છે. ગ્લોબલ NCAP તરફથી કોઈપણ વાહન વધુમાં વધુ પાંચ સ્ટાર આપવામાં આવ્યા છે જ્યારે સૌથી વધુ અસુરક્ષિત જોવા મળતા વાહનોને ઝીરો સ્ટાર મળે છે. એડલ્ટના સિવાય વૈશ્વિક NCAP એ બાળકોની સુરક્ષા માટે રેટિંગ પણ જારી કરે છે. બોલેરો નિયોને પણ કારમાં બેઠેલા બાળકોની સુરક્ષા માટે પાંચમાંથી માત્ર એક સ્ટાર મળ્યો છે. તેવી જ રીતે, Honda Amaze ને બાળ સુરક્ષામાં શૂન્ય રેટિંગ મળ્યું છે જે ખૂબ જ નબળું પ્રદર્શન છે. જો કે, બીજા ટેસ્ટમાં કિઆની કારે ચાઈલ્ડ સેફ્ટીમાં સારૂ પ્રદર્શન કર્યું છે અને તેને ફાઈવ સ્ટારનું રેટિંગ મળ્યું છે.

જેલમાંથી છુટેલો યુ ટયુબર મનીષ કશ્યપ ભાજપમાં સામેલ થયો

હું આ લોકોના કારણે જેલમાંથી છુટયો, એટલે જ હું ભાજપમાં જોડાયો: મનીષ

પટણા તા.૨૫

બિહારમાં ચાલી રહેલી રાજકીય અટકળો વચ્ચે યુ ટયુબર મનીષ કશ્યપ ભાજપમાં સામેલ થઈ ગયો છે. તે પોતાની માતા સાથે ભાજપ કાર્યાલયે પહોંચ્યો હતો. જયાં તેણે ભાજપના નેતાઓ સંજય મયુખ અને મનોજ તિવારી સામે ભાજપનું સભ્યપદ ગ્રહણ કર્યું હતું.ભાજપ જોઈન કરતી વખતે મનીષ કશ્યપે જણાવ્યું હતું કે આ લોકો (ભાજપ)ના કારણે જ હું જેલમાંથી બહાર આવી શકયો છું અને મારા જીવનના ખરાબ દિવસો પુરા થઈ ગયા છે એટલે હું ભાજપમાં સામેલ થયો છું. હવે હું ભાજપની સાથે મળીને બિહારને મજબૂત કરીશ. ભાજપના નેતા મનોજ તિવારી મનીષની પ્રશંસા કરતા કહ્યું હતું કે મનીષ જેવો વ્યકિત જનતાને સ્પર્શતા સવાલો ઉઠાવે છે.

પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરતા વધુ ૬૦ વેપારીઓ પકડાયા

૪.૯૨૫ કિ.ગ્રા.પ્લાસ્ટિક જપ્ત: જાહેરમાં ગંદકી કરનાર પાસેથી દંડ વસુલાયો

રાજકોટ,તા.૨૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ત્રણેય ઝોનમાંથી કુલ ૬૦ આસામીઓ પાસેથી ૪.૯૨૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૧૬૫૦૦ /-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૧.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૫૭૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૧ આસામીઓ પાસેથી ૨.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી

રૂા.૬૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૭ આસામીઓ પાસેથી ૧.૦૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૪૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્પેસુ કટર/ સેનેટરી સબ ઈન્પેજ૩૫૦કટર દ્વારા કરવામાં આવેલ.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા પાલિતાણામાં ૧૧ ચેકડેમો બનાવાયા

વીપશ્યના સાધક બોમ્બેનાં દુર્ગેશભાઈ શાહ અને રાજકોટનાં રાજુભાઈ મહેતાનો આર્થિક સહયોગ સાંપડયો

રાજકોટ,તા.૨૫

સૌરાષ્ટ્રમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૪૫થી વધુ ચેકડેમ રિપેરિંગ ઉંડા અને ઉંચા કરવા તેમજ નવા બનાવેલ છે.જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકાયલ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

સિહોર તાલુકાના પાલીતાણાની બાજુમાં ટોડી ગામમાં ધમપાલી વીપશ્યના ધ્યાન કેન્દ્ર છે તે કેન્દ્ર જેવા ઘણા વિપશ્યના સંચાલક રાજુભાઈ મહેતા જે હાલ રાજકોટના રહેવાસી (ભાભા હોટેલ) અને બોમ્બેના સાધક દાતા દુર્ગેશભાઈ શાહના આર્થિક સહયોગથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આ વર્ષે ૧૧ ચેકડેમનું કાર્ય પૂર્ણ કર્યું.જેમાં ૪ ચેકડેમ નવા અને ૭ ચેકડેમ રીપેરીંગ અને ઉંચા કરેલ છે.તેમજ ગયા વર્ષે ચેકડેમ બનાવેલ હતાં. હાલ તેને ઉંડા કરવાનું કામ ચાલુ છે. જેનાથી ખેડૂતોને ખેતીમાં શિયાળુ પાકમાં ખેત ઉત્પાદનમાં ખુબ મોટો આર્થિક ફાયદો થયો છે. આ કર્યે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ ડેકોર, ટોડી ગામના આગેવાનો ગોહિલ વેલુભા ભરતસિંહ ગામના સરપંત ભુપેન્દ્રસિંહ કિરીટભાઈ ઘણા ખેડૂતોનો સહયોગ રહ્યો હતો.

છેક ગ્રામ્ય વિસ્તાર સુધી ક્ષત્રિય સમાજના વિરોધના દ્રશ્યો બાદ ચિંતા વધી

ક્ષત્રિય સમાજ સાથે અન્ય સમાજોના મત પણ સ્વીંગ થાય તો! ભાજપની ચિંતા

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ૧૪ જિલ્લાઓમાં ક્ષત્રિય ફેક્ટર મુદ્દે પ્રવાસ કર્યા બાદ હજુ ૧% પણ ડેમેજ કન્ટ્રોલ થયું હોવા અંગે કોઈ સંકેત ન મળતા ભાજપ નવો વ્યૂહ વિચારે છે

રાજકોટ, તા.૨૫

લોકસભા ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો પર વિજયની હેટ્રીક સર્જવા આયોજન કર્યા બાદ રાજકોટ લોકસભા બેઠક પર જે રીતે ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગેના તેના વિધાનો ભાજપ માટે ગળાની ફાંસ જેવા બની ગયા છે અને ડેમેજ કન્ટ્રોલના અત્યાર સુધીના તમામ પ્રયાસો નિષ્ફળ નિવડ્યા તે પછી પણ પક્ષે હવે સમાજને એક અલગ રીતે સંદેશો આપવાનો પ્રયાસ કર્યો છે. જેમાં પક્ષ ક્ષત્રિય સમાજને એવું કહેવા મથી રહ્યો છે કે રૂપાલાના નિવેદન સાથે પક્ષનું મોવડી મંડળ પણ સહમત નથી અને આ પ્રકારના વિધાનો થવા જોઇએ નહીં પક્ષ પણ વ્યથિત છે. પરંતુ ક્ષત્રિય સમાજ મોટુ મન રાખે અને પરિવારની જેમ જ ભાજપ સાથે રહે તે પણ ભાજપ દિલથી ઇચ્છે છે. અત્યાર સુધી દિમાગથી ડેમેજ કન્ટ્રોલના પ્રયાસો નિષ્ફળ નિવડ્યા બાદ હવે ભાજપે ઇમોશનલ અપીલ આંતરીક રીતે કરવાનું શરુ કર્યું હોય તેવું જણાવતા પક્ષના સુત્રોએ કહ્યું હતું કે રૂપાલાના નિવેદનનો બચાવ થઇ શકે નહીં અને તેમણે માફી માંગી લીધી છે ઉપરાંત પ્રદેશ પ્રમુખે પણ લગભગ માફીની જેમ ક્ષત્રિય

સૌરાષ્ટ્રમાં જામનગર બેઠકમાં ક્ષત્રિય મતદારોની મોટી હાજરીઃ વાતાવરણ પણ ઉગ્ર છેઃ કોંગ્રેસના લેઉવા ઉમેદવાર હોવાથી ક્ષત્રિય ઉપરાંત આ વિસ્તારમાં મોટી હાજરી ધરાવતા મુસ્લિમ મતો એક થઇ શકે છેઃ હકુભા ફેક્ટર પણ ચર્ચામાંઃ ગાંધીનગર રિપોર્ટ

સમાજને વિનંતી કરી છે. જો કે પક્ષના ટોચના સુત્રોએ જણાવ્યું કે હજુ પણ ક્ષત્રિય સમાજમાં ૧ % ડેમેજ કન્ટ્રોલ થઇ શક્યું નથી તે વાસ્તવિક છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ૧૪ જિલ્લાઓમાં પ્રવાસ કરીને ક્ષત્રિય સમાજના અગ્રણીઓ કે જે ઓ ભાજપમાં છે તેની સાથે સંવાદ કર્યો હતો. પરંતુ તેમાં પણ હજુ સુધી કોઇ સફળતા મળી નથી અને ભાજપની ચિંતા ફક્ત ક્ષત્રિય સમાજ નહીં પણ અન્ય નાના સમાજો પણ છે અને લઘુમતિઓ પણ છે. અને જો ક્ષત્રિય સમાજની સાથે આ નાના સમાજોના મત પણ સ્વીંગ થાય તો ભાજપ માટે થોડી બેઠકો પર ચિંતા થઇ શકે છે. સૌથી મોટી બાબત એ છે કે પ્રચારના પ્રારંભે આ વિવાદ શરુ થઇ ગયો છે અને તે શમી જશે તેવી ભાજપની જે ગણતરી હતી તે ઉંધી વળી છે અને ક્ષત્રિય સમાજના કાર્યક્રમો વધુને વધુ ઉગ્ર બની રહ્યા છે. પક્ષને અત્યાર સુધીનો કાર્યાલયના ઉદ્ઘાટનના અને પ્રચારના પ્રારંભના નાના કાર્યક્રમોમાં ક્ષત્રિય સમાજના રોષનો સામનો કરવો પડ્યો છે પરંતુ હવે પ્રચારે જ્યારે વેગ પકડ્યો છે તે સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને અન્ય ટોચના નેતાઓના પ્રવાસ ગુજરાતમાં વધશે અને તેમની સભાઓમાં કે આયોજનોમાં જો ક્ષત્રિય સમાજનો વિરોધ પ્રદર્શિત થાય તો તેનો સંદેશ સમગ્ર દેશમાં જાય તેવો ભય છે. અને ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોમાં

રૂપાલાના વિધાનોનો બચાવ કરી શકાય તેમ નથી, મોવડી મંડળ પણ વ્યથિત છેઃ ક્ષત્રિય સમાજને છૂપો સંદેશ આપવા પ્રયાસઃ રાજકીય મુદ્દો ન બનાવવા પણ સમજાવાશેઃ વૈમનસ્ય વધે નહીં તે પણ સરકારની ચિંતા

અત્યાર સુધી દિમાગથી ડેમેજ કન્ટ્રોલ કરાયું હવે ઇમોશનલ અપીલની તૈયારીઃ મોદી પણ તે મુદ્દે કોઈ સંકેત આપી શકેઃ પ્રચારના આખરી દિવસ સુધી સતત અપગ્રેડ થવાશે

તો ક્ષત્રિય સમાજ ભવિષ્યમાં ભાજપથી પણ દૂર રહેવાનો ભય

રાજકોટમાં જે રીતે ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે વિધાનો કરીને વિવાદ સર્જ્યો છે તે પછી હજુ સુધી કોઇ વિકલ્પ ભાજપને મળ્યો નથી. ભાજપની ચિંતા ફક્ત લોકસભા ચૂંટણીની નથી પણ ભવિષ્યની પણ છે. જે રીતે આદિવાસી વોટ બેંક કે જે એક વખત કોંગ્રેસની ગણાતી હતી ત્યાં ભાજપને પ્રવેશવામાં લાંબો સમય લાગ્યો, હજુ પણ ૧૦૦ ટકા આ સમાજ ભાજપ સાથે નથી. જ્યારે ઓબીસી સમાજને એક કરવામાં ભાજપ હાલ સફળ રહ્યો છે. જ્યારે ક્ષત્રિય સમાજ ભાજપની સાથે જ રહ્યો છે. જો કે તે અલગ બાબત છે કે લોકસભામાં ભાજપે આ સમાજને ટીકીટ આપી નથી છેલ્લે ભાવનગરમાં રાજેન્દ્રસિંહ રાણા પછી સૌરાષ્ટ્રમાં ભાજપનો એક પણ ક્ષત્રિય સાંસદ નથી અને જે રીતે પાટીદાર અને કોળી સમુદાયને મહત્વ અપાયું છે તેટલું મહત્વ આ સમાજને અપાયું નથી અને આ વિવાદને પગલે ક્ષત્રિય સમુદાય ભાજપથી દૂર થઇ જાય તો ભવિષ્યમાં તેને પક્ષની સાથે રાખવામાં મુશ્કેલી પડે. ભાજપના ક્ષત્રિય આગેવાનો પણ તે સ્વીકારે છે.

બનાસકાંઠા, સાબરકાંઠા, વલસાડ સહિતના જિલ્લાઓમાં કોંગ્રેસના ઉમેદવાર મજબૂત ટક્કર આપે છે તેથી આદિવાસી મતોમાં ભાગલા નિશ્ચિતઃ હવે ક્ષત્રિય અને લઘુમતિ મતો પણ તેમાં ભળે તો પરિણામ પર અસર થઇ શકેઃ પક્ષનું આંકલન

અગાઉથી જ ક્ષત્રિય સમાજ અલગથી ઓળખ ધરાવે છે તેનો અસંતોષ છે અને ગુજરાત સાથે તે જોડાઇ જાય તો તે ભાજપ માટે રાજ્ય બહાર પણ મુશ્કેલી સર્જી શકે છે.

સુત્રોના જણાવ્યા મુજબ અનેક બેઠકો એવી કે જ્યાં મોટા સાથે નાના સમાજોના મતો ભાજપ માટે મહત્વના છે. ખાસ કરીને આદિવાસી બેલ્ટમાં ભાજપને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો સારી ટકર આપી રહ્યા છે. બનાસકાંઠા, સાબરકાંઠા, ભરુચ, વલસાડ સહિતની બેઠકોમાં કોંગ્રેસના મજબૂત ઉમેદવારોના કારણે આદિવાસી મતોમાં ભાગલા પડશે અને આ ક્ષેત્રોમાં ક્ષત્રિય મતોનું પ્રમાણ પણ ઉંચુ છે. આ ઉપરાંત લઘુમતિ મતો પણ ત્યાં એવા પ્રમાણમાં છે કે જ્યાં ભાજપ માટે મતદાન કરતાં નથી અને જો આ તમામ મતદારોનું સ્વીંગ એક સાથે થાય તો ભાજપની બેઠકો જોખમમાં મુકાઇ શકે છે. આવી જ રીતે સૌરાષ્ટ્રમાં રાજકોટ લોકસભા બેઠક પર લેઉવા-પાટીદારોના મતો ૧૦૦ ટકા ભાજપ સાથે રહેશે કે કેમ

અત્યાર સુધી કાર્યાલય ઉદ્ઘાટન અને નાની સભાઓમાં ક્ષત્રિયોનો વિરોધ દેખાતો હતો પણ મોદી સહિતના રાષ્ટ્રીય નેતાઓની સભામાં જો વિરોધ પ્રદર્શન થાય તો રાષ્ટ્રીય સ્તરે પણ મેસેજ જવાનો ભય

તે પણ પ્રશ્ન છે. જ્યારે જામનગરમાં પણ કોંગ્રેસ પક્ષે લેઉવા-પાટીદારને ઉમેદવાર બનાવ્યા હોવાથી ભાજપના આહિર ઉમેદવાર પૂનમબેન માડમને આ મતોથી વંચિત રહેવું પડે તેવી પણ શકયતા છે. જામનગરની બેઠકમાં ક્ષત્રિય મતોની સંખ્યા મોટી છે અને ભાજપે અહીં કોંગ્રેસમાંથી આવેલા પૂર્વ ધારાસભ્ય હકુભા જાડેજાને એક વખત ટીકીટ આપ્યા બાદ ૨૦૨૨માં પડતા મુક્યા અને તેના બદલે રિવાબા જાડેજાને ટીકીટ આપી હતી. હકુભાઇએ જામનગર મત ક્ષેત્રોમાં જબરુ વર્ચસ્વ ધરાવતા નેતા છે અને તેમનું રાજકારણ હવે કંઇ બાજુ જશે તે પ્રશ્ન છે. અને આ ફેક્ટર પણ જામનગર મત વિસ્તારમાં કામ કરી શકે છે. આમ લેઉવા-પાટીદાર તથા ક્ષત્રિય મતો સાથે લઘુમતિ મતો ભળી જાય તો પ્રશ્ન સર્જાઇ શકે છે અને કોંગ્રેસે જે રીતે લેઉવા-પાટિદારને વધુ ટીકીટ આપી છે તે મેસેજ પણ આ સમાજમાં જઇ રહ્યો છે તેવું કોંગ્રેસનું માનવું છે. આમ ભાજપ ડેમેજ કન્ટ્રોલ કરવા માટે નિષ્ફળ રહ્યા બાદ હવે વધુને વધુ નાના સમાજોને પોતાની સાથે લેવા માટે પ્રયાસ કરી રહ્યો છે અને તેમાં કેટલી સફળતા મળશે તે પણ પક્ષને હજુ કોઇ આખરી સંકેત મળ્યો નથી.

રાજકોટ કસ્ટડીયલ ડેથ કેસમાં ઈજાગ્રસ્ત બીજા યુવાનનું પણ મોત : ૩ લોકોને ઉઠાવી પોલીસે ઢોર માર માર્યાનો નવો ઘટસ્ફોટ

ગઈકાલે રાત્રે ૮ વાગ્યે રાજુભાઈ સોલંકી પોતાના ઘરે બેભાન થઈ ગયા બાદ, સિવિલ હોસ્પિટલમાં ખસેડતા મૃત જાહેર કરાયાઃ અગાઉ ૧૬ એપ્રિલે હમીર ઉર્ફે ગોપાલ રાઠોડનું સારવારમાં મોત થયેલું

હમીર ઉર્ફે ગોપાલ, રાજુ સોલંકી અને તેના પુત્ર જયેશ સોલંકીને ઉઠાવી લઈ પોલીસે પ્લાસ્ટિકના પાઈપથી ત્રણેયને ઢોર માર માર્યો હતો

મૃતક રાજુભાઈનો ફાઈલ ફોટો, નિષ્પ્રાણદેહ, સિવિલ હોસ્પિટલમાં એકત્ર થયેલા લોકો, ખડેપગે રહેલા પોલીસ અધિકારીઓ નજરે પડે છે.

(તસવીરઃ ભાવિન રાજગોર)

રાજકોટ, તા.૨૫

રાજકોટ કસ્ટડીયલ ડેથ કેસમાં ઈજાગ્રસ્ત બીજા યુવાનનું પણ મોત થયું છે. ઉપરાંત બીજો એવો ઘટસ્ફોટ પણ થયો છે કે, ૩ લોકોને ઉઠાવી પોલીસે ઢોર માર માર્યો હતો.ગઈકાલે રાત્રે ૮ વાગ્યે રાજુ ભાઈ ભગવાનજીભાઈ સોલંકી(ઉ.વ.૪૫, રહે. ખોડિયારનગર, શેરી નં.૧૭, ૧૫૦ ફૂટ રિંગ રોડ) પોતાના ઘરે બેભાન થઈ ગયા બાદ, સિવિલ હોસ્પિટલમાં ખસેડતા મૃત જાહેર કરાયા હતા. અગાઉ ૧૬ એપ્રિલે હમીર ઉર્ફે ગોપાલ રાઠોડનું સારવારમાં મોત થયું હતું.

બનાવની પોલીસ સૂત્રો અને પરિવારજનો પાસેથી મળતી વિગત મુજબ, ગત તા.૧૪ એપ્રિલની રાત્રે ૧૦.૩૦ વાગ્યે રાજુભાઈને તેના પાડોશમાં રહેતા તેના કૌટુંબિક કાકી શારદાબેન બાવનજીભાઈ સરવૈયા સાથે ઝઘડો થયો હતો. ઝઘડાનું કારણ એવું હતું કે, બાવનજીભાઈ અપશબ્દો બોલતા હોય, રાજુભાઈએ બોલવાની ના પાડતા બોલાચાલી બાદ કાકી સાથે ઝઘડો થયેલો. જેથી કાકીએ પોલીસ બોલાવી હતી. જેથી રાજુ ભાઈનો પુત્ર જયેશ સોલંકી(ઉ.વ.૨૦) હમીરભાઈ ઉર્ફે ગોપાલભાઈને બોલાવવા ગયેલ. દરમિયાન બે કે ત્રણ પોલીસમેન પોલીસ વાનમાં આવેલ. હમીર, રાજુ અને જયેશને ઉઠાવી ગયેલ. પોલીસ મથકમાં ત્રણેયને માર મારેલ. જેથી સગા સંબંધી અને પરિવારના સભ્યો પોલીસ મથકે દોડી જતા, હમીરને વધુ લાગી ગયું હોય, પોલીસે ૧ વાગ્યે જ છોડી દીધેલ. જે પછી રાજુ અને જયેશ ઉપર ચેપ્ટર કેસ કરી અટકાયત કરેલ. ૧૫ એપ્રિલ સાંજે ૬ વાગ્યા આસપાસ રાજુ અને જયેશને પણ જામીન પર છોડી દીધેલ. બંને પિતા પુત્ર ઘરે જતા રહ્યા હતા. આરામ કર્યો હતો. પછી બીજે દિવસે સવારે હમીરભાઈનું મોત થતા બંને પિતા પુત્ર વોકહાર્ટ હોસ્પિટલમાં ગયા હતા. રાજુભાઈને તબિયત ઠીક ન જણાતા તે ઘરે જતા રહ્યા હતા અને આરામ કરતા હતા. હમીરભાઈનો મૃતદેહ સ્વીકારી લીધા પછી તા.૨૦ એપ્રિલે રાજુભાઈની તબિયત ખૂબ જ બગડતા તત્કાલ તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

તેઓ હોસ્પિટલ પોતાના પત્ની સોનલબેન અને પુત્ર જયેશ સાથે પહોંચ્યા એ વાત પોલીસને જાણ થઈ જતા તુરંત કેટલાક પોલીસ મેન હોસ્પિટલમાં પહોંચી ગયા હતા. જયેશે જણાવ્યું કે, સવારે ૧૦ વાગ્યે અમે સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા. સાંજે ૫ વાગ્યે ત્યાંથી નિકળા હતા. આ દરમિયાન પોલીસના લોકો સિવિલ ડ્રેસમાં અમારી આસપાસ જ રહ્યા હતા. અમે ડોક્ટરને મારા પિતાને દાખલ કરવા કહ્યું પણ ડોક્ટરને સાદા ડ્રેસમાં રહેલા પોલીસ કર્મીએ કાનમાં કંઈક કહ્યું એ પછી મારા પિતાને દાખલ કરાયા નહોતા. ઘરે આવ્યા પછી મારા પિતા આરામમાં જ હતા. તેઓ ઉભા થઈ શકતા નહોતા. ગત રાત્રે તબિયત બગડતા સિવિલ હોસ્પિટલમાં લાવતા તેમને મૃત જાહેર કરાયા હતા.

બનાવ કસ્ટડીયલ ડેથમાં બેવડી હત્યામાં પલટાયો હતો. બનાવની જાણ થતાં લોકોના ટોળા એકત્ર થયા હતા. હોસ્પિટલમાં મોટી સંખ્યામાં લોકો પહોંચતા પોલીસ કાફલો પણ ખડકી દેવાયો હતો. ડીસીપી, એસીપી સહિતના દોડી ગયા હતા. હાલ આજ સવારે પીએમ કરવામાં આવ્યું છે. રાજુભાઈ કારખાનામાં મજૂરી કરતા, તેમને સંતાનમાં ૧ દીકરો અને ૧ દીકરી છે. તેઓ બે ભાઈ, ત્રણ બહેનમાં બીજા નંબરના હતા. તેમનું મૂળ વતન ગોંડલ તાલુકાનું બેટાવડ ગામ છે. બેટાવડ ખાતે તેમની અંતિમ વિધિ થશે. પરિવારે કલ્પાંત સાથે જણાવ્યું કે, આ બનાવમાં મૃતકોને ન્યાય મળે તેવી જ મારી સરકાર પાસે માંગ છે. ઉલ્લેખનીય છેકે, રાજુભાઈને લીવરની તકલીફ હતી અને તેની સારવાર પણ ચાલુ હતી.

હું સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો, પણ બે કલાક સુધી કોઈએ મારી સારવાર જ ન કરી : જયેશ સોલંકી

રાજકોટઃ મૃતક રાજુભાઇ સોલંકીના પુત્ર જયેશે સાંજ સમાચારને જણાવ્યું કે, ૧૪મી એપ્રિલે રાત્રે તેને પણ પોલીસ પકડી ગઈ હતી. હમીરભાઈ અને રાજુભાઇ સાથે તેને પણ પ્લાસ્ટિકના પાઈપથી અશ્વિન કાનગડે માર માર્યો હતો. ચેપ્ટર કેસ કરી પિતા પુત્રની અટકાયત કરી હતી. ૧૫મીએ સાંજે જામીન પર છોડ્યા હતા. ૧૫મીએ હમીરભાઈનું મોત થતા જયેશ વોકહાર્ટ હોસ્પિટલે જ હતો. સિવિલ હોસ્પિટલ પીએમ માટે હમીરભાઈનો મૃતદેહ લઈ જવાતા તે બીજા લોકો સાથે પીએમ રૂમએ ગયો હતો. અગાઉના માર અને બે દિવસની દોડધામના કારણે જયેશને પીએમ રૂમ પાસે ચકકર આવી ગયા હતા. બે ત્રણ યુવાનોએ તેને તત્કાલ સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. જયેશના નામે કેસ ફાઈલ કઢાવી હતી. મિત્રો લીંબુ શરબત વગેરે જ્યુસ લાવ્યા હતા. બે કલાક સુધી જયેશ હોસ્પિટલના ખાટલા પર પડ્યો રહ્યો પણ કોઈ ડોકટરે તેની સારવાર કરી નહોતી. તેના ફાઈલ કેસમાં એક દવા પણ લખી દીધી નહોતી. બે કલાક બાદ જ્યુસ વગેરે પીધા પછી તબિયત ઠીક જણાતા જયેશ તેની મેળે જતો રહ્યો હતો.

પોલીસની કામગીરી શંકાસ્પદ ! : એફઆઈઆરમાં રાજુ અને તેના પુત્રને માર માર્યાનો ઉલ્લેખ જ નથી

આ સમગ્ર પ્રકરણને શરૂઆતથી જોવામાં આવે તો સૌ પ્રથમ હમીરને વોકહાર્ટ હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ તા.૧૬ એપ્રિલે વહેલી સવારે ૬ વાગ્યે એફઆઈઆર દાખલ કરવામાં આવી. આ એફઆઈઆરમાં આઈપીસી ૩૦૭ અને આઈપીસી ૩૨૩ની કલમો છે. જોકે પોલીસે આરોપી એએસઆઈ અશ્વિન કાનગડનું નામ ફરિયાદમાં લખ્યું નથી. ફરિયાદમાં લખાયા મુજબ અજાણ્યા પોલીસમેને હમીર ઉર્ફે ગોપાલને માર માર્યો હોવાનું લખાયું છે. રાજેશ સોલંકી અને તેના પુત્ર જયેશ સોલંકીને પ્લાસ્ટિકના પાઈપથી માર્યાનો ફરિયાદમાં કોઈ ઉલ્લેખ નથી. આ પછી તા.૧૬ એપ્રિલે કોન્સ્ટેબલ નરેશભાઈ રાઠોડનું નિવેદન લેવામાં આવે છે. જેમાં ફક્ત હમીર અને રાજુભાઈને માર માર્યાનો ઉલ્લેખ છે. રાજુના પુત્ર જયેશને માર માર્યાનો ઉલ્લેખ નથી. જયેશના જણાવ્યા મુજબ પોલીસે હમીરભાઈ ઉર્ફે ગોપાલભાઈ, તેમના પિતા રાજુભાઈ અને તેને પ્લાસ્ટિકના પાઈપથી માર મારવામાં આવેલ. આમ, આ સમગ્ર પ્રકરણ બની ગયા પછી તેની કાનૂની કાર્યવાહીમાં પોલીસની કામગીરી શંકાસ્પદ જણાય આવે છે.

ડીલકસ ચોકમાં જામનગરના એડવોકેટની મર્સીડીઝ કાર સાથે એસ.ટી.બસ અથડાઈ

એડવોકેટ નિલેશભાઈ મંગેની કારમાં લીસોટા પડી જતાં બસના ચાલક અશોકસિંહ ચુડાસમા સામે ફરિયાદ નોંધાવી

રાજકોટ તા.૨૫

કુવાડવા રોડ પર ડીલકસ ચોકમાંથી પસાર થતા જામનગરના એડવોકેટની મર્સીડીઝ કાર સાથે એસ.ટી. બસ અડી જતા કારમાં નુકસાની થઈ હતી. બનાવ અંગે બી-ડીવીઝન પોલીસ મથકમાં બસના ચાલક સામે ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, જામનગરના રાજનગર સોસાયટી શેરી નં.૫માં રહેતા વકીલ નીલેશભાઇ કરશનભાઇ મંગે (ઉ.વ.૫૦) એ બી.ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે એસટી બસના ચાલક અશોકસિંહ સહદેવસિંહ ચુડાસમાનું નામ આપી જણાવ્યું હતું કે, પોતે જામનગર ડીસ્ટ્રીક કોર્ટ તથા ગુજરાત હાઇકોર્ટમાં વકીલાત કરે છે. ગઇકાલે પોતે પત્ની સાથે નાનાભાઇની જીજે-૧૦-સીજી-૯૦૩૦ નંબરની કાર લઇને રણછોડનગર શેરી નં.૫ માં રહેતા સંબંધીને ત્યાં મળવા માટે ગયા હતા. બાદ ત્યાંથી જામનગર જવા માટે કારમાં બેસી જતા હતા. ત્યારે કુવાડવા રોડ પર ડીલકસ ચોકમાં કાર આગળ એક જીજે-૧૮-ઝેડ-૮૯૬૭ નંબરની એસ.ટી. બસના ચાલકે જમણી બાજુ વળાંક લેતા જે બસની જમણી બાજુ પાછળ પહોંચતા પોતે હોર્ન વગાડતા બસના ચાલકે કોઇ પ્રતિક્રિયા ન આપી પોતાની બસ ચલાવ્યે રાખી અને કારના આગળ ડાબી બાજુમાં અચાનક વણાંક વાળતા અડી જતા કારમાં લીસોટો પડી જતા ચાલકે બસ ઉભી રાખી દીધી હતી. પોતાની કારમાં નુકસાની થયેલ હોય તેથી પોતે પોલીસ કંટ્રોલમાં જાણ કરતા પોલીસ આવી જતા બંને પક્ષને બી-ડીવીઝન પોલીસ મથકમાં લઇ ગયા બાદ પોતે ફરિયાદ નોંધાવતા પોલીસે એસ.ટી. બસના ચાલક અશોકસિંહ સહદેવસિંહ ચુડાસમા (ઉ.વ.૪૪) (રહે.દેવચડીગામ, તા.ગોંડલ) સામે ગુનો દાખલ કરી હેડ કોન્સ્ટેબલ એચ.જે.જોગડાએ તપાસ હાથધરી છે.

દેશી દારૂના હાટડામાં પોલીસ ત્રાટકીઃ મહેફિલ માણતાં ૧૭ શખ્સો ડમડમ હાલતમાં ઝડપાયા

તાલુકા પોલીસની મોટી કાર્યવાહીઃ દારૂ કબ્જે કરી મહેફિલ ગોઠવનાર ધર્મેન્દ્રસિંહ ઝાલાની પૂછતાછ

રાજકોટ.તા.૨૫

૧૫૦ ફુટ રીંગ રોડ પર પુનિતનગર પાસે આવેલા વૃંદાવનનગર શેરી નં.૧૫ માં ધર્મેન્દ્રસિંહ ઝાલા નામના શખ્સના મકાનમાં તાલુકા પોલીસે દરોડો પાડી દારૂની મહેફિલ માણતા ૧૬ મળી કુલ ૧૭ શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ, તાલુકા પોલીસ મથકના પીઆઈ ધવલ હરિપરાની રાહબરીમાં ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે ધર્મેન્દ્રસિંહ ઝાલાના મકાનમાં ચાલતી દેશી દારૂની મેહીફિલમાં દરોડો પાડી અરવિંદ જીવણ ચાંડપા (ઉ.વ.૩૮ રહે. પાળ), લાલુભા રાજેન્દ્રસિંહ જાડેજા(ઉ.વ. ૩૯, રહે. પુનિતનગર), રાજું કાળુ ડાકી (ઉ.વ. ૩૫, રહે. પુનિતનગર પાણીના ટાંકા સામે), જયસુખ માયા રાઠોડ (ઉ.વ. ૪૧, રહે. ગૌતમ બુધ્ધનગર, વાવડી),અતુલ બાબુ ભટ્ટી (ઉ.વ. ૪૧,રહે.જૂના ગણેશનગર, કોઠારીયા રોડ),ભાવેશ નાગજી કોરાટ (ઉ.વ. ૪૩, રહે. વાવડી ગામ), નવીન કિશોર રાઠોડ (ઉ.વ.૪૫, રહે. ગૌતમ બુધ્ધનગર), શૈલેષ ભીખા મકવાણા (ઉ.વ. ૨૬, રહે. પાળ), કાંતી મંગા ચૌહાણ (ઉ.વ. ૩૬, રહે. ચામુંડાનગર, મવડી પ્લોટ), જયેશ જયશંકર પંડિત (ઉ.વ.૪૮,રહે. ઉદયનગર, મવડી),કિરીટ પુના રાઠોડ (ઉ.વ.૪૨, રહે. ગૌતમ બુધ્ધનગર),કરીમ બાઉદીન સમા (ઉ.વ.૨૬, રહે. જંગલેશ્વર),હેમાંગ હરેશ દવે (ઉ.વ. ૪૯,રહે. જુની પપૈયા વાડી, ગુરૂપ્રસાદ ચોક), લક્કીરાજસિંહ અજીતસિંહ જાડેજા (ઉ.વ. ૨૮, રહે. વિશ્વકર્મા સોસાયટી પાસે), રવિ વિનોદ વડાલીયા (ઉ.વ. ૩૪, રહે. સત્યમ હિલ્સ, વાવડી) અને વિક્રમ બટુકભાઈ પતરીયા (ઉ.વ. ૫૧, રહે. લાભદીપ સોસાયટી, મવડી ચોક) ની ધરપકડ કરી હતી.

પોલીસે આરોપી પાસેથી રૂ.૧૦૦ની કિંમતનો ૫ લીટર દેશી દારૂ કબ્જે કરી પુછપરછ હાથ ધરી હતી.

મારવાડી યુનિ.નાં ૨૨૫ છાત્રોને નામાંકિત કંપનીમાં જોબ મળી

ત્રણ છાત્રોને ફેડરલ બેંકમાં રૂા.૧૪ લાખ સુધીનું સર્વોચ્ચ પેકેજ મળ્યું

રાજકોટ,તા.૨૫

રાજકોટમાં આવેલી મારવાડી યુનિવર્સિટીએ હાલમાં જ તેની પ્લેસમેન્ટની પ્રવૃત્તિ પૂરી કરી હતી. જેમાં મેનેજમેન્ટના ૨૨૫ વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક નોકરી મળી ગઈ છે. મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન ગ્રુપનો એક હિસ્સો ગણાતી સંસ્થા મારવાડી યુનિવર્સિટી જ્ઞાનના પ્રચાર- પ્રસાર નવીનીકરણને પ્રોત્સાહન આપવા તથા ભવિષ્યની પેઢીઓ માટે સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક માહિતીઓનું સંરક્ષણ કરવા માટે સમર્પિત છે.

ગ્રેજ્યુએટ થનારા કુલ ૩૫૬ વિદ્યાર્થીઓમાંથી ૨૨૫ વિદ્યાર્થીઓને પહેલેથી જ નોકરી મળી ગઈ છે અને બાકીના વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટના ફાઈનલ રાઉન્ડ્સ ચાલી રહ્યા છે. ખાનગી ક્ષેત્રની બેંક ફેડરલ બેંકે ત્રણ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ. ૧૪ લાખ સુધીનું સર્વોચ્ચ પેકેજ આપ્યું છે. જે વિદ્યાર્થીઓને ઊંચા પેકેજની નોકરીઓ મળી છે, તેમાં શેખર કમલજ, નમન શશી, હિમજા માંડડ અને કૃણાલી શાહનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ માટેનો આ પ્લેસમેન્ટનો રાઉન્ડ સપ્ટેમ્બર ૨૦૨૩માં શરૂ થયો હતો.

મારવાડી યુનિવર્સિટીના પ્રો. વાઇસ ચાન્સેલર ડો. આર. બી. જાડેજાએ જણાવ્યું હતું કે, ભારતમાં વ્યાપક ઉપસ્થિતિ ધરાવતી રાષ્ટ્રીય અને બહુ-રાષ્ટ્રીય કંપનીઓમાં અમારા એમબીએના વિદ્યાર્થીઓને જે નોકરીઓ મળી છે, તે અમારા માટે ગર્વની વાત છે. તે મારવાડી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને જે વૈશ્વિક સ્તરનું મેનેજમેન્ટનું શિક્ષણ આપવામાં આવે છે, તેનો પુરાવો છે. તે આ સંસ્થાના તમામ ફેકલ્ટી મેમ્બરો માટે એક સન્માનની બાબત છે, જેઓ મેનેજમેન્ટના શિક્ષણમાં વિદ્યાર્થીઓના ભવિષ્યને ઘડવામાં અથાક મહેનત કરી રહ્યાં છે.'

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે મારવાડી યુનિવર્સિટીના ફેકલ્ટી ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝના ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ રાઉન્ડમાં લગભગ ૧૧૪ જેટલી કંપનીઓએ ભાગ લીધો હતો. તેમાં સમગ્ર દેશમાંથી બેંકિંગ, ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગૂડ્સ (એફએમસીજી), મેન્યુફેક્ચરિંગ, ફાઇનાન્શિયલ એડવાઇઝરી અને સીરામિક મેન્યુફેક્ચરિંગ સેકટરની કંપનીઓનો સમાવેશ થાય છે. પ્લેસમેન્ટ રાઉન્ડ માટે જે કેટલીક પ્રમુખ કંપનીઓએ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. તેમાં ફેડરલ બેંક, બર્જર પેઇન્ટ્સ. એકસાઇડ ઇન્ડસ્ટ્રીઝ, જૂનોમોનેટા ફિનસોલ, એચડીએફસી બેંક, બજાજ ફાઇનાન્સ, પોલીકેબ ઇન્ડિયા, એક્સિસ બેંક, ઉજ્જીવન સ્મોલ ફાઇનાન્સ બેંક, સીઆઈઈ ઑટોમોટિવ, સ્વિગી, આઈસીઆઈસીઆઈ બેંક વગેરેનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૧૩માં ભરતી માટે ફક્ત ૨૦ કંપનીઓએ જ યુનિવર્સિટીના કેમ્પસની મુલાકાત લીધી હતી, ત્યાંથી શરૂ કરીને આજે મારવાડી યુનિવર્સિટી ૨,૦૦૦+ સહયોગીઓ ધરાવે છે, જેમાં સૌથી પ્રતિષ્ઠિત કંપનીઓ અને બોર્ડ પર રહેલા બહુરાષ્ટ્રીય કોર્પોરેશનોનો સમાવેશ થાય છે.

જામજોધપુરમાં ભાજપના કાર્યાલયના ઉદ્ઘાટન સમયે ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન

(ભરત ગોહેલ)
જામજોધપુર તા.૨૫

જામજોધપુરમાં ભાજપના કાર્યાલયના ઉદ્ઘાટન સમયે જ ક્ષત્રિય સમાજે વિરોધ પ્રદર્શન કરી સુત્રોચ્ચાર કર્યા હતા જો કે આયોજીત સભામાં ક્ષત્રિય સમાજના ૨૦૦ યુવાનો ઘુસે તે પહેલા જ તેઓની પોલીસે અટકાયત કરી હતી.

સભામાં ૨૦૦ યુવાનો ઘુસે તે પહેલા જ પોલીસે કરી અટકાયતઃ સુત્રોચ્ચાર

જામજોધપુરમાં લોકસભાના ઉમેદવાર પુનમબહેન માડમના ભારતીય જનતા પાર્ટીના મધ્યસ્થ કાર્યાલયનો ઉદઘાટન સમારોહ યોજાયો હતો. આ ઉદઘાટન સમ

દેશમાં ખાનગી સંપત્તિના સામાજીક ડિસ્ટ્રીબ્યુશન મુદ્દે સર્જાયેલા વિવાદ વચ્ચે સર્વોચ્ચ અદાલતમાં મહત્વની સુનાવણી

લોક કલ્યાણ માટે વ્યકિતગત સંપત્તિનું અધિગ્રહણ થઇ શકે નહીં : સુપ્રિમ

૨૫ વર્ષ પૂર્વેના મુંબઇ પ્રોપર્ટી ઓનર્સ એસોસીએશનના કેસમાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડના અધ્યક્ષ પદ હેઠળની ૯ ન્યાયમૂર્તિઓની ખંડપીઠનું મહત્વનું નિરીક્ષણ : બંધારણની કલમ ૩૯-બી તથા ૩૧-સીનું અર્થઘટન કરાશે

કુદરતી સ્ત્રોતો સહિતના સામાજીક ઉપયોગમાં લઇ શકાય તેવી મિલ્કતો મુદ્દે અલગથી વિચારણા શકય પરંતુ વ્યકિતગત મિલ્કતોને અધિગ્રહણ મુદ્દે તે લાગુ કરી શકાય નહીં : સુનાવણીમાં વધુ રસપ્રદ અર્થઘટનની તૈયારી

નવી દિલ્હી, તા. ૨૫

દેશમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાથી વારસદાર ટેકસનો મુદ્દો ફરી એક વખત રાજકીય ચર્ચામાં આવી ગયો છે તે સમયે સર્વોચ્ચ અદાલતે ગઇકાલે એક મહત્વપૂર્ણ નિરીક્ષણમાં જણાવ્યું હતું કે સામાજીક બદલાવની ભાવના એ બંધારણનો ઉદ્દેશ્ય છે પરંતુ કોઇની વ્યકિતગત સંપતિ સામાજીક હેતુ માટે અધિગ્રહણ કરવાનું ખ્યાલ ખતરનાક હશે. સર્વોચ્ચ અદાલતે ૧૯૭૭માં ન્યાયમૂર્તિ વી.આર.કિ્ષ્નાઐય્યરના ચુકાદાને માર્કસવાદી અર્થઘટન ગણાવ્યું હતું અને તેમાં કોઇની વ્યકિતગત સંપતિને જાહેર હેતુ માટે અધિગ્રહણને માન્યતા આપી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂંડે જણાવ્યું હતું કે માર્કસવાદી સામ્યાવાદી વિચારધારા દર્શાવે છે કે જે કંઇ વ્યકિતગત છે તે સર્વ સમાજનું છે અને તે વ્યકિતગત હકક કરતા સામાજીક હકકને વધુ મહત્વ આપે છે. ડી.વાય.ચંદ્રચૂડે સ્પષ્ટતા કરી કે કુદરતી સ્ત્રોતો સરકાર પાસે હોય છે તે અલગથી અર્થઘટન થઇ શકે. કોમ્યુનિટી પ્રોપર્ટીમાં આ પ્રકારના સ્ત્રોતો સમાવેશ થઇ શકે પરંતુ એ બંને વચ્ચે અંતર સ્પષ્ટ કરવું અત્યંત જરૂરી છે કે હાલ કે ભવિષ્યમાં કોઇ ટ્રસ્ટની મિલ્કતો અથવા તો વ્યકિતગત મિલ્કતો વચ્ચે એક જ સમાન અભિગમ દાખવી શકાય નહીં અને સામાજિક મિલ્કતોમાં કુદરતી સ્ત્રોતો ગણી શકાય.

સર્વોચ્ચ અદાલતનું આ નિરીક્ષણ હાલના વિવાદમાં મહત્વનું છે. લોકકલ્યાણ માટે કોઇની સંપતિ પર કબ્જો કરવો યોગ્ય ગણાય કે ખોટુ સુપ્રિમ કોર્ટ દ્વારા હજુ આ મુદ્દે સુનાવણી થયાવત રખાઇ છે. મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડ ૯ સભ્યોની ખંડપીઠ ૨૫ વર્ષ અગાઉના કેસમાં સુનાવણી કરી રહી છે અને સર્વોચ્ચ અદાલત એ મુદ્દા પર વિચારણા કરે છે કે વ્યકિતગત સંપતિને સમાજના ભૌતિક સંશાધનને માન્ય રાખી શકાય કે નહીં આ પહેલા મુંબઇના પ્રોપર્ટી ઓનર એસોસીએશન સહિતના અનેક પક્ષોએ સુપ્રિમ કોર્ટમાં રજુઆત કરી હતી કે બંધારણની કલમ ૩૯-બી અને ૩૧-સી દ્વારા સંવેધાનીકની આડમાં રાજય સરકાર કોઇ ખાનગી સંપતિ પર કબ્જો કરી શકે નહીં. દેશમાં એક તરફ લોકસભા ચૂંટણી ચાલી રહી છે અને તેમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા એ વિવાદના કેન્દ્રમાં આવી ગયો છે તથા તેની સાથે કોંગ્રેસના મેન્ટર સામ પિત્રોડાએ કરેલા વિધાનો પણ ચર્ચામાં છે. તે સમયે સર્વોચ્ચ અદાલત હવે આ સંબંધીત એક કેસમાં વિચારણા કરી રહી છે.

આ વિચારણામાં સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ ઋષિકેશ રોય, વી.વી.નાગરત્ના સહિતના ૯ ન્યાયમૂર્તિઓ વિચારણા કરી રહ્યા છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે જર્જરીત ઇમારતો પૂરી રીતે પોતાના કબ્જામાં લઇ લેવા માટે મહારાષ્ટ્ર સરકારનો કાનુન યોગ્ય છે કે કેમ તે માટે અલગથી વિચારણા થશે.

રાહુલ અને પ્રિયંકા ગાંધી પણ ગુજરાતમાં પ્રચાર કરશે

કોંગ્રેસ મોવડી મંડળે આળસ મરડી: અનેક નેતાઓને ગુજરાત મોકલશે

રાજકોટ, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કાર્યક્રમ નિશ્ચિત થવાની સાથે કોંગ્રેસ મોવડી પણ હવે આળસ મરડીને હવે બેઠુ થયું છે અને પ્રિયંકા ગાંધી તા.૨૭ના રોજ વલસાડ લોકસભા બેઠક માટે ધરમપુરમાં સભાને સંબોધશે તો રાહુલ ગાંધી તા.૨૯ના રોજ પાટણ આવી રહ્યા છે અને તેઓ અહીં કોંગ્રેસની રેલીને સંબોધશે.

આ ઉપરાંત તા.૨૮ના રોજ પક્ષના પ્રવકતા અભિષેક મનુ સિંઘવી અમદાવાદમાં પત્રકાર પરિષદ સંબોધશે જ્યારે તેલંગણાના મુખ્યમંત્રી રેવન્થ રેડ્ડી, રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગહેલોત અને છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલ કોંગ્રેસની સભાઓને સંબોધશે. કોંગ્રેસે આ ઉપરાંત કનૈયા કુમારને ગુજરાતમાં સભા સંબોધવા ખાસ આમંત્રણ આપ્યું છે. જ્યારે અલ્કા લાંબા, પવન ખેડા અને ઇમરાન પ્રતાપગઢી પણ ગુજરાત આવી રહ્યા છે.

હવે રાહુલના વિધાનો બદલ કોંગ્રેસને ચૂંટણી પંચની નોટીસ

કોઇ નેતા આચારસંહિતાનો ભંગ કરે તો તેના પક્ષના વડાને પણ નોટીસ પાઠવાશે : પંચ

નવી દિલ્હી, તા. ૨૫

લોકસભા ચૂંટણીમાં જે રીતે આક્ષેપબાજીઓ અને વ્યકિતગત હુમલા વધી રહ્યા છે તે વચ્ચે ચૂંટણી પંચે તમામ નેતાઓને સાવધ કરતા રાજકીય પક્ષોને લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ ૭૭ હેઠળ પક્ષના અધ્યક્ષને જવાબદાર ગણાવાશે તેવી સ્પષ્ટ ચેતવણી આપી છે. હાલમાં જ જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આક્ષેપબાજી કરી તેમાં પણ આચારસંહિતાનો ભંગ થાય તે પ્રકારના વિધાનો કર્યા તે માટે ભાજપ-કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખોને ચૂંટણી પંચે નોટીસ આપી છે તો બીજી તરફ મોદી બાદ રાહુલ ગાંધીના વિધાનો મુદે પણ કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને નોટીસ આપી છે. ભાજપે કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે રાહુલ ગાંધી દેશમાં ગરીબીની સ્થિતિ અંગે ખોટા આક્ષેપો અને દાવા કરી રહ્યા છે અને એટલું જ નહીં ઉતર અને દક્ષિણના ભાગલા પડે તેવા વિધાનો કરી રહ્યા છે જે બદલ કોંગ્રેસે જવાબ આપવાનો રહેશે.

JEE મેઈનમાં એલનનો ડંકો: બે વિદ્યાર્થી ટોપર્સ

ટોપ ૫૦૦ AIR માં ૬ વિદ્યાર્થીઓ, ટોપ ૧૦૦૦ AIR માં ૧૧, ટોપ ૨૦૦૦ AIR માં ૧૫, ટોપ ૫૦૦૦ AIR માં ૨૩ અને ટોપ ૧૦,૦૦૦ AIR માં ૩૧ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું

તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટ:તા ૨૫

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ૨૫ એપ્રિલ ૨૦૨૪ના રોજ દેશની સૌથી મોટી એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા, JEE મેઇન ૨૦૨૪નું અંતિમ પરિણામ જાહેર કર્યું છે. એલન રાજકોટના વિદ્યાર્થીઓ છેલ્લા ૫ વર્ષથી સતત JEE મેઇનના પરિણામોમાં ટોપ પર્સન્ટાઇલ મેળવીને સૌરાષ્ટ્રના ટોપર્સ બન્યા છે અને આ વર્ષે તેઓ ગુજરાતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ઐતિહાસિક પરિણામો આપી ગૌરવ અપાવ્યું છે.

એલન રાજકોટ સેન્ટર હેડ અમૃતાશ મુખર્જીએ જણાવ્યું હતું કે એલન રાજકોટના ક્લાસરૂમ વિદ્યાર્થી મીત પારેખ એ અઈંછ ૨૮ અને હર્ષલ કાનાણીએ AIR 44 સ્કોર પ્રાપ્ત કર્યો તેમજ બંનેએ ૧૦૦-૧૦૦ પર્સન્ટાઈલ સ્કોર પ્રાપ્ત કરીને સંયુક્ત રીતે ''ગુજરાત ટોપર્સ'' બન્યા છે. આ સાથે અન્ય વિદ્યાર્થી દ્વિજા પટેલે AIR ૫૮ મેળવીને ગર્લ કેટેગરીમાં સૌરાષ્ટ્ર ટોપરનું બિરુદ મેળવ્યું જે સમગ્ર સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ છે.

ALLEN રાજકોટના ટોપ ૫૦૦ AIR માં ૬ વિદ્યાર્થીઓ, ટોપ ૧૦૦૦ AIR માં ૧૧, ટોપ ૨૦૦૦ AIRમાં ૧૫, ટોપ ૫૦૦૦ AIR માં ૨૩ અને ટોપ ૧૦,૦૦૦ AIRમાં ૩૧ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું જ્યારે ૧૦૨ વિદ્યાર્થીઓએ JEE એડવાન્સ્ડ ૨૦૨૪ માં બેસવાનું પસંદ કર્યું છે. એલન રાજકોટના વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલા આ પરિણામો સૌરાષ્ટ્રના ઈતિહાસમાં સૌથી વધુ છે. આ ઉપરાંત ૯ વિદ્યાર્થીઓએ પણ એક અથવા વધુ વિષયોમાં ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે.

નિયમિત શિસ્તબદ્ધ અભ્યાસ અને પુનરાવર્તને ટોપર બનાવ્યો: મિત પારેખ

JEE ના પરિણામ ૨૦૨૪ માં ગુજરાત ટોપર - ઓલ ઈન્ડિયા રેન્ક ૨૮ (૧૦૦ પર્સેન્ટાઈલ) મેળવનાર મિત પારેખ ના પિતા પારેખ વિક્રમભાઈ પ્રાઈવેટ કંપની મા માર્કેટિંગ મેનેજર છે.અને માતા પારેખ જ્યોતિબેન હાઉસ વાઇફ છે. મિત પારેખ જણાવે છે કે હું છેલ્લા ૨ વર્ષથી ALLEN Career Institute રાજકોટમાં વર્ગખંડનો વિદ્યાર્થી છું. હું માનું છું કે નિયમિત શિસ્તબદ્ધ અભ્યાસ અને પુનરાવર્તને મને JEE મેઇન ૨૦૨૪ માં સારો સ્કોર કરવામાં મદદ કરી. તેથી, મેં મારા માટે તમામ વિષયો માટે સમાન વિતરણ સાથે યોગ્ય સમયપત્રક તૈયાર કર્યું. એલન રાજકોટના સદાબહાર ડાઉટ કાઉન્ટર્સ અને ફેક્લ્ટીઓના સંપૂર્ણ સમર્થને મને ટ્રેક પર રાખ્યો છે. એલન રાજકોટ સેન્ટર દ્વારા લેવામાં આવતી કોમ્પ્યુટર આધારિત મોક ટેસ્ટમાં પણ હાજર રહેવાથી મને પરીક્ષાની વાસ્તવિક પરિસ્થિતિ અનુભવવાની તક મળી છે. હાલમાં હું JEE એડવાન્સ્ડ ૨૦૨૪ પરીક્ષાની પણ તૈયારી કરી રહ્યો છું અને આ પરીક્ષામાં પણ ટોપ રેન્ક મેળવવાની રાહ જોઈ રહ્યો છું.

એરોસ્પેસ એન્જિનિયરિંગમાં આગળ વધવા માટે ટોચની IIT કોલેજમાં જોડાવા માટે ઉત્સુક: હર્ષલ કાનાણી

મુખ્ય JEE ૨૦૨૪ રેન્ક માં Gujarat Topper અને ઓલ ઈન્ડિયા રેન્ક ૪૪ ક્રમ મેળવનાર હર્ષલ કાનાણી ના પિતા ભરત કાનાણી ધંધો કરે છે તેમજ માતા ધર્મીસ્ટા કાનાણી ગૃહિણી છે. હર્ષલ કાનાણીએ જણાવ્યું હતું કે JEE(અમદ)માં સારા રેન્ક સાથે તેની પસંદગી બદલ તે ખુશ છે અને તે ભગવાન, માતા-પિતા અને તેના એલન ફેક્લ્ટીઓનો ખૂબ આભારી છે કે જેમણે તેની ૫ વર્ષની સફરમાં તેનું માર્ગદર્શન કર્યું છે. તમામ એલન સામગ્રીનો અભ્યાસ કર્યો. ઉપરાંત તેણે નિયમિત ધોરણે આખા અભ્યાસક્રમમાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું, શંકા કાઉન્ટરોમાં હાજરી આપી અને એલન રાજકોટ દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષાઓનો પ્રયાસ કર્યો અને તેણે તેને ટ્રેક પર રાખ્યો. પરીક્ષણ પછી માર્ગદર્શક દ્વારા માર્ગદર્શન અને નિયમિત વિશ્લેષણ, જેણે અમારી છેલ્લી ઘડીની વ્યૂહરચના તેમજ સમય વ્યવસ્થાપન તૈયાર કરવામાં અવિશ્વસનીય રીતે મદદ કરી, JEE એડવાન્સ્ડ ૨૦૨૪ ની પરીક્ષા પાસ કર્યા પછી એરોસ્પેસ એન્જિનિયરિંગમાં આગળ વધવા માટે ટોચની IIT કોલેજમાં જોડાવા માટે ઉત્સુક છે.

અન્ય વિદ્યાર્થી દ્વિજા પટેલએ AIR ૫૮ મેળવીને ગર્લ કેટેગરીમાં સૌરાષ્ટ્ર ટોપર બની

હવે નિલેષ કુંભાણીના સાક્ષી જાહેરમાં આવ્યા: ટેકેદારોએ અમારી રૂબરૂમાં સહી કરી હતી

સુરતમાં કોંગ્રેસના ઉમેદવારના ફોર્મ રદ્દ થવા મુદ્દે નવો વળાંક : ટેકેદારો પણ ડબલ ગેમ રમતા હતા

રાજકોટ, તા. ૨૫

ગુજરાતમાં સુરત લોકસભા બેઠક જે રીતે બીનહરીફ થઈ તેના વિવાદ હજુ ચગી રહ્યો છે એક તરફ આખરી ઘડીએ જેમનું ફોર્મ રદ થયું તે નિલેષ કુંભાણી જાહેરમાં આવ્યા નથી તે વચ્ચે તેમના ફોર્મ રદ કરવા માટે કારણ બનેલા ટેકેદારો નો ભાંડો ફૂટી ગયો છે આ ફોર્મમાં ટેકેદારોની સહી સમયે જે સાક્ષીઓએ સહી કરી હતી તે હવે જાહેરમાં હાજર થયા છે અને તમામ ચાર સાક્ષીઓએ દાવો કર્યો છે કે નિલેષ કુંભાણી અને તેમના ડમી બંનેના ફોર્મમાં ટેકેદારોએ પોતે જ સહી કરી હતી અને અમારી રૂબરૂમાં સહી કરી હતી. નિલેષ કુંભાણીએ ફોર્મ ભર્યા બાદ તેમના ટેકેદારોએ ચૂંટણી અધિકારી સમક્ષ જઈને સોગંદનામુ કર્યુ હતું કે કુંભાણીના ફોર્મમાં તેમની સહી નથી અને બનાવટી સહી કરવામાં આવી છે. આ ભૂમિકા પર કુંભાણીનું ફોર્મ રદ થયું હતું, જોકે માનવામાં આવે છે કે આ એક ફિક્સ થયેલી ચૂંટણી હતી અને કુંભાણીનું ફોર્મ રદ થાય તેમાં તેને પણ સહકાર આપ્યો હતો. કારણ કે ટેકેદારોમાં તેમના બનેવી અને નજીકના ભાગીદારો સહિતના તમામે સહી કરી હતી અને બાદમાં તેઓ ફરી ગયા હતા. હવે તમામ ચાર સાક્ષીઓ કે જેઓએ આ ફોર્મમાં સાક્ષી તરીકે સહી કરી છે તેઓએ ટેકેદારોનો ભાંડો ફોડી નાંખ્યો છે અને તેનાથી હવે કુંભાણીની મુશ્કેલી વધે તેની સાથે ટેકેદારોની પણ મુશ્કેલી વધશે તેવા સંકેત છે.

હવે ચૂંટણી પ્રચારમાં વિડીયો ગેમની એન્ટ્રી

વલસાડ લોકસભા બેઠક લડી રહેલા ભાજપના ઉમેદવાર ધવલ પટેલ મુળ આઈટી ફિલ્ડના છે અને તેઓ ભાજપના આઈટી સેલને સંભાળી ચૂકયા છે અને તેમના ચૂંટણી પ્રચારમાં વિડીયો ગેમ લાવ્યા છે તેઓ મારીયો ગેમથી એક વિડીયો બનાવ્યો છે જેમાં વિડીયોમાં સુપર મારીયોનું કેરેકટર પર ધવલ પટેલનો ચહેરો મોર્ફ કરીને લગાવી દેવામાં આવ્યો છે અને વિડીયોમાં કેરેકટર આગળ વધે તેમ બેરોજગારી, નિરક્ષતા, તૃષ્ટિકરણ અને ભ્રષ્ટાચાર મુદ્દા પર લડતા અને વિજેતા થતા દર્શાવાય છે આ વિડીયો વાયરલ કરી દીધો છે.

રાજકોટના બજાર ભાવ

તેલ (૧૫ કિલો)	ભાવ
સીંગતેલ તેલ (નવા ડબ્બા)	૨૫૨૦-૨૫૭૦
સીંગતેલ (જૂના ડબ્બા)	૨૪૭૦-૨૫૨૦
કપાસીયા તેલ (નવા ડબ્બા)	૧૭૨૦-૧૭૫૦
કપાસીયા તેલ (જૂના ડબ્બા)	૧૬૭૦-૧૭૦૦
પામોલીયન તેલ	૧૫૧૫-૧૫૨૦
મસ્ટર્ડ તેલ	૧૬૧૦-૧૬૪૦
સનફલાવર તેલ	૧૫૪૦-૧૫૬૦
મકાઇ તેલ	૧૫૪૦-૧૫૬૦
વનસ્પતિ ઘી	૧૬૯૦-૧૭૩૦
કોપરેલ	૨૩૨૦-૨૩૪૦
દિવેલ	૨૦૨૦-૨૦૪૦

સોનુ-ચાંદી

સોનુ (૧૦ ગ્રામ) ૭૪૫૦૦(+૧૦૦)

ચાંદી ૮૩૪૦૦(+૨૦૦)

સેન્સેકસ ફરી ૭૪,૦૦૦ને પાર : વોડાફોનના નવા શેરોનું લીસ્ટીંગ : કોટક બેંકમાં ૧૧%નો કડાકો

વડાફોનમાં ૪૦૦ કરોડથી વધુ શેરોનું ચિકકાર વોલ્યુમ : ઇન્વેસ્ટરોને કમાણી : સેન્સેકસમાં ૬૦૦ પોઇન્ટનો ઉછાળો

રાજકોટ, તા. ૨૫

મુંબઈ શેરબજારમાં આજે તેજીનો દૌર ચાલુ રહેવા સાથે સેન્સેકસ ફરી ૭૪૦૦૦ની સપાટી કૂદાવી ગયો હતો. હેવીવેઈટ શેરોમાં ધુમ લેવાલીથી ઉછાળો નોંધાયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત નબળા ટોને રહ્યા બાદ હેવીવેઈટ સહિત તમામ શેરોમાં નીચા મથાળે ધુમ લેવાલી શરૂ થતા માર્કેટ ગ્રીન ઝોનમાં આવી ગયું હતું અને ઓવરાઉન્ડ ખરીદીનો દૌર ચાલુ જ રહેતા તેજી આગળ ધપવા લાગી હતી. ભારતીય અર્થતંત્ર વિશે પ્રોત્સાહક સંકેતો કોર્પોરેટ ક્ષેત્રના અફલાતુન પરિણામો ચૂંટણી બાદ નવી સરકારમાં અનેક મહત્વના આર્થિક નિર્ણય થવાનો આશાવાદ સહિતના કારણો તેજીને ટેકારૂપ બન્યા હતા. જાણીતા શેરબ્રોકરના કહેવાના પ્રમાણે માર્કેટ તેજીના ઝોનમાં જ રહ્યું છે. પ્રિ-ઈલેકશન રેલી હોવાની છાપ છે. શેરબજારમાં આજે વોડાફોનના નવા શેરોનું લીસ્ટીંગ થયું હતું. ઈન્વેસ્ટરોને નોંધપાત્ર કમાણી થઈ હતી. બીએસઈ તથા એનએસઈમાં ૪૦૦ કરોડથી વધુ શેરોનું ચિકકાર લીસ્ટીંગ થયું હતું. બીજી તરફ કોટક મહિન્દ્રા બેંક સામે રીઝર્વ બેંકના પગલાની અસરે કડાકો સર્જાયો હતો. કોટક બેંકના શેરના ભાવમાં ૧૧ ટકાનું ગાબડુ પડયું હતું. હિન્દ લીવર, ટાઈટન જેવા અન્ય અમુક શેરો પણ નબળા હતા જયારે બજાજ ફિન્સ સર્વિસ, એચસીએલ ટેકનો. આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસ ઈન બેંક, ઈન્ફોસીસ, જેએસડબલ્યુ સ્ટીલ, લાર્સન, મહિન્દ્રા, નેસ્લે, એનટીપીસી, રિલાયન્સ, સ્ટેટ બેંક, સનફાર્મા, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટીસીએસ, એકસીસ બેંક, ડો. રેડ્ડી જેવા શેરોમાં ઉછાળો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સેટીવ ઈન્ડેક્ષ ૬૧૧ પોઈન્ટના ઉછાળાથી ૭૪૪૬૪ હતો જે ઉંચામાં ૭૪૫૭૧ તથા નીચામાં ૭૩૫૫૬ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૧૯૦ પોઈન્ટના ઉછાળાથી ૨૨૫૯૨ હતો જે ઉંચામાં ૨૨૬૨૫ તથા નીચામાં ૨૨૩૦૫ હતો.

જુનાગઢમાં કદાચ લીડ ઘટે: ભાજપના નેતાનો સ્વીકાર

રાજકોટ લોકસભા બેઠક પર ક્ષત્રિય સમાજ વિરૂધ્ધ પરસોતમ રૂપાલાના વિધાનોનો પડઘો રાજયભરમાં છે તેમાં હવે ભાજપના ક્ષત્રિય નેતાઓ માનવા લાગ્યા છે કે પક્ષના ઉમેદવાર જીતી જાય તો લીડ તો ઘટશે. જુનાગઢ મત વિસ્તાર સુત્રાપાડા ખાતે યોજાયેલી ભાજપની સભામાં ક્ષત્રિય નેતા માનસિંહ પરમારે એવી હૈયાવરાળ ઠાલવી કે સતાની સામે મને પણ અનેક ફરિયાદો છે પણ અત્યારે આપણે વ્યકિતગત ફરિયાદો ભુલી જવાની છે. આ તકે ભાજપના ધારાસભ્ય ભગવાનજીભાઈ બારડે એવું વિધાન કર્યુ હોવાનું માનવામાં આવે છે કે જુનાગઢ લોકસભા બેઠક પર ભાજપની લીડ ઘટી શકે છે. આમ ભાજપના પેટમાં પણ ફફડાટ છે.

પોલીસ પ્રજાનો મિત્ર હોવાનું સાર્થક થયું

ત્રણ રાજયના સીસીટીવી કેમેરા ચેક કરી ૪૧૦૦ કિમીનું અંતર કાપી સગીરને શોધી કાઢતી પોલીસ

રાજકોટમાંથી ઘરેથી કામે જવાનું કહીં નીકળી ગયાં બાદ ગુમ થયેલ ૧૬ વર્ષના પુત્રને શોધવા ભકિતનગર પોલીસે આકાશ પાતાળ એક કરી રાજકોટથી અમદાવાદ, ઉત્તરપ્રદેશ અને છેલ્લે પંજાબના રેલવે સ્ટેશન પરથી શોધી કાઢ્યો

રાજકોટ. તા.૨૫

રાજકોટમાં ૮૦ ફૂટ રોડ પર વિસ્તારમાંથી ઘરેથી કામે જવાનું કહીં નીકળી ગયાં બાદ ગુમ થયેલ ૧૬ વર્ષના પુત્રને શોધવા ભકિતનગર પોલીસે આકાશ પાતાળ એક કરી ત્રણ રાજ્યના સીસીટીવી કેમેરા ચેક કરી ૪૧૦૦ કિમીનું અંતર કાપી સગીરને શોધી કાઢી પરીવાર સાથે મિલન કરાવતાં લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતાં અને પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્ર સાર્થક થયું હતું.બનાવ અંગે ૮૦ ફૂટ રોડ પર વિસ્તારમાં રહેતાં ૫૦ વર્ષીય પ્રૌઢે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે,

તેમના નાના ભાઈના ૧૬ વર્ષનો પુત્ર આઈટીઆઈમાં આઈ.ટી. નો અભ્યાસ કરે છે અને સાથોસાથ એપ્રેન્ટીસ તરીકે પ્રેકટીસ કરવા માટે જાય છે.

ગઇ તા.૧૭/૦૪/૨૦૨૪ ના સવારના આઠેક વાગ્યે તેમનો ભત્રીજાએ તેમને કહેલ કે, હુ એપ્રેન્ટીસની પ્રેકટીસ કરવા માટે જાવ છુ તેમ કહી ઘરેથી નીકળેલ હતો. ત્યારબાદ સાંજના સાડા છ વાગ્યા સુધી ઘરે આવેલ નહી જેથી તેના મોબાઇલ નંબર ઉપર ફોન કરતા તેનો ફોન સ્વીચ ઓફ આવેલ ત્યારબાદ આજુબાજુમાં રહેતા તેના મીત્રો તેમજ શીક્ષકને ફોન કરી પુછેલ તો જણાવેલ કે, આજે રજા છે તો તેને આવવાનો કોઇ પ્રશ્ન નથી.

ત્યારબાદ તે એપ્રેન્ટીસનું શીખવા માટે જતો તે જગ્યાએ તપાસ કરવા ગયેલ પરંતુ ત્યા પણ બે દિવસથી તે શીખવા માટે ગયેલ ન હોય તેવુ જાણવા મળેલ ત્યારબાદ બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન તેમજ બધા સગા વ્હાલાને ત્યા પણ તપા લસ કરેલ પરંતુ તેનો કયાય પતો લાગેલ ન હતો. તેને પરિવારજનોએ ઠપકો આપેલ હોય કે ખીજાયેલ હોય તેવુ બનેલ નથી કે ભણતર બાબતે પ્રેશર કરેલ નથી. તે આધાર કાર્ડ સહીતના ઓરજીનલ ડોકયુમેન્ટ તેમજ એક જોડી કપડા નાઈટ ડ્રેસ તથા રૂ.૬ હજાર સાથે લઇ ગયેલ છે. જે અંગેની ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી ભકિતનગર પોલીસ મથકના પીઆઈ મયુરધ્વજસિંહ એમ.સરવૈયા અને ટીમે કિશોરના ગુમ થવા બાબતે ગંભીરતા લઇ ટેકનિકલ સેલના સ્ટાફને બનાવ સ્થળે મોકલી સી.સી.ટી.વી. ચેક કરતાં કિશોર રાજકોટ રેલવે સ્ટેશનથી જમ્મુતાવી ટ્રેનમાં ચડતા જોવા મળેલ જેથી આગળના રેલવે સ્ટેશનના સી.સી.ટી.વી ચેક કરી એક ટીમ અમદાવાદ તપાસ કરવા ગયેલ ત્યાં અલગ અલગ જગ્યાના સી.સી.ટી.વી જોયેલ અને ત્યાંથી ટેકનિકલ સોર્સથી માહિતી મળેલ કે ગુમ થનાર કિશોર હાલ ઉતર પ્રદેશ છે. તુરંત એક ટીમને ઉતર પ્રદેશ રવાના કરેલ અને ત્યાં અલગ અલગ જગ્યાના સી.સી.ટી.વી અને ત્યાંથી માહિતી મળેલ કે, કિશોર હાલ પંજાબના ધર્મક સ્થળો હોય શકે છે.

જેથી પંજાબના ધાર્મિક સ્થળોના સી.સી.ટી.વી. જોયેલ અને ત્યારબાદ જાણવા મળેલ કે, કિશોર હાલ અમૃતસર રેલવે સ્ટેશન પર છે અને ઉતર પ્રદેશ જવા માટે નિકડવાનો છે જેથી ટીમ રેલવે સ્ટેશન જઈને સંપૂર્ણ રેલવે સ્ટેશનમાં કિશોરને સર્ચ કરતાં ત્યાંથી મળી આવેલ જેને રાજકોટ લાવી તેના માતા-પિતા સાથે મીલાપ કરાવી આપતા લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતાં અને પોલીસ પ્રજાનો મીત્ર હોવાનુ સુત્ર સાર્થક કરેલ છે.

વધુમાં પીઆઇ એમ.એમ.સરવૈયાએ જણાવ્યુ હતું કે, સગીરને શોધવામાં ભકિતનગર પોલીસની ટીમે અલગ અલગ શહેર અને રાજ્યોના સી.સી.ટી.વી જોયેલ અને કુલ ૪,૧૦૦ કી.મી.નું ટ્રાવેલિંગ કરી કિશોરને ખુબ જ ટૂંકા સમયમાં શોધી કાઢી તેના માતા-પિતા સાથે મીલન કરાવ્યું હતું.

જે કામગીરીમાં પીઆઈ એમ.એમ.સરવૈયાની રાહબરીમાં ટેકનિકલ સેલ હેડ કોન્સ્ટેબલ સંજય ચાવડા, કોન્સ્ટેબલ દેવાનંદ રામ અને પુષ્પરાજસિંહ ગોહિલ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

'તું કાંઈ કરતો નથી બીજા છોકરા જો' પરિવારે કહેતાં મનમાં ઠામી લીધુંને નીકળી ગયો

રાજકોટ. તા.૨૫

શહેરના ૮૦ ફૂટ રોડ વિસ્તારમાંથી ઘરેથી નીકળી ગયેલ સગીરને ભકિતનગર પોલીસે પંજાબથી શોધી પરત લાવી હતી. બનાવ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, સગીર એકદમ સરળ સ્વભાવનો હતો. તેને પરિવારજનોએ અભ્યાસ બાબતે અને કામકાજ બાબતે ઠપકો આપ્યો હતો અને તું કાંઈ કરતો નથી બીજાના છોકરા જો તેવું કહેતાં તેને મનોમન લાગી આવ્યું હતું અને તે કંઈક કરી બતાવવા તે ઘરેથી નિકળી ગયો હતો.

સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. સિવિલ જજ સાહેબ શ્રી જે.વી. પરમાર સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૯૪૦/૨૦૨૪ અરજદાર પીયુષભાઈ જગદીશભાઈ વિરડીયાએ ગુજ. જયાબેન જગદીશભાઈ વિરડીયા (૫૦% અનડીવાઈડેડ હિસ્સા)ની સ્થાવર મિલ્કત કે જે, ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવેલ ગામ મવડીના રે.સર્વે નં.૧૫૬, ૧૫૯ પૈકી, ટી.પી. સ્કીમ નં.૮, એફ.પી.નં. ૧૪/૧, ૧૪/૨, તથા ૧૫/૧ પૈકી, ચાલતા નં.૩૫૫, સીટી સર્વે નં.૦૧૯૦૩૪પની જમીન આ.ચો.મી. ૭૯-૫૬ ઉપર ઉભા ઈમલા વાળુ મકાન આવેલ છે.

ગુજ. જયાબેન જગદીશભાઈ વિરડીયાનું તા.૦૮/૦૫/૨૦૨૧ના રોજ રાજકોટ મુક

૧૧ દિકરીઓના સમુહ લગ્ન સંદર્ભે

યુવા સેના ટ્રસ્ટ, રાજકોટ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું જાજરમાન આયોજન

તસ્વીર: પંકજ શિશાંગીયા

ભાગવત આચાર્ય શાસ્ત્રી પિયુષભાઈ કથાનું રસપાન કરાવશે

રાજકોટ:તા ૨૫

યુવા સેના ટ્રસ્ટ, રાજકોટ દ્વારા ૧૧ દિકરીઓના સમુહ લગ્નનું આયોજન માટે ફોર્મ ભરવાનુ શરૂ થઈ ગયેલ છે. આ આયોજન સંદર્ભે સર્વ પિતૃ મોક્ષાર્થે આગામી તા. ૦૧-૦૫-૨૦૨૪ થી ૦૭-૦૫-૨૦૨૪ ના રોજ શ્રીજી હેરીટેઝની સામે શ્રી શ્રી રવિશંકર સ્કુલ સામે, શિવ આરાધના સોસાયટી મેઈન રોડ, મારૂતી ચોક, બિગબજાર પાછળ, રાજકોટ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાશે.સંગીતમય શૈલીમાં પ્રખર ભાગવત આચાર્ય શાસ્ત્રી પિયુષભાઈ (રાજકોટ)ના વ્યાસાસને કથાનું રસપાન કરાવવામાં આવશે.

કથાના મુખ્ય પાવન પ્રસંગો તા. ૦૧-૦૫-૨૦૨૪થી સાંજે ૩-૩૦ કલાકે પોથીયાત્રા, તા. ૦૩-૦૫-૨૦૨૪, શુક્રવારે નૃસિંહ પ્રાગટય, તા. ૪-૦૫-૨૦૨૪ના રોજ ભગવાન શ્રી રામ નો જન્મોત્સવ તેમજ શ્રી કૃષ્ણ જન્મોત્સવ, તા.૫-૦૫-૨૦૨૪ના રોજ ગોવર્ધનલીલા ચરિત્ર, તથા શ્રી કૃષ્ણ-રૂક્ષ્મણી વિવાહ અને તા. ૬-૦૫-૨૦૨૪ના રોજ તથા ૭-૦૫-૨૦૨૪ સુદામા ચરિત્ર અને પરિક્ષિત મોક્ષ રહેશે. રાજકોટ શહેરની ધર્મપ્રિય જનતાએ મુખ્ય પોથી યજમાન બનવા તેમજ સ્વજનોના પિતૃ મોક્ષાર્થે પાટલા યજમાન બનવા યુવા સેના ટ્રસ્ટના પ્રમુખ પ્રદ્યુમનસિંહ ઝાલાનો સંપર્ક કરવાનો રહેશે.

૧૧ દિકરીના સમુહ લગ્નમાં રોકડ રકમ કરીયાવર રૂપી વસ્તુ તેમજ કરીયાણાની વસ્તુઓ આવકાર્ય છે.યુવા સેના ટ્રસ્ટ, રાજકોટના કાર્યકર્તાઓ તેમજ વિવિધ સેવા પાંખના સદસ્યો તથા બિગબજાર, અમરનાથ મહાદેવ મંદિર, શ્રીજી હેરીટેઝ, તથા આજુબાજુના સોસાયટીવાળા ઉત્સાહભેર તડામાર તૈયારી કરી રહયા છે. આ તકે આયોજકો પ્રમુખ પ્રદયુમનસિંહ ઝાલા, શાસ્ત્રીજી પિયુષ ભાઈ વ્યાસ, સભ્ય સોનલ વાછાણી, રમાબહેન નિમાવત, કિશોરભાઈ વ્યાસ, તૃપ્તિ બેન કુબવાત, કુલદીપસિંહ પરમારે 'સાંજ સમાચાર'ની મુલાકાત લીધી હતી.

પરસોત્તમભાઈ રૂપાલાએ શ્રીનાથધામ હવેલીની મુલાકાત લઈ ઠાકોરજીના દર્શન કર્યા

ચૂંટણીમાં જવલંત વિજય પ્રાપ્તિ માટે વીડિયો કોલિંગના માધ્યમથી વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયએ હાર્દિક શુભેચ્છા પાઠવી

રાજકોટ:તા ૨૫

લોકસભા ઉમેદવાર પરસોત્તમભાઈ રૂપાલા ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. ત્યારે તેઓએ ગઈ કાલે શ્રી નાથધામ હવેલી VYO રાજકોટ ખાતે મુલાકાત લીધી હતી. અને ઠાકોરજીના દર્શન કર્યા હતા. આગામી ચૂંટણી માટે ભવ્ય વિજય મેળવવા આશીર્વાદ લીધા હતા. આ તકે પરસોત્તમભાઈ રૂપાલા (કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર) સાથે રામભાઈ મોકરીયા (સાંસદ સભ્ય) ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી નાથધામ હવેલી VYO રાજકોટ ખાતે ૨૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ સાંજે પરસોત્તમભાઈ રૂપાલા (કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર) શ્રી ઠાકોરજીના દર્શનાર્થે પધાર્યા હતા. ત્યારે આવનાર લોકસભા ચૂંટણીમાં જવલંત વિજય પ્રાપ્તિ માટે વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદય વીડિયો કોલિંગના માધ્યમથી હાર્દિક શુભેચ્છા તેમજ આશીર્વાદ પ્રદાન કર્યા હતા. અને VYO રાજકોટ સમિતિ દ્વારા પરસોત્તમભાઈ રૂપાલા (કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર) તેમજ રામભાઈ મોકરીયા (સાંસદ સભ્ય) નું સન્માન કરી શુભેચ્છા પાઠવી હતી.

પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ અને HCGના સંયુકત ઉપક્રમે

શનિવારે 'કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ'નું આયોજન: મોં, ગળું, જડબાંના કેન્સરનું કરાશે નિદાન

કેન્સર નિષ્ણાંત ડો.દુષ્યંત માંડલીક સેવા આપશે

રાજકોટ, તા.૨૫

શહેરના જરૂરીયાતમંદ નાગરિકોના આરોગ્ય, શિક્ષણ તેમજ સામાજીક વિકાસ ક્ષેત્રે છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન તથા અમદાવાદ સ્થિત ગજરાતની નામાંકિત આસ્થા ઓન્કોલોજી એસોસિએટસ હેલ્થ કેર ગ્લોબલ (HCG)ના સંયુકત ઉપક્રમે છેલ્લા કેન્સરના રોગને નાથવા દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે ટ્રસ્ટના ભવન ખાતે 'કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવતું હોય છે.

જે અંતર્ગત તા.૨૭ ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધી કેન્સર નિષ્ણાંત ડો.દુષ્યંત માંડલીક પુજીત રૂપાણી મેમો ટ્રસ્ટ 'કિલ્લોલ', ૧-મયુરનગર, રાજકોટ મહાનગર પાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે નિ:શુલ્ક કેન્સર નિદાન કરી અપાશે. રજિસ્ટ્રેશન રૂબરૂ અથવા ફોનથી પણ કરાવી શકાશે. આ કેમ્પમાં ગુજરાતના તબીબ ડો.દુષ્યંત માંડલીક સેવાઓ આપશે. જે અંતર્ગત મોં, ગળું, જડબાંના કેન્સરનું નિદાન કરી અપાશે.

ટ્રસ્ટના મેડિકલ સેન્ટરમાં ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ રૂપાણી, અંજલિબેન રૂપાણી, રંજનબેન રૂપાણી, મહેશભાઈ ભટ્ટ, મેહલભાઈ રૂપાણી, રાજેશભાઈ રૂપાણી, અમીનેશભાઈ રૂપાણી, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, ડો.વિભાકરભાઈ વચ્છરાજાની, દિવ્યેશભાઈ પટેલ અને બિપીનભાઈ વસા સહિતનાઓના માર્ગદર્શન હેઠળ ચાલતા આ પ્રોજેકટમાં સેવાઓ આપવા માટે કાર્યરત છે. વધુ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫/ ૨૭૦૧૦૯૮ દ્વારા સંપર્ક કરવાનો રહેશે.

શ્રી ભીડભંજન મહાદેવ મંદિરના સાનિધ્યમાં આજે બટુક ભોજન

તા:૨૫/૦૪/૨૦૨૪ ચૈત્ર વદ એકમ ને ગુરૂવાર સાંજે ૭:૦૦ કલાકે રંકિલભાઈ ભોડેરી (અરાઈસ ફલેટ) તરફથી બટુક ભોજન રાખેલ છે તો દરેક બાળકોએ પ્રસાદ લેવા બાપા દયાળુએ અનુરોધ કર્યો છે. તેમ રાજકોટ જામનગર રોડ જમાવડો હોટલની બાજુમા આવેલ ''ભીડભંજન મહાદેવ તીર્થ સ્થાન''ના પુજારી શ્રી દિપકગીરી બાપુએ જણાવ્યું છે.

શનિવારે ધ્યાન શિબિરનું આયોજન

આજના તણાવગ્રસ્ત જીવન માં શાંતિ અને તંદુરસ્તી જાળવવા ઇચ્છતા લોકો માટે એકમાત્ર ઉપાય મેડિટેશન છે. આથી ક્રેએટિવ એસોસિએટ્સ દ્વારા વિનામુલ્યે લોકોપયોગી ધ્યાન શિબિરનું આયોજન કરવા જઇ રહ્યું છે. શિબિર શનિવારે સાંજે ૬ વાગ્યાથી રાખવામાં આવેલ છે. જેમાં રેજીસ્ટ્રેશન માટે ૧૦૭-૧૧૧, ફર્સ્ટ ફલૂર, સ્ટાર પ્લાઝા, ફુલછાબ ચોક, રાજકોટ પર સંપર્ક કરવાનો રહેશે.

મંગળવારે ગોંડલમાં લાલમંદિર મોચી જ્ઞાતિના સંતશ્રી પૂ. લાલાબાપાની ૮૩ માં પુણ્યતિથિ મહોત્સવ ઉજવાશે

કળશ સ્થાપન, સંતોના આશિર્વચન શોભાયાત્રા, સંતવાણી સહિતના ધાર્મિક કાર્યક્રમોની વણઝાર

રાજકોટ, તા.૨૫

સંત શિરોમણી મોચી જ્ઞાતિ રત્ન ભકતરાજ શ્રી લાલાબાપાનો ૮૩ મો પુણ્યતિથિ મહોત્સવ શ્રી લાલાબાપા મંદિર ધામ-ગોંડલ નિજધામ ખાતે મંગળવારના રોજ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં શ્રી લાલ મંદિર દેવપરા ખાતે સવારે ૭:૩૦ કલાકે સનાતન ધ્વજારોહણ, કળશ સ્થાપન, વડવાળી જગ્યાના સંતો મહંતો દ્વારા થશે, સવારે ૮ કલાકે ભવ્ય શોભાયાત્રા શહેરના વિવિધ રાજ માર્ગો ફરી લાલાબાપાની સમાધી ઘોઘાવદર ચોકમાં જશે અને બપોરે ૧૧ કલાકે તથા સાંજે ૭ કલાકે સમૂહ પ્રસાદનું ખત્રીવાડી (વેરીદરવાજાની અંદર) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. તેમજ બપોરે ૨:૩૦ કલાકે ધર્મસભા, રામધુન સત્સંગ શ્રી રામેશ્વર રામધુન મંડળ ગોંડલ દ્વારા ધર્મસભા, રામધુન અને રાત્રે ૯:૩૦ કલાકે ભકિત સંધ્યા કાર્યક્રમ અશોકભાઈ ભાયાણી 'રામ નામ કે હીરે મોતી' પ્રખ્યાત દ્વારા ભજનનું રસપાન કરાવશે. આ ભજન સંધ્યામાં વિશેષ ઉપસ્થિતિ દાસીજીવણના આરાધક ડો. નિરંજનભાઈ રાજયગુરૂ, આંનદ આશ્રમ (ઘોઘાવદર) પધારશે. પૂજય બાપાની ૮૩ મી પુણ્યતિથિના આ જીવન ભોજન સમારંભ દાતા સ્વ.વિરજીભાઈ મેઘજીભાઈ ચાવડા પરિવાર (યુ.એસ.એ.) ના પરિવારજનો પધારશે.

સમગ્ર મહોત્સવ લાલાબાપા મંદિર ધામ-ગોંડલ મહંત પરસોતમબાપાના વડપણ હેઠળ તથા ગોંડલ મોચી સમાજ, લાલ સેવક મંડળ ગોંડલ, લાલ સ્મારક ટ્રસ્ટ - ગોંડલ તથા સમસ્ત પૂ.બાપાના ભાવિક ભકતજનોના સહકાર દ્વારા મહોત્સવ ઉજવાશે. ભાવિકોને ઉપસ્થિત રહેવા ગોંડલ મોચી સમાજના પ્રમુખ નરેન્દ્રભાઈ કે. વાળા તથા લાલ મંદિરના વ્યવસ્થાપ ભરતભાઈ પી. ચુડાસમા તથા પત્રકાર સુરેશભાઈ ચૌહાણએ જણાવ્યું છે.

વિશ્વ પુસ્તક દિવસ નિમિતે રેસકોર્સમાં યોજાયેલ પુસ્તક પરબ સફળતાપૂર્વક સંપન્ન

૩૦૦ થી વધુ નાગરિકોએ પુસ્તક પરબની મુલાકાત લીધી

રાજકોટ, તા.૨૫

''દીકરાનું ઘર'' વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા ગત તા.૨૩ને વિશ્વ પુસ્તક દિવસ નિમિતે રેસકોર્સમાં વહેલી સવારે ૬:૩૦ થી ૮ વાગા સુધી પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું હતું.

પુસ્તક પરબમાંથી વહેલી સવારે વોકિંગમાં આવતા ૧૦૦ જેટલા ભાઈઓ, બહેનો, વડીલો પોતાને મનગમતા પુસ્તકો લઈ ગયેલ, આ ઉપરાંત ૩૦૦ થી વધુ નાગરિકોએ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. આ તકે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો દેવાંગભાઈ માંકડ, હિતેશભાઈ દોશી, ધિરેનભાઈ ભરડવા, હરીશભાઈ હરિચાણી, કિરણભાઈ બાટવીયા, કાળુમામા, વિનોદભાઈ ચોટલિયા, ડો.મધુરિકાબેન જાડેજા વગેરે મુલાકાતે આવ્યા હતા.

સમગ્ર આયોજનની તરહ બનાવવા માટે સાહિત્ય સેતુ પરિવારના અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, નૈષધભાઈ વોરા, મહેશભાઈ વ્યાસ, પંકજ રૂપારેલિયા અને હસુભાઈ શાહએ જહેમત ઉઠાવી હતી.

સમસ્ત કોળી સમાજના યુવક-યુવતીઓ માટે ૬૭મો જીવનસાથી વેવિશાળ પસંદગી મેળો યોજાશે

રાજકોટ:તા ૨૫

સમસ્ત કોળી સમાજના દિકરા-દિકરીઓને યોગ્ય મનપસંદ જીવનસાથી પાત્ર મળે અને સમાજના વડીલો એકબીજાના સંપર્કમાં આવે અને એક જ સ્થળ પર એકબીજાનો સંપર્ક કરી શકે તેવા હેતુથી જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ દ્વારા અલગ-અલગ શહેરોમાં વેવિશાળ પસંદગી મેળાનું આયોજન કરવામાં આવે છે. સમગ્ર ગુજરાત રાજયભરમાં રહેતા ચુંવાળીયા, તળપદા, ઘેડીયા, દિવેચા સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા એજયુકેશન ફેમીલીના યુવક યુવતીઓ માટે કોળી શકિત્ત યુવક મંડળ અમરેલી તથા જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ રાજકોટ દ્વારા તારીખ ૨૮/૦૪/૨૦૨૪ રવિવારે સવારે ૮.૦૦ કલાકે થી ૨.૦૦ વાગ્યા સુધી શ્રી તળપદા કોળી સમાજની વાડી, હનુમાજી મંદિરની બાજુમાં, મું. બરવાળા, જી. બોટાદ મુકામે શાહી-જાજરમાન આયોજન કરેલ છે.

આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે સૌરાષ્ટ્ર, ગુજરાત જીલ્લા, શહેરના કોળી સમાજના તમામ આગેવાનો, ડોકટરો, વકિલો, શિક્ષકો, ઉચ્ચકક્ષાના સરકારી કર્મચારીઓને પધારવા આમંત્રણ છે. ફકત યુવતિઓ માટે અભ્યાસ ધ્યાનમાં લેવામાં આવશે નહિ. આ આયોજનને સફળ બનાવવામાટે કોળી શકિત યુવક મંડળ પ્રમુખ રમેશભાઈ ગોહિલ અમરેલી મંડળના હોદેદારો અને જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ મહા મંત્રી કલ્પેશભાઈ બાવરીયા રાજકોટ ટ્રસ્ટના હોદેદારો અને બરવાળા કોળી સમાજ બોર્ડીંગના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

હનુમાન જયંતિ નિમિત્તે મહિલા પોલીસ દ્વારા ઝૂંપડપટ્ટી વિસ્તારોના બાળકોને નાસ્તાનું વિતરણ: ગુડ ટચ બેડ ટચ વિશે જાણકારી આપી

પો.કમીશ્નર રાજુ ભાર્ગવ તથા અધિક પો.કમી. વિધિ ચૌધરી તથા નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફીક પૂજા યાદવ તથા મદદનીશ પોલીસ કમિશ્નર મહિલા સેલ આર.એસ.બારીઆના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર આઈ.એન.સાવલિયા તથા ASI સ્મિતાબેન નીંબાર્ક તથા મહિલા વિભાગ શી ટીમના મહિલા પોલીસ જાગૃતિબેન શીવાભાઈ તથા મહિલા પોલીસ દક્ષાબેન કેશુભાઈ તથા મહિલા પોલીસ રોજીબાનું બાબુશા દ્વારા હનુમાન જયંતિ નિમિત્તે શહેર વિસ્તારમાં આવેલ અલગ-અલગ ઝૂંપડપટ્ટી જેવી કે માધાપર ચોક, નાગેશ્વર, જામનગર રોડ વાળી વિગેરે જગ્યાએ મુલાકાત લઈ બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ હતું.તેમજ મહિલાઓની જાગૃતિ તથા બાળ જાગૃતિ માટે મહિલા સુરક્ષા, શી ટીમ તથા પોકસો હેઠળ થતા ગુન્હા વિશે તેમજ ગુડ ટચ બેડ ટચ વિશે જાણકારી આપેલ હતી.

ગજાનન ધામ દ્વારા હનુમાનજી જન્મોત્સવ નિમિતે રકતદાન કેમ્પ યોજાયો: ૨૨૫ બોટલ રકત થયું એકત્ર

બાલાજી હનુમાનજી પ્રેરિત ગજાનનધામ દ્વારા હનુમાનજી જન્મોત્સવ નિમિતે રકતદાન કેમ્પ તથા મહાપ્રસાદનું બાલાજી મંદિર કરણસિંહજી સ્કુલ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજીત ૮ હજાર લોકોએ પ્રસાદ લાભ લીધો હતો તેમજ રકતદાન કેમ્પમાં ૨૨૫ બોટલ રકત એકત્ર થયું હતું. આ એકત્રીત થયેલ રકત સિવિલ હોસ્પિટલના થેલેસેમીયાના બાળકો તથા ગરીબ દર્દીઓ માટે આપવામાં આવ્યું હતું. આ તકે શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે સહપરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કિરીટભાઈ પાંધી, મુકેશભાઈ ગુંસાણી, ભરતભાઈ ગમારા, સંજયભાઈ જીવરાજાની, હરીશભાઈ પુજરા, રમણીકભાઈ મીરાણી, સંજયભાઈ વાઘેલા, ધનેશ જીવરાજાની, રાજુ ચાવડા, લાલાભાઈ ચનાણી, દિલીપભાઈ ઓડેસરા, પ્રવિણભાઈ પટેલ, હિતેષભાઈ જોગી, કાકુભાઈ મહેતા, વિજય વાગડીયા, અજય ચાવડા, રાજુભાઈ તન્ના, સંદીપ પટેલ, જીતુભાઈ અનડકટ, ભાગ્યેશ જીવરાજાની, હીશીત પુજારા, જીતુભાઈ ગોહેલએ જહેમત ઉઠાવી હતી.

મોબાઈલ યુગમાં બાળક પુસ્તકોને મિત્ર બનાવે તેવો પ્રયાસ: નચિકેતામાં કિડ્સ ફિએસ્ટા ૨૦૨૪નો દબદબાભેર પ્રારંભ

ભાગવત કથાકાર પુ.દિપાલી બેન, કટાર લેખક જય વસાવડા, મહિલા હાસ્યકલાકર ડો.અવનીબેન વ્યાસએ બાળકોને માર્ગદર્શન આપ્યું



પ્રથમ દિવસે ૧૧૫૦ થી વધુ લોકોએ સાહિત્ય મેળાનો લાભ લીધો: પુસ્તકો પર ૨૦% સુધીનું ડિસ્કાઉન્ટ

રાજકોટ:તા ૨૫

રાજકોટમાં શ્રીસાંઈલક્ષ્મી ફાઉન્ડેશન અને નચિકેતા સ્કૂલીંગ સિસ્ટમ દ્વારા આયોજીત બાળસાહિત્ય મેળામાં પ્રથમ દિવસે માનવ મહેરામણ ઉમટ્યું. એક જ દિવસમાં ૧૧૫૦ થી વધુ લોકોએ આ સાહિત્ય મેળાનો લાભ લીધો. વિધાર્થીઓને કેન્દ્ર સ્થાને રાખી કરાયેલા આ કિડ્સ ફિએસ્ટા ૨૦૨૪ માં પ્રસિદ્ધ ભાગવત કથાકાર પુ.દિપાલી બેન, કટાર લેખક જય વસાવડા, મહિલા હાસ્યકલાકર ડો.અવનીબેન વ્યાસ, હસ્યકલાકર ગુણવંત ચુડાસમા,ન્યૂઝ એડિટર મિલન ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહી વાલીઓને બાળકના જીવનમાં વાંચનની ઉપયોગીતા વિશે વાત કરી હતી. વિધાર્થીઓ માટેના ગુજરાતી-હિંદી-અને અંગ્રેજી ભાષામાં વિવિધ પુસ્તકોની હરમાળા જોઇને વાલીઓએ પણ પુસ્તક ખરીદયાં.

વેકેશન દરમ્યાન બાળકો પુસ્તક તરફ વળે સાથે સાથે જરૂરી સ્કીલ્સ પણ મેળવે તે માટે આ બાળ સાહિત્યમેળાની વર્ષ ૨૦૨૩માં શરૂઆત કરવામાં આવી હતી. પ્રથમ વર્ષે બાળકો અને વાલીઓનો અદ્ભુત સહકાર મળતા પ્રખ્યાત કલાકાર અને શિક્ષણવિદ્ સાંઇરામ દવેએ દર વર્ષે આયોજન કરવાનું નક્કી કર્યુ. નિશુલ્ક આ સાહિત્યમેળામાં પુસ્તકો પર ૨૦% સુધીનું ડિસ્કાઉન્ટ પણ રાખવામાં આવ્યુ છે. જ્યા બાળકોને ગમે તેવા અલગ અલગ વિષયના હજારો પુસ્તકો ઉપલબ્ધ છે.

સાહિત્ય મેળાની સાથે વિધાર્થીઓએ મેજીક શો, કઠ પુતળી, લાઇવ બાળવાર્તા, પ્લે વીથ પેરેન્ટ્સ સહિત ગુડ ટચ બેડ ટચની સમજ મેળવી. તે ઉપરાંત જમ્પીંગ સહિત અદ્દભુક ફ્રી રાઇડ્સની મજા પણ માણી. નોંધનીય છે કે ૨૪-૨૫- ૨૬ એપ્રિલ ૩ દિવસ આ સાહિત્ય મેળો ચાલુ રહેશે. સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૭ દરમિયાન નચિકેતા સ્કૂલીંગ સિસ્ટમ અંબિકા ટાઉનશીપ ખાતે લાભ લઇ શકે છે.

રેસકોર્સપાર્ક સંઘમાં પૂ.જયોતિબાઈ મ.ની નિશ્રામાં

ચૈત્રી માસની શાશ્વતી આચંબીલ ઓળી સંપન્ન

રાજકોટ,તા.૨૫

ગોંડલ સંપ્રદાય ચંદ્રીકા, તીર્થ સ્વરૂપા હિરક બા.બ.પૂ. ગુરૂણીમૈયા શ્રી હિરાબાઈ મહાસતીજીના સુશિષ્યા સૌમ્ય સ્વભાવી બા.બ.પૂ.જ્યોતીબાઈ મહાસતીજી આદી ઠાણા ૪ શ્રી ગીતગુર્જરી સંઘમાં શેષકાળ દરમ્યાન અનેકવિધ ધર્મ આરાધનાઓ કરાવી ત્યાંથી ગત તા.૧૧-૪ સતિવૃંદોની પ્રેરક નિશ્રામાં ગત તા.૧૫-૪ થી તા.૨૩-૪ દરમ્યાન જૈન ધર્મની આધાર શીલા સમા મહા પવિત્ર નવપદજીની આરાધના સ્વરૂપે આયંબીલ ઓળીમાં ખૂબ જ સુંદર આરાધનાઓ થઈ. ભાવિકોએ, ગુરૂભકતોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક લાભ લઈ ધન્યતા અનુભવી છે.નવેય દિવસનાં મુખ્ય દાતા માતુશ્રી કાંતાબેન ચંદુલાલ વોરા પરિવાર-મોબ્બાસાવાળા તથા સહાયક દાતા કિંજલબેન વિશાલભાઈ મહેતા, બિદુંબેન જયદેવભાઈ શાહ, નિલમબેન દુલાભાઈ ઘેલાણી, હિનાબેન વિરેન્દ્રભાઈ સંઘવી, શોભનાબેન ભુપતભાઈ શેઠ, હંસાબેન પ્રવિણચંદ્ર મહેતા, અરૂણાબેન મહેશભાઈ શેઠ, દિનાબેન મનહરલાલ ટોલીયા, હરસુખભાઈ, રમેશભાઈ સંઘાણી, શ્રીમતિ નીતાબેન મનહરલાલ મહેતા - હ.હેમન, પૂ.ઉષાબાઈ મહાસતીજીનાં સંસારી ભાઈ સુરેશચંદ્ર બાબુલાલ મહેતા બધા પરિવારોએ ખૂબ સુંદર લાભ લીધેલ છે.

તા.૨૪ના બુધવારે સવારે સોનીયાબેનની પૂણ્યતિથિમાં મિલનભાઈ તરફથી સવારે ૮.૦૦ કલાકે શાતાકારી પારણા તથા બપોરે હીરક ગુરૂભકત હસુમતીબેન કે. મોદી પરિવાર હ.કમલેશભાઈ, દિનેશભાઈ, શૈલેષભાઈ મોદી તરફથી રસપુરીનાં સુંદર ભોજન તથા ગુરૂભકત પરિવાર તરફથી શીતલ શાતા સ્વરૂપની ભકિત સાથે રેસકોર્ષ પાર્ક સંઘ તથા અન્ય ભાવિકો તરફથી, પૂ.હીરક ગુરૂભકત વર્ગ, પૂ.સ્મિતાબાઈ મહાસતીજીનાં નાં બેન ભાનુબેન વી. મીઠાણી તરફથી ટાઢક, સ્નેહાબેન મીઠાણી તરફથી ટાઢક, કોમલબેન મેહુલભાઈ બાવીસી તરફથી આકર્ષક કેરી બેગ, ચંદ્રીકાબેન પારેખ તરફથી ચાંદીની લગડી, ચંદ્રીકાબેન બદાણી, નલીનીબેન કોઠારી, મિલનભાઈ મહેતા, ચિ.હીર શાહ તથા અનસુયાબેન નટવરલાલ શેઠ પરિવાર તરફથી રોકડ રકમ ઉપરાંત ગુરૂભકતો અ.સૌ. રૂપલબેન નીતીનભાઈ કામદારની પ્રથમ જ વખત ઓળી આરાધના તથા જુલીયાના પરિવારનાં સ્ટાફ વર્ગએ જૈનેતર ભાઈઓ બહેનોએ ખૂબ જ ભાવથી આયંબીલ ઓળી તથા છુટક આયંબીલનો લાભ લીધેલ છે.

તા. ૨૯મીના પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના દેહોત્સર્ગ દિન નિમિત્તે

શ્રીમદ્ રાજચંદ્રજી જ્ઞાન મંદિરના ઉપક્રમે તા. ૨૯ તથા ૩૦ના ભકિત-સ્વાધ્યાય : તા. ૨૮ના શ્રી રાકેશજીનું આધ્યાત્મિક પ્રવચન

તા.૨૯ના સોમવારે સમાધિ મંદિરે ભકિત-સ્વાધ્યાય તથા બપોરના સમાધિ મંદિરથી જ્ઞાન મંદિર સુધીની મૌનયાત્રા, તા.૩૦મીના જ્ઞાન મંદિર ખાતે શ્રી આત્મસિધ્ધિ શાસ્ત્ર પારાયણઃવિવિધ સ્વાધ્યકારોના સ્વાધ્યાયનું આયોજન




રાજકોટ, તા. ૨૫

આગામી તા. ૨૯મીના સોમવારે ચૈત્ર વદ પાંચમના દિવસે પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ૧૨૪મો દેહવિલય દિવસ છે. તેમનો જન્મ વવાણીયામાં ૧૧મી નવે.ના ૧૮૬૭ના થયો હતો અને તા.૯મી એપ્રિલ-૧૯૦૧ના ૨૩ વર્ષની ઉંમરે દેહત્યાગ કર્યો હતો.

પરમકૃપાળુ દેવ શ્રીમદ રાજચંદ્રજીના દેહોત્સર્ગ દિન નિમિત્તે આગામી તા.૨૯ તથા તા.૩૦ના શ્રીમદ રાજચંદ્ર જ્ઞાન મંદિર ટ્રસ્ટ દ્વારા ભકિત-સ્વાધ્યાય તથા સમાધિ ભવનથી જ્ઞાન મંદિર સુધીની મૌનયાત્રા (ધરમપુર ગ્રુપ)નું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે ધરમપુરથી શ્રી રાકેશજી સાહેબ પધારશે.

પ્રવચન

શ્રીમદ્ રાજચંદ્ર મિશન-ધરમપુર દ્વારા તા. ૨૮મીના શ્રી રાકેશજી સાહેબના સ્વાધ્યાયનું આયોજન હેમુ ગઢવી હોલ ખાતે રાત્રે ૮ થી ૧૦ કરવામાં આવેલ છે.

શ્રીમદ રાજચંદ્ર જ્ઞાન મંદિર-રાજકોટ દ્વારા યોજાનાર બે દિવસીય કાર્યક્રમ અનુસાર તા. ૨૯મીના સોમાવરે (ચૈત્ર વદ-૫ મુખ્ય દિવસ) સમાધિ મંદિર, રામનાથપરા ખાતે સવારે ૮.૪૫ થી ૯ સુધી ભકિત, સવારે ૯ થી ૧૦ સાયલાના નલીનભાઈ કોઠારી દ્વારા સ્વાધ્યાય, ભકિત બાદ ૧૦-૧૦ થી ૧૧-૧૦ સુધી સુધાબેન શેઠ (બાંધણી)નો સ્વાધ્યાય રહેશે. બપોરના ૧૧.૧૦ થી ૧૧.૩૦ આરતી-મંગળ દીવો, બપોરના ૨ થી ૩ ધરમપુર ગ્રુપ દ્વારા વિરહ પદ તથા બપોરે ૩ થી ૩.૩૦ સમાધિ ભવનથી જ્ઞાન મંદિર સુધીની મૌનયાત્રા યોજાશે.

જ્ઞાન મંદિર ખાતે બપોરના ૩.૩૦ થી ૩.૫૦ ભકિત, બપોરે ૩.૫૫ થી ૪.૫૫ સુધી દિલ્હીના બેન રત્નાપ્રભુજીનો સ્વાધ્યાય, બપોરે ૫ થી ૬ શ્રી રાકેશજી સાહેબનો સ્વાધ્યાય, સાંજે ૬.૪૫ થી ૭.૧૫ દેવનંદન, આરતી તથા રાત્રે ૮.૩૦ થી ૧૦ સુધી ધરમપુર ગ્રુપ દ્વારા ભકિતનો કાર્યક્રમ રહેશે.

તા.૩૦મીના મંગળવારે સવારે ૮.૩૦ થી ૯.૩૦ સુધી શ્રી આત્મસિધ્ધિ શાસ્ત્ર પારાયણ, સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ આ કોબાના સુરેશજી પ્રભુ દ્વારા સ્વાધ્યાય ત્યારબાદ આભાર દર્શન વિધિ થશે.

શ્રી રાકેશજી સાહેબ

શ્રી રાજચંદ્ર મિશન ધરમપુરના આ. શ્રી રાકેશજી સાહેબ રાજકોટમાં તા. ૨૮મીના પધારશે તેઓ લગભગ દર વર્ષે શ્રીમદ રાજચંદ્રના દેહોત્સર્ગ દિન નિમિતે આવતા રહે છે. તેમનો વિશાળ ભાવિકગણ છે.

રાજકોટમાં તા.૨૮ના રાત્રે ૮ થી ૧૦ સુધી હેમુ ગઢવી હોલ ખાતે શ્રી રાકેશજી સાહેબનું પ્રવચન (સ્વાધ્યાય)નું આયોજન કરાયું છે.

જલારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક છાશ વિતરણના કેન્દ્રનો કરાયો પ્રારંભ

રાજકોટ,તા.૨૫

જલારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા સંસ્થાની ૩૦ વર્ષથી ચાલતી પ્રવૃત્તિ નિઃશુલ્ક છાશ વિતરણના કેન્દ્રનું ઉદ્ઘાટન ગત તા.૨૩ ને મંગળવારે હનુમાન જયંતિના દિવસે આનંદનગર, નિલકંઠ સિનેમા સામે રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. છાશનું ઉદ્ઘાટનના દાતા પ. પૂ. જલારામ બાપા તથા વૃદ્ધાશ્રમના માતાશ્રીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે ૫૦૦ પરિવાર માટે સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી રસ્તે આવતા જતા વટેમાર્ગુ માટે ઠંડી મસાલા છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ છાશ કેન્દ્ર ૩ મહિના સુધી ચાલુ રહેશે.

ગુજરાત મીડિયા કલબની પત્રકારોના વેલ્ફેર ફંડ માટે ૧ કરોડની જાહેરાત

આકસ્મિત અવસાનના કિસ્સામાં રૂા.૧ લાખની મદદ મળશે

રાજકોટ,તા.૨૫

ગુજરાત મીડિયા કલબે બુધવારે જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જીએમસીના પ્રમુખ નિર્ણય કપૂરે ૧ કરોડના 'વેલ્ફેર ફંડ'ની દરખાસ્તને મંજૂરી આપી છે. જેનો ઉદ્દેશ્ય કલબના પત્રકાર અને તેમના પરિવારના સભ્યો માટે છે. આ બાબતે યોગ્ય વિચાર-વિમર્શ કર્યા બાદ, કલબના પ્રમુખ દ્વારા નક્કી કરેલ વેલ્ફેર ફંડની જોગવાઈ કરવા બોર્ડ દ્વારા સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ ૧ કરોડ રૂપિયાના વેલ્ફેર ફંડનો ઉપયોગ કલબના સભ્યના અવસાનના કિસ્સામાં અથવા તેમના પરિવારના આરોગ્ય અને અવસાન સમયે મદદ કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યો છે. કલબના સભ્યોના પરિવારોને જૂથ વીમા/આરોગ્ય પોલિસી દ્વારા નાણાકીય સહાય આપવામાં આવશે તેમજ જ્યારે કલબ સિવાયના સભ્યો કે જેમની મહત્તમ વય ૫૦ વર્ષ સુધીની હશે તેમને આકસ્મિક અવસાનના કિસ્સામાં ૧ લાખ રૂપિયાની મદદ કરવામાં આવશે.ગુજરાત રાજ્યની માન્ય કરેલ પ્રિન્ટ, ટીવી અને ડિજિટલ (ઓનલાઈન) મીડિયા સાથે પત્રકાર તરીકે કામ કરતા બિન-કલબના સભ્યો ઉપરાંત ગુજરાતમાં નોંધાયેલ મીડિયા સંસ્થા/એન્ટિટી ધરાવતા મીડિયા સાહસિકોને આ ફંડ હેઠળ આવરી લેવામાં આવશે.

રાજકોટ ગુરૂકુળ દ્વારા યોજાયેલ ભાગવત કથા દરમ્યાન

કન્યા ગુરૂકુળના સ્થાપક મહિલા ટ્રસ્ટીઓના સન્માન સાથે ભવ્ય અન્નકુટ ઉત્સવ ઉજવાયો

રાજકોટ,તા.૨૫

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ દ્વારા મોરબી રોડ, કાગદડી ખાતે આકાર લઈ રહેલા, સ્વામિનારાયણ કન્યા ગુરૂકુલના ઉપક્રમે યોજાયેલ કથા પારાયણમાં સ્થાપક મહિલા ટ્રસ્ટીઓના પ.પુ. સાંખ્યયોગી બહેનો દ્વારા ખેસ અને કંઠી પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું.

ભાગવત કથાના વક્તા શાસ્ત્રી શ્રી પૂ. ચૈતન્ય સ્વરૂપદાસજી સ્વામીએ કન્હૈયાની માખણ લીલાનું રસપ્રદ વર્ણન કરી રસતરબોળ કર્યા હતા.

ગોવર્ધન પૂજન લીલા અંતર્ગત ભવ્ય અન્નકૂટનું આયોજન કરવામાં આવેલ હતું.કથામાં આવતા શ્રોતાઓ દ્વારા લાવવામાં આવેલ વિવિધ પ્રકારની મીઠાઈ અને ફરસાણની વાનગીઓ થી કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો.ત્યારબાદ ૫૦૦૦ થી પણ વધુ લોકોને આ પ્રસાદ વેચવામાં આવ્યો હતો.

કથા પારાયણના છેલ્લા દિવસે તારીખ ૨૫ એપ્રિલે મહિલા મંચનું આયોજન કરવામાં આવેલું છે. જેમાં સાંખ્ય યોગી મહિલાઓ દ્વારા સત્સંગ અને યુવતીઓ દ્વારા નૃત્ય નાટિકાઓ અને સાંસ્કૃતિક પ્રોગ્રામ રજૂ કરવામાં આવશે. કથા પારાયણમાં પધારેલા પ.પૂ.ગુરુ મહારાજ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી અને પૂ.મહંત સ્વામી શ્રી દેવપ્રસાદજી સ્વામી એ શુભ આશીર્વાદ આપી કન્યા ગુરૂકુલ માટેના દાતાઓનું સન્માન કર્યું હતું. પ.પૂ. શ્રી નારાણપ્રસાદજી સ્વામીએ રૂડા આર્શીવાદ આપી, મા બાપની સેવા કરવા અંગે ભાર મૂક્યો હતો.

આગામી ૫ અને ૬ મે દરમિયાન બાલ સંસ્કાર શિબિરના આયોજનની જાહેરાત કરવામાં આવી હતી. જેમના ફોર્મ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ ખાતેથી ૨૮ તારીખ સુધી પ્રાપ્ત થશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

સા.શ્રી રત્નમાલાશ્રીજી મ. આદિની નિશ્રામાં નાગેશ્વર પાર્શ્વનાથ જૈનતીર્થમાં આચંબીલ ઓળીની આરાધના સંપન્નઃ પ્રભાવના

રાજકોટ તા.૨૬

રાજકોટ-જામનગર રોડ પર આવેલ સુપ્રસિદ્ધ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થમાં પ.પૂ.શ્રી બુદ્ધિસાગર મ.સા.ના સમુદાયના સાધ્વીજીશ્રી રત્નમાલાશ્રીજી આદી ઠાણા-૨ની નિશ્રામાં ચૈત્ર માસની શ્રી નવપદજીની શાશ્વતી આયંબીલની ઓળીનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ.

આ સમગ્ર આયંબીલની ઓળી કરાવવાનો તથા પારણાનો લાભ ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા પરિવાર તથા શ્રીમતી મોનીકાબેન દિવ્યેશભાઈ ગાંધી (દુબઈ) પરિવાર લીધેલ હતો.

આયંબિલના તપસ્વીઓને રોજ સુંદર આરાધના તથા શ્રીપાલ રાજાનો રાસ! સેવા પૂજાનો લાભ આયંબીલ સાંજે પ્રતિક્રમણ કરાવવામાં આવેલ છે.

તથા રોજેરોજની પ્રભાવનાનો લાભ પણ લાભાર્થી પરિવારે લીધેલ છે. કુલ ૩૧ તપસ્વીઓએ પુરી આયંબીલ ઓળી કરેલ છે. જેમાં પ્રભાવના સ્વરૂપે ૧૦૩૫ રૂા., સાકરનો પડો, નળથેલી વગેરે દ્વારા તપસ્વીઓનું લાભાર્થી પરિવાર દ્વારા બહુમાન કરવામાં આવેલ છે તેમ જણાવાયુ છે.

પરોપકાર અને પરમાર્થના સુત્ર થકી અમરત્વને પ્રાપ્ત કરનાર દાનવીર સ્વ. દીપચંદભાઈ ગારડીનો આજે ૧૧૦ મો જન્મદિવસ

શિક્ષણ અને મેડીકલ ક્ષેત્રે શ્રીદાનનો ખજાનો લુંટાવનાર મહામાનવને પ્રેમાંજલી

રાજકોટઃતા ૨૫

સૌરાષ્ટ્રની પવિત્ર ધરતી ઉપર એક મહામાનવનો જન્મ થયો અને એ સંત જેવું જીવન જીવી ગયાં. એ મહામાનવ, દાનવીર, જૈન શ્રેષ્ઠિ, ભારત ભામાશા પુ. દીપચંદભાઈ ગારડીનો આજે ૧૧૦ મો જન્મદીવસ છે ત્યારે સમગ્ર સૌરાષ્ટ્ર આજે પણ તેને ભાવથી યાદ કરે છે. પુ. દીપચંદભાઈનું વતન પડઘરી હતું પણ આ માને સમગ્ર ભારતને પોતાનું વતન ગણી જ્યાં જરૂર જણાય ત્યાં દીન દુઃખીયાની સેવા કરી ભારતભરનાં અસંખ્ય રાજ્યોમાં આજે પણ પુ. દીપચંદભાઈની સેવા સતત ધબકે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સ્કૂલો, હોસ્પિટલો, મંદીરો, મસ્જીદિ, અનાથ આશ્રમ, વૃધ્ધાશ્રમ, ધર્મશાળાઓ, છાત્રાલયો, શૈક્ષણિક સંકુલોનું નિર્માણ કરી પુ.દીપચદભાઈ એક મહામાનવ તરીકે ઉપસી આવ્યા.

ગુજરાતનાં ૧૮ હજાર ગામડામાંથી ભાગ્યે જ કોઈ એવું ગામ હશે જ્યાં દીપચંદભાઈ ગારડીએ પોતાના દાનની સરવાણી વહાવી ન હોય. એટલે જ ગુજરાત સરકારે તેને સ્ટેટ ગેસ્ટ જાહેર કરેલ.

મધ્યપ્રદેશનાં ઉજૈન ખાતે શ્રીમતિ રૂક્મણીબેન દીપચંદભાઈ ગારડીનાં નામથી ૧૦૦૦ બેડની હોસ્પિટલ અને મેડીકલ કોલેજની સુવિધા પુ. દીપચંદભાઈ ગારડી દ્વારા ઉભી કરવામાં આવી છે. આજે પણ આ હોસ્પિટલમાં તેમનાં જયેષ્ઠ પુત્ર ડો.રશ્મીકાંતભાઈ ગારડી પોતાની સેવા આપી રહયા છે. સૌરાષ્ટ્રનું વિશ્વ વિદ્યાલય સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કરોડો રૂપિયાની સખાવત કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ફોર સ્ટાર યુનિવર્સિટીનો દરજ્જો અપાવવામાં ગારડી સાહેબનો સિંહ ફાળો છે.

સૌરાષ્ટ્રનાં માંગરોળ પાસે આવેલ શારદાગ્રામ સ્થિત ભવ્ય શૈક્ષણિક સંકુલ, મહારાષ્ટ્રનાં સોલાપુર પાસે આવેલ પ્રોસ્ટીટયુટનાં બાળકો માટે બનાવાયેલ આશ્રમ, અમદાવાદ, પુના અને મુંબઈ ખાતેનાં જૈન ભવનો સહીતનાં સેવા પ્રકલ્પો આજે પણ સતત પ્રવૃતિથી ધમધમે છે. કરોડો લોકોનાં આશીર્વાદ મેળવી ૯૮ વર્ષની જૈફ વયે છેલ્લે સુધી સતત પ્રવૃત રહી આવનારી પેઢીને નવો રાહ બતાડનાર પુ. દીપચંદભાઈ ગારડી આજે હયાત નથી પણ તેને ભાવી પેઢી વરસો સુધી યાદ કરશે.

સંકલન
મુકેશ પી .દોશી
મો. ન.૯૮૨૫૦૭૭૭૨૫

કાલે રાષ્ટ્રીય પરિવર્તન મોરચા અને ભારત મુકિત મોરચા દ્વારા પરિવર્તન સભા અને વિશાળ રેલીનું આયોજન

કરણીસેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવત, મહિલા કરણીસેના અધ્યક્ષ સંગીતાબેન સિંઘ સહિતના મહાનુભાવો રહેશે ઉપસ્થિત

રાજકોટ,તા.૨૫

રાષ્ટ્રીય પરિવર્તન મોરચા અને ભારત મુકિત મોરચા દ્વારા આવતીકાલ તા.૨૬ને શુકવારે સાંજે ૭ થી ૧૦ વાગ્યા દરમ્યાન પરિવર્તન સભાનું રૈયાધાર, લોર્ડ બુદ્ધા હાઈટ સામે, રામાપીર ચોક આગળ, ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.આ સાથે બપોરે ૪ કલાકે ડો.આંબેડકર પ્રતિમાં ડો.આંબેડકર બ્રીજથી વિશાળ રેલીનું પ્રસ્થાન કરવામાં આવશે.આ રેલી ડો.આંબેડકર પ્રતિમાંએથી જયુબેલી ખાતે બુદ્ધા હાઈટ સામે પરિવર્તન સભામાં જોડાશે.આ સભામાં કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવત મહિલા કરણી સેનાના અધ્યક્ષ સંગીતાબેન સિંઘ, બહુજન મુકિત પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવેન્ધ પ્રતાપ સિંઘ, બીએમપીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ નિશાબેન મેશ્રામ, બીએમપી પ્રદેશ અધ્યક્ષ, ગોવિંદભાઈ પરમાર અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહી પ્રબોધન કરશે.

મહાત્મા જ્યોતિરાવ ફૂલે પ્રતિમાં પાસે થઈ, ત્રિકોણ બાગ, યાજ્ઞિક રોડ, મ્યુ.કમિ.બંગ્લો, ભકિતનગર સ્ટે.પાસે, અંડર બ્રીજથી રાજનગર ચોક ખાતે ડો.આંબેડકર પ્રતિમા નાનામવા સર્કલથી મવડી ચોકડી ૧૫૦ ફુટરીંગ રોડ, આસ્થા ચોક, ડો.આબેડકર પ્રતિમાથી નાનામવા સર્કલ ઈન્દિરા સર્કલ, રામાપીર ચોકડીથી રૈયાધાર ખાતે લોર્ડ

'સાંજ સમાચાર'ની મુલાકાતે પ્રકાશભાઈ સિંઘવ, રમેશભાઈ બેડવા, દેવનભાઈ બેડવા, ભિમજી સિંઘવ, રણજીતભાઈ ડોલેરા, ભરતભાઈ સોલંકી, નિલેષ બથવાર, બાબુભાઈ પરમાર મહેશભાઈ જાદવ અને આર.વી.રાઠોડ આવ્યા હતાં.

મુંબઈમાં રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિમ.એ મહાતપસ્વી પૂ.પરમ સૌમ્યાજીમ.ને ૧૦૦૮મી આયંબીલના પ્રત્યાખાન આપ્યા

રાજકોટ,તા.૨૫

જગતના કરોડો કરોડો મનુષ્યના ૧૦૦૮ દિવસો જ્યારે આહાર, ભોજન અને સ્વાદની આસક્તિમાં નિરર્થક વીતી ગયાં છે ત્યારે પોતાના સ્વાદ પર વિજય પામીને અખંડ ૧૦૦૮ દિવસની આયંબિલ તપની આરાધના કરીને ૧૦૦૮ દિવસની ક્ષણ - ક્ષણને સાર્થક કરી લેનારા એવા મહાતપસ્વી સાધ્વીરત્નાની થાય એટલી અનુમોદના કરી લેવાની પાવન પ્રેરણા પ્રસારિત કરીને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે મહાતપોત્સવ -દીક્ષા મહોત્સવનો દ્વિતીય દિવસ જન જનને તપ ધર્મ પ્રત્યે વંદિત કરી ગયો હતો.

વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી પાસે જૈન સંઘના ઉપક્રમે માલીનીબેન કિશોરભાઈ સંઘવી, ઋતંભરા કોલેજ કેમ્પસ ખાતે ઉજવાઈ રહેલાં મહાતપોત્સવ- દીક્ષા મહોત્સવના અવસરે તેરાપંથ સંપ્રદાયના પૂજ્ય કમલમુનિ મહારાજ સાહેબ આદિ સંતો,ડો. પૂજ્ય જસુબાઈ મહાસતીજી આદિ, વિરલપ્રજ્ઞા પૂજ્ય વીરમતીબાઈ મહાસતીજી આદિ,પૂજ્ય ઊર્મિ - ઊર્મિલાબાઈ મહાસતીજી આદિ, પૂજ્ય કિરણબાઈ મહાસતીજી આદિ, ડો. પૂજ્ય ડોલરબાઈ મહાસતીજી આદિ,પૂજ્ય પુનિતાબાઈ મહાસતીજી આદિ, પૂજ્ય પૂર્વીબાઈ મહાસતીજી આદિ ઠાણાઓ સાથે ભારતના અનેક ક્ષેત્રોના હજારો ભાવિકો પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને તેમજ દેશ - વિદેશના મળીને લાખો ભાવિકો લાઈવના માધ્યમે મહાતપસ્વી આત્મા તેમજ દીક્ષાર્થી આત્માની અનુમોદના કરવા અહોભાવથી જોડાઈ ગયાં હતાં.

આ અવસરે ઉપસ્થિત તેરાપંથ સંપ્રદાયના પૂજ્ય શ્રી કમલમુનિ મહારાજ સાહેબે પૂજ્ય તપસ્વી મહાસતીજીની આવી સુદીર્ઘ સાધના પ્રત્યેની ભાવભીની અનુમોદનાના ભાવ પ્રગટ કર્યા હતા.

પ્રત્યક્ષ ઉપસ્થિત તેમજ લાઈવના માધ્યમે આ અવસરમાં જોડાયેલાં દેશ વિદેશના લાખો ભાવિકો અંજલિબદ્ધ, નતમસ્તક, વંદિત અને અભિવંદિત થઈ ગયાં હતાં જ્યારે પરમ ગુરુદેવના બ્રહ્મસૂરે મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીને ૧૦૦૮મી આયંબિલના કલ્યાણકારી પ્રત્યાખ્યાન અર્પણ કર્યા હતાં.

ભવોભવનું કલ્યાણ કરાવી દેનારા મહાતપોત્સવ અને દીક્ષા મહોત્સવના આવનારા આવતીકાલ ૨૬વિંએપ્રિલ ૨૦૨૪ તૃતીય દિવસે "હે શ્રમણી વંદન તને હજાર" અદભુત કાર્યક્રમ સાથે "સંવેદના પ્રભુ મિલનની અનોખી ભાવયાત્રા, ઉત્તમભાઈ છેડા દ્વારા પ્રસ્તુતિમાં જોડાવવા દરેક ધર્મપ્રેમી ભાવિકોને પધારીને ધન્ય બનવા વિલેપાર્લે સંઘ તરફથી ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

કોઠારીયા રોડ પર આવેલ બાગેશ્વરધામમાં હનુમાન જયંતિની ઉજવણી

કોઠારીયા રોડ રણજા મંદિરની સામે આવેલ બાગેશ્વરધામમાં હનુમાન જયંતિની ઉજવણીરૂપે હવન અને બટુકભોજનનુ આયોજન કરેલ હતુ. દર મંગળવાર અને શનિવારે સવારે પાંચ વાગ્યાથી દસ વાગ્યા સુધી દર્શન કરવા ભકતો ઉમટે છે. પુરા સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી ભકતો મંગળવાર અને શનિવારે આવીને માથુ ટેકવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા પાલાભાઈ આહિર અને રાજેશ ચુડાસમા તથા બાગેશ્વરધામના સ્વંયસેવકોએ જહેમત ઉઠાવી હતી.

કાલે તોરણીયા ગામે ડો. બાબા સાહેબ આંબેડકરના ૧૩૩માં જન્મોત્સવ અંતર્ગત શોભાયાત્રા, ભીમ ડાયરો સહિતના કાર્યક્રમો

રાજકોટ, તા.૨૫

સહયોગ સેવા સમાજ દ્વારા આવતિકલ તા.૨૬ ને શુકવારે તોરણીયા ધોરાજી રાજકોટ ખાતે ડો. બાબા સાહેબ આંબેડકરના જન્મોત્સવ અંતર્ગત ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં બપોરે ૩ કલાકે શોભાયાત્રા, સાંજે ૫:૩૦ કલાકે ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાનું મહાનુભાવો અને વંદનીય ભંતે પ્રજ્ઞા રત્નજી થેરોના કરકમલોથી અનાવરણ કરવામાં આવશે. તેમજ સાંજે ૬ થી ૮ દરમ્યાન સામૂહિક ભીમ ભોજન, રાત્રે ૯ કલાકે વંદન મહાનુભાવોનું અભિવાદન અને પ્રાસંગિક ઉદબોધન તેમજ રાત્રે ૧૦ કલાકથી ભીમ સંગીત (ભીમ ડાયરો)ના સૂર સાધકો શોભના દાફડા, કિસ્મત ચૌહાણ અને જયેશન પરમાર સૂરવાણી ફેલાવશે.

અમેરિકામાં મોરબીની સિરામિક પ્રોડકટ પર એન્ટી ડમ્પિગ ડ્યુટી લાદવા તજવીજ: ઉદ્યોગકારો ચિંતીત

યુરોપ-તાઈવાન સાઉદીઅરેબીયા બાદ હવે અમેરિકામાં પણ ટાઈલ્સ મોંઘીદાટ બનશે: કોન્સ્યૂલેટ જનરલ ઓફ ઈન્ડીયા સમક્ષ ધા

(જીગ્નેશ ભટ્ટ દ્વારા) મોરબી,તા.૨૫

મોરબીની સિરામિક પ્રોડક્ટ ઉપર અમેરીકામાં એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લગાવવા માટેની પ્રોસેસ કરવામાં આવી છે જેથી કરીને આગામી દિવસોમાં અમેરિકના દેશોમાં હાલમાં મોરબીની સિયમિક પ્રોડક્ટનું ખૂબ જ સારું માર્કેટ છે તેને પણ મોટા પ્રમાણમા અસર થશે તેવું કહીએ તો તેમાં જરાપણ અતિશયોક્તિ નથી અને હાલમાં એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાગવાની છે તેની અસર અત્યારે અમેરિકામાં યોજાયેલ એક્ઝિબિશનમાં પણ જોવા મળી રહી છે અને જો એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લગાશે તો આગમી દિવસોમાં એમરિકા વાળા માટે મોરબીની ટાઈલ્સ મોંઘી બનશે

મોરબીની આસપાસમાં સિરામિકના ૮૦૦ જેટલા નાનામોટા કારખાના આવેલા છે જેમાં લાખો લોકોને રોજગારી મળે છે અને આ કારખાનાની અંદર બનતી સિરામિક પ્રોડક્ટને દેશમાં અને વિદેશમાં જુદા જુદા વિસ્તારમાં સપ્લાય કરવામાં આવે છે જેથી કરીને સરકારને પણ કરોડો રૂપિયાનો ટેક્સ સિરામિક ઉદ્યોગકારો દ્વારા આપવામાં આવે છે તેવામાં એક પછી એક દેશમાં મોરબીની સિરામિક પ્રોડક્ટ ઉપર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવી રહી છે અત્યાર સુધીની જો વાત કરીએ તો મોરબીની સિરામિક પ્રોડક્ટ ઉપર આજની તરીકે યુરોપના કન્ટ્રી તેમજ તાઇવાન, સાઉદી અને બહેરિનમાં એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લગાડવામાં આવેલ છે અને અત્યાર સુધી અમેરિકના દેશોમાં જે માલની સપલાઈ કરવામાં આવતી હતી તેના ઉપર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવતી ન હતી જો કે, હવે તેના ઉપર પણ આગામી દિવસોમાં એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવે તેવી શક્યતા છે

વધુમાં મોરબી સિરામિક ઉદ્યોગના આગેવાન પાસેથી મળી રહેલી માહિતી મુજબ અગાઉ જીસીસીના છ દેશોમાં એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવી હતી જો કે, ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ દરમ્યાનગીરીથી જીસીસીના છ પૈકીનાં બે જ દેશમાં આજની તારીખે સિરામિકની સિરામિક પ્રોડક્ટ ઉપર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાદવામાં આવેલ છે અને ચાર દેશમાં મુક્તિ મળી ગયેલ છે પરંતુ એક પછી એક દેશમાં જે રીતે મોરબીના સિરામિક ઉદ્યોગ ઉપર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી નાખવામાં આવી રહી છે અને હાલમાં ઉદ્યોગ મંદી અને મોંઘવારી સહિતનો માર સહન કરીને માંડ માંડ ટકી રહ્યો છે ત્યારે હવે જો અમેરિકના દેશોમાં પણ મોરબીના સિરામિક ઉદ્યોગ ઉપર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી નાખવામાં આવશે તો આ વિશ્વ કક્ષાના ઉદ્યોગની કમર તૂટી જશે તેવી પૂરેપુરી શક્યતા છે અને હાલમાં અમેરિકના દેશોમાં એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાદવા માટેની પ્રોસેસ કરી નાખવામાં આવી છે જો કે, હાલમાં એન્ટી ડમ્પિંગ ડ્યૂટી મોરબીની સિરામિક પ્રોડક્ટ ઉપર લગતી નથી પરંતુ ભવિષ્યમાં એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાગશે તો મોરબીના ઉદ્યોગનું શું થશે તેની ચિંતા ઉદ્યોગકારોને સતાવી રહી છે મોરબી સીરામીક એસો.ના પ્રમુખ મુકેશભાઈ કુંડારીયાએ માહિતી આપતા જણાવ્યુ હતુ કે, હાલમાં મોરબી સીરામીક ટાઈલ્સ માટે દુનિયામાં સૌથી મોટું માર્કેટ અમેરીકામાં છે અને વર્ષ ૨૦૨૩-૨૪ મા મોરબીથી ૧૫૦૦ કરોડનુ એક્સપોર્ટ ફક્ત અમેરીકામા કરવામાં આવ્યુ છે જો કે, છેલ્લા ૪ થી ૫ દિવસમાં અમેરીકા દ્વારા ભારતથી એક્સપોર્ટ થતી ટાઈલ્સ ઉપર એન્ટી ડમ્પીંગ ડયુટી લગાવવા માટેની પીટીશન ફાઈલ કરેલ છે અને તેના માટેની પ્રોસેસ પણ થઈ ગયેલ છે જેથી આગામી દિવસોમાં મોરબીની સિરામિક ટાઈલ્સ ઉપર એન્ટી ડમ્પિંગ ડ્યૂટી લાગે તેવી પૂરેપુરી શક્યતા છે જેની માઠી અસર હાલમાં અમેરિકના એટલાન્ટા શહેર ખાતે યોજાયેલ એક્ઝિબિશનમા પણ જોવા મળી રહેલ છે અને વધુમાં ઉદ્યોગકારો પાસેથી મળી રહેલા માહિતી મુજબ હાલમાં અમેરીકામાં જે એક્ઝિબિશન યોજાયું છે તેવા વેપારીઓ સહિતના લોકો આવે છે પરંતુ કોઈ ઓર્ડર આપતા નથી અને જે વેપારીઓ સહિતના ગ્રાહકો દ્વારા અમેરિકમાંથી અગાઉ ઓર્ડર આપવામાં આવેલ છે તેને પણ સ્થગિત કરાવવામાં આવ્યા છે જેથી કરીને મોરબી સીરામીક ઉદ્યોગને આગામી સમયમાં મોટો ઝટકો અમેરિકામાંથી લાગે તેવી શક્યતાને નકારી શકાય તેમ નથી જો કે, ભવિષ્યના મોટા પ્રશ્નને લઈને કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડીયા એટલાન્ટાની કોન્ફરન્સમા મોરબી સિરામિક એસો.ના પ્રમુખ મુકેશભાઈ કુંડારીયાએ એન્ટી ડર્પીંગ ડ્યુટી બાબતે વાત રજુ કરી હતી

ખાંભા હત્યા કેસ: દારૂ-મટનની મહેફિલમાં ડખ્ખો થતા ગેંડાલાલે અરુણનું ઢીમ ઢાળી દીધું'તું

સોમવારે રાત્રે ખાંભેહેશ્વર ઈન્ડસ્ટ્રીઝના રસ્તા પરથી મૃતદેહ મળ્યો હતો : લોધિકા પોલીસ મથકે હત્યાનો ગુનો દાખલ થયો હતો

રાજકોટ, તા.૨૫

લોધિકાનાં ખાભાં ગામની સીમમાં અજાણ્યા યુવાનની હત્યા કરી લાશ રોડ પર ફેંકી દેવામાં આવી હતી. જેમાં તપાસમાં ગુનાનો ભેદ ઉકેલાયો છે. મૃતક અને આરોપી શાપરમાં મળ્યા બાદ દારૂ-મટનની મહેફીલમાં ઝઘડો થયો હતો. હત્યારાએ છરીના ઘા ઝીંકે મોતને ઘાટ ઉતારી ફરાર થઈ ગયો હતો. પોલીસે એમપી પંથકના ગેંડાલાલને ઝડપી લીધો છે.

ખાંભા ગામની સીમમાં ખાંભેશ્વર ઈન્ડ વિસ્તારમાં ગુજરાત પોલીમર્સ નામનાં કારખાના નજીક રોડ પરથી અજાણ્યા યુવાનની હત્યા કરાયેલી લાશ મળી આવતા પોલીસ સ્ટાફ દોડી ગયો હતો. મૃતદેહ પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. તપાસમાં મૃતક યુવાન મૂળ ઉત્તરપ્રદેશનો અને હાલ શાપરમાં રહેતો અને ત્યાં જ કારખાનામાં મજૂરી કામ કરતો અરુણકુમાર દ્વારિકાપ્રસાદ હોવાનું ખૂલ્યું હતું અને બનાવના દિવસે મૃતક અને હત્યા કરનાર ગેંડાલાલ નામનો શખસ હોવાનું ખૂલતા પોલીસે મૂળ એમપી જિલ્લાના ગેંડાલાલ ઈન્દરસિંગ દાવર નામના શખસને ઝડપી લીધો છે. પૂછપરછમાં ગેંડાલાલે કબુલાત આપી કે,બનાવના દિવસે મૃતક અને પોતે શાપરમાં દેશી દારૂ લેવા ભેગા થયા હતા. વાતચીત થયા પછી મહેફિલનું નક્કી થયું. દારૂ-મટનની ખરીદી કરી ગેંડાલાલે ખાંભા ગામે વાડી વાવવા રાખી હોય ત્યાં બંને પહોંચ્યા હતા. દારૂની મહેફિલ દરમિયાન મૃતક અરુણ ગેંડાલાલને નશામાં અપશબ્દો કહેવા લાગ્યો. જેથી ઝઘડો થયો. ઉશ્કેરાયેલા ગેંડાલાલે છરીના ઘા ઝીંકી અરુણની હત્યા કરી. લાશ અવવારું સ્થળે ફેંકી દઈ ફરાર થઈ ગયો હતો.

રાજયસભા સાંસદ પરિમલ નથવાણીએ પ્રથમ ગુજરાત સુપર લીગ ટ્રોફીનું અનાવરણ કર્યું

આગામી તા ૧ થી ૧૨ મે દરમિયાન અમદાવાદમાં જામશે ફૂટબોલ જંગ: છ ટીમો મેદાનમાં



અમદાવાદ તા.૨૫

ગુજરાત સુપર લીગ (GSL) એ ગુજરાત રાજ્યમાં ફ્રેન્ચાઇઝી આધારિત ફૂટબોલની એક મોટી પહેલ છે. GSLમાટેની પ્રતિષ્ઠિત ટ્રોફીનું રાજ્યસભા સાંસદ અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA)ના પ્રમુખ પરિમલ નથવાણી દ્વારા ભારે ધામધૂમથી અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે GSLમાં ભાગ લેનારી ટીમના માલિકો, પ્રાયોજકો અને સમર્થકો હાજર રહ્યા હતા.નથવાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્યમાં પ્રથમ વખત ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલ લીગનો પ્રારંભ થઈ રહ્યો છે. ગુજરાતમાં ફૂટબોલની રમતને મજબૂત કરવા માટે GSFAની આ એક મોટી પહેલ છે.

GSL ટુર્નામેન્ટમાં જે છ ટીમ ભાગ લેશે તે છે: અમદાવાદ એવેન્જર્સ (ગોડ TMT અને વિવાન ધ રાઈટ સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ), ગાંધીનગર જાયન્ટ્સ (ANVI સ્પોર્ટ્સ), કર્ણાવતી નાઈટ્સ (ધ એંડ્રેસ), સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ (અક્ષિતા કોટન લિમિટેડ અને બીલાઈન), સુરત સ્ટ્રાઈકર્સ (લોયલ ઈક્વિપમેન્ટ્સ લિમિટેડ), વડોદરા વોરિયર્સ (કે એન્ડ ડી કોમ્યુનિકેશન લિમિટેડ).

નથવાણીએ જણાવ્યું હતું કે અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત ફૂટબોલમાં હજુ ઘણું પાછળ છે. ગુજરાત સુપર લીગ રાજ્યમાં ફૂટબોલની લોકપ્રિયતા વધારવા માટેની નાનકડી પહેલ છે. GSLમાં હાલ છ ટીમ છે પરંતુ આગામી ત્રણ-ચાર વર્ષમાં અમે ટીમની સંખ્યા વધારીને ૧૨ સુધી લઈ જવાનું આયોજન ધરાવીએ છીએ.

GSLના મુખ્ય પ્રાયોજક અને સહયોગી સ્પોન્સર તરીકે અનુક્રમે ગુજરાત પ્રવાસન નિગમ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત છે. ટ્રોફી અનાવરણ પ્રસંગ રાજ્યમાં ફૂટબોલને આગળ વધારવાની સામૂહિક પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. આ લીગમાં ભારતના ૧૦ રાજ્યોના ફૂટબોલ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. GSLથી ગુજરાતના ફૂટબોલ ખેલાડીઓને સમૃદ્ધ અનુભવ તેમજ એક્સપોઝરનો લાભ મળશે.

GSL ગુજરાતમાં ફૂટબોલના વિકાસનું મહત્વપૂર્ણ સિમાચિન્હ છે: નથવાણી

આ તમામ છ ટીમ અતૂટ સમર્પણ સાથે ૧૫ એપ્રિલથી IIT, PDEU અને GFC ના મેદાન પર તેમની કૌશલ્યને નિખારી રહી છે. દરેક પ્રેક્ટિસ સેશન ગુજરાતને ફૂટબોલની શ્રેષ્ઠતા તરફ લઈ જવાની અદમ્ય ભાવનાનો પુરાવો છે.

GSL ટુર્નામેન્ટ ૧ મે થી ૧૨મી મે દરમિયાન અમદાવાદમાં EKA એરેના, ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાવાની છે. મેચના દિવસો ૧, ૨, ૪, ૫, ૮, ૧૦ મે છે. ફાઈનલ ૧૨ મી મે ના રોજ રમાશે. GSL મેચો આશાસ્પદ અને રોમાંચક બનવાની છે અને ફૂટબોલના ઉત્સાહીઓને કેટલીક અવિસ્મરણીય ક્ષણો પૂરી પાડશે.

દરેક ટીમ એકબીજા સામે એક મેચ રમશે અને ટોચની બે ટીમ ૧૨ મે ના રોજ સાંજે ૭ વાગ્યે ફાઈનલ મેચ રમશે. GSLમાં વિજેતા ટીમને રૂ.૧૧ લાખનું ઈનામ આપવામાં આવશે, જ્યારે રનર્સ અપ રહેનારી ટીમને રૂ.૫ લાખનું ઈનામ મળશે.

આ સાથે જ, સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા ખેલાડીઓને જુદી-જુદી આઠ કેટેગરીમાં રૂ.૨૫,૦૦૦નું ઈનામ આપવામાં આવશે, તેમજ દરેક મેચના પ્લેયર ઓફ ધ મેચને રૂ. ૫,૦૦૦નું ઈનામ આપવામાં આવશે. ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે પ્રેક્ટીસથી શરૂ કરીને ફાઈનલ મેચ સુધી દરેક દિવસનું રૂ. ૧૫૦૦-૨૦૦૦ સુધીનું દૈનિક ભથ્થું આપવામાં આવશે, એમ GSFAના ઓનરરી જનરલ સેક્રેટરી શ્રી મૂળરાજસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. GSLટ્રોફીના અનાવરણ સાથે, હવે સંપૂર્ણ ધ્યાન ટૂર્નામેન્ટ પર કેન્દ્રીત થાય છે. ગુજરાતમાં ફૂટબોલ માટેનો ઉત્સાહ તેની ચરમસીમાએ પહોંચ્યો છે અને ફૂટબોલના કૌશલ્યને પ્રદર્શિત કરવા માટેનો મંચ હવે સંપૂર્ણ રીતે સજ્જ છે.

GSFAના ઓનરરી જનરલ સેક્રેટરી મૂળરાજસિંહ ચુડાસમાએ ટ્રોફી અનાવરણની વિધિનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે GSFAના હોદ્દેદારો તથા એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

GSLની મેચો માટેની સિઝન ટિકિટની કિંમત રૂ. ૪૯૯ રાખવામાં આવી છે, જ્યારે ફાઈનલ મેચની ટિકિટની કિંમત રૂ. ૩૯૯ રાખવામાં આવી છે. ટિકિટ BookMyShow પરથી મળી શકશે.

સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

સાંજ સમાચાર
ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારના અંકમાં પ્રસિધ્ધ
★ઓછામાં ઓછી ૪ લાઈન
★ફક્ત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.
- વ્યવસ્થાપક

Raymond શુટ રૂ. 3000
કાપડ + સિલાઇ સાથે સફારી શુટ રૂ. ૧૫૫૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂ. ૧૨૦૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે ફક્ત રૂ. 3000 શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે બ્રાન્ડેડ જોડી રૂ. ૧૧૦૦

ભાડે મળશે શુટ-સેરવાની
ચણીયા ચોળી
ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી
ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેક્શન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ.
મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

રાજપૂતાના પોષાક
રજવાડી બીજીસ હન્ટર શર્ટ, અચકણ બેલ્ટ, બ્લોચ કલગી સાફો-પાઘડી, મોજડી, હન્ટર જોધપુરી તેમજ બાળકોના હન્ટર શર્ટ - બીજીસ મળશે
ન્યુ બન્ની કલેક્શન

ચામુંડા શુટ ઝોન
શુટ ફેન્સી →૩૫૦૦થી
ઇન્ડોવેસ્ટર્ન →૩૫૦૦થી
ફેન્સી બ્લેઝર →૨૫૦૦થી
સેમી ઇન્ડોવેસ્ટર્ન →૨૨૦૦થી
કોટન કુર્તા સેટ → ૫૫૦થી
ફેન્સી કોટ →૧૦૦૦થી
સિલ્ક કુરતા જેકેટવાળા →૧૮૫૦થી
કાઉલ કુરતા શેટ →૨૫૦૦થી
કોટી → ૫૫૦થી

વેચવાનું છે

૧ બીએચકે ફ્લેટ વેચવાનો છે
મવડી ચોકડી, કિંમત-૧૬,૫૧,૦૦૦, મો. ૯૮૨૪૬ ૯૪૫૬૭ (૬૪૬૨)

મકાન વેચવાનું છે
૫૦ વાર, કિ. ૨૭, ૨ બીએચકે, કોઠારીયા મેઈન રોડ ઉપર, નિલકંઠ ટોકીઝ પાછળ, મો. ૮૮૪૯૯ ૫૩૯૦૨ (૬૫૫૪)

સુચિત મકાન વે. છે
ગોંડલ ચોકડી, ૫૬ વાર, ૧૨ લાખ, કસમાં તા.ક., મો. ૯૭૨૬૪ ૪૨૭૩૧ (૬૪૩૪)

ફ્લેટ વેચવાના છે
૦૨ રૂમ, સીટીંગ, ડાઈનીંગ મીલપરા શેરી નં.૫, બીજા માળે, ફુલ બિલ્ટઅપ ૯૦.૫૫ ચો.વાર., રાજકોટ. મો. ૯૮૨૫૬ ૭૩૭૭૧ (૬૫૩૨/૧)

મકાન વેચવાના છે
૦૨ મકાન બાજુ બાજુમાં, કુલ ૧૫૩.૯૩ વાર, જે.કે.પાર્ક, શેરી નં. ૨, આલાપ ગ્રીન પાછળ , રાજકોટ. મો.૯૮૨૫૬ ૭૩૭૭૧ (૬૫૩૨/૨)

મકાન વેચવાના છે
૦૩ મકાન બાજુ-બાજુમાં ભરતી ભરણી, ડો. યાજ્ઞિક રોડથી પૂર્વ બંધ શેરી (૧) ચો.વાર આ. ૧૨૮ અને (૨) ચો.વાર. આ. ૧૩૯ (૩) ચો.વાર ૧૧૯.૫ છે. મો. ૯૮૨૫૬ ૭૩૭૭૧ (૬૫૩૨/૩)

અદલો-બદલો
દુકાન કોઠારીયા મેઈન રોડ, બદલામાં જસદણ, અમરેલી, રાજકોટમાં મિલ્કત ચાલે, મો. ૯૪૦૮૯ ૨૪૫૧૮ (૬૫૩૮)

જંકશનમાં ફ્લેટ
૧ બીએચકે, ટેરેસ સાથે, લાઈટ, પાણી ૪૦૦ ફુટ, ટેરસ, ૯૪૨૮૨૩૩૯૧૯(૬૫૬૫/૧)

વહેચવાનું છે
ગાયત્રીનગરમાં ભકિતનગર સર્કલ પાસે બે રસ્તાનું બે કુટુંબનો સમાવેશ થાય તેવું ત્રણ માળનું પ્લાન પાસ, મકાન, પાણી ફુલ, ગેસ કનેકશન, મો. ૯૩૭૫૫૪૩૫૬૧(૬૫૬૭/૨)

મકાન વેચવાનું છે
કેવડાવાડી બેસ્ટ લોકેશનમાં ૮૩ વારનું ૩ બીએચકે, કાર પાર્કિંગવાળુ, બંગલા ટાઈપ મકાન મળો. બ્રોકર : પ્રમોદભાઈ પંડયા મો. ૯૮૭૯૦૭૮૯૭૧(૬૫૬૮/૧)

તાત્કાલીક ફ્લેટ વે.નો છે
૩ બેડ, હોલ, કીચન, મીની ફર્નિ. જીમ, સ્વીમીંગ, ફુલ પાર્કિંગ, ઈશ્વરીયા પહેલા, કાલાવડ રોડ, મો. ૭૦૪૧૬ ૩૭૫૫૨

જોઈએ છે
▶ ટેલીફોન ઓપરેટર : ફીમેલ ગ્રેજ્યુએટ, અંગ્રેજી તથા ગુજરાતીમાં કોમ્યુનીકેશન સ્કીલ ધરાવતા
▶ પ્યુન : ઓફીસ રૂટીન તથા બહારના કામકાજ માટે
રૂબરૂ મળો : તા.૨૭/૦૪/૨૦૨૪, શનીવાર સાંજના ૫.૦૦ થી ૬.૩૦ દરમ્યાન
J. C. Ranpura & Co.
'સ્ટાર એવેન્યુ', ફર્સ્ટ ફ્લોર, ડો. રાધાકૃષ્ણન રોડ, રાજકુમાર કોલેજ સામે, રાજકોટ-૩૬૦ ૦૦૧.

ધંધાદારી

ઘરઘંટી, વોશીંગ મશીન, ફ્રીઝ
ગીઝર, આરો, ઓવન, ગેસ ચુલો રીપેરીંગ, મો. ૯૭૨૩૧ ૨૫૯૬૪ (૬૪૬૬)

ઘરબેઠા ફ્રીઝ રીપેરીંગ
સીંગલ-ડબલ ડોર ફ્રીઝ માટે શ્રી સદગુરૂ રેફ્રીજરેશન, રૈયા રોડ, મો.૯૪૨૬૨ ૩૮૨૧૪ (૬૪૭૦)

સાંઈરામ, ઘરે બેઠા આઈ.ટી. રીટર્ન અને GST સર્વિસ મેળવો, મો. ૯૩૭૬૬ ૪૨૩૬૦ (એસ/એસ)

છોલે ભટુરે
પંજાબી, છોલે, ભટુરેના કારીગર મળશે અને ઈંદોરી પૌવાના, ૯૪૨૮૨ ૩૩૯૧૯ (૬૫૬૫/૨)

મધર સર્વિસ
ફ્રીઝ, એ.સી., વોશિંગ મશીન, ટીવી, માઈક્રોવેવ રીપેરીંગ કરી આપશું. મો. ૮૧૨૮૫ ૧૪૬૭૮ (૬૫૬૨/૧)

શ્રી યમુના પેકેજીંગ – રાજકોટ
પ્લાસ્ટીક બોકસ-પ્લાસ્ટીક બોકસ ઝટકા મશીન બનાવવા- ઓટો પાર્ટસ ઓટો મોબાઈલ્સ- નટ બોલ્ટ- મશીન પાર્ટસ- ટ્રેકટર પાર્ટસ-જેસીબી પાર્ટસ- ટુલ્સ- હાર્ડવેર-બ્રાસ પાર્ટસ- મોબાઈલ એસેસરી- વી.એમ.સી. – સી.એન.સી. – પાર્ટસ ઈલેકટ્રોનિક પાર્ટસ- ચશ્માની ફ્રેમ તથા ગ્લાસ રાખવા, મેડીકલ (દવાઓ રાખવા) સર્જીકલમાં- પ્લેટ- સ્ક્રુ તથા નેઈલ રાખવા, સોની કામના ઓજાર- ચાંદી કામ વેક્ષ માટે-કટલેરી હોઝીયરી તથા આપની નાની મોટી ફેકટરીમાં દરેક જાતના ટુલીંગ- પાર્ટસ રાખવા માટે પ્લાસ્ટીકના હેવી બોકસ હાજર સ્ટોકમાં મેળવવા માટે- શ્રી યમુના પેકેજીંગ, રાજકોટ. મો. ૯૮૭૯૪ ૭૯૬૯૫, ૯૭૨૭૮ ૭૪૨૬૬ (૬૪૯૪)

ગાર્ડન માટે લોનમુવર
ઈલેકટ્રીક તથા નેમીપુઅલ લોનમુવર ભારમલ બ્રધર્સ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની સામે, ઢેબર રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૩ ૨૦૮૨૯ (મહાદેવ)

યાત્રા પ્રવાસ

બાપા સીતારામ યાત્રા સંઘ
ચાલો ભોળાદ (સુરાપુરાધામ) પ્ર. દિ.૧, તા. ૨૭/૪/૨૪ શનિવાર રાત્રે (૬-સ્થળ) ચાલો દ્વારકા-શિવરાજપુર બીચ, પ્ર. દિ. ૧, તા. ૨૭/૪/૨૪ શનિવાર રાત્રે (૭-સ્થળ) વધુ વિગત માટે ૯૭૨૩૬ ૩૮૬૨૨, ૯૦૮૧૧ ૯૬૯૬૦ (૬૪૭૩)

સદગુરૂ યાત્રા
(૧) ચિત્રકુટ, બનારસ, અયોધ્યા, છપૈયા, ગયા, પ્રયાગરાજ, બોધગયા (૨) ચંપારણ્ય, જગન્નાથપુરી, કલકતા, ગંગાસાગર (૩) મહારાષ્ટ્રના પાંચ જયોતિર્લિંગ, ત્રંબકેશ્વર, ભીમાશંકર, પર્લી બેજનાથ, ધુશ્મેશ્વર, ઓઢા, નાગનાથ, ઈલોરા, ઔરંગાબાદ, શીરડી (૪) હૈદરાબાદ, સિકંદરાબાદ, શ્રી સેલમ મલ્લિકાર્જુન, તિરૂપતિ, વેલુર, ગોલ્ડન ટેમ્પલ, રામોજી ફિલ્મ સીટી, ગુજરાતી ભોજન, કપલ રૂમ, દાસભાઈ : ૯૮૨૫૪ ૦૯૯૪૦ / ૮૧૫૫૮ ૮૧૨૮૮ (૬૫૦૧)

કામદાર પબ્લીસીટી

કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો
ચંદ્રકાન્તભાઈ કામદાર-૯૮૭૯૨ ૬૬૫૧૫
નિતેશ કામદાર-૯૮૯૮૯ ૭૨૮૩૮
પ્રમુખસ્વામી આર્કેડ, ૩જા માળે, માલવીયા ચોક, રાજકોટ

ભાડે આપવાનું છે

ઓફીસ ભાડે આપવાની છે
પીઓપી, ફર્નિચર સાથે, પ્રમુખસ્વામી આર્કેડ, માલવિયા ચોક, મો. ૯૯૨૫૮ ૭૫૯૧૯ (૬૫૬૩)

ફ્લેટ ભાડે આપવાનો છે
૧ બીએચકે, ૧લા માળે, ભાડુ ૪૦૦૦, ફુલ હવા ઉજાસ, ચોવીસ કલાક પાણી, ભોમેશ્વર સાધના એપાર્ટમેન્ટ, મો. ૯૮૨૪૮ ૪૪૧૨૨ (૬૫૬૯)

ફ્લેટ ભાડે દેવાનો
ગુંદાવાડીમાં ૨ બીએચકેનો ફુલ ફર્નિચર લીફટવાળો ફલેટ તથા ગુંદાવાડીમાં ૧ બીએચકેનો ૧ લા તથા રજા માળે ફલેટ ભાડેથી બ્રોકર : પ્રમોદભાઈ પંડયા : મો. ૯૮૭૯૦૭૮૯૭૧(૬૫૬૮/૨)

ભાડે આપવાની છે
ગરેડીયા કુવા રોડ ઉપર આશરે ૧૫૦૦ ફુટ કોમર્શિયલ જગ્યા દરેક હોલસેલના ધંધા માટે અનુકુળ, કોન્ટેક : ૯૩૭૫૫ ૪૩૫૬૧ (૬૫૬૭/૧)

શશી પબ્લીસીટી

૧/૩ લક્ષ્મીવાડી કોર્નર, રાજકોટ.
દરેક પેપરની ટચૂકડી જા.ખ. માટે મળો: પ્રકાશ ગાંગડીયા
મો: ૯૮૨૫૫ ૫૫૮૪૫, ૮૮૪૯૩ ૮૦૭૪૮

ધંધાદારી

ફૂડ પેકીંગ એલ્યુમીનીયમ ફોઈલ
હોટલ, રેકડી તથા કેટરર્સમાં ઉપયોગી પરફેકટ કવોલીટી, કોન્ટેટી અને વ્યાજબી ભાવ અરજન્ટ ડીલેવરી ફોન ઉપર મો. ૬૩૫૧૪ ૭૭૧૭૦

યાત્રા પ્રવાસ

રામા ટ્રાવેલ્સ-જેતપુર ધમાકા-ધમાકા-ધમાકા
ઉજ્જૈન, ઓમકારેશ્વર, ચિત્રકુટ, અલ્હાબાદ, કાશી, અયોધ્યા, હરિદ્વાર, મથુરા, રામદેવડા, અંબાજી દિવસ-૨૦ ભાડુ રૂા. ૯૦૦૦/- રહેવા- જમવા સાથે ઉપડશે. તા. ૧/૬/૨૪ (૨) દિવસ-૨૦ રૂટ ઉપર મુજબ ભાડુ રૂા. ૭૦૦૦/- (ફકત ભાડુ) મો. ૯૯૭૮૮ ૧૨૫૩૮

જય બાલાજી ટુર્સ
ઉપડશે તા. ૧૬/૫ રાત્રે, ચાલો વેકેશનમાં હરીદ્વાર, દિલ્હી, ગોકુળ-મથુરા, આગ્રા, જયપુર, પુષ્કર, નાથદ્વારા, અંબાજી, ઉંઝા, કેસરીયાજી, શામળાજી, ડાકોર વિગેરે ઘણા સ્થળો રહેવા જમવા ચા-નાસ્તો સહિત સ્લીપર કોચ બસ, આનંદદાયક ગેરંટીથી યાત્રા કરાવનાર એક માત્ર નામ ચંદુભાઈ મૈયડ : ૯૮૭૯૯ ૫૬૯૯૦, મુકેશભાઈ મૈયડ : ૮૨૩૮૪ ૮૨૯૨૩, નવલનગર-૧૯, રાજકોટ (બહાદુરગઢવાળા) બીજી બસમાં ફકત પાંચ સોફા બાકી છે. જલ્દી ડીપોઝીટ ભરી નામ નોંધાવો.

વેચવાનું છે

નવલનગર, કૃષ્ણનગરમાં નાના બજેટના મકાન વેચવાના છે. તેમજ લેવાના છે. મળો ચંદુભાઈ મૈયડ : મો. ૯૮૭૯૯ ૫૬૯૯૦

લગ્ન વિષયક

(કન્યા / જોઈએ છે)
(સુંદર / દેખાવડો કુંવારા) યુવક રાજકોટમાં ઘરનો ધંધો સારી આવક ઉમર (૩૧/વર્ષ) વૈશ્નવ વણિક નાનું કુટુંબ, નવનાત વણિક અથવા ઉચ્ચ કુટુંબ ભણતર ઓછું ચાલશે, નમણી દીકરીનાં મા-બાપે કોન્ટેક કરવો, સંપર્ક : ૯૯૭૯૧ ૯૫૮૯૬ (શિવસાગર)

જોઈએ છે

મધર સર્વિસ
લેડીઝ જોઈએ છે, ઓફીસ વર્ક માટે, મો. ૮૧૨૮૫ ૧૫૭૭૭ (૬૫૬૨/૨)

જોઈએ છે
સુતરકોન, સુતરદડાના કારીગર તથા પેકીંગ માટે પાર્ટ / ફુલ ટાઈમ, લેડીઝ / જેન્ટસ, મો. ૯૪૨૬૮ ૧૬૧૫૪ (૬૫૭૦)

શિવ સાગર એસ્ટેટ

ચંદ્રકાંત શેઠ : ૯૯૭૯૧ ૯૫૮૯૬

(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)
અમદાવાદ રોડ, કુવાડવા ૫૯૯૯/વાર, ૨૦,૦૦૦ ફુટ બાંધકામ, આર.સી.સી. ભાવ વારનાં (૪,૫૦૦) અરજન્ટ વેચવાનો.

(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)
અમદાવાદ રોડ, બામણબોર એરપોર્ટ દિવાલ બાજુમાં (૯,૯૯૯) વાર ૬૦/નાં (૨) રોડ કોર્નર ભાવ વારનાં (૨,૫૦૦)તાત્કાલીક વેચવાનો

(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)
૧૦૦૦ / વાર, સોરઠીયાવાડી ૮૦/નાં રોડ, આજી વસાહત, એકયુરેટ વે-બ્રીજ, ૬૦નાં રોડ ઉપર ભાવ વારનાં (૩૦,૦૦૦) તાત્કાલીક વેચવાનો.

(અટીકા / ઈન્ડ. / શેડ)
૩૫૦/ વાર નવું બાંધકામ ભાવ વારનાં (૫૫૦૦૦) તાત્કાલીક વેચવાનો.

(ઈન્ડસ્ટ્રીઝ / પ્લોટ)

૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે રાજયમાંથી જ રૂા. ૨૦૦ કરોડનું ભંડોળ મેળવ્યું : દેશભરમાં નંબર-૧

ગુજરાતમાં ચૂંટણી ભંડોળ અને ખર્ચમાં પણ કોંગ્રેસને મોટા માર્જીનથી પાછળ રાખી દેતું ભાજપ

૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપના રૂા.૬૫.૮૮ કરોડના ખર્ચ સામે કોંગ્રેસનો ખર્ચ ચણા-મમરા જેવો રૂા. ૧.૨૬ કરોડ : ૨૦૧૯માં પણ કોંગ્રેસના રૂા.૧.૪૮ કરોડના ખર્ચ સામે ભાજપે અધધધ રૂા.૫૪.૩૪ કરોડનો ખર્ચ કર્યો : ચૂંટણી ખર્ચમાં પ્રથમ નંબરે મહારાષ્ટ્ર રહ્યું

રાજકોટ, તા. ૨૫

લોકસભા ચૂંટણીમાં પ્રત્યેક ઉમેદવાર રૂા. ૯૫ લાખ સુધીનો ચૂંટણી ખર્ચ કરી શકે છે પરંતુ રાજકીય પક્ષો માટે કોઇ ખર્ચ મર્યાદા નહીં હોવાનું ભરપુર લાભ ગુજરાતમાં ભાજપને મળી રહ્યો છે અને હાલમાં એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મ દ્વારા અપાયેલા આંકડા મુજબ છેલ્લી બે ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો ઉપર કોંગ્રેસને પરાજીત કરી છે તેટલું જ નહીં ખર્ચ કરવામાં પણ ભાજપે કોંગ્રેસને મોટા માર્જીનથી પાછળ રાખી દીધી છે.

ચૂંટણી પંચ સમક્ષ રજુ થયેલા આંકડા મુજબ રાજયની બંને ચૂંટણીઓમાં ભાજપે ભંડોળ મેળવવામાં અને ખર્ચ કરવામાં કોંગ્રેસ ઉપર સરસાઇ સ્થાપી દીધી હતી. ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે એકંદરે રૂા.૬૫.૮૮ કરોડ અને રૂા.૫૪.૩૪ કરોડનો ખર્ચ કર્યો હતો. જયારે કોંગ્રેસ પક્ષે ૨૦૧૪માં ફકત રૂા. ૧.૩૬ કરોડ અને ૨૦૧૯માં રૂા.૧.૪૮ કરોડનો ખર્ચ કર્યો હતો. જોકે ભંડોળ મેળવવામાં પણ ભાજપે કોંગ્રેસને પાછળ રાખી દીધી છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે ગુજરાતમાં ૧૭૯.૬૬ કરોડનો ભંડોળ મેળવ્યો હતો. જયારે કોંગ્રેસ પક્ષે ફકત રૂા. ૨૦.૫૦ કરોડનું ભંડોળ મેળવ્યું હતું. દેશભરમાં લોકસભા ચૂંટણીમાં ખર્ચમાં ૨૦૧૯માં ગુજરાતનો ખર્ચ ત્રીજા ક્રમે રહ્યો હતો. જોકે સૌથી વધુ ખર્ચ મહારાષ્ટ્ર રૂા. ૧૨૪.૩ કરોડ, ઓડીસમાં રૂા. ૬૮.૫૬ કરોડનો ખર્ચ રાજકીય પક્ષોએ કર્યો છે અને ૨૦૧૯ની ચૂંટણીમાં ગુજરાતમાંથી જ ભાજપ અને કોંગ્રેસ બંનેએ અંદાજે રૂા. ૨૦૦ કરોડથી વધુનો ભંડોળ મેળવ્યું હતું. જયારે મહારાષ્ટ્રમાંથી ૧૪૨.૬ કરોડ અને ઉતરપ્રદેશમાં રૂા.૬૮.૦૨ કરોડનું ભંડોળ મેળવ્યું હતું. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં ભાજપે ત્રણ માસ પહેલા જ પ્રચાર શરૂ કરી દીધો હતો અને રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક નેતાઓના પ્રવાસ ઉપરાંત પક્ષના સંમેલનો અને અન્ય આયોજનોથી ભાજપ ૨૦૨૪માં પણ ચૂંટણી ખર્ચમાં નવો રેકોર્ડ બનાવશે તેવા સંકેત છે.

અમેરિકાની નાણાકીય કંપની જેપી મોર્ગનના સીઈઓનુ મહત્વનુ નિવેદન

અમેરિકાને મોદી જેવા સખ્ત નેતાની જરૂર, તેમણે ૪૦ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢયા

તેમણે નોકરશાહીના જૂના માળખાને તોડયું છેઃ જેમી ડિમન

ન્યુયોર્ક (અમેરિકા) તા.૨૫

નાણાકીય સેવા સાથે જોડાયેલી જાણીતી કંપની જેપી મોર્ગનના સીઈઓ જેમી ડિમને વડાપ્રધાન મોદીના વખાણ કર્યા છે. ડિમનનુ માનવુ છે કે મોદી ભારતમાં અવિશ્વસનીય કામ કરી રહ્યા છે. તેમણે ૪૦ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવાનુ કામ કર્યું છે. ડિમને સાથે સાથે કહી દીધુ છે કે અમેરિકામાં પણ આવા સખ્ત નેતાની જરૂર છે જે બધા પડકારોનો જોરદાર સામનો કરે છે.

જેપી મોર્ગનના સીઈઓ 'ઇકોનોમિક કલબ ઓફ ન્યુયોર્ક' તરફથી આયોજીત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. મોદીના વખાણમાં ડિમેને કહ્યુ હતુ કે તેમની પાસે અવિશ્વસનીય એજયુકેશન સીસ્ટમ અને ઈન્ફ્રાસ્ટ્રકચર છે, જે પુરા દેશને ઉપર ઉઠાવી રહ્યુ છે. આમ એટલા માટે થઈ રહ્યુ છે કે આ માણસ પણ એટલો જ સખ્ત છે. હું માનુ છું કે પરિવર્તન માટે સખ્ત થવું પડશે. આપ જાણો છો કે તે નોકરશાહીના કેટલાક ભાગોમાં પરિવર્તન લાવી રહ્યા છે.

આધાર, બેન્ક ખાતાના સુધારાની પણ પ્રશંસા કરીઃ જેમી ડિમને સરકારના સુધારાની પણ પ્રશંસા કરી હતી. તેમણે આધાર સીસ્ટમ પર કહ્યુ હતુ કે આધાર સીસ્ટમ અસાધારણ વ્યવસ્થા છે, જેમાં દરેક નાગરિકને હાથ, આંખ કે આંગળીના માધ્યમથી ઓળખવામાં આવે છે. મણે ૭૦ કરોડ લોકોના બેન્ક ખાતા ખોલ્યા છે. નોકરશાહીના જૂના માળકાને તોડવા માટે સીઈઓએ મોદીને મજબૂત ગણાવ્યા હતા.

રેલવેનો મોટો નિર્ણય! હવે વેઈટિંગ ટિકિટ કેન્સલેશન બાદ પણ પૈસા મળશે

ગિરિડીહ, તા.૨૫

વેઇટિંગ ટિકિટ કેન્સલેશન ચાર્જમાં રેલવે મુસાફરોને મોટી રાહત મળી છે. IRCTC વેબસાઈટ દ્વારા બુક કરાયેલ વેઈટીંગ અને RAC ટિકિટના કિસ્સામાં, સુવિધા ફીના નામે મોટી રકમની કોઈ કપાત કરવામાં આવશે નહીં. હવે આવી ટિકિટો પર રેલવે દ્વારા નક્કી કરાયેલા યાત્રી દીઠ માત્ર ૬૦ રૂપિયા જ લેવામાં આવશે.

ગિરિડીહના સામાજિક કાર્યકર્તા સુનિલ કુમાર ખંડેલવાલની ફરિયાદના આધારે રેલવેએ મુસાફરોને આ રાહત આપવાનો નિર્ણય કર્યો છે. તેનાથી સમગ્ર દેશના લોકોને રાહત મળશે. રેલવેએ મુસાફરોને આ રાહત આપવાનો નિર્ણય કર્યો છે. તેનાથી સમગ્ર દેશના લોકોને રાહત મળશે. ગત તા. ૧૨ એપ્રિલે રેલવે પ્રશાસનને ટિકિટ કેન્સલ કરાવવા માટે IRCTC દ્વારા વસૂલવામાં આવતી મનસ્વી ફી અંગે પત્ર મોકલ્યો હતો. જેમાં તેણે કહ્યું હતું કે, જો IRCTC વેબસાઈટ દ્વારા બુક કરવામાં આવેલી વેઈટિંગ ટિકિટ કન્ફર્મ ન થાય તો રેલવે પોતે જ તે ટિકિટો કેન્સલ કરી દે છે. તેમજ અમારા દ્વારા ચૂકવવામાં આવતી રકમનો મોટો ભાગ સર્વિસ ચાર્જ તરીકે કાપવામાં આવે છે.

ફરિયાદ બાદ IRCTCની કાર્યવાહી

ઉદાહરણ તરીકે, એવું કહેવામાં આવ્યું હતું કે, જો વેઈટિંગ ટિકિટ ૧૯૦ રૂપિયામાં બુક કરવામાં આવે છે, જો ટિકિટ કન્ફર્મ ન હોય તો, રેલવે માત્ર ૯૫ રૂપિયા પરત કરે છે. આ ફરિયાદના પ્રકાશમાં, IRCTCએ આ મોટી કાર્યવાહી કરી છે. IRCTCના મેનેજિંગ ડિરેક્ટરે ૧૮ એપ્રિલે ખંડેલવાલને જાણ કરી હતી કે ટિકિટ બુકિંગ અને રિફંડ સંબંધિત નીતિ, નિર્ણયો અને નિયમો ભારતીય રેલવે (રેલ્વે બોર્ડ)નો વિષય છે. IRCTC રેલવે દ્વારા ઘડવામાં આવેલા નિયમો અને નિયમોનું પાલન કરવા બંધાયેલ છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે, સંપૂર્ણ વેઇટલિસ્ટ, RAC ટિકિટ કલર્કેજ ચાર્જિસના કિસ્સામાં, ભારતીય રેલ્વેના નિયમો અનુસાર, યાત્રી દીઠ રૂ. ૬૦નો સ્ટેજીંગ ચાર્જ વસૂલવામાં આવશે. IRCTCના મેનેજિંગ ડિરેક્ટરે ખંડેલવાલના સૂચનની ખૂબ પ્રશંસા કરી છે. આ મામલો રેલવે પ્રશાસન સમક્ષ લાવવા બદલ તેમનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. અહીં, ખંડેલવાલે આ બાબતે સંજ્ઞાન લઈને તાત્કાલિક પગલાં લેવા બદલ રેલવે પ્રશાસનનો આભાર વ્યક્ત કર્યો છે.

લોકસભા ચૂંટણીના બીજા તબકકાથી જ પ્રચારમાં આકમકતા સાથે અંગત આક્ષેપો અને વાણીમાં કડવાશ

બીજા તબકકાના પ્રચારમાં મંગલસુત્રથી મનમોહન અને મુસલમાનથી લઈ મેનીફેસ્ટો છવાઈ ગયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને નિશાન બનાવ્યો તો રાહુલ અને પ્રિયંકાએ જવાબ આપ્યોઃ અનામતની પણ એન્ટ્રી થઈ ગઈ અને સુરતની બિનહરીફ ચૂંટણી પણ છેક ઉત્તરપ્રદેશમાં ચર્ચાનું કારણ બની

નવી દિલ્હી, તા. ૨૫

લોકસભા ચૂંટણીના પ્રથમ તબકકા કરતા બીજો તબકકો ચૂંટણી પંચની પણ કસોટી કરી જાય તેવા સંકેત છે અને તા.૧૬ માર્ચથી ૧૬ એપ્રિલ સુધીમાં ચૂંટણી પંચને આચારસંહિતા ભંગ અંગે ૨૦૦ જેટલી ફરિયાદો મળી છે. જેમાં ભાજપ તરફથી ૫૧ ફરિયાદોમાંથી ૩૮માં કાર્યવાહી થઈ છે. જયારે કોંગ્રેસ એ કુલ ૫૯ ફરિયાદો કરી હતી. જેમાં ૫૧માં કાર્યવાહી થઈ છે અન્ય પક્ષોની ૯૦ ફરિયાદોમાંથી ૮૦ ફરિયાદોમાં કાર્યવાહી થઈ હોવાનું ચૂંટણી પંચે જણાવ્યું હતું. બીજા તબકકામાં આક્ષેપો અને પ્રતિઆક્ષેપોમાં તમામ હદ વટાવાય છે અને મુસલમાનથી લઈ મંગલસુત્ર અને મેનીફેસ્ટો થી મનમોહનસિંઘ તમામ આ પ્રચારમાં છવાઈ ગયા હતા અને વિકાસની વાત પાછળ ધકેલાઈ જણાઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાએ ત્રણ દિવસમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા મુદે જબરી તડાપીટ બોલાવી છે તો બીજી તરફ રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે તેનો વળતો જવાબ આપી રહ્યા છે. કોંગ્રેસના સામ પિત્રોડા અમેરિકામાં બેઠા બેઠા ભારતની ચૂંટણી વિવાદમાં ફસાઇ ગયા છે અને છેલ્લે અનામત મુદો પણ ચૂંટણીમાં ફરી આવી ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એવો આક્ષેપ કર્યો કે જો કોંગ્રેસ ફરી સતા પર આવશે તો માતા અને બહેનોના સોના અને મંગલસુત્ર બંને બચશે નહીં અને તમારા સંતાનો માટે તમે જે સંપતિ ભેગી કરી છે તે પણ જેને વધુ બાળકો છે (મુસ્લિમ સમુદાય ભણી ઇશારો) તેને તમારી સંપતિ આપી દેવાશે. તો બીજી તરફ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે જવાબ આપતા જણાવ્યું કે દેશમાં ખામોશ લહેર ચાલી રહી છે અને જે નજરે ચડતી નથી પરંતુ જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોંગ્રેસ અને મતદાતાઓથી ડરી રહ્યા છે તે જ દર્શાવે છે કે હવે તેમની વિદાય નકકી છે. આ ચૂંટણીમાં અચાનક જ અનામતની એન્ટ્રી થઇ ગઇ છે અને ગૃહમંત્રી અમિત શાહે ભાજપ અનામત હટાવશે નહીં અને કોંગ્રેસને હટાવવા પણ નહીં દે તેવો પડકાર કર્યો તો સમાજવાદી

પક્ષના વડા અખિલેશ યાદવે ત્યાં સુધી કહ્યું કે સરકાર હવે તમારો મતાધિકાર છીનવી લેશે તે સુરતની ઘટના દર્શાવે છે. તો બીજી તરફ પ્રિયંકા ગાંધીએ મંગલસુત્ર મુદે ઇમોશનલ જવાબ આપીને ભાજપને ભારે ફટકો માર્યો, યોગી આદિત્યાથે કોંગ્રેસ પર શરીયા કાનુન લાવવા માંગે છે તેવો આક્ષેપ કર્યો. મમતા બેનર્જીએ પણ અંતે ચૂંટણી પંચને હડફેટમાં લઇ લીધુ અને કહ્યું કે પંચે ભાજપની સાનુકુળતા મુજબ સાત તબકકાનો ચૂંટણી કાર્યક્રમ તૈયાર કર્યો છે.

બર્ડફ્લૂની ભારતમાં ફરી એન્ટ્રી :રાંચીમાં પ્રાદેશિક પોલ્ટ્રી ફાર્મમાં મરઘાના મોત બાદ તંત્ર એલર્ટ મોડ પર

તકેદારી રાખવા સુચનો જારી કરાયા

રાંચી, તા ૨૫

RRT ટીમની રચના રાજ્યના પશુપાલન સંયુકત નિયામક (મરઘાં) ડો. રજની પુષ્પા સિંકુએ પશુ આરોગ્ય અને ઉત્પાદન સંસ્થાના નિયામકને પત્ર મોકલીને રોગની રોકથામ અને તકેદારી રાખવા માટે જણાવ્યું છે.ઝારખંડમાં ફરી એકવાર બર્ડ ફ્લૂએ દસ્તક આપી છે. તાજેતરમાં હોટવારના પ્રાદેશિક પોલ્ટ્રી ફાર્મમાં મરઘાંના મોત ની સૂચના બાદ ભોપાલના નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હાઇ સિક્યુરિટી એનિમલ ડિસીઝ (ICAR) માં નમૂનાઓમાં ઈંપગ૧ એવિયન ઈન્ફ્લ્યુએન્ઝાની પુષ્ટિ થઈ છે. ભોપાલ સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આઇ સિક્યુરિટી એનિમલ ડિસીઝ ડાયગ્નોસ્ટિક લેબ, બર્ડ ફ્લૂની પુષ્ટિ થતાં જ વિભાગના અધિકારીઓ એકશનમાં આવી ગયા હતા.

પશુપાલન નિયામકની કચેરી, રાંચીએ હોટવા ખાતેના એપિક સેન્ટરના એક કિમીની અંદર મરઘાંને ખતમ કરવા અને ચેપગ્રસ્ત વિસ્તારની સફાઈ અને જીવાણુ નાશકક્રિયા માટેના એકશન પ્લાનના ભાગ રૂપે આરઆરટી ટીમની રચના કરતી અખબારી યાદી બહાર પાડી. રાજ્ય પશુપાલન સંયુકત નિયામક (મરઘા) ડો. રજની પુષ્પા સિંકુ દ્વારા પશુ આરોગ્ય અને ઉત્પાદન સંસ્થા કાકે ના નિયામકને એક પત્ર મોકલવામાં આવ્યો છે જેમાં તેમને રોગની રોકથામ અને તકેદારી માટે પગલાં લેવા જણાવ્યું છે. ભારત સરકારના નિર્દેશ-સૂચના મુજબ, કંટ્રોલરૂમ ઉભો કરવા, દૈનિક અહેવાલો તૈયાર કરવા, બર્ડ ફ્લૂ જોવા મળેલા હોટસ્પોટના વર્તમાન અહેવાલો બનાવવા અને બર્ડ ફ્લૂનો ફેલાવો રોકવા માટે વહીવટી સહકાર સાથે જરૂરી તમામ પગલાં લેવા જણાવાયું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે મનુષ્યોમાં ચેપના લક્ષણોમાં ગંભીર પીઠનો દુખાવો, તાવ, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ, શરદી અને ગળફામાં લોહીનો સમાવેશ થાય છે. પશુપાલન વિભાગે એક એડવાઈઝરી જારી કરીને લોકોને વિનંતી કરી છે કે જો તેઓ મૃત પક્ષીઓ જુએ તો જાણ કરે.

પ્રચારમાં રામ મંદિર અને કરતારપુર કોરીડોર અંગેના વિધાનોમાં મોદીને કલીનચીટ પણ કોંગ્રેસ મુસ્લિમોને સંપત્તિ વહેંચી દેશે તે મુદ્દે પંચ તપાસ કરશે

નવી દિલ્હી, તા. ૨૫

ચૂંટણી પંચ સમક્ષ થયેલી ફરિયાદોમાં ધર્મના નામે મત અને ચોકકસ સમુદાયને ટાર્ગેટ કરવાના મુદ્દે કોંગ્રેસની ફરિયાદ

લોકસભા ચૂંટણીના પ્રચારમાં અયોધ્યામાં રામ મંદિરથી લઇને મહિલાઓના મંગલસુત્રનો મુદ્દો ચગી રહ્યો છે તે સમયે ચૂંટણી પંચે એક મહત્વના ચુકાદામાં ભાજપ માટેના ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે રામ મંદિરના નામે લોકોને મત આપવા ઉપરાંત કરતારપુર સાહેબ કોરીડોરના મુદ્દે શીખોને મતદાનની અપીલ કરી તેને ચૂંટણી પંચે આચારસંહિતાનો ભંગ ગણાવ્યો નથી પરંતુ મોદી દ્વારા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા સામે પ્રશ્ન ઉઠાવીને તેને મુસ્લિમ લીગનો ચૂંટણી ઢંઢેરો અને જે રીતે કોંગ્રેસ પક્ષ અનામતથી લઇ મિલ્કતોમાં મુસ્લિમોને વહેંચી દેશે તે જે વિધાનો કર્યા હતા તે મુદ્દે ચૂંટણી પંચ હવે તપાસ કરશે. વડાપ્રધાને છેલ્લા બે દિવસમાં તેમના ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને નિશાન બનાવ્યું છે રવિવારે કહ્યું હતું કે કોંગ્રેસ જો સતામાં આવશે તો તે તમારી સંપતિ મુસ્લિમોને વહેંચી દેશે તેમને આ માટે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘના એક સમયના વિધાનોનો હવાલો આપ્યો હતો જેમાં તેઓએ જણાવ્યું હતું કે દેશના સંશાધનો પર પહેલો હક અલ્પસંખ્યકોનો છે અને હાલમાં જે રીતે કોંગ્રેસ પક્ષે સંપતિના રીડિસ્ટ્રીબ્યુશનનો મુદ્દો છેડયો છે તેમાં પણ વડાપ્રધાને સભાઓને સંબોધતા કોઇ પાસે બે મકાન હશે તો એક છીનવાઇ જશે અને મહિલાઓએ સોનાના દાગીનાનો હિસાબ આપવો પડશે અને કોંગ્રેસ પક્ષ મુસ્લિમનો વહેંચી દેશે તેવા કરેલા વિધાનો મુદ્દે હજુ ચૂંટણી પંચમાં ફરિયાદ થઇ રહી છે ત્યારે કોંગ્રેસ પક્ષે રાજસ્થાનમાં મોદીએ કરેલા વિધાનોને સાંપ્રદાયિક ભાવના ભડકાવાના તથા પ્રચારમાં ધર્મનો ઉપયોગ કરવાની કરેલી અરજી પર ચૂંટણી પંચ નિર્ણય લેશે તથા ખાસ એક ધાર્મિક સમુદાયને ટાર્ગેટ કરવાનો વડાપ્રધાને પ્રયત્ન કર્યો છે તે અંગે પણ ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ નોંધાઇ છે.

મુંબઈ, થાણેમાં હીટવેવ એલર્ટ, ત્રિપુરામાં ગરમીના કારણે શાળાઓ બંધ રાખવા નિર્ણય

મુંબઈ, તા ૨૫

મુંબઈ અને આસપાસના વિસ્તારો માટે આ મહિનામાં બીજી હીટવેવ ચેતવણી

હવામાન વિભાગ (IMD) એ મહારાષ્ટ્રના થાણે, રાયગઢ જિલ્લા અને મુંબઈના ઘણા ભાગોમાં ૨૭ થી ૨૯ એપ્રિલ સુધી હીટ વેવ એલર્ટ જાહેર કર્યું છે. IMD વૈજ્ઞાનિક સુષ્મા નાયરે બુધવારે જણાવ્યું હતું કે ૨૭ અને ૨૮ એપ્રિલના રોજ તાપમાન ખૂબ વધારે રહેવાની ધારણા છે. મુંબઈ અને આસપાસના વિસ્તારો માટે આ મહિનામાં બીજી હીટ વેવ ચેતવણી જારી કરવામાં આવી છે. ૧૫ અને ૧૬ એપ્રિલે મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં તીવ્ર ગરમી પડી હતી. નવી મુંબઈના ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. ઓડિશા, બંગાળ, આંધ્રપ્રદેશ પણ આકરી ગરમીનો સામનો કરી રહ્યા છે.

બીજી તરફ, ત્રિપુરામાં હીટ વેવની સ્થિતિને ધ્યાનમાં રાખીને, સરકારે આદેશ જારી કર્યો છે કે તમામ શાળાઓ ૨૪ થી ૨૭ એપ્રિલ સુધી બંધ રહેશે.ત્રિપુરામાં બુધવારે તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં લગભગ ત્રણ ડિગ્રી વધુ છે. સમાહના અંતે તાપમાન ૩૯ ડિગ્રી સુધી પહોંચી શકે છે. એક અધિકારીએ કહ્યું, 'આખું રાજ્ય ગરમીની લપેટમાં છે અને આ સ્થિતિ હજુ થોડા દિવસો સુધી ચાલુ રહેશે. આ લૂ અને ભેજવાળા હવામાનને જોતા ત્રિપુરા સરકારે વિશેષ આપત્તિ જાહેર કરી છે. લોકોને સવારે ૧૦ થી બપોરે ૩ વાગ્યા સુધી તડકામાં બહાર ન નીકળવા માટે કહેવામાં આવ્યું છે.

લેહ-મનાલી હાઈવે ૫ મહિના પછી ખુલ્લો મુકાયો

બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ) એ ૪૨૮ કિમી લાંબા લેહ-મનાલી નેશનલ હાઈવેને ટ્રાફિક માટે ફરીથી ખોલ્યો, જે ભારે હિમવર્ષાને કારણે લગભગ પાંચ મહિનાથી બંધ હતો. હિમાચલ પ્રદેશ દ્વારા લદ્દાખને દેશના બાકીના ભાગો સાથે જોડતો આ હાઇવે વૈકલ્પિક માર્ગ છે, જે શિયાળાની ઋતુની શરૂઆતમાં ભારે હિમવર્ષા બાદ નવેમ્બરમાં બંધ કરવામાં આવ્યો હતો.

આવતા વર્ષથી ઓસ્કાર એવોર્ડમાં મોટા ફેરફારોઃ ફિલ્મોને કમ સે કમ એક વીક સિનેમા હોલમાં રજૂ કરવી પડશે

એનિમેટેડ ફીચર અને ઈન્ટરનેશનલ ફીચર કેટેગરીને હવે એક માનવામાં આવશેઃ બે પુરસ્કરોના ટાઈટલ પણ બદલાશે

મુંબઈ તા.૨૫

ઓસ્કાર એટલે કે એકેડેમી એવોર્ડસ હોલિવુડનો સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ એવોર્ડ છે. ખબર છે કે આવતા વર્ષે આ એકેડેમી એવોર્ડમાં અનેક ફેરફારો જોવા મળી શકે છે. આ ફેરફાર ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મોની કેટેગરી, બેસ્ટ ઓરિજીનલ સ્કોર કેટેગરી સહિત અનેક બાબતોમાં કરાયા છે. આ સિવાય હવે ફિલ્મોએ પણ કમ સે કમ એક વીક સુધી સ્ક્રીન પર પ્રદર્શિત થવું પડશે ત્યારે તે સિનેમા હોલના માપદંડોમાં ખરી ઉતરી શકશે. આ સાથે જ એકેડેમી ઓફ મોશન પિકચર આર્ટસ એન્ડ સાયન્સીઝના ૯૭માં સંસ્કરણોના નામ પણ બદલવામાં આવ્યા છે.

મીડિયા રિપોર્ટસ અનુસાર ટ્રેડીશનલ મુવી થિયેટર્સને પ્રોત્સાહન આપવા માટે એકેડેમીએ ફિલ્મો માટે યોગ્યતામાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવેથી ફિલ્મોને લોસ એન્જલ્સ કાઉન્ટી સહિત પસંદગીના મેટ્રો પોલિટીન એરિયા (ગીચ વસ્તીવાળા શહેરો) જેમ કે ન્યૂયોર્ક વે એરિયા, શિકાગો, એટલાન્ટામાં ઓછામાં ઓછા એક સપ્તાહ પ્રદર્શિત કરવા પડશે. આ સિવાય ફિલ્મોને અનેક અમેરિકી બજારો અને ઈન્ટરનેશનલ એરિયામાં થિયેટર સ્ટાન્ડર્ડસને પૂરા કરવા પડશે. આ સિવાય વધુ એક રસપ્રદ ફેરફાર એ કરાયો છે કે એનિમેટેડ ફીચર અને ઈન્ટરનેશનલ ફીચર કેટેગરીને હવે એક માનવામાં આવશે. વિદેશો તરફથી સબમીટ કરવામાં આવનાર એનિમેટેડ ફીચર ફિલ્મો પર હવે બન્ને કેટેગરી માટે વિચાર કરવામાં આવી શકે છે, બસ, શરત એ છે કે તે તેના માટે યોગ્ય હોય. જયારે હવે બેસ્ટ ઓરિજીનલ સ્કોર કેટેગરીમાં ૧૫ના બદલે ૨૦ ટાઈટલ શોર્ટ લિસ્ટ થશે, સાથે સાથે કોઈ ફિલ્મના સંગીતમાં યોગદાન આપનાર ત્રણ સંગીતકારોને વ્યકિતગત રૂપે ટ્રોફી આપવામાં આવશે, જે એકને જ મળતી હતી, જયારે ઓસ્કાર જીતવાની ઈચ્છા રાખનાર લેખકોએ હવે એક અંતિમ શૂટીંગ સ્ક્રીપ્ટ આપવી પડશે. આ ઉપરાંત ટેકનોલોજીના ક્ષેત્રમાં યોગદાન આપનાર સાયન્ટિફિક અને ટેકનિકલ એવોર્ડસને ફરીથી નવું નામ આપવામાં આવશે. ગોર્ડન ઈ સોયર પુરસ્કારને હવે સાયન્ટીફિક એન્ડ ટેકનિકલ લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ અને જોન એ વોનર પુરસ્કારને હવે સાયન્ટીફિક એન્ડ ટેકનિકલ સર્વિસ એવોર્ડ નામ અપાયું છે.

બિહારમાં જનતા દળ(યુ)ના યુવા નેતાની હત્યા : ચૂંટણી લોહીથી ખરડાઇ

પટના, તા. ૨૫

બિહારમાં લોકસભા ચૂંટણીમાં પ્રથમ લોહી રેડાયું છે, પટનામાં જનતા દળ યુના યુવા નેતા સૌરભકુમારની ગઇકાલે રાત્રે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી તેઓ તેમના મિત્રો અને કુટુંબ સાથે એક લગ્ન સમારોહમાંથી પરત આવી રહ્યા હતા તે સમયે અજાણ્યા લોકોએ તેમના પર ગોળીબાર કર્યો હતો અને સૌરભકુમારનું મૃત્યુ થયું હતું જયારે તેમની સાથે પ્રવાસમાં રહેલા મુનમુનકુમાર નામના એક વ્યકિતનું મોત થયું છે. રાત્રીના સમયે અંધકારનો લાભ લઇને મોટર સાયકલ પર આવેલા ચાર લોકોએ કુમાર પર ગોળીબાર કર્યો હતો અને કંઇ સમજે તે પહેલા જ તમામ હત્યારાઓ નાસી છુટવામાં સફળ રહ્યા હતા.

તોફાને ચડેલા પાંચ ઘોડાઓએ રમખાણ સર્જ્યુ

ગાય-આખલા જેવા ઢોર રઘવાયા બનીને જાહેર માર્ગો પર આતંક સર્જતા હોવાના બનાવો ગુજરાતમાં કાયમી છે. વિદેશોમાં પણ આવા બનાવો, બને છે. લંડનમાં સૈન્યનાં પાંચ ઘોડા તોફાને ચડયા હતા. બેકાબુ બનીને જાહેર માર્ગો પર રમખાણ સર્જ્યુ હતું. સૈન્યનાં આ પાંચ ઘોડા રિહર્સલ વખતે જ બેકાબુ બનીને જાહેર માર્ગમાં ઘુસી ગયા હતા. બસ-કાર સહીતનાં વાહના સાથે ટકરાયા હતા. રાહદારીઓને પણ ઝપટે લીધા હતા.પરીણામે નાસભાગ મચી હતી. ચાર લોકો ઘાયલ થયા હતા.

બંગાળનું એક અનોખુ રામ પ્રિય ગામ : જ્યાં દરેક લોકોના નામ 'રામ' સાથે જોડાયેલા છે



કારણ જાણીને તમને નવાઈ લાગશે

જ્યારથી અયોધ્યામાં રામ મંદિરનું ઉદઘાટન થયું છે ત્યારથી લોકોમાં ભગવાન રામ પ્રત્યે અલગ જ આસ્થા વધી છે. આ અઠવાડિયે જ્યારે રામ નવમી પર અયોધ્યામાં શ્રી રામનું સૂર્ય તિલક કરવામાં આવ્યું હતું, ત્યારે તેનો વીડિયો યુટ્યુબ પર નંબર વન પર ટ્રેન્ડ કરી રહ્યો હતો. પરંતુ શું તમે જાણો છો કે આપણા દેશમાં એક એવું ગામ છે જ્યાં દરેક ઘરમાં રામનો વાસ છે. આ ગામ ૨૫૦ વર્ષથી એક ખાસ પરંપરાનું પાલન કરે છે.

ક્યાં છે આ અનોખું ગામ

પશ્ચિમ બંગાળના બાંકુરા જિલ્લાના સનાબંધનું રામપાડા ગામ ખૂબ જ અનોખું ગામ છે, એવું માનવામાં આવે છે કે આ ગામમાં ક્યારેય ભગવાન રામ આવ્યાની કોઈ વાર્તા નથી આવી અને ન તો આ ગામ રામાયણ કે ભગવાન રામ સાથે જોડાયેલું છે. આ પછી પણ, ગામમાં રહેતા દરેક લોકો ભગવાન રામ સાથે એટલા જોડાયેલા છે કે ગામનું નામ રામપાડા રાખવામાં આવ્યું છે.

બંગાળ ભાષામાં 'પાડા' શબ્દનો અર્થ થાય છે મુહલ્લા.

દરેક વ્યક્તિના નામમાં શ્રીરામ છે

રામપાડા ગામના લોકો ભગવાન શ્રી રામને જ માને છે અને પૂજા કરે છે. આટલું જ નહીં, તેમને તેમના રોજિંદા જીવનનો એક ભાગ પણ બનાવી દીધો છે. આ ગામમાં રહેતા દરેક વ્યક્તિની સાથે ભગવાન રામનું નામ જોડાયેલું છે. અહીં જન્મેલા દરેક નવજાત બાળકના નામમાં ભગવાન રામનું નામ ચોક્કસપણે સામેલ છે.

રામકૃષ્ણ. પરંતુ હવે તમે પણ વિચારી રહ્યા હશો કે અહીં દરેક માણસના નામ સાથે રામ કેમ ઉમેરવામાં આવે છે? તમને જણાવી દઈએ કે એક દિવસ સ્વપ્નમાં ગામના રહેવાસી રામબદન મુખર્જીના પૂર્વજોને ભગવાન શ્રી રામ દ્વારા તેમના ગામમાં એક મંદિર બનાવવા અને ગામના પારિવારિક દેવતાની ઉજવણી કરવાનો આદેશ આપવામાં આવ્યો. આ પછી દરેક ઘરમાં જન્મેલા બાળકનું નામ રામ રાખવામાં આવે છે.

દરેક નામમાં રામ જરૂરી છે

ભગવાન રામનું નામ તેના પહેલા અથવા બીજા નામમાં મતલબ ફર્સ્ટ અથવા મીડલ નેમમાં દેખાઈ શકે છે, પરંતુ ગામના દરેક પુરુષના નામમાં રામ નામ ચોક્કસપણે છે. રસપ્રદ વાત એ છે કે ગામમાં એક પણ નામનું પુનરાવર્તન થતું નથી. કહેવાય છે કે આ ગામમાં છેલ્લા ૨૫૦ વર્ષથી આ પરંપરા ચાલી આવે છે. આ ગામમાં કોઈનું નામ રામકણાઈ, કોઈનું રમાકાંત, કોઈનું રામદુલાલ તો કોઈનું

દુનિયાનું સૌથી મોટુ ચાકુ : જેની કિંમત લાખો રૂપિયામાં છે

શાકભાજી હોય કે ફળો, અમે તેને કાપવા માટે છરીઓનો ઉપયોગ કરીએ છીએ. આ પણ ઘણા પ્રકારોમાં આવે છે. નાનું, મોટું, ઝડપથી વહેતું, નીચું વહેતું. તમને પૂછવામાં આવશે કે તમે રસોડામાં કેટલી મોટી છરીનો ઉપયોગ કરો છો. જવાબ મહત્તમ ૭-૮ ઈંચ હશે. પણ શું તમે આના કરતા મોટી છરી જોઈ છે? જો તમારે સૌથી મોટી છરી જોવી હોય તો તમારી ઈચ્છા ભારતમાં જ પૂરી થશે.

અમે તમને ઉત્તર પ્રદેશના રામપુરમાં હાજર ભારતના સૌથી મોટા ચાકુ વિશે જણાવવા જઈ રહ્યા છીએ. તેને માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વની સૌથી મોટી ચાકુ માનવામાં આવે છે.

લાખોમાં છે આ ચાકુની કિંમત

વિશ્વની સૌથી મોટી છરીનો ઉલ્લેખ કરીએ તો રામપુરી છરીની લંબાઈ ૬.૧૦ મીટર છે. તેનું વજન ૮ ક્વિન્ટલ છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ ચાકુની કિંમત ૫૨ લાખ રૂપિયાથી વધુ છે. આ છરી ગયા વર્ષે જ રામપુરના ચોક ચૌરાહામાં લોકાર્પણ કરવામાં આવી હતી. આ ચાકુ બહુ જલ્દી ગિનિસ બુકમાં સામેલ થઈ શકે છે.

બટનથી ખૂલે છે ચાકુ

વિશ્વની સૌથી મોટી છરીની ખાસિયત છે કે વિશ્વમાં આ એકમાત્ર છરી છે જે શહેરની મધ્યમાં ચોક પર મૂકવામાં આવી છે. જેથી પ્રવાસીઓ તેને સરળતાથી જોઈ શકે. તેની વિશેષતા એ છે કે આ ચાકુ એક બટનથી ખુલે છે અને એક જ બટનથી બંધ થાય છે. આ છરી પર કરવામાં આવેલ કોતરકામ જોઈને દરેક વ્યક્તિ દંગ રહી જશે.કહેવાય છે કે આ છરીને ક્યારેય કાટ લાગતો નથી અને તડકામાં પણ બગડતી નથી. કોઈ પણ સીઝનની ઈફેક્ટ નથી.

ફિલ્મોથી મળી ઓળખ

૧૯મી સદી રામપુરમાં નવાબીનો યુગ હતો. તે દિવસોમાં અહીંના નવાબને એક ભવ્ય છરી ભેટમાં આપવામાં આવી હતી. આ છરી જોયા પછી નવાબે પોતાના રામપુરમાં આવી જ છરીઓ બનાવનાર કારીગરની શોધ શરૂ કરી. થોડા દિવસો પછી બેચા નામના કારીગરે છરી બનાવીને તેને રજૂ કરી. નવાબને આ જોઈને નવાઈ લાગી. તે પછી રામપુરમાં ચાકુ બનાવવાની પરંપરા શરૂ થઈ. નવાઈની વાત એ છે કે ૭૦ના દાયકામાં આ ચાકુએ ફિલ્મ મેકર્સનું ધ્યાન ખેંચ્યું અને રામપુરી ચાકુ આખી દુનિયામાં ફેમસ થઈ ગઈ.

૧૦૦ વર્ષ જૂની પરંપરા ચાલુ

જો તમે વિચારી રહ્યા છો કે દુનિયાની સૌથી મોટી ચાકુ માત્ર રામપુરમાં જ કેમ લોન્ચ કરવામાં આવી, તો અમે તમને જણાવી દઈએ કે રામપુરમાં ચાકુ બનાવવાની પરંપરા ૧૦૦ વર્ષ જૂની છે. ઉત્તર પ્રદેશના ઘણા શહેરોમાં તમને રામપુરની છરીઓ જોવા મળશે.

રામપુરમાં જોવાલાયક સ્થળો

છરીઓ સિવાય રામપુર ફરવા માટે પણ પ્રખ્યાત છે. અહીં રઝા લાઈબ્રેરી, આર્યભટ્ટ પ્લેનેટોરિયમ, કોઠી ખાસ પર બાગ જોવાલાયક સ્થળો છે. જો તમે રામપુર આવી રહ્યા છો, તો આ સ્થળોને જોવાનું ભૂલશો નહીં.

ડુક્કરની કિડનીએ જીવ બચાવ્યોઃ ૫૪ વર્ષીય મહિલાની સર્જરી સફળ

ન્યુયોર્ક, તા.૨૫

અમેરિકાના ન્યુ જર્સીમાં ડોક્ટરોએ એક મહિલાને ડુક્કરની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી મોતના મુખમાંથી બચાવી હતી. લિસા પિસાનો - તેનું હૃદય પણ યોગ્ય રીતે કામ કરતું ન હતું. આ માટે યાંત્રિક પંપ લગાવવામાં આવ્યો હતો. ૪ એપ્રિલે ડોક્ટરોએ પંપ લગાવ્યો અને ૧૨ એપ્રિલે કિડની ટ્રાન્સપ્લાન્ટ કર્યું. મહિલાનું હૃદય અને કિડની બંને ફેલ થઈ ગયા હતા. લિસા હવે સ્વસ્થ થઈ રહી છે. ડુક્કરની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવનાર તે વિશ્વની બીજી દર્દી છે.

અગાઉ, મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલમાં એક વ્યક્તિમાં ડુક્કરની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ૫૪ વર્ષીય લિસાએ કહ્યું, 'મારી પાસે માત્ર એક જ તક હતી. જો તે મારા માટે કામ ન કરે, તો તે બીજા કોઈ માટે કામ કરી શકે છે. આનાથી બીજા કોઈને મદદ મળી હશે. એનવાયયુ લેંગોન ટ્રાન્સપ્લાન્ટ ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર ડો. રોબર્ટ મોન્ટગોમેરીએ જણાવ્યું હતું કે કિડની તરત જ કામ કરવાનું અને પેશાબ ઉત્પન્ન કરવાનું શરૂ કરે છે. અમેરિકામાં ૧૦ લાખથી વધુ લોકો ટ્રાન્સપ્લાન્ટ વેઈટિંગ લિસ્ટમાં છે. આમાંના મોટાભાગનાને કિડનીની જરૂર હોય છે.

હવે વોટસએપ ફિંગરપ્રિન્ટ અને ફેસ આઈડીથી ખુલી શકશેઃ નવું સુરક્ષા ફીચર

નવુ સુરક્ષા ફીચર વધુ સલામત, હેક થવાનો ડર નહીં, પાસવર્ડ યાદ રાખવાની ઝંઝટ નહીં

નવી દિલ્હી તા.૨૫

મેસેજીંગ પ્લેટફોર્મ વોટસએપ પર્સનલ ચેટસને સુરક્ષિત રાખવા માટે સતત નવા ફીચર્સ આપતું રહે છે. હવે યુઝર્સને પાસવર્ડના બદલે ફીંગરપ્રિન્ટ કે પછી ફેસ આઈડીથી લોગ ઈન કરવાનો સરળ વિકલ્પ મળશે. પ્લેટફોર્મ આઈઓએસ યુઝર્સ માટે પાસ-કી ફીચર રોલ આઉટ કરી દીધા છે.

પાસ કી ફીચર મળ્યા બાદ યુઝર્સે પોતાનો ખાસ કોડ કે કોઈ પાસવર્ડ લોગીન માટે યાદ રાખવો નહીં પડે. આ પાસ કી સરળતાથી બાયોમેટ્રીક ઓળખ સાથે લોગીનનો વિકલ્પ આપશે અને એપ હેક થવાનો ડર નહીં રહે. આ ફીચર આઈઓએસ યુઝર્સ માટે હવે રોલ આઉટ થઈ રહ્યો છે અને એન્ડ્રોઈડ યુઝર્સને ગત વર્ષે ૭ ઓક્ટોબરે જ મળવા લાગ્યો હતો. પાસ-કીનો સૌથી મોટો ફાયદો એ છે કે તેમાં પાસવર્ડ યાદ રાખવાની કોઈ ઝંઝટ નથી કે તેના ઉપયોગ માટે લાંબી પ્રક્રિયામાંથી પસાર નથી થવું પડતું.

ભારતે બનાવ્યું સ્વદેશી સૌથી હળવું બુલેટપ્રુફ જેકેટઃ આ 'કવચ'ને ગોળી ભેદી નહીં શકે

સશસ્ત્ર દળોને હળવા બુલેટપ્રુફ જેકેટથી ઓપરેશનમાં સરળતા રહેશે

કાનપુર તા.૨૫

સ્નાઈપર જેવા હથિયારની સ્ટીલની ગોળીઓને રોકી દેતી સૌથી હળવી સ્વદેશી બુલેટપ્રુફ જેકેટ કાનપુરમાં બનાવવામાં આવી છે. જેને ૬ ગોળીઓ પણ ભેદી શકતી નથી. દાવો છે કે આ શ્રેણીની આ સૌથી હળવી બુલેટપ્રુફ જેકેટ છે.

આ જેકેટને ડીઆરડીઓની કાનપુર સ્થિત રક્ષા સામગ્રી અને ભંડાર અનુસંધાન તેમજ વિકાસ સંસ્થાન (ડીએમએસઆરડીઈ)એ તૈયાર કરી છે. તેનુ વજન ૯.૮ કિલો છે, જે ભારતીય સ્ટાન્ડર્ડ બ્યુરોના સ્ટાન્ડર્ડ વજનથી પણ ઓછી છે.

સામાન્ય રીતે થ્રેટ લેવલ ૬ના મોટાભાગના થ્રેટ લેવલ સિક્સના મોટાભાગના બુલેટપ્રુફ જેકેટ ૧૨ થી ૧૩ કિલોગ્રામના હોય છે, જે પહેરવામાં સશસ્ત્ર દળના જવાનોને પહેરવામાં ભારે લાગે છે. આથી ઓપરેશનમાં પણ મુશ્કેલી પડતી હોય છે. ડીએમએસઆરડીઈએ આ હળવા સ્વદેશી બુલેટપ્રુફ જેકેટ 'કવચ'ને બુધવારે લોન્ચ કર્યું હતુ.

આ જેકેટને લઈને એવો દાવો પણ કરાય છે કે એક પછી એક એમ ૬ ગોળીઓ પણ આ જેકેટને ભેદી નથી શકતી. તે બુલેટને ૫૦-૬૦ મી.મી.ના ઈન્ટરશોટ અંતર પર રોકી લે છે. તેના સંપર્કમાં આવવાથી ગોળીના ટુકડા થઇ જાય છે. મોનોલિથિક સિરેમિક અને પોલિમર બેકીંગ પદાર્થથી બનેલું હોવાથી આ જેકેટ ઘણું હળવું છે. ઓફિસરોનું કહેવું છે કે આ અત્યાર સુધીમાં મોનોલિથિક પ્લેટથી બનેલું સૌથી હળવું જેકેટ છે, જે એકે-૪૭, એકે-૫૬થી વધારે ખતરનાક સ્નાઇ પરની ૭.૬૨ ગણી ૫૪ આરએપીઆઇ રાઉન્ડની સ્ટીલ બુલેટને પણ અનેક ટૂકડામાં તોડીને સુરક્ષા આપશે.

નિર્માણ કંપનીઓને ટેકનિક અપાશે

ડીએમએસઆરડીઇએ આ ટેકનીકલ વિકસિત કરી છે.

ચંદીગઢના ટર્મિનલ બેલાસ્ટિક અનુસંધાન પ્રયોગ શાળામાં સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. ડીએમએસઆરડીઇ આ ટેકનિક બુલેટપ્રુફ જેકેટ બનાવનારી કંપનીઓને આપશે.

हेडिंग खबरें पढ़ने के लिए ट्विटर पर फॉलो करें @sandhyatimes4u फेसबुक पर लाइक करें हमारा FB पेज Sandhya Times

રમતગમતના ઈતિહાસનો અમૂલ્ય ખજાનો

રમતગમતનો યાદગાર સામાન હરરાજીમાં વેચાયો

ખેલાડીઓ દ્વારા પહેરવામાં આવતા જૂતા, જર્સી અને સાધનો માત્ર રમત પ્રત્યેના તેમના સમર્પણની વાર્તા જ નથી કહેતા પણ તેમના ચાહકો માટે અમૂલ્ય ખજાનો પણ છે. તાજેતરમાં, બોક્સિંગ લિજેન્ડ મોહમ્મદ અલી દ્વારા તેની ૧૯૭૫ની 'થ્રીલા ઇન મનિલા' મુકાબલા દરમિયાન પહેરવામાં આવેલી બોક્સિંગ ટ્રંક્સ ન્યૂયોર્કમાં હરાજી માટે મૂકવામાં આવી છે, જેની બોલી રૂ. ૩૧ કરોડથી વધુ સુધી પહોંચી છે.

સ્પોર્ટ્સ મેમોરેબિલિયા માર્કેટ ૨૦૩૨ સુધીમાં રૂ. ૨૨૭૦ કરોડ સુધી પહોંચી શકે



રોજર ફેડરરનું ગ્રાન્ડ સ્લેમ વિજેતા રેકેટ અને પોશાક

કહેવાય છે કે રોજર ફેડરર જેના અડયા તે સોનું બની ગયું. ટેનિસના દિગ્ગજ ખેલાડી રોજર ફેડરરે ચેરિટી હરાજી માટે તેમની વ્યક્તિગત રીતે ઉપયોગમાં લેવાતી લગભગ ૩૦૦ ટેનિસ વસ્તુઓ આપી દીધી છે. તેમની હરાજીમાંથી રૂ. ૩૫ કરોડથી વધુની રકમ એકત્ર કરવામાં આવી હતી. વેચાયેલી સૌથી મોંઘી વસ્તુઓમાં ૨૦૦૯ ફ્રેન્ચ ઓપન અને ૨૦૦૭ વિમ્બલ્ડન ચેમ્પિયનશિપના તેના ચેમ્પિયન પોશાક અને રેકેટનો સમાવેશ થાય છે. જેને રૂ. ૧.૯૫ કરોડથી વધુમાં ખરીદવામાં આવ્યા હતા.



માઈકલ જોર્ડનના સ્નીકર્સ

બાસ્કેટબોલ લિજેન્ડ માઈકલ જોર્ડનના ૬ એર જોર્ડન સ્નીકર્સ (સૂઝ) ફેબ્રુઆરી ૨૦૨૪માં રૂ. ૬૬ કરોડથી વધુમાં વેચાયા હતા. ઓક્શન હાઉસ દ્વારા આને 'ડાયનસ્ટી કલેક્શન' નામ આપવામાં આવ્યું હતું, અને રમતમાં પહેરવામાં આવતા સ્નીકરની (બુટ) સૌથી વધુ કિંમતનો રેકોર્ડ બનાવ્યો હતો. શિકાગો બુલ્સે ૧૯૯૧ અને ૧૯૯૮ વચ્ચે છ એન બીએ ચેમ્પિયનશિપ જીતી ત્યારે જોર્ડને આ શૂઝ પહેર્યા હતા.

ડિએગો મેરાડોનાનો 'હેન્ડ ઓફ ગોડ' જર્સી

૧૯૮૬ ફૂટબોલ વર્લ્ડ કપ ડિએગો મેરાડોનાને ફૂટબોલના મહાન ખેલાડીઓની યાદ અપાવે છે. લગભગ ૩૬ વર્ષ પછી, વિવાદાસ્પદ 'હેન્ડ ઑફ ગોડ' ગોલ કરતી વખતે તેમના દ્વારા પહેરવામાં આવેલી જર્સી ૨૦૨૨માં એક હરાજીમાં રૂ. ૭૭ કરોડથી વધુમાં વેચાઈ હતી. કોઈપણ ફૂટબોલ મેમોરેબિલિયા માટે ચૂકવવામાં આવેલી આ સૌથી વધુ કિંમત છે.

લિયોનેલ મેસીની ૨૦૨૨ વર્લ્ડ કપની જર્સી

૨૦૨૨ ફિફા વર્લ્ડ કપમાં ફ્રાન્સ સામે આર્જેન્ટિનાની જીત એ ઐતિહાસિક ક્ષણ હતી. તેથી, તે આશ્ચર્યજનક નથી કે જ્યારે નવેમ્બર ૨૦૨૩માં લિયોનેલ મેસ્સી દ્વારા છ મેચોમાં પહેરવામાં આવેલી પટ્ટાવાળી આર્જેન્ટિનાની જર્સીનો સેટ હરાજી માટે મૂકવામાં આવ્યો હતો, ત્યારે તેનું વેચાણ ૬૫ કરોડ રૂપિયાથી વધુ થયું હતું. આ સેટમાં ફાઈનલ મેચમાં પહેરવામાં આવેલ શર્ટ પણ સામેલ છે.

શેન વોર્નની કારકિર્દીની ટોપી

ક્રિકેટની દુનિયામાંથી, હરાજીમાં વેચાતી સૌથી મોંઘી વસ્તુઓમાંની એક હતી કેપ! આ કોઈ સામાન્ય ટોપી નહોતી. વાસ્તવમાં, ઓસ્ટ્રેલિયાના ક્રિકેટ સ્ટાર શેન વોર્ને તેની ૧૫ વર્ષની કારકિર્દી દરમિયાન ૧૪૫ ટેસ્ટ મેચોમાં આ કેપ પહેરી હતી. આ બેગી ગ્રીન કેપ ૨૦૨૦માં ઓસ્ટ્રેલિયન બુશફાયરના પીડિતો માટે ચેરિટી હરાજીમાં રૂ. ૫ કરોડથી વધુમાં વેચાઈ હતી. રમતગમતની યાદગીરીઓ કેવી રીતે લાખો અને કરોડોમાં વેચાય છે તેના આ કેટલાક ઉદાહરણો છે. આ માત્ર ખેલાડીઓની સિદ્ધિઓનું પ્રમાણપત્ર નથી, પરંતુ લોકોના રમત પ્રત્યેના જુસ્સા અને તેમના મનપસંદ ખેલાડીઓ પ્રત્યેના પ્રેમને પણ પ્રતિબિંબિત કરે છે.

ગઈકાલે સુપ્રિમ કોર્ટે કહ્યું કે સામાજીક બદલાવ માટે ખાનગી સંપતિનું હસ્તાંતરણ એ એક ખતરનાક ખ્યાલ છે

ચૂંટણીની જુમલાબાજી : પ્રમાણીક કરદાતાઓના ખાતામાં ₹૧૫ લાખથી લઈ ધનવાનોની સંપતિ ગરીબોને

સામ પિત્રોડા જે વિરાસત ટેકસની વાત કરે છે તે પણ અધુરી કહાની છે, વાસ્તવમાં અમેરિકાના ફકત છ રાજયોમાં આ પ્રકારે કાનુન છે અને તેની ટકાવારી પણ ૧ થી ૨૦ ટકાની જ છે એટલું જ નહીં તે લાગુ કરવા માટે પણ અનેક શરતો છે અને અત્યાર સુધીમાં ૦૦૦.૧ ધનવાનોને આ કાનુન હેઠળ સંપતિ નહીં પણ તેના સમાન ટેકસ ચુકવવો પડયો છે, ભારતમાં પણ વેલ્થ ટેકસ હતો

રાહુલે જે સંપતિના રીડિસ્ટ્રીબ્યુશનની વાત કરે છે તેમાં પણ નવો ટવીસ્ટ આવ્યો છે અને કહે છે કે મોદી સરકારે જે ૨૨ લોકોના રૂા. ૧૬.૫૦ લાખ કરોડ માફ કર્યા છે તેની પાસેથી થોડા થોડા વસુલાશે અને આ માટેનું કેલ્કયુલેશન પણ અમે કરી લીધુ છે, બીજી તરફ કોંગ્રેસમાં જ રાહુલના જ મેન્ટર રહેલા સામ પિત્રોડાએ ચૂંટણી સમયે આવા વિવાદ સર્જવાની જરૂર શું હતી તે પણ પ્રશ્ન છે પણ કોંગ્રેસ પાસે નથી કોઈ નીતિ કે નથી ચૂંટણી વ્યુહરચના અને સૌ પોતપોતાની રીતે લડે છે

દેશમાં ચૂંટણીનો રંગ પકડાઈ ગયો છે તે હવે નેતાઓના ભાષણથી અને ચૂંટણી ઢંઢેરાથી નિશ્ચિત થાય છે, કોંગ્રેસ પક્ષ ફરી એક વખત ડિફેન્સીવ સ્થિતિમાં આવી ગયો છે અને તેને સામેથી ભાજપને હથિયારો પૂરા પાડયા છે જે દરેક ચૂંટણીમાં થતું રહ્યું છે, વાસ્તવિકતા એ છે કે રાહુલે જયાં અધુરૂ છોડયું હતું તે સામ પિત્રોડાએ પુરૂ કર્યુ છે અને રાષ્ટ્રીય ચૂંટણી ગંભીરતાથી લડાય તેના બદલે કોણે કોનુ મંગલસુત્ર છીનવ્યું છે અને કોણે કુરબાન કર્યુ છે તેના પર પ્રચાર થઈ રહ્યો છે

કોંગ્રેસે જયારે તેનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડી ત્યારે કદાચ એ પણ ખ્યાલ નહીં હોય કે રાજકીય દ્રષ્ટિએ આટલો વિવાદાસ્પદ બની જશે હજુ મંગલસુત્રનો વિવાદ પૂરો થયો ન હતો ત્યાં હવે સંપતિનો મુદ્દો સામે આવી ગયો અને તેમાં પણ ગઈકાલે કોંગ્રેસની થીંક ટેન્કના એક મહત્વના સભ્ય ગણાતા અને ઓવરસીઝ ફ્રેન્ડસ ઓફ કોંગ્રેસના વડા તેમજ સૌથી મહત્વનું એ છે કે રાહુલ ગાંધીને મેન્ટર તરીકે કામ કરતા સામ પિત્રોડાએ અમેરિકામાં જે વારસદાર ટેકસ અમલમાં છે તેવું કહીને ભાજપને એક નવું હથિયાર આપી દીધુ અને ગઈકાલે તેનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ ભાજપના તમામ સ્ટારપ્રચારકોએ ભરપુર ઉપયોગ કર્યો વાસ્તવમાં છેલ્લા બે દિવસથી રાહુલ ગાંધી વેલ્થ ડિસ્ટ્રીબ્યુશન એટલે કે સંપતિની સમાન વહેંચણીનો મુદ્દો ચૂંટણી સભાઓમાં ગજાવી રહ્યા હતા ત્યારે આ કઈ શકય બનશે તે પ્રશ્ન પૂછાયો અને વડાપ્રધાન મોદી અને ભાજપના પ્રચારકોએ તેને છેક મંગલસુત્ર સુધી લઈ ગયા તે સમયે સામ પિત્રોડાએ રાહુલની મુંઝવણ ટાળવા જે અમેરિકી વારસદાર ટેકસનો ઉલ્લેખ કર્યો તેનાથી ખુદ તેમને પણ ખુલાસા કરવા પડી રહ્યા છે પરંતુ રાજકારણમાં એક તીર છુટી જાય પછી તેના ખુલાસા ફર્ક પાડતા નથી. જે ડેમેજ થવાનું હોય તે થઈ રહ્યું છે.

પરંતુ જોગાનુજોગ ગણો તો પણ ગઈકાલે જ દેશની સર્વોચ્ચ અદાલતે એક મહત્વની સુનાવણીમાં મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડે કરેલું વિધાન રસપ્રદ છે. સંપતિના પુનઃ વિતરણ અંગે જે રાજકીય વિવાદ ચાલી રહ્યો છે તે સમયે ચંદ્રચૂડ વડપણ હેઠળની ખંડપીઠે એવું મંતવ્ય વ્યકત કર્યુ કે સંવિધાનની ભાવના સામાજીક બદલાવની હોય તો પણ તે કેવું ખતરનાક ગણાશે કે કોઈપણ વ્યકિતની વ્યકિતગત સંપતિને સામુદાયના ભૌતિક સંશાધન તરીકે ગણવામાં આવે છે. કોઈપણ સંપતિને સમાજની સંપતિની તરીકે સ્વીકારી શકાય નહીં અને ત્યાં જ સુપ્રિમ કોર્ટ અટકી નહીં પરંતુ એ પણ જણાવ્યું કે રાજય સરકાર કોઈ પણ કાનુન હેઠળ તેનું એ રીતે અધિગ્રહણ કરી શકે નહીં. જોકે આ કેસમાં હજુ સુનાવણી બાકી છે અને બંધારણીય કલમ ૩૯-બી અને ૩૧-સી હેઠળ એવી દલીલ કરવામાં આવી કે સરકાર કોઈની વ્યકિતગત સંપતિ પર કબ્જો કરી શકે નહીં અને આ પ્રકારના પગલાને સુપ્રિમ કોર્ટે ખતરનાક ગણાવ્યું છે. સર્વોચ્ચ અદાલતે ૧૯૫૦ના દસકાનું ઉલ્લેખ કરતા કહ્યું કે સંવિધાનનો હેતુ સામાજીક બદલાવ લાવવાનો છે. એ માટે એમ ન કહી શકાય કે તેને તે હેતુથી વ્યકિતગત સંપતિને કબ્જે કરી લેવી આમ સુપ્રિમ કોર્ટે પણ પ્રથમ તબકકામાં વ્યકિતગત સંપતિના મુદ્દે જે વલણ સ્પષ્ટ કર્યુ છે તે પણ રસપ્રદ સ્થિતિ છે.

હવે રાહુલ ગાંધીએ જે મુદ્દો ઉઠાવ્યો છે તેમાં તેમણે ગઈકાલે વધુ એક સ્પષ્ટતા સમયે ઓચિંતા જ એવો તર્ક રજૂ કર્યો કે દેશના ૨૨ ધનવાનો કે જેને મોદી સરકારે રૂા. ૧૬.૫૦ લાખ કરોડની ખેરાત કરી છે તેમની પાસેથી થોડી થોડી વસુલાત કરાશે અને તે રકમ સમાજને બાટી દેવાશે. રાહુલે ત્યાં સુધી કહ્યું કે આ મુદ્દે

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

કેલ્યુલેશન કરી લીધુ છે અને તે અમારા ચૂંટણી ઢંઢેરામાં પણ દર્શાવાયું છે. રસપ્રદ બાબત એ છે કે આ ૨૨ કોણ કે જેને મોદી સરકારે એ ફાયદો કરાવ્યો છે. મહત્વનું એ છે કે કોંગ્રેસે શું કેલ્યુલેશન કર્યુ સંપતિનું રીડિસ્ટ્રીબ્યુશન થઈ જશે. જયાં સુધી અમેરિકી કાયદાનો સવાલ છે તે પૂરા અમેરિકામાં લાગુ થતું નથી. ફકત અમેરિકન સ્ટેટમાં આ પ્રકારે વારસદાર કાનુન છે અને તેમાં પણ સામ પિત્રોડા પણ જેઓ ભારતમાં નોલેજ કમીશનના અધ્યક્ષ રહી ચૂકયા છે તેઓએ પપ ટકા સંપતિ સરકાર લઈ લે છે તે મુદ્દો કઈ રીતે રજુ કર્યો તે પણ પ્રશ્ન છે. વાસ્તવમાં અમેરિકામાં પણ આ ટેકસ ફકત છ રાજયમાં ૧ થી ૨૦ ટકા સુધી છે અને તેમાં પણ ૧૩.૬ બીલીયન એટલે કે ભારતીય ચલણ મુજબ ગણીએ તો ૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધુ સંપતિ હોય તો જ લાગુ પડે છે. તેમાં પણ અત્યાર સુધીમાં .૦૦૧ જેવા લોકો પાસેથી આ પ્રકારે વારસદાર ટેકસ વસુલાયો છે. આમ મુડીવાદના પ્રતિક ગણાતા અમેરિકામાં પણ જે કાનુન હજુ પૂરા દેશમાં નથી અને તે ભારતમાં લાગુ કરવા માટે સામ પિત્રોડાએ વકાલત કરી અને પણ ચૂંટણી સમયે તે કોંગ્રેસ માટે મુસીબત લાવી ગઈ છે.

વાસ્તવમાં સમગ્ર વિવાદ એ પોલીટીકલ મુદ્દો બની ગયો છે એટલું જ નહીં જેમ ૨૦૧૪માં સતા પર આવતા પૂર્વે વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદેશમાં રહેલા ભારતીયોના કાળા નાણાની એક એક પાઈ પરત લવાશે અને આ રકમ દેશમાં જે લોકો પ્રમાણીકતાથી ટેકસ ભરે છે તેવા સેલેરી કલાસ સહિતના લોકોને બાટી દેવાશે અને તે સમયે પણ દરેકના ખાતામાં રૂા. ૧૫-૧૫ લાખ આવશે તેવું કહેવાયું હતું જેનો વિડીયો હાલ વાયરલ

થઈ રહ્યો છે. જોકે એ અલગ બાબત છે કે બાદમાં મોદીના ખાસ સાથી અમીત શાહે તેમને એક જુમલો ગણાવ્યો હતો અને ભારતીયોએ તે ભુલી જવું જોઈએ તેવો પણ સંદેશ આપી દીધો હતો. આમ રાહુલ ગાંધીનો સંપતિનો ડિસ્ટ્રીબ્યુશન એ એક જુમલાથી વિશેષ કંઈ નથી તેવું અર્થશાસ્ત્રીઓ માને છે પણ ચૂંટણી છે એટલે બધુ ચાલે એમ અત્યારે બધા મુદ્દાઓ ચગશે પરંતુ ૧ જુને જેવું મતદાન પુરૂ થઈ જશે આ તમામ મુદ્દાઓ ભુલાઈ જશે તે પણ વાસ્તવિકતા છે.

બીજી તરફ એ પણ કહેવાય છે કે પ્રથમ તબકકામાં જે રીતે મતદાન થયું તેમાં એક એવો ટ્રેન્ડ બન્યો છે તેના કારણે ભાજપ માટે અબ કી બાર ૪૦૦ કે પારની વાસ્તવિકતા મુશ્કેલ બની છે અને તેથી જ રોટી, કપડા, મકાન, મોંઘવારી, કાયદો વ્યવસ્થા, સામાન્ય લોકોને ૨૦૨૪ની ચૂંટણી પછી શું મળશે અને ખુદ વડાપ્રધાન કહે છે કે મોટા નિર્ણયો આવી રહ્યા છે તો તે મોટા નિર્ણય શું છે તેવા ખુલાસા વગર જ આવા 'ફલાય બાય નાઈટ' જેવા અથવા તો એક અલગ ભાષામાં કહીએ તો વન નાઈટ સ્ટેન્ડ જેવા મુદ્દાઓના આધારે ચૂંટણી લડાઈ છે પરંતુ સૌથી મહત્વનું એ છે કે કોંગ્રેસ પક્ષ તેના જ મુદ્દાઓને બુમરેંગ થતા જોવે છે.

ચૂંટણીમાં ઈમોશનલ અપીલ પણ કેવી હોવી જોઈએ તે રસપ્રદ ચર્ચા છે. વડાપ્રધાન મોદીએ મંગલસુત્ર સુધી વાત લઈ ગયા તો પ્રિયંકાએ મારા માતાએ પણ દેશ માટે મંગલસુત્ર કુરબાન કર્યુ છે તેવો જવાબ આપ્યો. પરંતુ એ કોઈને ચિંતા નથી કે દેશના કરોડો બહેનોને હજુ ઘર ચલાવવા માટે અનેક વખત મંગલસુત્ર ગીરવે રાખવા પડે છે.

વિશ્વ આરોગ્ય સંગઠનના રીપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

દુનિયાની અડધી વસ્તી પર ડેંગ્યુનો ખતરો

ગત વર્ષે ડેંગ્યુએ ૭૩૦૦થી વધુ લોકોના જીવ લીધાઃ ૬૫ લાખથી વધુ કેસ બહાર આવ્યાઃ ડેંગ્યુનો પ્રકોપ હવે યુરોપ અને ઉત્તર અમેરિકા જેવા ઠંડા ખંડોમાં પણ ફેલાયો

જીનિવા તા.૨૫

ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં ડેંગ્યુના કેસો સતત વધી રહ્યા છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ)એ કહ્યુ છે કે વૈશ્વિક સ્તરે ૩.૯ અબજ લોકો પર ડેંગ્યુ વાયરસનો ખતરો છે. આનો અર્થ એ છે કે દુનિયાની અડધોઅડધ વસ્તી તેની ઝપટમાં આવી શકે છે. આ સંક્રમણ ગંભીરથી અતિ ગંભીર હોઈ શકે છે.

રિપોર્ટમાં કહેવામા આવ્યુ છે કે ગત વર્ષ ડેંગ્યુથી ૭૩૦૦થી વધુ મોત થયા હતા અને ૬૫ લાખથી વધુ કેસ બહાર આવ્યા હતા. મોત અને કેસની આ સંખ્યા ૮૦ દેશોની છે, જેને સંગઠને વધુ અસરગ્રસ્ત દેશ જાહેર કર્યા છે. જો કે ડેંગ્યુનો પ્રક્ષેપ આફ્રિકા, અમેરિકા, દક્ષિણ પૂર્વ એશિયા સહિત ૧૦૦થી વધુ દેશ ગંભીર અસરગ્રસ્ત છે. ડેંગ્યુ હવે યુરોપ, પૂર્વી ભૂમધ્ય સાગરીય અને અમેરિકાના નવા ક્ષેત્રોમાં પણ ફેલાવવા લાગ્યુ છે.

શું છે ડેંગ્યુ વાયરસઃ આ એક વાયરલ સંક્રમણછે. જે સંક્રમિત મચ્છર કરડવાથી માણસોમાં ફેલાય છે. આ ઉષ્ણ કટીબંધીય ઉપોષ્ણકટીબંધીય જલવાયુમાં મળે છે અર્થાત શહેરી અને અર્ધશહેરી ક્ષેત્રોમાં તેમનુ રહેઠાણ હોય છે.

શું છે લક્ષણોઃ તેમાં ખૂબ જ તાવ, માથાંનો દુઃખાવો, માંસપેશીઓમાં અને સાંધામાં દુઃખાવો, ઉલટી થવી, ગ્રંથીમાં સોજો આવવો, ખૂબ તરસ લાગવી વગેરે લક્ષણો છે. ગંભીર કેસોમાં મોતનો ખતરો છે. ડેંગ્યુ માટે કોઈ ખાસ ઉપચાર નથી. અનેક કારણો જવાબદાર છેઃ ડબલ્યુએચઓએ કહ્યું છે કે ડેંગ્યુ મહામારી ફેલાવવા માટે અનેક કારણો જવાબદાર છે. તેમાં સૌથી મોટુ કારણ એડીજ એજિપ્ટી અને એડીજ એલ્બોપિકટસ મચ્છરનુ બદલાયેલુ સ્વરૂપ છે. એન્ટી બાયોટિકના વધુ સેવનથી મચ્છરોએ ખુદને પણ દવાઓને અનુકુળ બનાવી લીધા છે. જેથી કેસોની સંખ્યા વધતી જાય છે. આ મચ્છર ચોખ્ખા પાણીમાં પેદા થાય છે.

ઉલ્લેખનીય છે કે ભારતમાં દરરોજ સરેરાશ ૬૦૦થી વધુ ડેંગ્યુના કેસ નોંધાય છે.

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સબસીડીની મર્યાદા-વ્યાપ વધારાશેઃ નાના વેપારીઓને આવરી લેવાશે

વ્યવસાયિક, નાના દુકાનદારોને સ્કીમમાં સામેલ કરવાની વિચારણા

નવી દિલ્હી તા.૨૫

શહેરી ગરીબો-મધ્યમ વર્ગના 'ઘરના ઘર'નું સ્વપ્ન સાકાર કરાવવા માટે કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સબસીડીની રકમ તથા યોજનાના વ્યાપમાં વધારો કરવાની વિચારણા કરી રહી છે. સૂચિત સુધારામાં વ્યવસાયિક, દુકાનદારો તથા નાના વેપારીઓને પણ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

કેન્દ્ર સરકારના સૂત્રોના કહેવા પ્રમાણે આવાસના ક્ષેત્રફળ તથા કિંમતના આધારે લોન સબસીડી નકકી કરવાની વિચારણા છે રૂા.૩૫ લાખના આવાસની ખરીદીમાં ૩૦ લાખ સુધીની લોનમાં વ્યાજ સબસીડી આપવાનું સરકાર વિચારી રહી છે.

કેન્દ્ર સરકારે અગાઉ ક્રેડીટ લીંક ડ સબસીડી સ્કીમ લાગુ કરી છે જેમાં આવકના આધારે હોમલોન સબસીડી આપવામાં આવતી હતી. ૨૦૨૧માં આ સ્કીમ બંધ કરી દેવામાં આવી હતી. પાંચ વર્ષ સુધી અમલમાં રહેલી આ સ્કીમમાં ૨૫ લાખ સુધીના મકાનમાં ધિરાણ આપવામાં આવતું હતું અને પાંચ વર્ષમાં ૫૯૦૦૦ કરોડની સબસીડી આપવામાં આવી હતી.

૨૦૨૪-૨૫ના વચગાળાના બજેટમાં મહત્વકાંક્ષી હાઉસીંગ સ્કીમ હેઠળ ૮૦૬૭૧ કરોડની ફાળવણી કરવામાં આવી હતી અને નાણાપ્રધાન નિર્મલા સીતારામને એમ કહ્યું પણ હતું કે ભાડાના મકાન અથવા ચાલ કે ઝુંપડપટ્ટી અથવા બિનઅધિકૃત સોસાયટીમાં રહેતા મધ્યમવર્ગને રાહતરૂપ યોજના દાખલ કરવામાં આવશે.

જુન ૨૦૧૫માં મોદી સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના જાહેર કરી હતી તેમાં શહેરી લાભાર્થીઓને પાકા મકાન આપવાનો આશય હતો. આ મિશન હેઠળ આવતા પાંચ વર્ષમાં વધુ બે કરોડ પરિવારોને આવાસ લાભ આપવાનો ટારગેટ છે. આવાસ-શહેરી બાબતોના કેન્દ્રીય પ્રધાન હરદીપસિંઘ પુરીએ પણ ગત જાન્યુઆરીમાં કહ્યું હતું કે શહેરી એફોર્ડેબલ હાઉસીંગ માટે વ્યાજ સબસીડી સ્કીમ માટે કેબીનેટમાં દરખાસ્ત મોકલાશે.

સેટેલાઈટ ફોન કેવી રીતે કામ કરે છે?

બંગાળની ચૂંટણીમાં સેટેલાઈટ ફોનનો ઉપયોગ થઈ રહ્યો છે, જેને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. જોકે, સવાલ એ ઊભો થાય છે કે સેટેલાઈટ ફોનમાં શું છે? જેના કારણે ચૂંટણીમાં તેનો ઉપયોગ ફાયદાકારક સાબિત થઈ શકે છે. ઉપરાંત, સેટેલાઈટ ફોન કેવી રીતે કામ કરે છે?

સેટેલાઈટ ફોન કેવી રીતે કામ કરે છે?

આ ફોનમાં કોલિંગ કે ઈન્ટરનેટ માટે મોબાઈલ ટાવરની જરૂર નથી. આ ફોન સીધા સેટેલાઈટ સાથે કનેક્ટ થાય છે. આવી સ્થિતિમાં, તમે મોબાઈલ નેટવર્ક વિના કોઈને કોલ કરી શકો છો અને ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ પણ કરી શકો છો. સેટેલાઈટ કનેક્ટિવિટી માટે અલગ ઉપગ્રહોના નેટવર્ક દ્વારા કાર્ય કરે છે, જે તમારા સેલ ફોનને કંપનીઓ દ્વારા નિયંત્રિત ઉપગ્રહો સાથે સીધા જ જોડે છે.

સેટેલાઈટ કનેક્ટિવિટી શું છે?

આમાં, એક ઉપગ્રહને પૃથ્વીની નીચેની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવે છે. આ સેટેલાઈટ સાથે મોબાઈલ સીધો જોડાયેલ છે. આ ઈન્ટરનેટ બીમ તરીકે ઓળખાય છે.

સેટેલાઈટ કનેક્ટિવિટીના ફાયદા

આ ટેક્નોલોજીમાં યુઝર્સને સેલ ટાવરની જરૂર નથી. તે સમગ્ર વિશ્વમાં ઉત્તમ કનેક્ટિવિટી ધરાવે છે. આ ટેકનોલોજીની મદદથી વાઈડ રેન્જનું નેટવર્ક ઉપલબ્ધ છે. તેમજ કોલ ડ્રોપની સમસ્યાનો સામનો કરવો પડતો નથી. તે મોબાઈલ કરતા વધુ સારા સિગ્નલ આપે છે.

ગેરફાયદા શું છે?

સેટેલાઈટ ફોન ખૂબ ખર્ચાળ છે. ઉપરાંત, સેટેલાઈટ કનેક્ટિવિટી માટે અલગ સબસ્ક્રિપ્શન લેવું પડશે, જેની કિંમત ઘણી વધારે છે. આ સિવાય ખરાબ હવામાનમાં સેટેલાઈટ ફોન કામ કરતા નથી. જેના કારણે કોલિંગ અને ઈન્ટરનેટ ખૂબ મોંઘા હોય છે. સેટેલાઈટ ફોનને સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકાર પાસેથી પરવાનગી લેવી પડે છે.

ED ના તુલસીયાની ગ્રુપના દસ સ્થળો પર દરોડા

કંપની પર બેંકો અને રોકાણકારો પાસેથી કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ

લખનૌ, તા ૨૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ બુધવારે લખનૌ, પ્રયાગરાજ, લોઈડા, દિલ્હી અને ગુરુગ્રામ (હરિયાણા)માં સ્થિત તુલસીયાની ગ્રુપના ૧૦ સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ રિયલ એસ્ટેટ કંપની પર બેંકો અને રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ છે.

માર્ચ ૨૦૨૩માં હાઈકોર્ટે EDને તુલસીયાની કન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ સામે તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ ઓક્ટોબર ૨૦૨૩માં હાઈકોર્ટે EDની લખનૌ ઝોનલ ઓફિસને તપાસ અંગે પૂછ્યું હતું. હાઈકોર્ટે આ આદેશ ત્યારે આપ્યો જ્યારે જેલમાં બંધ કંપનીના ડિરેક્ટર અનિલ તુલસીયાનીની જામીન અરજી પર સુનાવણી ચાલી રહી હતી. હાઈકોર્ટના આદેશ પર, EDએ કંપની વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. પ્રખ્યાત ફિલ્મ અભિનેતા શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાન આ ગ્રુપની બ્રાન્ડ એમ્બેસેડર રહી ચુકી છે.

ED અનુસાર, તપાસ દરમિયાન જાણવા મળ્યું કે કંપનીના ડિરેક્ટર અનિલ તુલસિયાની અને તેમની પત્ની કવિતા તુલસિયાની પણ ત્રજ એક્સપ્રેસ-વે નામની કંપનીમાં ડિરેક્ટર છે, જેની રજિસ્ટર્ડ ઓફિસ ૩૦૧ સહર પ્લાઝા લખનૌ માં છે. બંને લાંબા સમયથી આ કંપનીમાં ડિરેક્ટર છે અને બંને સંસ્થાઓ વચ્ચે વ્યવહારો છે. હાલમાં સંગ્રામ સિંહ અને સિદ્ધાર્થ સિંહ પણ આ કંપનીના ડિરેક્ટર છે, જેઓ હરૈયા (બસ્તી)ના ધારાસભ્ય અજય સિંહના ભાઈઓ અને પિતરાઈ ભાઈઓ હોવાનું કહેવાય છે. EDના જણાવ્યા અનુસાર, તેણે ધારાસભ્ય અજય સિંહના કોઈ પણ સ્થળની તપાસ કરી નથી. આ સર્ચ તુલસીયાની બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સની છે. તેને ધારાસભ્ય સાથે કોઈ લેવાદેવા નથી.

પ્રખ્યાત ફિલ્મ અભિનેતા શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાન આ ગ્રુપની બ્રાન્ડ એમ્બેસેડર રહી ચુકી છે

બસ્તીની હરૈયા સીટના બીજેપી ધારાસભ્ય અજય સિંહે બુધવારે કહ્યું કે EDની ટીમ બુધવારે તપાસ માટે લખનઉમાં તેમની ઓફિસ પહોંચી, પરંતુ ઓફિસ બંધ હતી. તે પોતે અને તેનો ભાઈ તેની ભત્રીજીના લગ્નને લગતા એક કાર્યક્રમમાં ગયા હતા. અજય સિંહે જણાવ્યું કે તેમની ગોમતી નગરના સહારા પ્લાઝામાં ઓફિસ છે. ધારાસભ્યએ કહ્યું- 'હું કોઈપણ તપાસ માટે તૈયાર છું.

ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીઓમાં ઝડપથી વધે છે વૃદ્ધત્વ

૨૦૦૫થી ૨૦૨૩ દરમિયાન ૧૭૦૦ મહિલાઓ પર અભ્યાસ

ન્યુયોર્ક, તા ૨૫

ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીઓમાં વૃદ્ધત્વ ઝડપથી આવી જાય છે. સ્ત્રીઓની જૈવિક ઉંમર ઝડપથી વધવા લાગે છે. સાયન્સ મેગેઝિન પ્રોસીડિંગ્સ ઓફ ધ નેશનલ એકેડેમી ઓફ સાયન્સમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં આ માહિતી સામે આવી છે.

અધ્યયન મુજબ, જે મહિલાઓને પહેલા ગર્ભ ધારણ કર્યું હોય તેઓની જૈવિક ઉંમર વધવાના સંકેતો વહેલા દેખાઈ શકે છે. આ લક્ષણો પ્રથમ કરતાં બીજી કે ત્રીજી ગર્ભાવસ્થામાં વહેલા દેખાય છે. આનાથી શરીર પર લાંબા ગાળાની અસર થાય છે. આ અમુક રોગો અને મૃત્યુદરનું જોખમ પણ વધારી શકે છે. જો કે, ગર્ભાવસ્થા દરમિયાન સ્વાસ્થ્ય પર ધ્યાન આપીને તેનાથી બચી શકાય છે. આ માટે ડોક્ટરોની સલાહ પર દવાઓ લઈ શકાય અને પ્રોટીન-મિનરલથી ભરપૂર પીણાં અને ખોરાક લઈ શકાય. અમેરિકન કોલેજ ઓફ ઑબ્સ્ટેટ્રિશિયન્સ એન્ડ ગાયનેકોલોજિસ્ટ્સ અનુસાર, ગર્ભાવસ્થાના નવ મહિના દરમિયાન સ્ત્રીના શરીરમાં ઘણા ફેરફારો થાય છે. વૈજ્ઞાનિકોએ ૨૦૦૫ થી ૨૦૨૩ દરમિયાન ૧૭૦૦ થી વધુ મહિલાઓ પર આ અભ્યાસ કર્યો હતો.

SCએ જેલમાં વધતી ભીડ પર રાજ્યો પાસેથી જવાબ માંગ્યો

નવી દિલ્હીઃતા.૨૫

દેશની જેલોમાં ક્ષમતા કરતા વધુ કેદીઓના કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. કહ્યું કે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ જેલના માળખાને લગતા સોગંદનામું રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા છે, જ્યારે કોર્ટે તેના માટે આદેશો આપ્યા છે. કોર્ટે તેના મુખ્ય સચિવને કહ્યું છે કે જેમણે એફિડેવિટ નથી આપી તેઓ એ પણ જણાવે કે ભલામણો કેવી રીતે લાગુ કરવામાં આવી રહી છે અને સમયરેખા શું છે.



ઈન્સ્ટાગ્રામ પર ન્યૂડીટીને રોકવા માટે નવું ફીચર

ન્યૂડીટીને રોકવા માટે ઈન્સ્ટાગ્રામ એક મોટા ફીચર પર કામ કરી રહ્યું છે. ઈન્સ્ટાગ્રામ એક એવા ફીચર પર કામ કરી રહ્યું છે જે ડાયરેક્ટ મેસેજમાં મોકલવામાં આવેલી ન્યૂડીટીની તસવીરોને આપમેળે બ્લર કરી દેશે. ઈન્સ્ટાગ્રામે તેના બ્લોગમાં આ માહિતી આપી છે. જાતીય કૌભાંડો અને છબીનો દુરૂપયોગ રોકવા માટે કંપની તરફથી આ એક નવું અપડેટ છે. આનાથી લૈંગિક છેડતી અને સેક્સટોર્શન પર અંકુશ આવશે.

ગૂગલે ભારતમાં વોલેટ એપ લોન્ચ કરી

એપલ વોલેટ એપને ટક્કર આપવા માટે ગૂગલે ભારતમાં ગૂગલ વોલેટ એપ લોન્ચ કરી છે. ઈન્ટરનેટ પર ઘણા યુઝર્સે માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ એકસ દ્વારા સ્માર્ટફોન પર ગૂગલ વોલેટ એપ ડાઉનલોડ અને ઈન્સ્ટોલ કરવા વિશે માહિતી આપી છે. તે નકારી શકાય નહીં કે એપ્લિકેશન ભારતમાં કેટલાક વપરાશકર્તાઓ માટે ઉપલબ્ધ છે, જે હાલમાં સ્ટેપ બાય સ્ટેપ રોલઆઉટ સેટઅપ જેવી લાગે છે. આ એપ સીધી પ્લે સ્ટોર પર મળી શકતી નથી.

વોટ્સએપ કોન્ટેક્ટ લિસ્ટમાં ફેરફાર

મેટા-માલિકીનું ઈન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપ કથિત રીતે એક નવી સુવિધાનું પરીક્ષણ કરી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, વોટ્સએપ યુઝર્સને તેમના મનપસંદ કોન્ટેક્ટ લિસ્ટમાં મિત્રોને એડ કરવાની અને તેનો ઓર્ડર બદલવાની મંજૂરી આપવામાં આવશે. વધુમાં, યુઝર્સ તેમના મનપસંદ કોન્ટેક્ટ લિસ્ટમાંથી કોઈને પણ દૂર કરી શકે છે. આ ફીચર વોટ્સએપના યુઝર ઈન્ટરફેસમાં નવા ફેરફારો સાથે ઉમેરવામાં આવશે. અપડેટ્સ અને કોલિંગ ટેબની સાથે, તમને મનપસંદ સંપર્કો માટે એક ટેબ પણ મળશે.

સ્માર્ટવોચઃ સિંગલ ચાર્જિંગ પર ૭ દિવસ ચાલશે

બોટે તેનો સ્માર્ટવોચ પોર્ટફોલિયો વિસ્તાર્યો છે. કંપનીએ તેની લેટેસ્ટ સ્માર્ટવોચ બ્લૂટૂથ કોલિંગ અને નેવિગેશન સપોર્ટ સાથે રજૂ કરી છે. તેમાં ૧.૮૩ ઈંચની લંબચોરસ ડિસ્પ્લે છે. આ સ્માર્ટવોચને કંપનીની સાઈટ પર લાઈવ કરવામાં આવી છે. તેમાં ૨૩૦ mAh બેટરી છે, જે એક વખત ચાર્જ કરવા પર ૭ દિવસનો બેટરી બેકઅપ આપવા સક્ષમ છે. તેમાં બ્લૂટૂથ ૫.૨ કનેક્ટિવિટી સપોર્ટેડ છે. Bot Storm Kaal-3 ભારતમાં બહુવિધ રંગ વિકલ્પો સાથે લોન્ચ કરવામાં આવ્યું છે. લેટેસ્ટ સ્માર્ટવોચ બોટ ઈન્ડિયાની વેબસાઈટ પર રૂ. ૧,૦૯૯ની કિંમતે વેચાણ પર છે.

AIની કમાલ! માત્ર ફોટો પાડો, કેમેરો તસ્વીર પર કવિતા લખી દેશે

કેમેરાનુ એઆઈ ડિવાઈસ તસ્વીરના વિઝયુઅલ, ડેટા, રંગનો ઉપયોગ કરીને કવિતા લખે છે

નવીદિલ્હી તા.૨૫

સુંદર તસ્વીર પરથી ઘણા કવિઓ કવિતા લખતા હોય છે. અખબારોમાં કાવ્યાત્મક ફોટોલાઈન પણ જોવા મળતી હોય છે પણ આ કામ પણ હવે એઆઈ એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ કરી નાખશે! જી હા, એક એવો કેમેરો બન્યો છે જે તસ્વીર તો ખેંચશે સાથે સાથે તેના પર કવિતા પણ લખશે. એઆઈની મદદથી આવો કેમેરો ડેવલપ કરાયો છે.

આ એક એવુ ડિવાઈસ છે જેના બારામાં જાણીને સૌ કોઈ આશ્ચર્યચકિત છે. આ 'પોએટ્રી કેમેરા' ખેંચાયેલી તસ્વીરને કવિતાનુ રૂપ આપી શકે છે. આ કેમેરા દેખાવમાં તો એક સાધારણ પોલરાઈઝડ કેમેરા જ છે. આ કેમેરા ફોટોથી કવિતા બનાવી દે છે.

આ પોએટ્રી કેમેરાને કેલિન કારોલિન ઝાંગ અને રયાન માથરે મળીને તૈયાર કર્યો છે. આ કેમેરાનુ મગજ એક કેડીટ કાર્ડના સાઈઝનુ રીસ્પબેરી પીઆઈ સિંગલ બોર્ડ કોમ્પ્યુટર છે. તે તસ્વીરના વિઝયુઅલ ડેટા, રંગ, પેટર્ન અને ઈમોશનને ઓળખે છે. ત્યારબાદ તે તેને એઆઈને મોકલે છે, જે તેના પરથી કવિતા બનાવે છે. આપ આ પોએટ્રી કેમેરા પાસે અલગ અલગ પેટર્નની કવિતા લખાવી શકો છો.

આ ડિવાઈસ આપની પ્રાઈવસીનુ પણ પુરૂ ધ્યાન રાખે છે. તે કોઈપણ ઈમેજ કે કવિતાને ડિઝીટલી રૂપમાં સંભાળીને નથી રાખતો.

કેલિન અને રયાનનુ કહેવુ છે કે તેમણે એક અંગત પ્રોજેકટ તરીકે તેને શરૂ કર્યો હતો. પણ જયારે તેમણે આ કેમેરા પોતાના મિત્રો અને પરિવારને દેખાડયો તો તેને બીજાની સાથે શેર કરવાનો નિર્ણય કર્યો હતો. રિપોર્ટસનુ કહેવુ છે કે બન્ને આ સંભાવનાઓને જોઈ રહ્યા છે કે પ્રોડકટને કેવી રીતે કોમર્શીયલ માર્કેટમાં ઉતારવામા આવે.

ઓનલાઈન અને ઓફલાઈન બંનેમાં ડેબીટ કાર્ડનો ઉપયોગ ઘટયો : ક્રેડીટ કાર્ડના ઉપયોગમાં મોટો વધારો

માર્ચ માસમાં ક્રેડીટકાર્ડ મારફત રૂા. ૧ લાખ કરોડથી વધુ ખર્ચાયા : નવો રેકોર્ડ

દેશમાં ક્રેડીટ કાર્ડ કલ્ચર વધ્યું : ઓનલાઈન ટ્રાન્ઝેકશન રૂા.૧૦૪૩૮૧ કરોડ થયું : માર્ચ માસમાં કુલ ઓનલાઈન અને ઓફલાઈન ક્રેડીટ કાર્ડ મારફત ખર્ચ રૂા.૧૬૪૫૮૬ કરોડ : ડેબીટ કાર્ડના વ્યવહારોમાં ૩૦ ટકા જેવો ઘટાડો

નવી દિલ્હી, તા. ૨૫

દેશમાં સતત વધી રહેલા ક્રેડીટ કલ્ચરમાં હવે દર મહિને નવા નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે અને માર્ચ મહિનામાં ઓનલાઈન ક્રેડીટ કાર્ડ મારફત રૂપિયા ૧,૦૪,૦૮૧ કરોડનું પેમેન્ટ ક્રેડીટ કાર્ડ મારફત થતા પ્રથમ વખત કોઈ પણ એક માસમાં ઓનલાઈન ક્રેડીટ કાર્ડ મારફત ખર્ચ રૂા. એક લાખ કરોડની વટાવી ગયો છે. ૨૦૨૩ના માર્ચમાં આ રકમ રૂા. ૮૬૩૯૦ કરોડ હતી અને આ વર્ષે ફેબ્રુઆરીમાં રૂા. ૯૪૭૭૪ કરોડ નોંધાયો હતો. પોઈન્ટ ઓફ સેલ મારફત ઓફલાઈન માર્ચ માસમાં રૂા. ૬૦૩૭૮ કરોડના પેમેન્ટ ક્રેડીટ કાર્ડ મારફત થયા જે એક વર્ષની સરખામણીમાં ૧૯ ટકા વધુ હતા. આમ ઓનલાઈન અને ઓફલાઈન બંનેની ગણતરી કરો તો ક્રેડીટ કાર્ડ મારફત કુલ ખર્ચ રૂા.૧૬૪૫૮૬ કરોડ નોંધાયો છે જે ગત વર્ષે આ સમયગાળામાં એટલે કે માર્ચ માસમાં રૂા.૧૩૭૩૧૦ કરોડ દેશમાં ક્રેડીટ કાર્ડધારકોની સંખ્યા પણ વધી રહી છે અને ફેબ્રુઆરી માસમાં ૧૦ કરોડ ક્રેડીટ કાર્ડ ઈસ્યુ થયા હતા જે માર્ચ માસમાં ૧૦.૨ કરોડ નોંધાયા છે. જેમાં એચડીએફસી બેંક મોખરે રહી છે. જેનો ફાળો ૨૦.૨ ટકા બાદમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ૧૮.૫ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક

(અનુસંધાન છઠ્ઠા પાને)

ક્ષત્રીય આંદોલન સહિતના પાસાઓના પગલે સંવેદનશીલ મતદાન મથકોમાં ૨૧૦નો વધારો

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ૧૦૩૨ મતદાન મથકો સંવેદનશીલ: કલેકટર

કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે વિશેષ બંદોબસ્ત મૂકાશેઃ શહેર-ગ્રામ્ય વિસ્તાર માટે અર્ધ લશ્કરી દળોની વધુ છ-છ કંપનીઓ માટે દરખાસ્તઃ ૫૦ ટકા બુથો પર વેબકાસ્ટીંગ થશે-કલેકટર પ્રભવ જોશી

રાજકોટ તા.૨૫

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ૨૨૩૬માંથી ૧૦૩૨ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરાયા છે. આવા મતદાન મથકો ઉપર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની જાળવણી માટે વિશેષ પોલીસ બંદોબસ્ત મુકવામાં આવશે તેમ કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું.

જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજના આંદોલન સહિતના વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખી ગત ચૂંટણીની સાપેક્ષમાં આ વખતે સંવેદનશીલ મથકોની સંખ્યામાં ૨૧૦નો વધારો થવા પામેલ છે.

સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરવા માટે ચૂંટણી પંચે ખાસ ગાઈડલાઈન જાહેર કરી અલગ અલગ ફાઈટ એરીયા નિયત કરેલ છે. જે મુજબ આ સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરાયા છે. જેમાં ગત ચૂંટણીમાં જયાં ઓછું કે ખુબજ વધુ મતદાન થયું હોય તેવા મતદાન મથકો પણ સંવેદનશીલની વ્યાખ્યામાં આવે છે.

આ ઉપરાંત આ વખતે ક્ષત્રિય આંદોલનનું ફેકટર પણ હોય આ સહિતના પાસાઓને લક્ષમાં રાખી આ રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના ૧૦૩૨ જેટલા સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરાયા છે. આવા મતદાન બુથો ઉપર કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે વિશેષ સુરક્ષા કર્મચારીઓનો બંદોબસ્ત મુકવામાં આવશે.

આ ઉપરાંત ૫૦ ટકા મતદાન બુથો ઉપર વેબકાસ્ટીંગ પણ કરવામાં આવશે. રાજકોટ લોકસભા બેઠક વિસ્તાર કે જેમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે ચૂંટણી

બંદોબસ્ત માટે અર્ધ લશ્કરી દળોની વધુ છ-છ કંપનીઓ ફાળવવા માટે દરખાસ્ત કરી દેવામાં આવી છે. તેમ પણ જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું.

રાજકોટ શહેર જીલ્લામાં આચારસંહિતાના અમલીકરણ માટે વિશેષ રૂપથી પગલા લેવામાં આવી રહ્યા છે. આગામી તા.૭ મેનાં રાજકોટ લોકસભા બેઠકનું મતદાન થનાર હોય આ માટેની મોટાભાગની તૈયારીઓ પરિપૂર્ણ કરી દેવામાં આવી છે. જેમાં હીટવેવની આગાહી પણ કરવામાં આવી હોય મતદાન મથકો ઉપર મતદારો માટે છાંયડાની વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત એનસીસી કેડેટ વોલીએન્ટર્સ તરીકે ફરજ બજાવશે.

મતદાન મથકો ઉપર મતદાન કરવામાં મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવશે. મતદારોની સુવિધા જળવાઈ રહે તે માટે ખાસ પગલા લેવાશે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં ૭૦ ટકા મતદાનનો લક્ષ્યાંક વહીવટી તંત્ર દ્વારા

(અનુસંધાન છઠ્ઠા પાને)

સેલ્ફ કાર ભાડે લઈ પડાવી લેવાનું કૌભાંડ

ક્રાઈમ બ્રાંચે સૌરાષ્ટ્રભરમાંથી રૂા.૩.૫૧ કરોડની ૪૭ કાર કબ્જે કરી

સૌરાષ્ટ્રના અલગ-અલગ શહેરમાં બેલડીએ વેંચેલ કાર કબ્જે : કોઠારીયાના કાનજી ઉર્ફે આકાશ અને જામનગરના બિલાલશા શાહમદારની ધરપકડઃ પાંચ છેતરપીંડીના ગુનાનો ભેદ ઉકેલાયો

ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પી.એસ.આઈ, એમ.જે.હુણ અને ટીમની કામગીરી

રાજકોટ,તા.૨૫

રાજકોટમાંથી સેલ્ફ કાર ભાડે લઈ જઈ પડાવી લેવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટીમે રૂા.૩.૫૧ કરોડની ૪૭ કાર કબ્જે કરી મોટા રેકેટને ડેક કર્યો હતો. થોડાં દિવસોમાં અલગ અલગ પોલીસ મથકમાં ૪૮ જેટલી કારની વાહનના ધંધાર્થીઓ સાથે છેતરપીંડી કરી કોઠારીયાનો અક્કી અને જામનગરનો બિલાલ પડાવી ગયાની ફરીયાદ નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચે બેલડીને દબોચી મોટી કાર્યવાહી કરી હતી.

રાજકોટ શહેરમાંથી અલગ અલગ સેલ્ફ કાર ભાડે આપતાં વાહનના ધંધાર્થીની

(અનુસંધાન છઠ્ઠા પાને)

રાજકોટ રેલવે ડિવિઝને નવો રેકોર્ડ સ્થાપ્યોઃ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રૂા.૨૨૭૮ કરોડની આવક રહી

એક વર્ષમાં ડિવિઝનમાંથી દોડતી ટ્રેનોમાં ૧.૦૫ કરોડ લોકોએ મુસાફરી માણીઃ નૂર પરિવહનમાં વધુ આવક

રાજકોટ,તા.૨૫

પશ્ચિમ રેલવેનું રાજકોટ ડિવિઝન ભારતીય રેલવે માટે કમાણીની દ્રષ્ટિએ સતત ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે. રાજકોટ ડીવીઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વનીકુમારે જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વખતે પણ ડીવીઝન દ્વારા નૂર પરિવહનમાંથી સૌથી વધુ આવક મેળવીને નવો રેકોર્ડ સ્થાપ્યો છે અને સર્વાંગી વિકાસની દિશામાં ઝંડો લહેરાવ્યો છે.

રાજકોટ ડિવિઝને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે અને ૨૨૭૬.૪૪ કરોડ રૂપિયાની નોંધપાત્ર વાર્ષિક આવક મેળવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ૨૦૪૫.૬૦ કરોડની વાર્ષિક આવક કરતાં ૧૧.૨૮% એટલે કે ૨૩૦ કરોડ રૂ વધુ છે. આ ૨૨૭૬.૪૪ કરોડની આ આવકમાંથી મહત્તમ રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક નૂર ભાડા થી, રૂ. ૩૭૪.૧૨ કરોડ પેસેંજર આવક થી અને રૂ. ૩૧.૨૦ કરોડની આવક પાર્સલ સહિત અન્ય સ્ત્રોતોમાંથી પ્રાપ્ત થઈ છે.

રાજકોટ ડિવિઝને ૨૦૨૩-૨૪માં નૂર પરિવહનમાંથી રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક હાંસલ કરી છે જે ગયા વર્ષે ની રૂ. ૧૬૯૦.૩૦ કરોડની સરખામણીએ ૧૦.૭૦% એટલે કે રૂ. ૧૮૦.૮૨ કરોડ વધુ છે. પેસેંજર આવક માં થી ૨૦૨૩-૨૪માં રૂ. ૩૭૪.૧૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગયા વર્ષ ની રૂ. ૩૨૧.૯૯ કરોડની સરખામણીએ ૧૬.૨૦% એટલે કે રૂ. ૫૨.૧૩ કરોડ વધુ છે. આ વર્ષે રાજકોટ ડિવિઝનમાંથી ૧.૦૫ ક્રોડ લોકોએ મુસાફરી કરી છે.

રાજકોટ ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાની મહેનત અને નિષ્ઠા થી કામ કરીને ડિવિઝનને દરેક ક્ષેત્રે નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને નોંધપાત્ર આવક મેળવીને ભારતીય રેલવેના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

પરજીયા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
PARAJIYA TOURS & TRAVELS
ચલો ચલે ચાર ધામ કી યાત્રા કરને...
હરિદ્વાર-કેદારનાથ-બદ્રીનાથ તારીખઃ- ૦૮-૦૫-૨૦૨૪ દિવસઃ- ૧૫/૧૭
ચાર ધામ પ્રવાસ સ્લીપર કોચ બસ દ્વારા સુંદર આયોજન
રહેવા ને શુદ્ધ ગુજરાતી ભોજન સાથે હરિદ્વાર થી ઉપર સાઈટ શીન સાથે ફેમીલી સંગ ધમાલ મસ્તી કરવા આજે કોન્ટેક્ટ કરોઃ-
સ્કૂલ પ્રવાસ, કંપની સ્ટાફ પ્રવાસ તેમજ એક દિવસથી ચાર દિવસના ગ્રુપ પ્રવાસનું સુંદર આયોજન કરી આપવામાં આવશે.
મો. ૯૯૧૩૮ ૨૩૩૮૦

જોઈએ છે
શહેરના નામાંકિત એકસકલૂઝિવ ઈન્ટરનેશનલ બ્રાન્ડેડ લાઈફસ્ટાઈલ સ્ટોરને જોઈએ છે.
કેશિયર
એકાઉન્ટીંગ, MS Office તેમજ કોમ્પ્યુટરાઈઝડ બિલીંગ અને કેશ કલેકશન કરી શકવા સક્ષમ ઉ.વ. ૨૫ થી ૩૫ વચ્ચેના ઉમેદવાર.
ઑફિસબોય (પીયુન)
SSC પાસ, ઉ.વ. ૨૦ થી ૩૦ વચ્ચેના ઉમેદવાર.
બન્ને પોસ્ટ માટે જોબ સમય સવારે ૧૦ થી રાત્રિના ૯:૦૦ સુધી
ઈન્ટરવ્યૂ માટે સંપૂર્ણ બાયોડેટા અને ફોટોગ્રાફ સાથે તા. ૨૬ અને ૨૭ એપ્રિલ ૨૦૨૪, સવારે ૧૦ થી ૧૨ વચ્ચે રૂબરૂ મળો.
Options YOUR POWER TO CHOOSE
જિલ્લા પંચાયત ચોક, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ. ફોન : ૨૪૫૦૮૪૬.
Drishty-24

૩ એકર જમીન વેચવાની છે
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટીંગ માટે પ્રાઈમ લોકેશનમાં શાપર-પાળ પીપળીયા, બે રોડના કાટખૂણાંની જમીન
M.98257 90507
M.84016 70455

આયાબેન જોઈએ છે
ગુજરાતી પરિવારના વડિલ મહિલા માટે રાત્રી દરમીયાન દેખરેખ રાખી શકે તેવા આયાબેન જોઈએ છે.
પંચાયતનગર પાસે, યુનિવર્સીટી રોડ, રાજકોટ
94290 98127

દરેક કારની ચીપ (સેન્સર)વાળી ચાવી
રાજુ ડીઝીટલ ભુતખાના ચોક, રાજકોટ મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯

યુ-ફ્રોમ ગાદલા સોફા મટીરીયલ્સ
વ્યાજબી ભાવે છુટક તથા જથ્થાબંધ મળશે
આપની ડીઝાઈન મુજબ સોફાસેટ બનાવી આપીશું
લાલા ફ્રોમ એજન્સી
વ્રજ આર્કેડ, ૨-ભક્તિનગર સ્ટેશન રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, રાજકોટ.
સંપર્ક : 98253 60033, 98242 18687

સેકસ સમસ્યાઓનું પ્રભાવશાળી સમાધાન
ડાયાબીટીશ, બી.પી.માં પણ લાભદાયક
જોશ જગાવે ધૂમ મચાવે 100% આયુર્વેદિક
અતિશીઘ્ર પરિણામ
18 થી 75 વર્ષ સુધી લાભદાયક
જોશ, તાકાત, ટાઈમિંગ, સ્ટેમિના, સાઈઝ વધારો
શીઘ્રપતન, સ્વપ્નદોષ, નપુંસકતા, ઈન્દ્રીની, કમજોરી નાનું અને પાતળી ઈન્દ્રી માટે વિશેષ લાભદાયક
લાભ નહીં તો પૈસા પરત
દવા ઘર બેઠા મંગાવવા માટે સંપર્ક કરો
આચાર્ય આયુર્વેદ
08116593448

ગઈકાલે સુપ્રિમ કોર્ટે કહ્યું કે સામાજીક બદલાવ માટે ખાનગી સંપતિનું હસ્તાંતરણ એ એક ખતરનાક ખ્યાલ છે

ચૂંટણીની જુમલાબાજી : પ્રમાણીક કરદાતાઓના ખાતામાં ₹૧૫ લાખથી લઈ ધનવાનોની સંપતિ ગરીબોને

સામ પિત્રોડા જે વિરાસત ટેકસની વાત કરે છે તે પણ અધુરી કહાની છે, વાસ્તવમાં અમેરિકાના ફકત છ રાજયોમાં આ પ્રકારે કાનુન છે અને તેની ટકાવારી પણ ૧ થી ૨૦ ટકાની જ છે એટલું જ નહીં તે લાગુ કરવા માટે પણ અનેક શરતો છે અને અત્યાર સુધીમાં ૦૦૦.૧ ધનવાનોને આ કાનુન હેઠળ સંપતિ નહીં પણ તેના સમાન ટેકસ ચુકવવો પડયો છે, ભારતમાં પણ વેલ્થ ટેકસ હતો

રાહુલે જે સંપતિના રીડિસ્ટ્રીબ્યુશનની વાત કરે છે તેમાં પણ નવો ટવીસ્ટ આવ્યો છે અને કહે છે કે મોદી સરકારે જે ૨૨ લોકોના રૂા. ૧૬.૫૦ લાખ કરોડ માફ કર્યા છે તેની પાસેથી થોડા થોડા વસુલાશે અને આ માટેનું કેલ્કયુલેશન પણ અમે કરી લીધુ છે, બીજી તરફ કોંગ્રેસમાં જ રાહુલના જ મેન્ટર રહેલા સામ પિત્રોડાએ ચૂંટણી સમયે આવા વિવાદ સર્જવાની જરૂર શું હતી તે પણ પ્રશ્ન છે પણ કોંગ્રેસ પાસે નથી કોઈ નીતિ કે નથી ચૂંટણી વ્યુહરચના અને સૌ પોતપોતાની રીતે લડે છે

દેશમાં ચૂંટણીનો રંગ પકડાઈ ગયો છે તે હવે નેતાઓના ભાષણથી અને ચૂંટણી ઢંઢેરાથી નિશ્ચિત થાય છે, કોંગ્રેસ પક્ષ ફરી એક વખત ડિફેન્સીવ સ્થિતિમાં આવી ગયો છે અને તેને સામેથી ભાજપને હથિયારો પૂરા પાડયા છે જે દરેક ચૂંટણીમાં થતું રહ્યું છે, વાસ્તવિકતા એ છે કે રાહુલે જયાં અધુરૂ છોડયું હતું તે સામ પિત્રોડાએ પુરૂ કર્યુ છે અને રાષ્ટ્રીય ચૂંટણી ગંભીરતાથી લડાય તેના બદલે કોણે કોનુ મંગલસુત્ર છીનવ્યું છે અને કોણે કુરબાન કર્યુ છે તેના પર પ્રચાર થઈ રહ્યો છે

કોંગ્રેસે જયારે તેનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડી ત્યારે કદાચ એ પણ ખ્યાલ નહીં હોય કે રાજકીય દ્રષ્ટિએ આટલો વિવાદાસ્પદ બની જશે હજુ મંગલસુત્રનો વિવાદ પૂરો થયો ન હતો ત્યાં હવે સંપતિનો મુદ્દો સામે આવી ગયો અને તેમાં પણ ગઈકાલે કોંગ્રેસની થીંક ટેન્કના એક મહત્વના સભ્ય ગણાતા અને ઓવરસીઝ ફ્રેન્ડસ ઓફ કોંગ્રેસના વડા તેમજ સૌથી મહત્વનું એ છે કે રાહુલ ગાંધીને મેન્ટર તરીકે કામ કરતા સામ પિત્રોડાએ અમેરિકામાં જે વારસદાર ટેકસ અમલમાં છે તેવું કહીને ભાજપને એક નવું હથિયાર આપી દીધુ અને ગઈકાલે તેનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ ભાજપના તમામ સ્ટારપ્રચારકોએ ભરપુર ઉપયોગ કર્યો વાસ્તવમાં છેલ્લા બે દિવસથી રાહુલ ગાંધી વેલ્થ ડિસ્ટ્રીબ્યુશન એટલે કે સંપતિની સમાન વહેંચણીનો મુદ્દો ચૂંટણી સભાઓમાં ગજાવી રહ્યા હતા ત્યારે આ કઈ શકય બનશે તે પ્રશ્ન પૂછાયો અને વડાપ્રધાન મોદી અને ભાજપના પ્રચારકોએ તેને છેક મંગલસુત્ર સુધી લઈ ગયા તે સમયે સામ પિત્રોડાએ રાહુલની મુંઝવણ ટાળવા જે અમેરિકી વારસદાર ટેકસનો ઉલ્લેખ કર્યો તેનાથી ખુદ તેમને પણ ખુલાસા કરવા પડી રહ્યા છે પરંતુ રાજકારણમાં એક તીર છુટી જાય પછી તેના ખુલાસા ફર્ક પાડતા નથી. જે ડેમેજ થવાનું હોય તે થઈ રહ્યું છે.

પરંતુ જોગાનુજોગ ગણો તો પણ ગઈકાલે જ દેશની સર્વોચ્ચ અદાલતે એક મહત્વની સુનાવણીમાં મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડે કરેલું વિધાન રસપ્રદ છે. સંપતિના પુનઃ વિતરણ અંગે જે રાજકીય વિવાદ ચાલી રહ્યો છે તે સમયે ચંદ્રચૂડ વડપણ હેઠળની ખંડપીઠે એવું મંતવ્ય વ્યકત કર્યુ કે સંવિધાનની ભાવના સામાજીક બદલાવની હોય તો પણ તે કેવું ખતરનાક ગણાશે કે કોઈપણ વ્યકિતની વ્યકિતગત સંપતિને સામુદાયના ભૌતિક સંશાધન તરીકે ગણવામાં આવે છે. કોઈપણ સંપતિને સમાજની સંપતિની તરીકે સ્વીકારી શકાય નહીં અને ત્યાં જ સુપ્રિમ કોર્ટ અટકી નહીં પરંતુ એ પણ જણાવ્યું કે રાજય સરકાર કોઈ પણ કાનુન હેઠળ તેનું એ રીતે અધિગ્રહણ કરી શકે નહીં. જોકે આ કેસમાં હજુ સુનાવણી બાકી છે અને બંધારણીય કલમ ૩૯-બી અને ૩૧-સી હેઠળ એવી દલીલ કરવામાં આવી કે સરકાર કોઈની વ્યકિતગત સંપતિ પર કબ્જો કરી શકે નહીં અને આ પ્રકારના પગલાને સુપ્રિમ કોર્ટે ખતરનાક ગણાવ્યું છે. સર્વોચ્ચ અદાલતે ૧૯૫૦ના દસકાનું ઉલ્લેખ કરતા કહ્યું કે સંવિધાનનો હેતુ સામાજીક બદલાવ લાવવાનો છે. એ માટે એમ ન કહી શકાય કે તેને તે હેતુથી વ્યકિતગત સંપતિને કબ્જે કરી લેવી આમ સુપ્રિમ કોર્ટે પણ પ્રથમ તબકકામાં વ્યકિતગત સંપતિના મુદ્દે જે વલણ સ્પષ્ટ કર્યુ છે તે પણ રસપ્રદ સ્થિતિ છે.

હવે રાહુલ ગાંધીએ જે મુદ્દો ઉઠાવ્યો છે તેમાં તેમણે ગઈકાલે વધુ એક સ્પષ્ટતા સમયે ઓચિંતા જ એવો તર્ક રજૂ કર્યો કે દેશના ૨૨ ધનવાનો કે જેને મોદી સરકારે રૂા. ૧૬.૫૦ લાખ કરોડની ખેરાત કરી છે તેમની પાસેથી થોડી થોડી વસુલાત કરાશે અને તે રકમ સમાજને બાટી દેવાશે. રાહુલે ત્યાં સુધી કહ્યું કે આ મુદ્દે

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

કેલ્યુલેશન કરી લીધુ છે અને તે અમારા ચૂંટણી ઢંઢેરામાં પણ દર્શાવાયું છે. રસપ્રદ બાબત એ છે કે આ ૨૨ કોણ કે જેને મોદી સરકારે એ ફાયદો કરાવ્યો છે. મહત્વનું એ છે કે કોંગ્રેસે શું કેલ્યુલેશન કર્યુ સંપતિનું રીડિસ્ટ્રીબ્યુશન થઈ જશે. જયાં સુધી અમેરિકી કાયદાનો સવાલ છે તે પૂરા અમેરિકામાં લાગુ થતું નથી. ફકત અમેરિકન સ્ટેટમાં આ પ્રકારે વારસદાર કાનુન છે અને તેમાં પણ સામ પિત્રોડા પણ જેઓ ભારતમાં નોલેજ કમીશનના અધ્યક્ષ રહી ચૂકયા છે તેઓએ ૫૫ ટકા સંપતિ સરકાર લઈ લે છે તે મુદ્દો કઈ રીતે રજુ કર્યો તે પણ પ્રશ્ન છે. વાસ્તવમાં અમેરિકામાં પણ આ ટેકસ ફકત છ રાજયમાં ૧ થી ૨૦ ટકા સુધી છે અને તેમાં પણ ૧૩.૬ બીલીયન એટલે કે ભારતીય ચલણ મુજબ ગણીએ તો ૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધુ સંપતિ હોય તો જ લાગુ પડે છે. તેમાં પણ અત્યાર સુધીમાં .૦૦૧ જેવા લોકો પાસેથી આ પ્રકારે વારસદાર ટેકસ વસુલાયો છે. આમ મુડીવાદના પ્રતિક ગણાતા અમેરિકામાં પણ જે કાનુન હજુ પૂરા દેશમાં નથી અને તે ભારતમાં લાગુ કરવા માટે સામ પિત્રોડાએ વકાલત કરી અને પણ ચૂંટણી સમયે તે કોંગ્રેસ માટે મુસીબત લાવી ગઈ છે.

વાસ્તવમાં સમગ્ર વિવાદ એ પોલીટીકલ મુદ્દો બની ગયો છે એટલું જ નહીં જેમ ૨૦૧૪માં સતા પર આવતા પૂર્વે વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદેશમાં રહેલા ભારતીયોના કાળા નાણાની એક એક પાઈ પરત લવાશે અને આ રકમ દેશમાં જે લોકો પ્રમાણીકતાથી ટેકસ ભરે છે તેવા સેલેરી કલાસ સહિતના લોકોને બાટી દેવાશે અને તે સમયે પણ દરેકના ખાતામાં રૂા. ૧૫-૧૫ લાખ આવશે તેવું કહેવાયું હતું જેનો વિડીયો હાલ વાયરલ

થઈ રહ્યો છે. જોકે એ અલગ બાબત છે કે બાદમાં મોદીના ખાસ સાથી અમીત શાહે તેમને એક જુમલો ગણાવ્યો હતો અને ભારતીયોએ તે ભુલી જવું જોઈએ તેવો પણ સંદેશ આપી દીધો હતો. આમ રાહુલ ગાંધીનો સંપતિનો ડિસ્ટ્રીબ્યુશન એ એક જુમલાથી વિશેષ કંઈ નથી તેવું અર્થશાસ્ત્રીઓ માને છે પણ ચૂંટણી છે એટલે બધુ ચાલે એમ અત્યારે બધા મુદ્દાઓ ચગશે પરંતુ ૧ જુને જેવું મતદાન પુરૂ થઈ જશે આ તમામ મુદ્દાઓ ભુલાઈ જશે તે પણ વાસ્તવિકતા છે.

બીજી તરફ એ પણ કહેવાય છે કે પ્રથમ તબકકામાં જે રીતે મતદાન થયું તેમાં એક એવો ટ્રેન્ડ બન્યો છે તેના કારણે ભાજપ માટે અબ કી બાર ૪૦૦ કે પારની વાસ્તવિકતા મુશ્કેલ બની છે અને તેથી જ રોટી, કપડા, મકાન, મોંઘવારી, કાયદો વ્યવસ્થા, સામાન્ય લોકોને ૨૦૨૪ની ચૂંટણી પછી શું મળશે અને ખુદ વડાપ્રધાન કહે છે કે મોટા નિર્ણયો આવી રહ્યા છે તો તે મોટા નિર્ણય શું છે તેવા ખુલાસા વગર જ આવા 'ફલાય બાય નાઈટ' જેવા અથવા તો એક અલગ ભાષામાં કહીએ તો વન નાઈટ સ્ટેન્ડ જેવા મુદ્દાઓના આધારે ચૂંટણી લડાઈ છે પરંતુ સૌથી મહત્વનું એ છે કે કોંગ્રેસ પક્ષ તેના જ મુદ્દાઓને બુમરેંગ થતા જોવે છે.

ચૂંટણીમાં ઈમોશનલ અપીલ પણ કેવી હોવી જોઈએ તે રસપ્રદ ચર્ચા છે. વડાપ્રધાન મોદીએ મંગલસુત્ર સુધી વાત લઈ ગયા તો પ્રિયંકાએ મારા માતાએ પણ દેશ માટે મંગલસુત્ર કુરબાન કર્યુ છે તેવો જવાબ આપ્યો. પરંતુ એ કોઈને ચિંતા નથી કે દેશના કરોડો બહેનોને હજુ ઘર ચલાવવા માટે અનેક વખત મંગલસુત્ર ગીરવે રાખવા પડે છે.

નાગેશ્વર વિસ્તારમાં રાત્રે સુતા બાદ યુવક ઉઠ્યો જ નહિ : મોત

શ્યામલ એપાર્ટમેન્ટના લખન પરમારને કેન્સરની સારવાર શરૂ હતીઃ બીમારી સબબ બેભાન થઈ જતાં સારવાર મળે તે પહેલાં દમ તોડયોઃ પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો

રાજકોટ, તા.૨૫

શહેરનાં નાગેશ્વર વિસ્તારમાં શ્યામલ એપાર્ટમેન્ટનો યુવક રાત્રે સુતા બાદ ઉઠ્યો જ નહિ. યુવકને કેન્સરની સારવાર શરૂ હતી. યુવકનું બેભાન હાલતમાં મોત નિપજતાં તેઓના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

મળતી વિગતો મુજબ લખન હરેશભાઈ પરમાર (ઉ.વ.૩૦ રહે- શ્યામલ એપાર્ટમેન્ટ પટેલ ચોક નાગેશ્વર, રાજકોટ) નામનો યુવક રાત્રે સુતા બાદ ઉઠ્યો જ નહી. પરિવારજનોએ જગાડવાનો પ્રયત્ન કર્યો છતાં પણ ન ઉઠતાં આજે સવારે યુવકને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર મળે તે પહેલાં જ યુવકનો શ્વાસ થંભી ગયો હતો. યુવક મજુરી કામ કરતો હતો. તેને ત્રણ વર્ષથી કેન્સર હતું. તેઓ બે ભાઈ અને એક બહેનમાં વચેટ હતો. એક ના એક દિકરાએ પિતાની છત્રછાયા ગુમાવતાં મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.

કસ્ટડીયલ ડેથના બંને મૃતકોના વારસદારોને ૫૦-૫૦ લાખની સહાય ચુકવો

મૃતક હમીરભાઈ ઉર્ફે ગોપાલભાઈ રાઠોડ અને રાજુભાઈ સોલંકીના પરિવારજનો તેમજ સમાજના આગેવાનોએ કલેકટર મારફત મુખ્યમંત્રીને રજૂઆત કરીઃ ૬ માંગો મુકાઈ

રાજકોટ, તા.૨૫

રાજકોટના માલવીયાનગર પોલીસ મથકમાં માર માર્યા બાદ સારવારમાં બે યુવાનોના મોત થયા છે જે મામલે કલેક્ટર મારફત મુખ્યમંત્રીને રજુઆત કરી મૃતકોના વારસાદોરને ૫૦-૫૦ લાખની સહાય ચુકવવા માંગ કરાઈ છે.

તા.૧૪-૪-૨૫ થી તા.૧૬ સુધીના ૪૮ કલાકના માલવીયાનગર પોલીસ સ્ટેશનના તમામ સીસીટીવી ફૂટેજ એકઠા કરી તપાસ અધિકારીને આપવામાં આવે ૬ મહિનામાં ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને ફરિયાદીઓને ન્યાય આપીને કેસ પૂર્ણ કરવામાં આવે, બંને પીડિત પરિવારોને વળતર પેટે ૫૦-૫૦ લાખ રુપિયા આપવામાં આવે, અનુસુચિત જાતિના લોકો દ્વારા રાજકોટના અલગ-અલગ પોલીસ સ્ટેશન તેમજ પોલીસ ચોકીમાં ફરિયાદો નોંધાવવામાં આવેલ હોય તે ફરિયાદોમાં એફઆઈઆર નોંધવામાં આવે તેમજ આજ દિન સુધી અરજીનો નિકાલ ન કરનાર જવાબદાર અધિકારીઓ સામે તપાસ કમીટીની રચના કરવામાં અને તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માંગ છે અને એએસઆઈ આરોપી અશ્વિન કાનગડને તત્કાલ ડીસમીસ કરવામાં આવે તેવી માંગણી કરાઈ છે. નહીંતર ઉગ્ર આંદોલનની ચીમકી અપાઈ છે.

રજુઆતમાં હરેશ દેવજી રાઠોડે જણાવ્યું કે, માલવીયાનગર પોલીસ સ્ટેશનના કાયદાના રક્ષક પોલીસ દ્વારા બેરહેમીથી માર મારી કરવામાં આવેલ બબ્બે યુવાનોની હત્યાના કેસમાં યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરી પીડિત પરિવારને ન્યાય અપાવવામાં આવે. સમાજના આગેવાનો દ્વારા અનુસૂચિત જાતિના લોકો પર થતાં અત્યાચારો બાબતે પોલીસ સ્ટેશનમાં રજુઆતો કરવા છતાં અન્યાય થતો હોય છે તે નવી બાબત નથી. એવામાં તાજેતરમાં માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં આરોપી ન હોવા છતાં અનુસૂચિત જાતિ સમાજના યુવાન હમીર દેવા રાઠોડને પોલીસ દ્વારા ઢોર માર મારતા તેઓનું મોત નિપજેલ ત્યાર બાદ સમાજ લોકો ન્યાય માટે મૃતદેહ લઈને રોડ પર ઉતારવા મજબૂર બન્યા હતા. રાજકોટ પોલીસ દ્વારા આરોપીની ૨૪ કલાકમાં ધરપકડ કરી લેશે તેવી બાહેંધરી આપવા છતાં આરોપી અશ્વિન કાનગડની ૭માં દિવસે પોલીસ સ્ટેશનમાં હાજર થયાના સમાચાર મળે છે જે ૧૪મી એપ્રિલના રોજ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ આંબેડકરનગર-બમાં એએસઆઈ અશ્વિન કાનગડ તથા અન્ય પોલીસ કર્મીઓ દ્વારા હમીર રાઠોડ સહિતના રાજુ સોલંકીને માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં લઈ જઈને ઢોર માર મારતા પ્રથમ હમીર રાઠોડ મૃત્યુ પામે છે અને હોસ્પીટલમાં સારવાર લઈ રહેલા રાજુ સોલંકી પણ છેલ્લે તા.૨૪ના રોજ પોતે જીવ ગુમાવે છે. જે બાબતે બન્ને સમાજમાં રોષ ભભુકી ઉઠયો છે.

સમસ્ત અનુસૂચિત જાતિ સમાજની માંગ છે કે આ કેસની સીટ તપાસ તાત્કાલીક આઈપીએસ સુધા પાંડેને સોંપવામાં આવે.

ભાજપના ઝંડા સળગાવી ક્ષત્રિય યુવાનોનો વિરોધ

રાજકોટઃ લોકસભા ચૂંટણીમાં રાજકોટના ભાજપ ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરપોત્તમભાઈ રૂપાલાના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં રોષ છે. ત્યારે એક વીડિયો વાઈરલ થયો છે. જેમાં બે યુવાન ભાજપનો ઝંડો સળગાવતા જોવા મળે છે. વીડિયોમાં એક યુવાન પોતાનું નામ એચ.આર. જોડેજા અને તેની સાથે તેનો ભાઈ મેઘરાજસિંહ જાડેજા હોવાનું કહે છે. તે બોલે છે કે, આ વોર્ડ નં.૧૭ છે. અહીં ભાજપની મિટિંગ હતી એ બંધ કરાવી છે. આમ જ સમાજની એકતા બતાવવાની છે. પોલીસે વીડિયો અંગે વધુ તપાસ હાથ ધરી છે.

સેટેલાઈટ ફોન કેવી રીતે કામ કરે છે?

બંગાળની ચૂંટણીમાં સેટેલાઈટ ફોનનો ઉપયોગ થઈ રહ્યો છે, જેને લઈને ઘણી ચર્ચા થઈ રહી છે. જોકે, સવાલ એ ઊભો થાય છે કે સેટેલાઈટ ફોનમાં શું છે? જેના કારણે ચૂંટણીમાં તેનો ઉપયોગ ફાયદાકારક સાબિત થઈ શકે છે. ઉપરાંત, સેટેલાઈટ ફોન કેવી રીતે કામ કરે છે?

સેટેલાઈટ ફોન કેવી રીતે કામ કરે છે?

આ ફોનમાં કોલિંગ કે ઈન્ટરનેટ માટે મોબાઈલ ટાવરની જરૂર નથી. આ ફોન સીધા સેટેલાઈટ સાથે કનેક્ટ થાય છે. આવી સ્થિતિમાં, તમે મોબાઈલ નેટવર્ક વિના કોઈને કોલ કરી શકો છો અને ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ પણ કરી શકો છો. સેટેલાઈટ કનેક્ટિવિટી ઉપગ્રહોના નેટવર્ક દ્વારા કાર્ય કરે છે, જે તમારા સેલ ફોનને કંપનીઓ દ્વારા નિયંત્રિત ઉપગ્રહો સાથે સીધા જ જોડે છે.

સેટેલાઈટ કનેક્ટિવિટી શું છે?

આમાં, એક ઉપગ્રહને પૃથ્વીની નીચેની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવે છે. આ સેટેલાઈટ સાથે મોબાઈલ સીધો જોડાયેલ છે. આ ઈન્ટરનેટ બીમ તરીકે ઓળખાય છે.

સેટેલાઈટ કનેક્ટિવિટીના ફાયદા

આ ટેક્નોલોજીમાં યુઝર્સને સેલ ટાવરની જરૂર નથી. તે સમગ્ર વિશ્વમાં ઉત્તમ કનેક્ટિવિટી ધરાવે છે. આ ટેક્નોલોજીની મદદથી વાઈડ રેન્જનું નેટવર્ક ઉપલબ્ધ છે. તેમજ કોલ ડ્રોપની સમસ્યાનો સામનો કરવો પડતો નથી. તે મોબાઈલ કરતા વધુ સારા સિગ્નલ આપે છે.

ગેરફાયદા શું છે?

સેટેલાઈટ ફોન ખૂબ ખર્ચાળ છે. ઉપરાંત, સેટેલાઈટ કનેક્ટિવિટી માટે અલગ સબસ્ક્રિપ્શન લેવું પડશે, જેની કિંમત ઘણી વધારે છે. આ સિવાય ખરાબ હવામાનમાં સેટેલાઈટ ફોન કામ કરતા નથી. જેના કારણે કોલિંગ અને ઈન્ટરનેટ ખૂબ મોંઘા હોય છે. સેટેલાઈટ ફોનને સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકાર પાસેથી પરવાનગી લેવી પડે છે.

અગાઉ દારૂ - જુગારના ગુનામાં પકડાયેલ સમીર સુમરા દેશી તમંચા સાથે ઝડપાયો

રૂરલ એસઓજી પીઆઈ પારગીના માર્ગદર્શન હેઠળ, પીએસઆઈ મિયાત્રા અને તેમની ટીમની કામગીરી : એએસઆઈ જયવિરસિંહ રાણા, હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા અને અરવિંદભાઈ દાફડાની બાતમી

રાજકોટ, તા.૨૫

રાજકોટ રૂરલ એસઓજીની ટીમે અગાઉ દારૂ - જુગારના ગુનામાં પકડાયેલ સમીર ઉર્ફે સમલો અકબર સુમરા (ઉ.વ.૨૪, રહે. વોરા કોટડા રોડ, ચિસ્તીયા મસ્જિદ પાસે, ગોંડલ) દેશી તમંચા સાથે ઝડપાયો હતો.



રાજકોટ રેન્જના આઈજી અશોકકુમાર યાદવ, રાજકોટ ગ્રામ્ય જિલ્લાના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ દ્વારા ગેર કાયદેસર હથિયારો રાખતા શખ્સો ઉપર કડક કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે અન્વયે રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.શાખાનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન બાતમી મળતા ગોંડલ મોવિયા રોડ ઉપર આવેલ રૂપાવટી ગામ તરફ જવાના રસ્તાના નાકા ઉપર વોચ ગોઠવી સમીરને પકડી પાડી રૂ.૫૦૦૦ની કિંમતની દેશી રિવોલ્વર કબ્જે કરાઈ હતી.

આ કામગીરી રાજકોટ રૂરલ એસઓજી પીઆઈ એફ.એ.પારગી, પીએસઆઈ બી.સી.મિયાત્રા, એએસઆઈ અતુલભાઈ ડાભી, જયવિરસિંહ રાણા, સંજયભાઈ નિરંજની, હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા, અરવિંદભાઈ દાફડા, હિતેષભાઈ અગ્રાવત, અમિતભાઈ કનેરીયા, વિજયભાઈ વેગડ, કોન્સ્ટેબલ શિવરાજભાઈ ખાચર, વિજયગીરી ગોસ્વામી, રઘુભાઈ ઘેડ, ચિરાગભાઈ કોઠીવાર દ્વારા કરવામાં આવી હતી.

રાજકોટના હિરેન ઉર્ફે ભીખાએ હથિયાર આપ્યું હતું

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, સમીરની પૂછપરછમાં ખુલ્યું કે, તે રાજકોટના હિરેન ઉર્ફે ભીખા પાસેથી છ મહિના પહેલા આ હથિયાર લાવ્યો હતો. તે દારૂ, જુગાર, મારામારીના ગુનામાં સંડોવાયેલ હોય, ડખ્ખો થાય તો કામ લાગે તેવા આશ્રયથી હથિયાર રાખ્યું હતું. પોલીસ હવે હિરેન ઉર્ફે ભીખાને શોધી રહી છે.

કૌટુંબિક સીટ બચાવવા અખિલેશ યાદવે કનોજ બેઠક પર ઉમેદવારી કરી

ઉત્તરપ્રદેશમાં લગભગ ૧૦ બેઠકો પર ઉમેદવાર બદલી ચુકેલા સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવ ફરી એક વખત લોકસભા ચૂંટણી લડી રહ્યા છે અને તેમના પરિવારની ગણાતી કનોજ બેઠક પર આજે ઉમેદવારી કરી હતી. આ બેઠક પર મુલાયમસિંહ યાદવ અનેક વખત જીત્યા હતા. જોકે ૨૦૧૯માં અખિલેશના પત્ની ડિમ્પલ યાદવ આ બેઠક હારી ગયા હતા અને હવે ૨૦૨૪માં ખુદ અખિલેશ અહીં ચૂંટણી લડી રહ્યા છે અને હવે ચૂંટણી પ્રતિષ્ઠા દાવ પર લગાવી છે. તેમણે કહ્યું હતું કે કનોજ ક્રાંતિ થઈને જ રહેશે.

અમે એક અને એક અગિયાર : માંડવીયાનું ગણિત

પોરબંદર લોકસભા બેઠક પર રસપ્રદ સ્થિતિ છે. ભાજપના ઉમેદવાર મનસુખ માંડવીયાની સાથે કોંગ્રેસમાંથી આવેલા અર્જુનભાઈ મોઢવાડીયા પણ ચૂંટણી મેદાનમાં છે. માંડવીયા લોકસભા બેઠક લડે છે અને અર્જુનભાઈ એ પોતે જ ખાલી કરેલી પોરબંદરની ધારાસભા બેઠકની પેટા ચૂંટણી લડે છે. આમ જબરૂ કોકટેલ સર્જાયુ છે. ગઈકાલ સુધી જેઓ સામસામા હતા તેઓ એક જ ચૂંટણી સભામાં સાથે ભાષણ આપે છે આ અંગે મનસુખભાઈ માંડવીયાએ પોતાનું ગણિત રજૂ કરતા કહ્યું કે અર્જુનભાઈ ભાજપમાં જોડાયા તેથી અમને પણ ફાયદો છે. જોકે બીજી મીનીટે કહ્યું કે આ સામસામી વાત છે. અર્જુનભાઈને ભાજપથી ફાયદો છે અને ભાજપને અર્જુનભાઈથી આ એક અને એક અગિયાર જેવી છે હવે અમારી ઈલેવન છે.

ઈન્સ્ટાગ્રામ પર ન્યૂડીટીને રોકવા માટે નવું ફીચર

ન્યૂડીટીને રોકવા માટે ઈન્સ્ટાગ્રામ એક મોટા ફીચર પર કામ કરી રહ્યું છે. ઈન્સ્ટાગ્રામ એક એવા ફીચર પર કામ કરી રહ્યું છે જે ડાયરેક્ટ મેસેજમાં મોકલવામાં આવેલી ન્યૂડીટીની તસ્વીરોને આપમેળે બ્લર કરી દેશે. ઈન્સ્ટાગ્રામે તેના બ્લોગમાં આ માહિતી આપી છે. જાતીય કૌભાંડો અને છબીનો દુરૂપયોગ રોકવા માટે કંપની તરફથી આ એક નવું અપડેટ છે. આનાથી લૈંગિક છેડતી અને સેક્સટોર્શન પર અંકુશ આવશે.

ગૂગલે ભારતમાં વોલેટ એપ લોન્ચ કરી

એપલ વોલેટ એપને ટક્કર આપવા માટે ગૂગલે ભારતમાં ગૂગલ વોલેટ એપ લોન્ચ કરી છે. ઈન્ટરનેટ પર ઘણા યુઝર્સે માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ એક્સ દ્વારા સ્માર્ટફોન પર ગૂગલ વોલેટ એપ ડાઉનલોડ અને ઈન્સ્ટોલ કરવા વિશે માહિતી આપી છે. તે નકારી શકાય નહીં કે એપ્લિકેશન ભારતમાં કેટલાક વપરાશકર્તાઓ માટે ઉપલબ્ધ છે, જે હાલમાં સ્ટેપ બાય સ્ટેપ રોલઆઉટ સેટઅપ જેવી લાગે છે. આ એપ સીધી પ્લે સ્ટોર પર મળી શકતી નથી.

વોટ્સએપ કોન્ટેક્ટ લિસ્ટમાં ફેરફાર

મેટા-માલિકીનું ઈન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપ કથિત રીતે એક નવી સુવિધાનું પરીક્ષણ કરી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, વોટ્સએપ યુઝર્સને તેમના મનપસંદ કોન્ટેક્ટ લિસ્ટમાં મિત્રોને એડ કરવાની અને તેનો ઓર્ડર બદલવાની મંજૂરી આપવામાં આવશે. વધુમાં, યુઝર્સ તેમના મનપસંદ કોન્ટેક્ટ લિસ્ટમાંથી કોઈને પણ દૂર કરી શકે છે. આ ફીચર વોટ્સએપના યુઝર ઈન્ટરફેસમાં નવા ફેરફારો સાથે ઉમેરવામાં આવશે. અપડેટ્સ અને કોલિંગ ટેબની સાથે, તમને મનપસંદ સંપર્કો માટે એક ટેબ પણ મળશે.

સ્માર્ટવોચઃ સિંગલ ચાર્જિંગ પર ૭ દિવસ ચાલશે

બોટે તેનો સ્માર્ટવોચ પોર્ટફોલિયો વિસ્તાર્યો છે. કંપનીએ તેની લેટેસ્ટ સ્માર્ટવોચ બ્લૂટૂથ કોલિંગ અને નેવિગેશન સપોર્ટ સાથે રજૂ કરી છે. તેમાં ૧.૮૩ ઈંચની લંબચોરસ ડિસ્પ્લે છે. આ સ્માર્ટવોચને કંપનીની સાઈટ પર લાઈવ કરવામાં આવી છે. તેમાં ૨૩૦ mAh બેટરી છે, જે એક વખત ચાર્જ કરવા પર ૭ દિવસનો બેટરી બેકઅપ આપવા સક્ષમ છે. તેમાં બ્લૂટૂથ ૫.૨ કનેક્ટિવિટી સપોર્ટેડ છે. Bot Storm Kaal-3 ભારતમાં બહુવિધ રંગ વિકલ્પો સાથે લોન્ચ કરવામાં આવ્યું છે. લેટેસ્ટ સ્માર્ટવોચ બોટ ઈન્ડિયાની વેબસાઈટ પર રૂ. ૧,૦૯૯ની કિંમતે વેચાણ પર છે.

રાજકોટની બેઠક પર જે નામ હતું તે કોંગ્રેસનાં નેતા વિક્રમ સોરાણી ભાજપમાં જોડાશે

ઉમેદવાર પછી દાવેદાર;-તો રાજકોટની બેઠક પણ 'બીનહરીફ' થઈ હોત!

૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં વાંકાનેર બેઠક પરથી 'આપ' વતી લડીને ૫૩૦૦૦ થી વધુ મતો મેળવનાર વિક્રમ સોરાણીને ટીકીટ આપવા સ્થાનિક સિનિયર નેતાઓએ દરખાસ્ત કરી હતી; શહેર કોંગ્રેસે વાંધો લીધો હતો

રાજકોટ તા.૨૫

લોકસભાની ચૂંટણી પૂર્વે રાજકોટ-ગુજરાતમાં નવા નવા રાજકીય ઘટનાક્રમો સર્જાઈ રહ્યા છે અને તેમાં હવે તેમાં ઉમેરો થયો હોય રાજકોટની બેઠક માટે કોંગ્રેસનાં દાવેદાર વિક્રમ સોરાણી ભાજપમાં જોડાઈ રહ્યા છે. ૨૯ મીએ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની હાજરીમાં રાજકોટ ખાતે ભાજપનો

ટીકીટ ન મળવાથી નારાજ થઈને ભાજપમાં જોડાવાનો નિર્ણય કે 'પ્રિ-પ્લાન '? કોંગ્રેસ નેતાઓ સ્તબ્ધ

કેસરીયો ખેસ ધારણ કરશે.મહત્વની વાત એ છે કે કોંગ્રેસનાં લોકલ સીનીયર નેતાઓએ જ સોરાણીને લોકસભાનાં ઉમેદવાર બનાવવા નેતાગીરી સમક્ષ દરખાસ્ત કરી હતી. તેમને ઉમેદવાર બનાવાયા હોય તો રાજકોટની બેઠક પણ બિનહરીફ થઈ જાત તેવી ચર્ચા સાથે કોંગ્રેસ નેતાગીરી સ્તબ્ધ બની છે.

ગુજરાતમાં ભાજપે એક બેઠક પર તો ચૂંટણી અગાઉ જ વિજય હાંસલ કરી લીધો છે.સુરતમાં કોંગ્રેસનાં ઉમેદવારનું ફોર્મ રદ થયા બાદ ભાજપના ઉમેદવાર બીનહરીફ જાહેર થઈ ગયા છે.કોંગ્રેસે ચૂંટણી પૂર્વે જ એક બેઠક ગુમાવી દીધી છે. રાજકોટમાં પણ આ પ્રકારની સ્થિતિ સર્જાવાનું જોખમ ઉભુ થવાની ચર્ચા હવે શરૂ થઈ છે.રાજકોટની બેઠકમાં તેના દાવેદાર વિક્રમ સોરાણીએ ભાજપમાં જોડાવાનું જાહેર કર્યું છે.૨૯ મીએ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની હાજરીમાં રામપર-બેટી ખાતે કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં વિક્રમ સોરાણી કેસરીયો ખેસ પહેરશે. કોળી સમાજનાં શક્તિશાળી યુવા નેતા તરીકેની છાપ ધરાવતાં વિક્રમ સોરાણી ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણી આમ આદમી પાર્ટી વતી વાંકાનેર બેઠક પરથી લડયા હતા અને ૫૩૦૦૦ કરતા વધુ મત મેળવ્યા હતા. આ પછી તેઓ કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. કોળી સમાજમાં સારૂ એવુ વર્ચસ્વ અને વાંકાનેરની લડાઈમાં સારા એવા મત મેળવ્યા હોવાથી રાજકોટની લોકસભા બેઠક પર તેમને ઉમેદવાર બનાવવાની દરખાસ્ત થઈ હતી.

લોકલ સિનીયર નેતાઓએ જ તેમના નામની ભલામણ પ્રદેશ અને રાષ્ટ્રીય નેતાગીરીને કરી હતી. જોકે શહેર કોંગ્રેસે તે સામે વાંધો લીધો હતો. તેઓને ઉમેદવાર બનાવવામાં આવ્યા હોત અને ભાજપમાં જોડાઈ જાત તો શું સ્થિતિ થાત તેવી વાત સાથે કોંગ્રેસમાં જબરો ખળભળાટ સર્જાયો છે.

વિક્રમ સોરાણી ભાજપમાં જોડાઈ રહ્યાનું જાહેર થતાં કોંગ્રેસનાં સીનીયર નેતા ડો.હેમાંગ વસાવડાએ ખુલ્લેઆમ એવુ વિધાન કર્યું છે કે સોરાણીને ટીકીટ આપી હોત તો રાજકોટમાં પણ સુરતવાળી થઈ જવાનું જોખમ સર્જાવાનું સ્પષ્ટ છે. સોરાણીની ટીકીટ માટે ભલામણ કરનારા નેતાઓએ હવે આ દિશામાં વિચારવાની જરૂર છે.

કોંગ્રેસમાં એવી ચર્ચા જામી છે કે લોકસભાની ટીકીટ નહિં મળવાની નારાજગીથી વિક્રમ સોરાણી ભાજપમાં જોડાઈ રહ્યા છે કે પુર્વયોજીત જ નિર્ણય હતો.

ભાજપમાં જોડાવાનો નિર્ણય પૂર્વયોજીત હોય તો કોંગ્રેસ માટે અત્યંત ગંભીર અને નાલેશીભરી હાલત સર્જાવાનુ જોખમ હતું કારણ કે રાજકોટની બેઠક માટે ઉમેદવાર નકકી કરવામાં કોંગ્રેસને ઘણી મહેનત કરવી પડી હતી. હાઈ કમાન્ડના આદેશ બાદ પરેશ ધાનાણી રાજકોટથી લડવા તૈયાર થયા હતા.પરેશ ધાનાણી સિવાય અન્ય દાવેદારોમાં પ્રવિણ સોરાણીનું નામ ટોચ પર હતું. આ સિવાય ડો.હેમાંગ વસાવડા તથા હિતેશ વોરાના નામો ચર્ચામાં હતા. વિક્રમ સોરાણીનાં ભાજપમાં જોડાવાના નિર્ણયથી સમગ્ર કોંગ્રેસની નેતાગીરી સ્તબ્ધ થઈ ગઈ છે. કોંગ્રેસ પરથી મોટી ઘાત ટળ્યાની પણ ચર્ચા થવા લાગી છે.

કોંગ્રેસમાં નેતાઓ 'જુના દાવ' કાઢવા મેદાને?

કોળી આગેવાન વિક્રમ સોરાણીના ભાજપ પ્રવેશથી કોંગ્રેસનું આંતરિક રાજકારણ સળગ્યું છે. તેમને દાવેદાર તરીકે આગળ ધરનારા લોકલ નેતાઓ પર નિશાન તાકવા લાગ્યું છે. જુથવાદના જુના હિસાબોના દાવ નિકળવા લાગ્યા હોવાની ચર્ચા છે.

કોંગ્રેસની ટીકીટના દાવેદાર વિક્રમ સોરાણી ભાજપમાં જોડાય રહ્યાની ગત જાહેર થયેલા બાદ પાર્ટીના સોનીયર નેતા ડો. હેમાંગ વસાવડાએ સોશ્યલ મીડીયામાં વીડીયો પોસ્ટ મુકીને એમ કહ્યું કે સોરાણીને ટીકીટ આપવામાં આવી હોત

સુરતમાં કુંભાણીનું નામ સુચવનારા નેતાઓની તપાસ કરવા માંગ ઉઠી

તો 'સુચીવાળી' થઇ ગઇ હોત. પાર્ટીના જ અમુક નેતાઓએ તેમને કોંગ્રેસમાં લાવીને ટીકીટ આપવાનું સુચવ્યું હતું. ત્યારે પોતે તેમજ અશોક ડાંગર, અશોકસિંહ વાઘેલા, મહેશ રાજપૂત સહિતના નેતાઓએ સતત વિરોધ કર્યો હતો. હાઇ કમાંડે અમારો વિરોધ ગ્રાહ્ય રાખીને તેમને ટીકીટ આપી ન હતી અન્યથા સુરત જેવી સ્થિતિ શક્ય હતી.

ડો. વસાવડાએ એમ પણ કહ્યું કે સુરતમાં કોંગ્રેસની નાલેશી માટે જવાબદાર ઉમેદવાર નિલેશ કુંભાણીની હજુ પાર્ટીએ હકાલપટ્ટી કરી નથી. હકીકતમાં કુંભાણીને ટીકીટ આપવાની દરખાસ્ત કરનારા નેતાઓ સામે પણ તપાસ થવી જોઇએ.

રાજકોટને લાગેવળગે છે ત્યાં સુધી કોંગ્રેસના એક વર્ગનું એક કથન છે કે સુરતમાં તપાસ થાય તો રાજકોટમાં પણ સોરાણીનું નામ સુચવનારા નેતાઓની તપાસ નથી જોઇએ.

રાજકોટના ઘટનાક્રમ સામે કોઇ નેતાએ અન્ય કોઇ સામે ખુલ્લેઆમ નામજોગ નિશાન તાક્યું નથી છતાં વિવિધ વિધાનો 'સૂચક' છે.

આખુ કોળુ જ દાળમાં! વિક્રમ સોરાણી સભ્ય જ ન હોવા છતાં ઉમેદવાર તરીકે નામ ચગ્યું: કોંગ્રેસના કોઈ કાર્યક્રમમાં પણ હાજરી નથી

રાજકોટ, તા.૨૫

રાજકોટના કોળી આગેવાન વિક્રમ સોરાણી ૨૯મીએ ભાજપમાં જોડાવાના છે. તેઓ કોંગ્રેસની ટીકીટના દાવેદાર હતા ત્યારે આ ઘટનાક્રમ સર્જાતા રાજકીય ખળભળાટ છે. શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ વાતચીતમાં કહ્યું કે વાસ્તવમાં વિક્રમ સોરાણી કોંગ્રેસમા હતા જ નહીં. અને પાર્ટીના સભ્ય પણ નથી. કોંગ્રેસના ઉમેદવાર બનવા

ઈન્દ્રનીલ-લલિત કગથરા પાસે ટીકીટ માટે રજુઆત કરી હતી

તેઓએ માત્ર ઈન્દ્રનીલ રાજ્યગુરૂ-લલિત કગથરા જેવા લોકલ નેતાઓ સમક્ષ રજુઆત કરી હતી. ટીકીટ માટે તો ગમે તે દાવો કરી જ શકે છે. સેન્સ પ્રક્રિયા દરમ્યાન જ સમગ્ર હકીકત સામે આવી ગઇ હતી અને તેમના નામ પર 'ચોકડી' લાગી ગઇ હતી. ડો. હેમાંગ વસાવડાએ પણ એમ કહ્યું કે વિક્રમ સોરાણી કોંગ્રેસના કોઇ કાર્યક્રમમાં આવ્યા જ નથી. તેમના નામની દાવેદારી માટે પણ રુબરુ આવ્યા ન હતા અને ત્રણ-ચાર સમર્થકોને મોકલી દીધા હતા. આ દરમ્યાન હકીકત ખુલ્લી થઇ ગઇ હતી અને હાઇકમાંડે તથા નિરિક્ષકોએ સ્થળ પર જ તેમને ટીકીટ નહીં આપવાનું સ્પષ્ટ કરી દીધું હતું.

સિનિયર સિટીઝનોનું ઘેરથી મતદાન શરૂ

રાજકોટ: ગુજરાતમાં આગામી ૭ મે ના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણી પૂર્વે સિનિયર સિટીઝનો માટે ઘેરથી જ બેલેટ પેપર મારફત મતદાનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો આજથી પ્રારંભ થયો હતો. રાજકોટના ૮૬ વર્ષીય સિનિયર સિટીઝન અરવિંદભાઈ સંઘવી ઘેરથી મતદાન કરતા નજરે પડે છે. તેમના નિવાસસ્થાને જ મતકુટિર ઉભી કરવામાં આવી હતી. અને વીડિયોગ્રાફી પણ કરવામાં આવી હતી. રાજકોટ લોકસભા વિસ્તારમાં ૧૩૦૦ જેટલા ૮૫ વર્ષથી વધુ વયના મતદારોએ બેલેટ પેપરથી પોતાના ઘરેથી જ મતદાન કરવા માટે સંમતિ ફોર્મ ભર્યું છે. રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં વિધાનસભા વિસ્તાર વાઇઝ આજથી આ મતદાનની પ્રક્રિયા શરૂ થઈ છે. જે ચાર દિવસ સુધી ચાલશે.

રાજકોટ લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર સામે આચારસંહિતા ભંગની ફરિયાદ: તપાસના આદેશ

વાંકાનેરના વઘાસીયા ગામે મંદિરમાં પ્રચાર કરવાના મામલે મોરબી કલેકટર પાસેથી રિપોર્ટ મંગાવાયો

રાજકોટ તા.૨૫

રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ વાંકાનેરના વઘાસીયા ગામે ચુંટણી પ્રચાર દરમિયાન આચારસંહિતાનો ભંગ કર્યાની ફરિયાદ ચુંટણીપંચને કરવામાં આવી છે.

કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ વાંકાનેરના વઘાસીયા ગામે મંદિરમાં પ્રચાર કરી આચારસંહિતાનો ભંગ કર્યાની ફરિયાદ થવા પામી છે.

આ મામલે તપાસ કરવા માટે ચુંટણીપંચ દ્વારા મોરબી જિલ્લા કલેકટરને આદેશ કરવામાં આવતા મોરબી કલેકટર દ્વારા આ પ્રકરણમાં વાંકાનેરના ડે.કલેકટરને તપાસ સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ધોરાજી તાલુકાના સુપેડી ગામે

વિખ્યાત મુરલી મનોહર મંદિરની સીડીએ બેઠેલા વૃદ્ધા પર કાર ફરી વળી : મોત

રાજકોટ, તા.૨૫

ધોરાજી તાલુકાના સુપેડી ગામે વિખ્યાત મુરલી મનોહર મંદિરની સીડીએ બેઠેલા વૃદ્ધા પર કાર ફરી વળી હતી જેનું સારવારમાં મોત થયું હતું. ફરિયાદી મહેશભાઈ જયંતીભાઈ માત્રાવડીયા (ઉ.વ.૬૯ હાલ રહે- સુપેડી પોસ્ટ ઓફીસની બાજુમાં ચંદુભાઈ ઘેટીયાના મકાનમાં ભાડેથી તા. ધોરાજી)એ જણાવ્યું કે, ગત તા.૨૧/૦૪/૨૦૨૪ ના રોજ સાંજના સાડા ચાર વાગ્યે હું સુપેડી ગામની ઝાંઝમેર રોડ પર આવેલ રંગોલી પાને બેસવા ગયેલ. સાંજના આશરે સાડા છ એક વાગ્યે મારી પૌત્રી જાનકીબેનનો મને ફોન આવેલ અને ફોનમાં અમારા પાડોશમાં રહેતા શિલ્પાબેનના ભાઈ ચેતનભાઈએ મને વાત કરેલ કે, તમારા પત્ની કમળાબેન મુરલી મનોહર મંદિરની સીડીઓ પાસે કોઈએ ગાડી ચડાવી દીધી છે. તમારા ઘરનાને લાગી ગયેલ છે. તમે જલ્દી આવો. જેથી હું ત્યાં ગયેલ અને ત્યાં જઈને મેં જોયેલ તો મંદિરની સીડીઓ પાસે ગામના માણસો ભેગા થયેલ હતા. મારી પૌત્રી પણ હાજર હતી. મારી પત્નીને નીચે જમીન પર સુવડાવેલ હતા અને તે બેભાન હાલતમાં હતા. ધોરાજી સરકારી હોસ્પિટલમાં લઇ જતા ત્યાં ફરજ પરના

ડોકટરે મારી પત્ની કમળાબેનને મૃત જાહેર કરેલ. બનાવનુ કારણ એ છે કે, મારી પત્ની અને અમારી પાડોશમાં રહેતા શિલ્પાબેન ભાર્ગવભાઈ ભાલોડીયા દરરોજ સાંજના સમયે ગામમાં ચાલવા જતા હોય અને તે દિવસે પણ ગામમાં મુરલી મનોહર મંદિરના રસ્તે ચાલવા ગયેલ હતા. ત્યાં થાક લાગતા મુરલી મનોહર મંદિરની સીડીઓ પર બેસેલ હતા. ત્યાં એક સ્વીફટ ફોરવ્હીલ કાર જીજે-૦૩-સીઈ-૧૮૭૯ નંબરની ત્યાં ઉભેલ હોય અને ગૌશાળા તરફથી એક મીની ટ્રેકટરના ચાલકે તેનુ ટ્રેકટર ફુલ સ્પીડમાં ચલાવીને આ કારને પાછળથી ઠોકર મારતા આ કારની ઠોકર ત્યાં પગથીયે બેસેલ મારી પત્ની કમળાબેનને લાગતા મોત થયું છે. મીની ટ્રેકટર સુપેડી ગામના જ પરષોતમભાઇ પટેલનું છે. જે ટ્રેકટર ચાલક સામે ગુનો દાખલ થયો છે. કમળાબેન અમરેલી જિલ્લાના કુકાવા તાલુકાના દેવગઢમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા હતા. ૨૦૧૩માં નિવૃત થયા હતા. મૃતકને સંતાનમાં બે દીકરા છે. તેઓ અગાઉ રાજકોટ જ રહેતા હતા. છ મહિનાથી પૌત્રીના મેડિકલના અભ્યાસ માટે સુપેડી રહેવા ગયા હતા.

આમ ગાડી ચલાવાય, પાછળ ભટકાઈ જાત તો કહીં હેડ કોન્સ્ટેબલની ફરજમાં રૂકાવટ

હેમુ ગઢવી હોલ પાસેનો બનાવ

રાજકોટ તા.૨૫

હેમુ ગઢવી હોલ પાસે આમ ગાડી ચલાવાય, પાછળ ભટકાઈ જાત તો કહીં હેડ કોન્સ્ટેબલની ફરજમાં રૂકાવટ કરનાર એકસેસ ચાલક પ્રશાંત સિનરોજા સામે એ. ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે એ.ડિવિજન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ જયવીરસિંહ ઉદેસિંહ ઝાલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તે ગઈકાલે સાંજના એ.સી.પી પુર્વ વિભાગની સરકારી બોલેરો ગાડી ગોંડલ રોડ પર આવેલ જે.કે મોટર્સમા સર્વીસમા મુકેલ હોય તે ગાડી સર્વીસ થઈ જતા સરકારી બોલેરો લઈને પોલીસ હેડ કવાર્ટર એમ.ટી વિભાગ ખાતે જતાં હતાં. ત્યારે રસ્તામાં ટાગોર રોડ ઉપર હેમુ ગઢવી હોલ પાસે પહોચતાં બોલરો ગાડી આગળ એક એકસેસ ચાલકે સાઈડમા આવી કહેલ કે, ગાડી સાઈડમા ઉભી રાખતો જેથી તેઓએ સરકારી બોલેરો સાઈડમા ઉભી રાખતા આરોપીએ કહેલ કે, આ રીતે ગાડી કેમ ચલાવો છો અને તમારી ગાડીમાં અધીકારી નથી તેમ છતા ખાલી ગાડી લઈને કેમ જાવ છો તેમ કહેતાં તેઓએ કહેલ કે, હું બરાબર જ ગાડી ચલાવુ છું તમને શુ તકલીફ છે ?

જેથી આરોપીએ કહેલ કે, હુ તારી ગાડી પાછળ મારુ એકસેસ ચલાવતો હોય અને તારી ગાડી પાછળ ભટકાઈ જાત તેમ કહીં ઉશ્કેરાઈ જઈ બોલાચાલી કરવા લાગેલ અને પોતાના મોબાઈલમાં ગાડીનો તેમજ મારો વીડીયો ઉતારવા લાગેલ તેમજ બોલાચાલી કરી ગેર્વતુણક કરવા લાગતા પોલીસ કંટ્રોલ રૂમમા ફોન કરેલ અને પોલીસ આવી જતા એકસેસ ચાલક પ્રશાંત કીરીટ સિનરોજા (ઉ.વ.-૨૮ રહે- શ્રધ્ધા પાર્ક-૧ શેરી નંબર-૫ આહીર ચોક પાસે ૮૦ ફુટ રોડ) સામે પોલીસે ફરજ રૂકાવટનો ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બેડી ગામમાં બનેલો બનાવ

નશામાં ધૂત યુવાન દારૂ પીતા પીતા જ ઢળી પડ્યો

સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા સારવારમાં મોત

રાજકોટ, તા.૨૫

બેડી ગામનો યુવાન દારૂ પીતા પીતા જ ઢળી પડ્યો હતો. બાદ યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

બનાવની વિગત મુજબ, બેડીગામમાં રહેતો રાજેશ લાલજીભાઈ વાઘાણી (ઉ.વ.૩૭) આજે સવારે પોતાના ઘરે ઢળી પડતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. આ અંગે યુવકના પરિવારજનોએ જણાવ્યું કે, યુવકને દારુ પીવાની ટેવ હતી. આજે સવારે ૬ વાગ્યે યુવક પોતાનાં ઘરે દારૂ પીતો હતો દરમિયાન ઢળી પડ્યો હતો. બાદ યુવકને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર કારગત નીવડે તે પહેલા યુવકે દમ તોડી દિધો હતો. મૃતક પોતાનાં પરિવારમાં ત્રણ ભાઈમાં મોટો હતો. તેને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

પ્લોટ લખી દેવાની ના કહેતાં નિલેશ ખીંટ પર સાત શખ્સોનો હુમલો

બેડીપરામાં સંતોષી માતાના મંદિર નજીક બનેલો બનાવ

રાજકોટ, તા.૨૫

પ્લોટ આપવાની ના કહેતાં બેડીપરાના નિલેશ ખીંટ પર સાત શખ્સો હુમલો કરી નાસી ગયા હતા. બાદ ઈજાગ્રસ્ત હાલતમાં યુવકને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડિવિજન પોલીસને જાણ કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ બેડીપરામાં રહેતાં નિલેશ ધીરુભાઈ ખીંટ (ઉ.વ.૨૭) નામનાં યુવક પર સાત શખ્સોએ હુમલો કરી ઈજા પહોંચાડી નાસી ગયા હતા. યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર હેઠળ છે. આ અંગે યુવકના પરિવારજનોએ જણાવ્યું કે નિલેશ ચાંદી કામના કારખાનાં મજુરી કામ કરે છે. યુવકને કાના સિંધવના મકાન પાસે પ્લોટ આવેલ છે. જે પ્લોટમાં નિલેશ ગાયો બાંધે છે. તે પ્લોટ અગાઉ કાના સિંધવે વેંચાણથી માંગ્યો હતો. પણ

યુવકે પ્લોટ આપવાની ના કહી હતી. ગઈ કાલ રાત્રિના કાનાએ બેડીપરા સંતોષી માતાના મંદિર નજીક પોતાનાં ઘર પાસે નીલેશને બોલાવ્યો હતો. અને પ્લોટની માંગણી કરી હતી. જે પ્લોટ આપવાની ના કહેતાં યુવક પર કાના સિંધવ અને તેનાં ભત્રીજા હીરેન અને કરણ સહીત સાત શખ્સોએ હુમલો કરી નાસી ગયા હતાં. હુમલામાં યુવકને માથાના અને શરીરે ભાગે ઈજા થતાં તુરંત સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

ભારતનગરમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો: તસ્કર બપોરના સમયે જ બંધ મકાનને નિશાન બનાવતો

રાજકોટ.તા.૨૫

ભારતનગર સોસાયટી વિસ્તારમાં ધોળા દિવસે બંધ મકાનને નિશાન બનાવી રોકડ રૂ.૬૦ હજાર અને દાગીના અને મોબાઈલ સહિત રૂ.૭૫ હજારની મત્તા ચોરી થયાનો બનાવ બનતાં ચોરીનો ભેદ થોરાળા પોલીસે ઉકેલી નાખી જડેશ્વર સોસાયટીમાં રહેતા શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે તેની પાસેથી રૂ. ૮૦,૫૦૦ નો મુદામાલ કબજે કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે ભારતનગર સોસાયટી શેરી નંબર ૪ માં રહેતા હીનાબેન ઉત્તમભાઈ પટેલ (ઉ.વ ૩૫) દ્વારા થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૧૫/૪/૨૦૨૪ ના તેઓ પોતાના નિત્યક્રમ મુજબ માડા ડુંગર પાસે કારખાને કામે ગયા હતા.દરમિયાન તેમના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ કબાટમાં રાખેલ રોકડ રૂ.૬૦ હજાર તથા કબાટના ખાનામાં રાખેલ ચાંદીના સાંકડાની જોડી અને ઘરમાં મુકેલ મોબાઈલ ફોન સહિત રૂ.૭૫ હજારની મત્તા ચોરી થયા અંગે ફરિયાદ નોંધાવી હતી. ચોરીની આ ઘટનાને લઇ થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઇ એન.જી.વાઘેલાની રાહબરી હેઠળ પી.એસ.આઇ. જે.એમ.પરમાર, એમ.એસ.મહેશ્વરી તથા ટીમે તપાસ હાથ ધરી હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ જયદિપસિંહ જોડેજા,હસમુખભાઇ નિનામાને મળેલી બાતમીના આધારે અમુલ સર્કલ પાસેથી ૮૦ ફૂટ રોડ પરથી શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધો હતો. પોલીસે શખ્સની પુછતાછ કરતા તેનું નામ રાજકુમાર પ્રદીપભાઇ શાહ (ઉ.વ ૨૪ રહે. જડેશ્વર સોસાયટી શેરી નંબર ૨, વેલનાથપરા પાસે) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આરોપીની સઘન પૂછતાછ કરતા તેણે ચોરીની કબુલાત આપી હતી. પોલીસે આરોપી પાસેથી રૂ.૭૦ હજારનો મોબાઈલ, ચાંદીના સાંકડાની જોડી, રોકડ રૂ.૫૦ હજાર સહિત રૂ.૬૫ હજારનો મુદામાલ ઉપરાંત બે શંકાસ્પદ મોબાઈલ સહિતનો માલ કબજે કર્યો હતો. આરોપી સામે અગાઉ આઇડેમ પોલીસ સ્ટેશનમાં ચોરીના બે ગુના નોંધાઈ ચૂક્યા છે. આરોપી બપોરના સમયે બંધ મકાનના તાળા તોડી ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે.

આઈપીએલ ૨૦૨૩ના ગેરકાયદે સ્ટ્રીમીંગ કેસમાં એકટ્રેસ તમન્ના ભાટિયાને પોલીસનું તેડુ

મુંબઈ તા.૨૬

બોલીવુડ અને સાઉથની ફિલ્મોની અભિનેત્રી તમન્ના ભાટિયાને પોલીસે સાક્ષી તરીકે હાજર થવા કહેણ મોકલ્યું છે. મહારાષ્ટ્ર સાઈબર ડિપાર્ટમેન્ટે તેને ૨૯ એપ્રિલે રજુ થવાનું કહ્યું છે. ખબર છે કે આઈપીએલ-ઈન્ડીયન પ્રીમીયર લીગના મેચના ગેરકાયદે સ્ટ્રીમીંગ (પ્રસારણ)ના કેસમાં તમન્નાની પુછપરછ કરવામાં આવનાર છે.

ઉલ્લેખનીય છે કે તમન્ના પહેલા અભિનેતા સંજય દત પણ પોલીસે હાજર થવા જણાવ્યું હતું પણ સંજય દતે નવી તારીખ માંગી હતી.

અહેવાલો મુજબ ફેરીલે એપ પર આઈપીએલ ૨૦૨૩ના ગેરકાયદે સ્ટ્રીમીંગના કથિત પ્રચારને લઈને તમન્નાને સવાલો કરવામાં આવશે. તેને સાક્ષી તરીકે જુબાની આપવા બોલાવાઈ છે.

એક અહેવાલ મુજબ આ એપ મહાદેવ ઓનલાઈન ગેમીંગ એન્ડ બેટીંગ એપની સહાયક એપ છે. ખબર છે કે આ એપના કારણે વાયકોમને કરોડો રૂપિયાનું નુકસાન થયું હતું. ગત સપ્ટેમ્બરે વાયકોમ-૧૮ દ્વારા ફરિયાદ કરાઈ હતી કે ફેરપ્લે પ્લેટફોર્મ ગેરકાયદે આઈપીએલનું સ્ટ્રીમીંગ કરી રહ્યું છે, જેને લઈને વાયકોમને ૧૦૦ કરોડ રૂપિયાનું નુકશાન થયું છે.

પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરતા વધુ ૬૦ વેપારીઓ પકડાયા

૪.૯૨૫ કિ.ગ્રા.પ્લાસ્ટિક જપ્ત: જાહેરમાં ગંદકી કરનાર પાસેથી દંડ વસુલાયો

રાજકોટ,તા.૨૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ત્રણેય ઝોનમાંથી કુલ ૬૦ આસામીઓ પાસેથી ૪.૯૨૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૧૬૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૧.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૫૭૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૧ આસામીઓ પાસેથી ૨.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૬૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૭ આસામીઓ પાસેથી ૧.૦૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૪૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્પેસુ કટર/ સેનેટરી સબ ઈન્પેક્ટર દ્વારા કરવામાં આવેલ.

જેલમાંથી છુટેલો યુ ટયુબર મનીષ કશ્યપ ભાજપમાં સામેલ થયો

હું આ લોકોના કારણે જેલમાંથી છુટયો, એટલે જ હું ભાજપમાં જોડાયો: મનીષ

પટણા તા.૨૫

બિહારમાં ચાલી રહેલી રાજકીય અટકળો વચ્ચે યુ ટયુબર મનીષ કશ્યપ ભાજપમાં સામેલ થઈ ગયો છે. તે પોતાની માતા સાથે ભાજપ કાર્યાલયે પહોંચ્યો હતો. જ્યાં તેણે ભાજપના નેતાઓ સંજય મયુખ અને મનોજ તિવારી સામે ભાજપનું સભ્યપદ ગ્રહણ કર્યુ હતું.ભાજપ જોઈન કરતી વખતે મનીષ કશ્યપે જણાવ્યું હતું કે આ લોકો (ભાજપ)ના કારણે જ હું જેલમાંથી બહાર આવી શકયો છું અને મારા જીવનના ખરાબ દિવસો પુરા થઈ ગયા છે એટલે હું ભાજપમાં સામેલ થયો છું. હવે હું ભાજપની સાથે મળીને બિહારને મજબૂત કરીશ. ભાજપના નેતા મનોજ તિવારી મનીષની પ્રશંસા કરતા કહ્યું હતું કે મનીષ જેવો વ્યક્તિ જનતાને સ્પર્શતા સવાલો ઉઠાવે છે.